સચિત્ર

# શ્રી પર્યૂષણ પર્વ માહાત્મ્ય

યાને

## શ્રી કલ્પસૂત્રસ્ય બાળાવબોધઃ

ગામડે ગામડે ભેટ આપવા લાયક અત્યંત ઉપકારક ગ્રન્થ

શ્રી જ્ઞાનવિમળસૂરિ વિરચિત આઠ સજ્ઝાય

અને તે ઉપર

શ્રી ઉદયસાગરજી મુનિ કૃત બાળાવબોધ

સહિત—સચિત્ર

# શ્રી પર્યૂષણ પર્વ માહાત્મ્ય

શ્રી [illegible] બાળાવબોધ


ભાવનગર નિવાસી

શાહ અમૃતલાલ ઓધવજી

દાદાસાહેબની પોળ—અમદાવાદ




| સંવત | કિમ્મત | | સને |
|---|---|---|---|
| ૧૯૯૬ | પાકું પુંઠું | ૧–૮–૦ | ૧૯૪૦ |
| | કવર પેપર | ૧–૪–૦ | |

પ્રથમાવૃત્તિ—શાસ્ત્રી ટાઇપમાં, સંવત્ ૧૯૩૮
દ્વિતીયાવૃત્તિ—ગૂજરાતી ટાઇપમાં, સંવત્ ૧૯૯૬

સારી સંખ્યામાં વહેંચવા માટે કિમ્મત ૧-૦-૦ પાકું પુંઠું

મુદ્રણાલય : ધી નવપ્રભાત પ્રીન્ટીંગ પ્રેસ
મુદ્રક : મણીલાલ છગનલાલ શાહ
સ્થાન : ઘીકાંટા રોડ : અમદાવાદ

# મ્હારાં પુસ્તકોના મ્હોટા ગ્રાહકોની નામાવળી.

**શ્રી૦ ભરતેશ્વર બાહુબળિ વૃત્તિ ભાષાન્તર ભાગ ત્રીજો. (સ્ત્રી વિભાગ)**

| | | | |
|---|---|---|---|
| ૮૦૦ | શ્રી. રતનશી વીરજી લાપસીઆ વકીલ | (ચોથી આવૃત્તિ) | મુંબઈ. |
| ૨૦૦ | શ્રી. જૈન વિદ્યાશાળા | ,, | અમદાવાદ. |
| ૧૦૦ | શ્રી. મેઘજી હીરજી | ,, | મુંબઈ. |
| ૮૦૦ | શ્રી. કાન્તિલાલ ઇશ્વરલાલ મોરખીઆ | (પાંચમી આવૃત્તિ) | મુંબઈ. |
| ૫૦ | શ્રી. ગૂર્જર ગ્રન્થ રત્ન કાર્યાલય | ,, | અમદાવાદ. |
| ૨૫ | શ્રી. જીવતલાલ પરતાપસી | ,, | મુંબઈ |

**શ્રી૦ ભરતેશ્વર બાહુબળિ વૃત્તિ ભાષાન્તર ભા. ૧ લો. ૨ જો. (પુરુષભાગ)**

| | | | |
|---|---|---|---|
| ૩૦૦ | શ્રી. જ્યોતિ કાર્યાલય | (ચોથી આવૃત્તિ) | અમદાવાદ. |
| ૨૦૦ | શ્રી ગૂર્જર ગ્રન્થ રત્ન કાર્યાલય | ,, | અમદાવાદ. |
| ૨૦૦ | શ્રી. જૈન વિદ્યાશાળા | ,, | અમદાવાદ. |
| ૫૦ | શ્રી. મેઘજી હીરજી | ,, | મુંબઈ. |

**શ્રી૦ જૈન સોળ સતી ચરિત્ર**

| | | | |
|---|---|---|---|
| ૨૫૦ | શ્રી. પુંજાભાઇ ભૂલાભાઈ | (પ્રથમાવૃત્તિ–અચિત્ર) | અમદાવાદ. |
| ૧૦૦૦ | શ્રી. પદમશી પ્રેમજી | (દ્વિતીયાવૃત્તિ–સચિત્ર) | મુંબઇ. |

**શ્રી૦ શાળોપયોગી સાર્થ સરળ સામાયિક સૂત્ર–સચિત્ર**

| | | | |
|---|---|---|---|
| ૧૦૦૦ | શ્રી. નેમચંદ પોપટલાલ વોહોરા | (ક્રાઉન સા. ૨૦ ફરમા) | અમદાવાદ. |
| ૧૨૫ | શ્રી. જયન્તિલાલ ફુલચંદ શાહ | (ડેમી સા. ૪૦ ફરમા) | અમદાવાદ. |
| ૧૨૦ | શ્રી. જીવતલાલ પરતાપસી | ,, | મુંબઈ. |

**શ્રી૦ પર્યુષણ પર્વ માહાત્મ્ય યાને કલ્પસૂત્રસ્ય બાળાવબોધઃ**

| | | |
|---|---|---|
| ૨૫૦ | શ્રી. કકલચંદ કસ્તુરચંદ | પાલનપુર. |
| ૧૦૦ | શ્રી. બકુભાઈ મણિભાઇ | અમદાવાદ. |
| ૫૦ | શ્રી. વાડીલાલ ચકુભાઇ | અમદાવાદ. |
| ૫૦ | શ્રી. ધોળીદાસ ડુંગરશી | અમદાવાદ. |
| ૫૦ | શ્રી. મેઘજી હીરજી | મુંબઈ. |
| ૨૫ | શ્રી. પોપટલાલ સાકરચંદ | અમદાવાદ. |
| ૧૦ | શ્રી. ભગુભાઈ ચુનીલાલ સુતરીયા | અમદાવાદ. |

**આ પુસ્તક માટે મને બીન વ્યાજુ લોન આપી**
**શ્રી. શાન્તિચન્દ્ર સેવા સમાજે મ્હારા પર પરમ ઉપકાર કર્યો છે.**

: આભાર દર્શિકા :

આપ્તજન રહિત નિવાસ સમય દરમિયાન
મ્હારા પ્રતિ સમભાવવૃત્તિ દર્શક
મુરબ્બી ધોળીદાસભાઈ પ્રત્યે
-માનપુર્વક-

સંવત ૧૯૯૭
જે. શુ. ૧૫
સોમવાર

લી. પ્રકાશક.

अतिथिर्यस्य भग्नाशो गृहात्प्रतिनिवर्तते ।
स तस्मै दुष्कृतं दत्वा पुण्यमादाय गच्छति ॥

નિરાશ જે ઘરથી થઇ, અતિથિ થાય વિદાય;
પુણ્ય ગ્રહી સૌ તે તણું, પાપ આપતો જાય.

જે ઘરથી અતિથિ ભગ્નાશ થઈ પાછો ફરે છે તે ઘરવાળાને તે પોતાના પાપ આપતો જાય છે અને તેઓના પુણ્યને તે પોતે સાથે લેઇ જાય છે.

( ભોજ પ્રબંધ. )

ફીનીક્ષ પ્રી. વર્કસ, અમદાવાદ

અમદાવાદ નિવાસી

## શ્રીયુત ધોળીદાસ ડુંગરશી



જન્મ સંવત ૧૯૩૩ અ. શુ. ૫

# પ્રથમાવૃત્તિની પ્રસ્તાવના.

સર્વ જૈનધર્માનુરાગી સાધર્મિ ભાઇઓને અત્યંત નમ્રતા પૂર્વક વિનતિ કરવામાં આવે છે કે શ્રીપર્યૂષણ પર્વ આવ્યા થકાં શ્રીપાલીતાણા, અમદાવાદ, સૂરત, વડોદરા, વગેરે મહોટા મહોટા સહેરો મધ્યે તો શ્રીમુનિમહારાજ તથા સાધુજીની યોગવાઇ મલી શકે છે પરંતુ બીજા ન્હાના ન્હાના સહેરો તથા ગામો વગેરેમાં કોઇક સ્થાનકે ભાગ્યેજ મુનિમહારાજ બિરાજેલા હોય છે ઘણું શું કહીયે કેટલાએક ક્ષેત્રોમધ્યે તો પર્યૂષણના આઠ દિવસ પર્યંત સારી રીતે પડિક્રમણ પોસહ વગેરે કરાવે તથા રૂડી રીતે વખાણ સંભલાવે એવા સારા ભણેલા યતિયો પણ ઘણીજ મહેનતથી તથા ઘણો ખરચ પ્રમુખ કરતાં પણ મલી શકતા નથી એવા ગામો મધ્યે નિવાસ કરનારા શ્રાવકોને શ્રીપર્યૂષણનું મહાત્મ્ય સાંભલવાને અંતરાય પડવાનું વિઘ્ન દૂર કરવાના હેતુથી પૂર્વે શ્રીજ્ઞાનવિમલ સુરિ માહારાજે શ્રાવક ભાઇઓને વાંચવા સારૂ શ્રીપર્યૂષણના મહાત્મ્યનો એકેકા વખાણનો સારાંશ લઇને દેશીબંધ ઢાલોમાં આ આઠ સદ્યાઓનો ગ્રંથ રચેલો છે તે ઉપર વલી શ્રુત બોધિકા વગેરે ગ્રંથોને અનુસારે ઘણીજ મનોરંજક અને આત્મ હિતકારી કથાઓ નાખીને શ્રી ઉદયસાગરજીયે તેનો બાલાવબોધ કરેલો છે તે ગ્રંથ પૂર્વોક્ત સજ્જનોને પર્યુષણાના દિવસોમાં વાંચવાંને અનુકૂલ પડે એવી રીતની કેટલાએક ભાઇઓની ભલામણ ઉપરથી તેમજ એ ગ્રંથ પ્રસિદ્ધ થવાથી મહોટા લાભનું કારણ છે એવો કેટલાએક મહાન્ મુનિઓના મુખથી ઉપદેશ સાંભલીને અમોએ હાલમાં એ ગ્રંથ છપાવી પ્રસિદ્ધ કર્યો છે પરંતુ એ ગ્રંથની એક જ પ્રત અમારા હસ્તગત થઈ તે પણ વલી લખત દોષથી ઘણીજ અસુદ્ધ થયેલી હતી તેથી તથા ત્વરાયે છાપીને પ્રસિદ્ધ કરવાથી જે કાંઈ ભૂલચૂક રહેલી હોય તે ગુણી જનોએ અમારા ઉપર કૃપા નજર રાખી સુધારી વાંચવી એ અમારી માગણીને સુજ્ઞ જનો કબૂલ રાખશે, એવી અમો આશા રાખીયે છૈયે તેમજ આ મહાન્ ગ્રંથને જ્ઞાન ભક્તિ પૂર્વક સર્વ પ્રકારની આશાતના ટાલીને વાંચવાની વિવેકી જનોને અમો ભલામણ કરિયે છૈયે.

—— × ——

# પ્રકાશકનું નિવેદન.

આ ગ્રન્થમાં જુની ગુજરાતી ભાષા છે, તે તેમજ રહેવા દીધી છે. મ્હને તેમાં ફેરફાર કરવાનું ઉચિત લાગ્યું નથી; છતાં કહેવું આવશ્યક છે કે તે સમજી શકાય તેવી છે. ઘણીજ ઉતાવળે આ ગ્રન્થ છપાવ્યો છે, છતાં પ્રૂફો તપાસવામાં પુરતી કાળજી રાખી છે. ભાષા ભૂલ હોય તો તે મ્હારી નથી. મ્હેં તો માત્ર અસલ ઉપરથી કૉપી જ કરેલી છે,

આ ગ્રન્થના આદ્ય પ્રકાશકે મ્હને આ ગ્રન્થ ફરીથી ગૂજરાતી ટાઇપમાં છપાવી આપવાનું કામ સોંપ્યું, અને તે સાથે તે કામ બે મહિનામાં પુરૂં કરી આપવાનું જણાવ્યું. પરંતુ પોતે તેમાંથી માત્ર ૨૫૦ કોપી જ (કોઇની વતી) લેશે એમ જણાવ્યું. મ્હેં તે કામનો સાભાર સ્વિકાર કર્યો. તે મુજબ આ ગ્રન્થના આદ્ય ગ્રાહક પાલનપુર નિવાસી શ્રીયુત્ કકલભાઇ કસ્તુરચંદ છે કે જેમની ૬૫ વર્ષની વૃદ્ધ વયે પણ તેમની તિવ્ર જીજ્ઞાસા માત્ર આ ગ્રન્થ પ્રતિ તેમનો અતિશય પ્રેમ છે-પ્રેમ એટલો બધો છે કે તેઓશ્રી બુકના આદ્ય પ્રકાશક શ્રીયુત મોહોલાલ મગનભાઇ ઝવેરીને પણ સાથે સાથે અતિશય ધન્યવાદ આપે છે, અને આ ગ્રન્થ ફરી પ્રગટ થાય એવી વૃત્તિ દાખવે છે. એટલે તેઓ આ ગ્રન્થ પ્રગટ થાય તો સારી સંખ્યામાં ખરીદી લઇને પોતે જરૂરીઆત વાળા ગામ સ્થાન કે શ્રાવક આ ગ્રન્થ વાંચનથી ધર્મ પ્રત્યે પૂર્ણ શ્રદ્ધાવાન બને અને સ્વજીવનનો ઉદ્ધાર કરે તેમ વહેંચી આપવો એ હેતુ છે. હેતુ ઉચ્ચ છે. તેમના ઉત્તેજનથી જ આ ગ્રન્થ ફરીથી તેમની ઇચ્છા મુજબ (ગુજરાતી ભાષામાં પ્રથમ જ) પ્રગટ થાય છે.

આ પરમ પવિત્ર જૈન ધર્મનો મુખ્ય ગ્રન્થ છે. વળી આ ગ્રન્થમાં શ્રી મહાવીર પ્રભુના ચરિત્ર સાથે ચિત્ર પણ શરૂમાંજ આપવામાં આવ્યું છે. માટે સુજ્ઞ પાઠકો આશાતના કરવાથી જરૂર દૂર રહેશે.

આ ગ્રન્થમાં આવેલી આઠ વ્યાખ્યાનની આઠ ઢાળ છે, તે અર્ધ વ્યાખ્યાન પછી, બીજા અર્ધ વ્યાખ્યાન પૂર્વે, એટલે વચ્ચેના વિશ્રામ સમયે ગાવામાં આવે તો ભાવ અને અર્થ બન્નેનો વિશેષ લાભ થાય એ ચોક્કસ છે. સુજ્ઞશું કિં બહુના !

૧૯૯૬ શ્રાવણી પૂર્ણિમા. લી૦ પ્રકાશકઃ શાહ અમૃતલાલ ઓધવજી

ચૌદ સ્વપ્ન, અષ્ટમંગલિક
અને




કોપીરાઇટઃ-શ્રી મેઘરાજ જૈન પુસ્તક ભંડાર, મુંબઇ, ૩.

લબ્ધિના ભંડાર શ્રી ગૌતમસ્વામીજી.




કોપીરાઇટઃ-શ્રી મેઘરાજ જૈન પુસ્તક ભંડાર, મુંબઈ, ૩.

સચિત્ર

# શ્રી પર્યૂષણ પર્વ માહાત્મ્ય

યાને

## શ્રી કલ્પસૂત્રસ્ય બાળાવબોધઃ

## વિષયસૂચક પૃષ્ટાંક શ્રેણિ


માંગલિક. ૧
કલ્પ સૂત્ર વાંચન વિધિ ૩
તીર્થંકરના સમયના મનુષ્યો ૫
દશ પ્રકારનો યતિ ધર્મ ૯
પર્યુષણ પર્વનો મહિમા ૧૫
ભાદ્રવા પંચમીનું મહાપર્વ ૧૭
કલ્પ સૂત્રનું પુસ્તકારોહણ ૧૯
અઠ્ઠમ તપનું માહાત્મ્ય ૨૧
નાગકેતુની કથા ૨૩
શ્રીમહાવીરસ્વામીના કલ્યાણક ૨૫
૧૪ સ્વપ્નનું ફળ, ૩૨ લક્ષણ ૨૭
કાર્તિક શ્રેષ્ટીનો પૂર્વ ભવ ૨૯
ઇન્દ્ર મહારાજનું ઐશ્વર્ય ૩૧
શક્રસ્તવ ૩૩
વીતરાગનું સ્વરૂપ ૩૫
મેઘ કુમારની કથા ૩૭
મેઘ કુમારના પૂર્વભવ ૩૯

**પ્રથમ વ્યાખ્યાન સમાપ્ત.**

દશ અચ્છેરાં ૪૧
પ્રથમ અચ્છેરૂં ૪૩
બીજું અચ્છેરૂં ૪૫
મલ્લી કુમારી ૪૭
„ „ નું માગું ૪૯
૪, ૫ અચ્છેરાં. ૫૧
દ્રાપદિ હરણ. ૫૩
શ્રી કૃષ્ણનું યુદ્ધ. ૫૫
શ્રી કૃષ્ણની શક્તિ. ૫૭
૬ ઠું અચ્છેરૂં. ૫૯
૭ મું અચ્છેરૂં ૬૧
૮ મું અચ્છેરૂં ૬૩
અચ્છેરાનો સમય ૬૫
મહાવીરનાં ૨૭ ભવ. ૬૭
મદે કરી નીચ ગોત્ર ૬૯
મહાવીરનો ૧૬ મો ભવ ૭૧
„ ૨૭ ભવ પૂર્ણ ૭૩
ગર્ભ સ્થાનાંતર ૭૫
૧૪ સ્વપ્ન ૭૭
સ્વપ્ન વિસ્તાર ૭૯
લક્ષ્મી નિવાસ ૮૧
„ સ્વરૂપ ૮૩

**દ્વીતીય વ્યાખ્યાન સમાપ્ત**

**તૃતીય વ્યાખ્યાન પ્રારંભ ૮૪**
પાંચમું સ્વપ્ન ૮૫
૮, ૯, „ ૮૭
૧૧, ૧૨, „ ૮૯
સ્વપ્ન ફળ ૯૧
રાજસભા–સુપન પાઠકો ૯૩
પાંચશે સુભટની કથા ૯૫
સંપનું મહત્વ ૯૭
૭૨ સ્વપ્નની વર્ણના ૯૯
સ્વપ્ન ફળનો સમય ૧૦૧
રૂડાં કુડાં સ્વપ્ન ફળ ૧૦૩
પુત્ર જન્મનું ભાગ્ય કથન ૧૦૫

૧૪ સ્વપ્ન અર્થ વિસ્તાર ૧૦૭
ગાંગા ઘાંચીની કથા ૧૦૯
ભદ્રાચાર્યનો વાદ ૧૧૧
**ત્રીજું વ્યાખ્યાન સમાપ્ત.**

---

**ચોથું વ્યાખ્યાન શરૂ.** ૧૧૨
માતૃ ઉદરે સ્થિરતા. ૧૧૫
ત્રિશલા ચિંતા ૧૧૭
,, શોક સંતાપ ૧૧૯
ગર્ભ ઉપચાર ૧૨૧
ફરકણ હર્ષ, પ્રભુ અભિગ્રહ ૧૨૩
ગર્ભવતિ માટે નિયમો. ૧૨૫
ત્રિશલા માતાના દોહલા. ૧૨૭
**ચોથું વ્યાખ્યાન સમાપ્ત**

---

ભગવાનની કુંડલી ૧૨૯
**પાંચમું વ્યાખ્યાન** ૧૩૧
છપન્ન દિગ કુમારીકા. ૧૩૩
ઇન્દ્રોએ કરેલ મહોત્સવ. ૧૩૫
વીરની શક્તિ-ઇન્દ્ર સંશય. ૧૩૭
ઇન્દ્રોના અભિષેક. ૧૩૯
સિદ્ધાર્થનો મહોત્સવ. ૧૪૧
ભોજન સમારંભ ૧૪૩
જમણનું વર્ણન. ૧૪૫
મુખવાસ, પહેરામણી. ૧૪૭
વર્ધમાન નામ કરણ. ૧૪૯
આમ્લ ક્રીડા-મહાવીર નામ. ૧૫૧
નિશાળ ગરણું. ૧૫૩
ભગવાનની ત્યાગ ભાવના. ૧૫૫
વર્ષીદાન. ૧૫૭
દિક્ષા ઉત્સવ. ૧૫૯
ત્રીજું દિક્ષા કલ્યાણક. ૧૬૧
મતભેદે- ૧૬૩

---

**૬ ઠું વ્યાખ્યાન** (ઉપસર્ગ) ૧૬૫
દરિદ્રિ સોમનાથ. ૧૬૭
ભગવાન અચેલક. ૧૬૯
શૂલપાણીને પ્રતિબોધ. ૧૭૧
પ્રભુને સ્વપ્ન ફળ ૧૭૩
અહછંદક નિમિતિઆ. ૧૭૫
ક્રોધી ગુરૂ. ૧૭૭
ચંડકોશિયાનો ઉદ્ધાર. ૧૭૯
ગોશાલો. ૧૮૧
પ્રાણાંત ઉપસર્ગ. ૧૮૩
આઠમુ ચોમાસુ. ૧૮૫
પુષ્પ સામુદ્રિક. ૧૮૭
એક રાત્રીમાં ૨૦ ઉપસર્ગ. ૧૮૯
પ્રભુનો અપૂર્વ પરિગ્રહ. ૧૯૧
ચંદનબાળાથી પ્રભુનું પારણું. ૧૯૩
છેલ્લો મહાઉપસર્ગ ૧૯૫
વીર તપસ્યાનું વર્ણન. ૧૯૭
કેવળ મહોત્સવ. ૧૯૯
ઇન્દ્રભૂતિ વિગેરે. ૨૦૧
,, ની ભ્રમણા. ૨૦૩
સદેહ નાશ, પ્રથમ ગણધર. ૨૦૫
સર્વ દિક્ષિત ગણધર. ૨૦૭
ચૌદ પૂર્વની રચના. ૨૦૯
લબ્ધીયે કરી અક્ષયપાત્ર. ૨૧૧

શ્રી વીરનો પરિવાર. ૨૧૩
પ્રભુ નિર્વાણ પામ્યા. ૨૧૫
બે હજાર વર્ષનો ભસ્મ ગૃહ ૨૧૭
સૂત્રપાઠ પુસ્તકારૂઢ. ૨૧૯

---

**સાતમું વ્યાખ્યાન શરૂ ૨૨૧**
પાર્શ્વ પ્રભુના દશ ભવ. ૨૨૩
દશભવ પૂર્ણ. ૨૨૫
પાર્શ્વ પ્રભુનો જન્મ. ૨૨૭
પન્નગનો ઉદ્ધાર. ૨૨૯
મેઘમાલીના ઉપસર્ગો. ૨૩૧
દશ ભવનો વૈરભાવ ખમાવ્યો. ૨૩૩
પાર્શ્વ પ્રભુનો પરિવાર ૨૩૫
અરિષ્ટનેમિના પાંચ કલ્યાણક ૨૩૭
હરિ વંશમાંથી યાદવ કુલ ૨૩૯
વસુદેવની કથા. ૨૪૧
પ્રમત્ત જીવયશા. ૨૪૩
શ્રી કૃષ્ણ જન્મ. ૨૪૫
કંસ વધ. ૨૪૭
નેમિ કુમાર આયુધશાલાયે. ૨૪૯
બ્રહ્મચારી ભગવાનનું બળ. ૨૫૧
નેમિ પ્રભુની જાન. ૨૫૩
રાજિમતી ગવાક્ષે ૨૫૬
રાજિમતીનો વિલાપ. ૨૫૭
નેમ પ્રભુને કેવલ. ૨૫૯
રાજુલ પ્રથમ મોક્ષે ગઈ. ૨૬૧
નેમ પ્રભુનું નિર્વાણ. ૨૬૩
ચોવીશીનો સમયાંતર. ૨૬૫
**સાતમું વ્યાખ્યાન પૂર્ણ ૨૬૭**

---

**આઠમું વ્યાખ્યાન ૨૬૮**
ઋષભદેવના તેર ભવ. ૨૬૯
ધર્મના અભાવે તિવ્ર દારિદ્રય. ૨૭૧
કોઢીઆ સાધુની વૈયાવચ્ચ. ૨૭૩
આદિ પ્રભુના પૂર્વ ભવ પૂર્ણ. ૨૭૫
આદિ પ્રભુનો જન્મ. ૨૭૭
શ્રી ઋષભદેવનો રાજ્યાભિષેક ૨૭૯
એક સો વિજ્ઞાન પ્રકાશ્યાં ૨૮૧
કળા અને લીપીના નામ ૨૮૩
આદિ પ્રભુનો સંસાર ત્યાગ ૨૮૫
વર્ષ પર્યંત અણાહાર ૨૮૭
શ્રેયાંસકુમારને જાતિસ્મરણ ૨૮૯
વરશી તપને પારણે ૨૯૩
*મરૂદેવાને કેવળ અને મુક્તિ* ૨૯૫
બાહુબલિ પ્રત્યે દૂત સંદેશ ૨૯૭
બાહુબલિનો મુષ્ટિ લોચ ૨૯૯
ભરતને કેવળ અને મુકિત ૩૦૧
પ્રભુ અષ્ટાપદે ગયા ૩૦૩
પ્રભુના કલ્યાણકનો મહોત્સવ ૩૦૫
થવિરાવલી ૩૦૭
ભાષ્ય ધવલ સંપૂર્ણ ૩૦૯
માંગલિકને અર્થે ધવલભાસ ૩૧૧
પટ્ટાવલી. ૩૧૩
ભિક્ષાર્થી રાજા થયો ૩૧૫
લબ્ધીવંત વયરસ્વામિ ૩૧૭
ચોરાશી ગચ્છ-જન્મ. ૩૧૯
સૂરિમંત્રની શરૂઆત ૩૨૧
તપાગચ્છની સમાચારી. ૩૨૩
અકબરના પ્રતિબોધક ૩૨૫
સમાપ્તિ ૩૨૭

श्री सर्वज्ञाय नमोनमः

# શ્રીકલ્પસૂત્રસ્ય બાલાવબોધઃ

---

નમો અરિહંતાણં, નમો સિદ્ધાણં, નમો આયરિયાણં, નમો ઉવજ્ઝાયાણં, નમો લોએ સવ્વસાહૂણં, એસો પંચ નમુક્કારો, સવ્વ પાવપ્પણાસણો, મંગલાણં ચ સવ્વેસિં, પઢમં હવઇ મંગલં ॥ ૧ ॥

---

અજ્ઞાનતિમિરાંધાનાં, જ્ઞાનાંજનશલાકયા ॥
નેત્રમુન્મીલિતં યેન, તસ્મૈ શ્રીગુરવે નમઃ ॥ ૧ ॥
નત્વા શ્રીવર્દ્ધમાનાય, શ્રીમતે ચ સુધર્મણે ॥
સર્વાનુયોગવૃદ્ધેભ્યો, વાણ્યૈ સર્વવિદસ્તથા ॥ ૧ ॥
વંદામિ ભદ્દબાહું, પાઇણં ચરિમ સયલ સુયનાણિં ॥
સુત્તસ્સ કારગમિસિં, દસાણ કપ્પે ય વવહારે ॥૨॥

---

અર્હત ભગવંત શ્રીમન્મહાવીરદેવ, તેમને શ્રીજીનશાસનને વિષે વિજયમાન, યુગપ્રધાનસમાન, શ્રીપર્યૂષણપર્વ, તેને સમાગમેં કલ્પ કહિયેં આચાર, તે રૂપ જે સૂત્ર, તેને કલ્પસૂત્ર કહિયેં. તે કલ્પસૂત્ર વાંચવાને આજ્ઞા આપી છે; તે આજ્ઞાને અનુસરીને ઠામ ઠામને વિષે, ગામ ગામને વિષે, નગર નગરને વિષે, શ્રીકલ્પસૂત્ર વંચાય છે, તે ભણી અહીંઆં પણ શ્રીસંઘની આજ્ઞાયેં કરી વાંચવું. તેમાં પ્રથમ તો શ્રીમહાવીર દેવનું ચરિત્ર કહિને પછી અનુક્રમેં પાટાનુપાટ શ્રીભદ્રબાહુ સ્વામીથકી કેહેવાણા છે, તદનુસારેં અમેં પણ એ કલ્પસૂત્રને ઢાલબંધ દેશીમાં લખિયેં છૈયેં.

॥ ढाल पहेली ॥ कडखानो देशी ॥

पुण्यनी पोषणा, पर्वपर्यूषणा, आवियां इणि परें जाणियें ए ॥
हियडले हर्ष धरी, छट्ठ अट्ठम करी, ऊच्छवें कल्प घर, आणियें ए ॥

**અર્થ**:—( પર્વપર્યૂષણાઆવિયાં કે૦ ) શ્રીપર્યૂષણ પર્વ આવે થકે ( હિયડલે હર્ષધરી કે૦ ) હૃદયમાં હર્ષ ધારણ કરીને ( છઠ્ઠઅઠ્ઠમ કરી કે૦ ) છઠ્ઠ, અઠ્ઠમ, બેલા, તેલાની તપસ્યા કરીને, વલી ( ઉચ્છવે કે૦ ) મહોટા મહોત્સવે કરીને ( કલ્પઘરઆણિયેએ કે૦ ) કલ્પસૂત્ર ઘેર લાવીયે. ( ઇણિપરે કે૦ ) એ રીતે એ મહોટા પર્વનું માહાત્મ્ય છે, તે ( જાણિ-યેએ કે૦ ) જાણીને ચિત્તમાં ધરિયેં, આદરીયેં. જે થકી ( પુણ્યનીપોષણા કે૦ ) પુણ્યની પુષ્ટિ થાય એટલે ઘણી પુણ્યવૃદ્ધિ થાય ॥ ૧ ॥

હવે આ કલ્પસૂત્ર વાંચવાની રીતિ કહે છે. પ્રથમ કલ્પસૂત્રની પોથી ગુરૂ પાસેંથી માગી પોતાને ઘેર લઇ જઈ, રાત્રિ જાગરણ કરવું. પ્રભાતે નગરનાં લોક બોલાવી, એક કુંવારા છોકરાને અબોટ વસ્ત્ર પહેરાવી, સર્વ જનોને તાંબૂલા-દિક આપીને પછી તે કુંવારા છોકરાને હાથી ઉપર ચડાવી, તેના હાથમાં થાલ આપી તે થાલમાં પુસ્તક મૂકી નગરનાં સર્વ લોકોને સાથે લેઈ ગાજતે વાજતે તે પુસ્તક પાછું ગુરૂને આણી આપીયેં. પછી ગુરૂ વાંચના આપે, તે સાંભ-લિયેં, ત્યાં ગુરૂના મુખ આગલ ફલાદિક મૂકીયેં. એ રીતે એ કલ્પસૂત્ર વાંચવું કહ્યું છે. એ પ્રકારે આરાધના કરનારો જીવ, આઠ ભવમાં મોક્ષ પદવી પામે. આ કલ્પસૂત્ર, પાપ-

નિવારક છે, મનોવાંછિત પૂરનાર છે. માટે જે ભવ્ય જીવ, પ્રમાદ, નિદ્રા, વિકથા, છાંડીને એ કલ્પસૂત્રને તપસ્યાવંતથકો બેલાનું અથવા તેલાનું તપ કરીને સાંભલે, વાંચે તે પ્રાણી બાર દેવલોકના સુખને ઉલંઘીને મુક્તિસ્ત્રીનાં સુખ ભોગવે. શ્રીજીવાભિગમ મધ્યે કહ્યું છે કે પર્યૂષણપર્વ આવ્યાં થકાં દેવતાના ઈંદ્ર જે છે, તે પણ ભેલા થઇને શ્રીનંદીશ્વર દ્વીપને વિષે જઇને અઠ્ઠાઇ મહોત્સવ કરે છે. તેમ અહીંઆં પણ રૂડા શ્રાવક, શ્રાવિકાયેં એ કલ્પસૂત્રનો અઠ્ઠાઇ મહોત્સવ કરવો.

**गुरु करे वांचना, सुणे सहू भविजना, कर्मनिकाचना, पाचना ए॥**
**प्रथम जिनशासनें, रुजु जड प्राणीया, वीरना वक्र जड, वहु जना ए॥**

અર્થઃ--હવે પૂર્વોક્ત રીતે રાત્રિ જાગરણ કરીને કલ્પ સૂત્ર પાછું ગુરૂને આપીયેં, પછી (ગુરૂકરેવાંચના કે૦) ગુરૂ પણ શ્રીસંઘ સમક્ષ કલ્પસૂત્ર વાંચી સંભલાવે અને (સુણે-સહૂભવિજના કે૦) સર્વ ભવિજનરૂપ સંઘ સાંભલે. એ વખાણ કહેવું છે ? તો કે (કર્મનિકાચના કે૦) નિકાચિત એવાં જે ચાર ઘાતિકર્મ છે, તે કર્મોને (પાચનાએ કે૦) જીપનાર એવું છે. હવે આ ગ્રંથને વિષે (પ્રથમજીનશાસને કે૦) પહેલા શ્રીઋષભદેવ જીન તેના શાસનને વિષે (રુજુ કે૦) ભોલા ભદ્રક અને વલી (જડ કે૦) મૂર્ખ, એવા (પ્રાણિયા કે૦) પ્રાણી જાણવા તથા (વીરના કે૦) શ્રીવીર ભગવાનના શાસનના (વક્ર કે૦) વાંકા અને (જડબહુ કે૦) ઘણા મૂર્ખ એવા (જનાએ કે૦) જન જાણવા, એટલે પ્રથમજીનના વારાનાં માણસ, રુજુ અને જડ હતાં તથા છેલ્લા જીનના વારાનાં મનુષ્ય, વક્ર અને જડ હતાં અને બાવીશ તીર્થંકરના

વારાનાં મનુષ્ય, રુજુ અને પંડિત હતાં. તિહાં પ્રથમ જીનને વારેં પ્રતિબોધ પમાડવો દુઃકર અને છેહેલા જીનને વારેં પાલવું દુઃકર હતું અને બાવીશ જીનને વારેં તો પ્રતિબોધ પણ સુલભ પામતા હતા તથા પાલવું પણ સહેલું હતું.

પ્રથમ તીર્થંકર શ્રી આદિનાથ તેના સાધુ જે રુજુ અને જડ કહ્યા, તે દૃષ્ટાંતે કરી વખાણે છે. પ્રથમ તીર્થંકરને વારેં યતિ સ્થંડિલ ભૂમિ ગયા હતા, તે ગુરૂ પાસેં મોડા આવ્યા, તેવારેં ગુરૂયેં પૂછ્યું, તમોને ઘણો વખત કેમ લાગો ? તે સાંભલી સાધુ બોલ્યા, સ્વામી ! નાટકીયા લોક, રમત કરતા હતા તેને જોવાને ઉભા હતા તેથી વખત લાગ્યો; તેવારેં ગુરૂ બોલ્યા, નાટક જોવા ઉભું રહેવું, એ આપણો આચાર નથી. તે સાંભલી સાધુ બોલ્યા તહત્તિ; એટલે જેમ તમે કહ્યું તે પ્રમાણ છે. ફરી કોઇ એક દિવસને વિષે તેહીજ સાધુ સ્થંડિલ ભૂમિકાથી અસુરેં આવ્યા, તેવારેં ગુરૂ બોલ્યા કે આટલો વખત કેમ લાગો ? તે સાંભલી રુજુપણાથી સાધુ બોલ્યા કે હે મહારાજ ! અમે આજં નટડી જોવા ઉભા રહ્યા હતા; તે સાંભળી ગુરૂ બોલ્યા કે તમોને પૂર્વેં ના કહી હતી, તેમ છતાં કેમ જોવા ઉભા રહ્યા ? તેવારેં શિષ્ય જડ છે માટે બોલ્યા તમે તો નાટકિયા જોવાની મનાઇ કરી હતી પણ નટડી જોવાને તો મનાઈ કરી ન હતી ? તે સાંભલી ગુરૂયેં કહ્યું કે અરે જડ ! મૂર્ખો ! નાટકીઆ વર્જ્યા તેવારેં નટડી તો વલી વિશેષે નજ જોવી.

હવે વલી બીજો કોકણદેશીય દૃષ્ટાંત કહે છે. કોકણ દેશને વિષે કોકણ નામે વણિક હતો. તેણે પુત્રાદિક કુટુંબ

પરિવાર છોડીને વૈરાગ્ય પામી સ્થવિર પાસેં વૃદ્ધ અવસ્થાયેં દીક્ષા લીધી. એકદા સમય સ્થંડિલથકી આવી ઇર્યાપથિકા ક્રિયા પડિક્કમતાં કાઉસ્સગ્ગમાં ઘણો વખત લાગો. તેવારેં ગુરૂયેં પૂછ્યું ? ભો કોકણિક સાધુ ! તુજને ઘણો વખત કેમ લાગો ? તે સાંભલી સાધુ રુજુપણે બોલ્યો કે હે સ્વામીજી ! મેં આજ જીવદયા ધ્યાયી. તેવારેં ગુરૂ બોલ્યા તમેં કિશી જીવદયા ધ્યાયી ? તે સાંભળી સાધુ બોલ્યો કે જેવારેં હું ગૃહસ્થાવાસમાં હતો, તેવારેં વર્ષાકાલેં સર્વ જગાયેં સૂડ કરતો, વૃક્ષ ઉખેડતો, અવલી કરતો, હલ ખેડતો, તે થકી મહારા ઘરમાં ઘણું ધાન્ય નીપજતું હતું. તેણે કરી મહારૂં સમસ્ત કુટુંબ સુખી રહેતું હતું, અને હવે મહારા છોકરાં ખેતીમાં સમજતાં નથી માટે નિરૂદ્યમી થકાં નિચિંત બેઠાં હશે ? ભૂખે મરતાં હશે ? એવી રીતની મેં જીવદયા ધ્યાયી; તેવારેં ગુરૂ બોલ્યા, અરે સાધુ ! તમે મિથ્યાત્વ રૂપ પાતક ધ્યાયું, કેમકે પાપ વિના ખેતીનો ધંધો થાય નહીં. તે માટે મિચ્છામિ દુક્કડ દેઇને શુદ્ધ થાઓ.

હવે ત્રીજો દૃષ્ટાંત કહે છે. સોરઠ દેશને વિષે એક બ્રાહ્મણ રહેતો હતો, તેનો પુત્ર સાસરે જવા લાગ્યો, તેવારેં પિતાયેં શિખામણ આપી કે હે બેટા ! એક વાર હા કહેવી અને એક વાર ના કહેવી; એવી પિતાની શિક્ષા ધારણ કરીને સાસરે પહોંતો. ત્યાં સાસુ, સસરાયે પૂછ્યું જે ભટ્ટજી ! તમે આવ્યા ? તે વારે બ્રાહ્મણ બોલ્યો હાજી. ફરી સાસુ, સસરે પૂછ્યું, ઘરે કુશલ ક્ષેમ છે ? તેવારેં બ્રાહ્મણ બોલ્યો નાજી. તેવારેં ફરી પૂછ્યું કે તમારો પિતા દેવલોક પહોંતા ? તેવારેં કહ્યું હાજી. ફરી પૂછ્યું, તેમની પછવાડે કાંઈ ખરચ

બરાજાત કરી ? તેવારેં કહ્યું, નાજી. તેવારેં તે બોલ્યા કે તમેં તો મ્હોટા મૂર્ખ છો ? તે સાંભલીને કહ્યું કે હાજી. એટલી વાત સાસુ સસરાને કહી તેવારેં સર્વ બ્રાહ્મણ મલીને મોકાણેં ગયા. ત્યાં જઈને જૂએ છે તો જમાઇનો પિતા જીવતો બેઠો છે. ત્યાં જઇ રામ રામ, જુહાર જુહાર, કરીને સર્વ મલ્યા; તેવારેં તેમણેં પૂછયું કે તમેં સર્વ શા કામેં અહીંઆં આવ્યા છો ? તે સાંભલી સર્વ બોલ્યા કે તમારેં પુત્રેં આવી વાત અમારા પાસે કહી. તે સાંભલી તેના પિતાયે કહ્યું કે એ છોકરો તો મૂર્ખ છે, એવા જીવને જડ કહીયેં. અહીં રુજુ એટલે ભોલા અને જડ એટલે મૂર્ખ સમજવા. એવા સાધુ પ્રથમ તીર્થંકર શ્રીઋષભદેવને વારે જાણવા; એટલે પ્રથમ તીર્થંકરના વારાના સાધુઓ વિષે ત્રણ દૃષ્ટાંત કહ્યા.

હવે છેલ્લા તિર્થંકર શ્રીમહાવીરસ્વામીના સાધુ વક્ર અને જડ હોય તેની ઉપર દૃષ્ટાંત કહે છે. કોઇ એક સાધુ સ્થંડિલે ગયો, ઘણો મોડો આવ્યો; તેવારેં ગુરૂયેં પૂછયું કે કેમ બહુ વખત લાગો ? તે સાંભલી શિષ્યે કહ્યું કે નાટક જોવા ઉભો રહ્યો હતો; તેને ગુરૂયેં વારયો તેવારેં મિચ્છામિ દુક્કડં લીધું. ફરી એક દિવસે વળી ઘણો વખત લાગવાથી ગુરૂયેં પૂછયું; તેવારેં વક્ર માટે વાંકા વાંકા ઉત્તર દીધા અને બોલ્યો જે હું તો નટડી જોવા ઉભો રહ્યો હતો; તેવારેં ગુરૂયેં ઓલંભો દીધો. તે સાંભળી શિષ્ય બોલ્યો કે તમારોજ વાંક છે; તમે તો માત્ર નાટકીઆજ વારયા હતા, પણ નટડી વારી ન હતી; એવી રીતે સામો ગુરૂને ઓલંભો દીધો. એ વક્રપણાનો દૃષ્ટાંત કહ્યો.

હવે બીજો જડ આશ્રયી એક શેઠના પુત્રનો દૃષ્ટાંત કહે છે. કોઈ એક શેઠનો પુત્ર, દુર્વિનીત હતો; તે પોતાનાં મા બાપ સાથે વઢવાડ કર્યા કરે; તેને મા બાપ, ઘણાં ઘણાં સમજાવે, પણ તેનું કહ્યું માને નહીં. પછી કુટુંબના માણ-સોયેં તેને શીખામણ આપી કહ્યું કે માબાપ સામું બોલવું નહીં; તેવારેં તેણે કહ્યું વારૂ. પછી એક દિવસે મા બાપ પ્રમુખ સર્વ કુટુંબ મલી પુત્રને ઘર સોંપીને બાહિર ગયાં. પછવાડે પુત્ર ઘરનાં કમાડ આડાં જડી, માંહે સુઇ રહ્યો; પછી તે પાછાં ફરી આવ્યાં, તેવારેં પુત્રને ઘણાં સાદ કર્યાં, તોપણ પુત્ર જબાપ આપે નહિ. તેવારેં તેનો બાપ ઉપરવાડે ચઢી ઘરમાં આવ્યો અને જુએ છે તો પુત્ર ખાટલા ઉપર બેઠો બેઠો હસે છે, કુદે છે, તેવારેં બાપે કહ્યું કે હે પુત્ર! તને આટલા સાદ કર્યા તોપણ કેમ જબાપ આપ્યો નહીં? તે સાંભલી પુત્ર કહેવા લાગો કે તમેંજ મુજને મનાઈ કરી હતી, જે વડેરા સામું બોલવું નહીં. તે માટે મે જબાપ દીધો નહિં અને કમાડ પણ ખોલ્યાં નહીં. એકદા પિતાયેં કહ્યું કે અશ્વ તરસ્યો છે માટે પાણી પીવરાવજે, અને નવરાવજે. તેણેં કહ્યું કે એ કામતો નહીં કરૂં. તેવારેં પિતાયેં કહ્યું કે નવરાવજે. પછી અશ્વ ઉપર ચઢી તલાવે જઇ અશ્વનું મુખ બાંધી નવરાવી પાછો ઘરે અશ્વ આણ્યો. તરસ્યો હતો માટે આકુલ વ્યાકુલ થતો અશ્વ દેખી શેઠે પુત્રને મૂર્ખ જાણી કાઢી મૂકયો અને કહ્યું કે વાટમાં કોઈ મલે તો તેને મોટે સાદેં જુહાર કરજે. પછી વાટેં જાતાં એક પારધી પાસો માંડી મૃગલાં એકઠાં કરી ઉભો છે, તેને દેખી મોટે સાદેં જુહાર કર્યો, તેથી મૃગલાં નાશી ગયાં. પારધિયે માર આપી, પછી

મૂર્ખ જાણી કહ્યું કે ભુંડા, માર્ગે છપતો જાજે. આગળ જાતાં કોટવાલ ચોરની શોધ કરવા નિકળ્યો છે, તેણે છપતો દેખી ચોર જાણી કુટયો. એવા પ્રકારના જડ અને વક્ર શ્રી મહાવીર પ્રભુના સાધુ જાણવા.

હવે બાવીશ તીર્થંકરના સાધુ કેહેવા હોય? તે કહે છે, તથા મુનિનો દશવિધ કલ્પ કહે છે.

॥ त्रूटक ॥

**शुभ मना सरल ने दक्ष प्राणी, मध्य जिन ना जाणियें ॥**
**तेह भणि बहु परें नियत अनियत, कल्प चउ खट आणियें ॥**
**कल्प दशविध कह्यो मुनिनो, धर्म्म पूरव मानथी ॥**
**भद्रबाहु स्वामि भाषित, सूत्र सुणो बहु मानथी ॥ ३ ॥**

અર્થ:—(શુભમના કે૦) શુભ મનવાલા તથા (સરલને કે૦) સૂધા (અને દક્ષ કે૦) ડાહ્યા એવા (પ્રાણી કે૦) સાધુજન તે (મધ્યજિનના જાણિયે કે૦) મધ્યમ તીર્થંકરના જાણવા; એટલે શ્રી અજિતનાથથી માંડીને શ્રી પાર્શ્વનાથ ભગવાન્ પર્યંતના સાધુ એવા જાણવા. (તેહભણિ કે૦) તે કારણ ભણી (બહુપરે કે૦) ઘણા પ્રકારે કહ્યા છે એહવા (નિયતઅનિયત કે૦) નિયત અને અનિયતની ભાષાયેં કરીને (કલ્પ ચઉખટ આણિયેં કે૦) કલ્પ એટલે કલ્પસૂત્રમાં કહ્યો એવો ચાર પ્રકારનો નિયત તથા છ પ્રકારનો અનિયત, મલીને (દશવિધ કે૦) દશ પ્રકારનો (કલ્પ કે૦) આચાર તે (મુનિનો ધર્મ્મ કે૦) મુનિનો ધર્મ, (કહ્યો કે૦) કહ્યો છે, તે (પૂરવમાનથી કે૦) ચૌદ પૂર્વના પ્રમાણથી કહ્યો છે. તે (ભદ્રબાહુ સ્વામિ કે૦) ચૌદ પૂર્વના જ્ઞાનવાલા મહા-

પ્રાભાવિક એવા શ્રી ભદ્રબાહુ સ્વામિ, તેમણે ભવ્ય પ્રાણીને તારવાને અર્થે (ભાષિત કે૦) ભાંખેલું એવું જે (સૂત્ર કે૦) કલ્પસૂત્ર તેને વિષે (કહ્યો કે૦) કહ્યો છે. તે કલ્પસૂત્રના મહિમાને (સુણો બહુ માનથી કે૦) બહુ આદરેં કરી સાંભલો.

હવે બાવીશ જિનના વારાના સાધુ સ્થંડિલથી ઘણી વેલાંયે આવ્યાથી ગુરૂયે કહ્યું કે કેમ બહુ વખત લાગો? સાધુ રુજુ માટે બોલ્યા જે નાટક જોવા ઉભા રહ્યા હતા. ત્યારે ગુરૂયે વાર્યા. ફરી એકદા રસ્તામાં નટડી દીઠી, તેવારેં પંડિત માટે પોતેંજ વિચાર્યું જે ગુરૂયે નાટકીયા નિવાર્યા તો હવે એ નટડી તો વળી વિશેષ રાગની હેતુ છે. માટે એ નજ જોવી. એ રુજુ પંડિતનું દૃષ્ટાંત.

## હવે દશ પ્રકારનો યતિનો આચાર કહે છે.

૧ તિહાં પ્રથમ અચેલક કલ્પ કહે છે. તે પહેલા અને છેહેલા તીર્થંકરના સાધુને સર્વ ધવલ વસ્ત્ર, અલ્પ ભાર માનોપેત હોય એટલે ડુંટીથી ચાર આંગલ નીચો અને ગુડાથી ચાર આંગલ ઊંચો એવો સાડા ત્રણ હાથનો ચલોટો હોય, તથા સાડા ચાર હાથનો કલ્પડો અને એક વેંત અને ચાર આંગલની મુહપત્તી હોય, ઇત્યાદિક માનોપેત જીર્ણપ્રાય વસ્ત્ર હોય માટે એને અચેલક તે લુગડાં રહિતજ કહિયેં. તિહાં દૃષ્ટાંત કહે છે. જેમ કોઇ એકનું વસ્ત્ર પહેર્યાં પણ અર્ધું શરીર ઉઘાડું અને અર્ધું ઢાંકેલું હોય, તે અણ પેહેર્યા જેવાજ સમજવા. જેમ કોઇક પુરૂષ, પોતીયું પહેરી નદી ઉતર્યો; પછી કોઇએકેં પૂછ્યું જે ભાઇ! તું કેવી રીતેં નદી ઉતર્યો? તેવારેં તે કહે જે હું નગ્ન થઇ નદી ઉતર્યો;

એટલે ન્હાનું પોતીયું પેહેરેલું તે નાગા સરખોજ જાણવો. વલી કોઈએક ડોશીયેં જૂનું વસ્ત્ર પહેરી વણકર પાસેં જઇને કહ્યું કે ભાઈ! મહારૂં વસ્ત્ર વણાણું હોય તો આપ, હું નાગી ફરૂં છું. એમ સાધુને પણ માનોપેત વસ્ત્ર છે માટે અચેલક કહિયેં. બાવીશ જિનના યતિ તો રુજુ અને પંડિત માટે મહોટા મૂલ્યનાં, પાંચ રંગનાં અને માનોપેત રહિત એવાં વસ્ત્ર રાખે, માટે તેને સચેલક કહિયેં. એ પ્રથમ અચેલક કલ્પ કહ્યો.

૨ હવે બીજો ઉદ્દેશિક કલ્પ કહે છે. બાવીશ તીર્થંકરના વખતમાં જે સાધુ અથવા સાધવીની નિમિત્તં કોઇ ગૃહસ્થેં ભાત, પાણી, ઔષધ, ભષજ્જય, વસ્ત્ર, પાત્ર, નીપજાવ્યાં હોય, તે આહારાદિક જેના નિમિત્તેં નિપજાવ્યા હોય તેહીજ સાધુને કલ્પે નહીં, પરંતુ બીજા સાધુને કલ્પે; કેમકે તેને આધાકર્મિક દોષ ન લાગે, અને શ્રી આદિનાથના વારામાં તથા શ્રી વીરભગવાનના વારામાં એક સાધુ અથવા એક સાધવીને અર્થે જે આધાકર્મિક આહારાદિક નીપજાવ્યાં હોય, તે બધાએ સાધુને લેવા કલ્પે નહીં. એ બીજો કલ્પ જાણવો.

૩ ત્રીજો શય્યાતરિ પિંડનો કલ્પ કહે છે. જે ઉપાશ્રયનો ધણી હોય, તે શય્યાતરિ કહેવાય; અથવા સાધુને ઉતરવાની રહેવાની જગા આપે, તે ઘરના સ્વામીને શય્યાતરિ કહિયેં. તે ગૃહસ્થના ઘરનાં વસ્ત્ર, પાત્ર, આહારાદિક સર્વ તીર્થંકરના સાધુને વહોરવા કલ્પે નહીં, કેમકે તે સાધુના રાગેં કરી દહિં દૂધ પ્રમુખ સ્નિગ્ધ આહાર પણ આપે, તેથી રસગૃદ્ધિ થાય, અને મિષ્ટાન્નના લોભે તેનું ઘર ન મૂકે. કદાપિ બીજે ગામેં

વિહાર કર્યો હોય, તોપણ ત્યાં ફરી આવે, તથા વસ્ત્રાદિક માગ્યાં થકાં તરતજ મળે, તેથી ઉપાધિની વૃદ્ધિ થાય. વળી તેનો પિંડ લેતાં થકાં ગામમાં ફરવું બચે, તેથી શરીર જાડું થાય. વળી ગૃહસ્થને ભય ઉપજે કે સાધુને રહેવા સ્થાનક આપીશું ? તો આહારાદિક પણ આપણનેજ આપવાં પડશે, તેથી કોઇ શય્યા આપે નહીં. ઇત્યાદિક અનેક દોષ ઉપજવાના સંભવ; માટે શય્યાતરિનો પિંડ, સર્વ તીર્થંકરે નિષેધ્યો છે. એ ત્રીજો શય્યાતરિ પિંડ કલ્પ કહ્યો. ૩

૪. હવે ચોથો રાજપિંડ કલ્પ કહે છે. જે મહોટો છત્રપતિ રાજા હોય, તેના ઘરનો પિંડ બાવીશ તીર્થંકરના વારાના સાધુને કલ્પે, પણ પહેલા અને છેહેલા તીર્થંકરના વારાના સાધુ સાધવીને રાજાના ઘરનો આહાર કલ્પે નહીં; કેમકે રાજદ્વારમાં કોઈએક અપમાંગલિક કહે તથા હાથી, ઘોડા સ્ત્રી પ્રમુખને જોતાં થકાં રાગ ઉપજે, કોઈક ચોર હેરૂ કહે. ઇત્યાદિક અનેક દોષ ઉપજે. એ રાજપિંડ અન્યદર્શનીઓના શાસ્ત્રમાં પણ વાર્યો છે. માટે પહેલા અને છેહેલા તીર્થંકરના સાધુયેં રાજપિંડ ન લેવો, અને બાવીશ તીર્થંકરના વારાના સાધુ રુજુ અને પંડિત છે, તે નિર્દોષ આહાર જાણે તેવારેં રાજપિંડ સુખે લીયે, અને દોષ જાણે તેવારે ન લીયે. એ ચોથો કલ્પ. ૪

૫ હવે પાંચમો કૃતિકર્મ કલ્પ કહે છે. કૃતિકર્મ એટલે વાંદવું; ત્યાં શ્રી વીતરાગના શાસનને વિષે પુરૂષ પ્રધાન ધર્મ પ્રવર્તે છે; તે કારણ માટે જો સાધવી શો વર્ષની દીક્ષિત હોય અને સાધુ એક દિવસનો દીક્ષિત હોય તોપણ સાધવી સાધુને વાંદે. એ પાંચમો કૃતિકર્મ કલ્પ જાણવો. ૫

૬ હવે છટ્ઠો વ્રત કલ્પ કહે છે. બાવીશ તીર્થંકરના વારાના સાધુ તથા સાધવીને ચાર મહાવ્રત રૂપ ધર્મ કહ્યો છે, જે ભણી તે ચોથું વ્રત અને પાંચમું વ્રત એ બેહુને એકજ વ્રત કરી માને છે. એટલે સ્ત્રીને પરિગ્રહ ગણીને પરિગ્રહ સાથેંજ લીયે છે, કારણ કે જિહાં સ્ત્રી તિહાં પરિગ્રહ અને જિહાં પરિગ્રહ તિહાં સ્ત્રી હોય છે. માટે બાવીશ તીર્થંકરના સાધુને ચાર મહાવ્રત જાણવાં, અને પ્રથમ તથા ચરમ તીર્થંકરના સાધુ સાધવીને સ્ત્રી જુદી અને પરિગ્રહ પણ જુદો, માટે પાંચ મહાવ્રત જાણવાં, તથા પહેલા અને છેહેલા તીર્થંકરના સાધુને છઠું રાત્રિભોજનવ્રત મૂલ ગુણમાં છે, અને બાવીશ જિનના સાધુને રાત્રિભોજનવ્રત ઉત્તર ગુણમાં છે. એ છઠો વ્રત કલ્પ. ૬

૭ હવે સાતમો જ્યેષ્ઠ કલ્પ કહે છે. પહેલા અને છેહેલા તીર્થંકરના વારામાં ઉઠામણ (વડી દીક્ષા)ના દિવસથી ન્હાના મહોટાપણું ગણાય છે, અને બાવીશ તીર્થંકરના વારામાં દીક્ષાના દિવસથી ન્હાના મહોટાપણું ગણાય છે. માટે અહીં પિતા પુત્ર, રાજા પ્રધાન, મા દિકરી, એ સર્વ સાથે દીક્ષા લીયે તો લોક રીતે પિતા મહોટો અને પુત્ર ન્હાનો, એ રીતે ન્હાના મહોટાપણું ગણાય છે. ૭

૮. હવે આઠમો પ્રતિક્રમણ કલ્પ કહે છે. બાવીશ તીર્થંકરના સાધુ જે વારેં પોતાને પાપ લાગતું જાણે, તેવારેં પડિક્કમણું કરે, અન્યથા ન કરે; અને પહેલા તીર્થંકરના સાધુ તથા છેહેલા તીર્થંકરના સાધુને તો પાપ લાગે, અથવા ન લાગે, તોપણ પ્રતિદિવસ નિરંતર પડિક્કમણું કરેં; તે પણ

બાવીશ જિનને વારેં દિવસિ અને રાઇ, એ બે પડિક્કમણાંજ કરતા, અને પહેલા તથા છેહેલા જિનને વારેં તો દૈવસિકાદિક પાંચ પડિક્કમણાં કરે. ૮

૯ હવે નવમો માસ કલ્પ કહે છે. બાવીશ તીર્થંકરના વારાના સાધુ રુજુ અને પંડિત માટે તેને માસ કલ્પ કરવાનો નિયમ નહીં. જો લાભ જાણે, તો એક ક્ષેત્રમાં ઘણા કાલ પર્યંત પણ રહે; અને પહેલા તથા છેહેલા તીર્થંકરના સાધુ તો એક માસ પર્યંત રહે, ઉપરાંત રહે નહીં. માત્ર ચોમાસામાં ચાર માસ પર્યંત રહે; કેમકે વધારે રહેવાથી ગૃહસ્થ સાથે પ્રતિબંધ થાય, હલકાપણું પામે, લોકનો ઉપગાર કરી ન શકે, દેશ વિદેશનું જ્ઞાન ન થાય, જ્ઞાનનું આરાધન ન થાય, માટે કદાચિત્ દૌર્ભિક્ષાદિકને કારણેં રહેવું પડે તોપણ વસતિ પાલટણ કરે, પાડો પલટાવે, ઘર પલટાવે, સંથારાની ભૂમિ પલટાવે, એમ ભાવથી માસ કલ્પ કરે. ૯

૧૦ હવે દશમો પર્યૂષણા કલ્પ કહે છે. પર્યૂષણા પર્વ આવે, તેવારેં ત્રણ ઉપવાસ કરે તથા લોચ કરાવે, તથા કલ્પસૂત્ર વાંચે. પ્રથમ તો કોઇ પણ સાધુ, ગૃહસ્થને કલ્પસૂત્ર સંભલાવતા ન હતા; માત્ર ભાદ્રવા શુદિ પંચમીના દિવસેં એક સાધુ, મુખેં બોલતાં, અને બીજા સાધુ સાંભલતા હતા. "કપ્પસમ્મ પાવતિય કાઉસ્સગ્ગં કરેમિ" એમ કાઉસ્સગ્ગ કરતા, આગલ એવી રીતની સ્થિતિ હતી, સમાચારીનો વિધિ હતો; અને હવે તો સાધુ જ્યાં ચોમાસું રહે, ત્યાં ઉત્કૃષ્ટા તેર ગુણ જોઈને રહે, તે તેર ગુણ કહે છે. એક તો જે ગામમાં કાદવ ઘણો ન હોય, બીજો ઘણા સંમૂ-

ર્દિમ જીવ ન હોય, ત્રીજો જ્યાં સ્થંડિલ ભૂમિનાં સ્થાનક, ચોખ્ખાં નિરાબાધપણે હોય, ચોથો જ્યાં સાધુ પોતે રહે, તિહાં સ્ત્રી, પશુ પંડકાદિક ન હોય, પાંચમો જે ક્ષેત્રે દહીં દૂધ ઘણું મલતું હોય, છટ્ઠો જે ગામમાં સજ્જન કુટુંબાદિક બહુ શ્રાવક અતિભદ્રક હોય, સાતમો જ્યાં વૈદ્ય ભદ્રક હોય, આઠમો જ્યાં સાધુને ઔષધાદિક સુલભ મળી શકે, નવમો જ્યાં શ્રાવકોના ઘરમાં ઘણું ધન, ધાન્ય હોય, કોઇ પ્રકારની ચિંતા ન હોય, દશમો જ્યાં રાજા અતિભદ્રક હોય, યતિની ભક્તિ ઘણી કરે, અગીઆરમો જ્યાં બ્રાહ્મણ, તાપસ, ભૂઆ, ભરડા, સાધુનું અપમાન ન કરે, બારમો જે ક્ષેત્રમાં ભિક્ષા સુલભ મલે, તેરમો જ્યાં સજ્ઝાય સુખે થાય. એ તેર ગુણ ઉત્કૃષ્ટપણે જોવા; પરંતુ જો કદાપિ એટલા યોગ ન મલે, તોપણ ચાર ગુણ તો અવશ્ય જોવા, તે કહે છે. એક તો વિહાર ભૂમિ મહોટી હોય એટલે ઉપાશરો મોહોટો હોય, બીજો સ્થંડિલ ભૂમિ શુદ્ધ હોય, ત્રીજો ભિક્ષા સુલભ મલતી હોય, ચોથો સજ્ઝાય સુખે થાય, એ ચાર ગુણ જોઇને રહેવું. હવે હમણાં જ્યાં સાધુ ચોમાસું રહે, તિહાં પર્યુષણ પર્વ આવે થકે માંગલિકને નિમિત્તે આ કલ્પસૂત્ર અવશ્ય વાંચે, તેથી સંઘની આજ્ઞાથકી અહીંઆં પણ વંચાય છે, એ દશ કલ્પ કહ્યા. તે પહેલા તથા છેહેલા તીર્થંકરના યતિને નિશ્ચય કરી કહ્યા છે, અને બાવીશ જિનને વારે તો એક અચેલક કલ્પ, બીજો ઉદ્દેશિક કલ્પ, ત્રીજો પ્રતિક્રમણ કલ્પ, ચોથો રાજપિંડ કલ્પ, પાંચમો માસ કલ્પ, છઠો પર્યુષણ કલ્પ, એ છ કલ્પનો નિશ્ચય નહીં; બાકી શય્યાતર, ચોથું વ્રત, જ્યેષ્ઠ કલ્પ અને વાંદણાં, એ ચાર કલ્પ નિશ્ચય હોય છે.

હવે એ પર્વનો મહિમા કહે છે. (૧) જેમ મંત્રમાંહે પાંચ પરમેષ્ટિ મંત્ર, (૨) જેમ તીર્થમાંહે શ્રી શત્રુંજય તીર્થ, (૩) જેમ દાન માંહે અભયદાન, ૪) જેમ ગુણમાંહે વિનય ગુણ, (૫) જેમ વ્રતમધ્યે બ્રહ્મચર્યવ્રત, (૬) જેમ સંતોષમાંહે નિયમ, (૭) જેમ તપસ્યામધ્યે ઇંદ્રિયદમન, (૮) જેમ દર્શનમાંહે જૈનદર્શન, (૯) જેમ ક્ષીરમાંહે ગોક્ષીર, (૧૦) જેમ જલમધ્યે ગંગાનીર, (૧૧) જેમ પટમાં હીર, (૧૨) જેમ વસ્ત્રમાં ચીર, (૧૩) જેમ અલંકારમાં ચૂડામણિ, (૧૪) જેમ જ્યોતિષીમાંહે નિશામણિ, (૧૫) જેમ તુરગમાંહે પંચવલ્લીકિસોર, (૧૬) જેમ નૃત્યકલાવંત માંહે મોર, (૧૭) જેમ ગજમાંહે ઐરાવત, (૧૮) જેમ દૈત્યમાંહે અહિરાવણ, (૧૯) જેમ વનમાંહે નંદનવન, (૨૦) જેમ કાષ્ટમાંહે ચંદન, (૨૧) જેમ તેજવંતમાંહે આદિત્ય, (૨૨) જેમ સાહસિકમાંહે વિક્રમાદિત્ય, (૨૩) જેમ ન્યાયવંતમાંહે શ્રીરામ, (૨૪) જેમ રુપવંતમાંહે કામ, (૨૫) જેમ સતી માંહે સીતા, (૨૬) જેમ શાસ્ત્રમાંહે ગીતા, (૨૭) જેમ વાજીત્ર માંહે ભંભા, (૨૮) જેમ સ્ત્રીમાંહે રંભા, (૨૯) જેમ સુગંધમાંહે કસ્તૂરી, (૩૦) જેમ વસ્તુમાંહે તેજ, (૩૧) જેમ પુણ્યશ્લોક માંહે રાજા નળ, (૩૨) જેમ ફૂલમાંહે સહસ્ત્રદલ કમળ, (૩૩) જેમ ધનુર્ધરમાંહે અર્જુન, (૩૪) જેમ ઇંદ્રિયમાંહે નયન, (૩૫) જેમ ધાતુમાંહે સુવર્ણ, (૩૬) જેમ દાતારમાંહે કર્ણ, (૩૭) જેમ ગાયમાંહે કામધેનુ ગાય, (૩૮) જેમ સ્નેહમાંહે ઘૃત, (૩૯) જેમ જલમાંહે અમૃત, (૪૦) જેમ જ્ઞાનમાંહે કેવલજ્ઞાન, (૪૧) જેમ સુખમાંહે મોક્ષનાં સુખ, તેમ સર્વ પર્વમાંહે પર્યૂષણ પર્વ મોહોટું જાણવું. ભાદ્રવા શુદ્ધ પંચમી શ્રીજીન શાસનને વિષે માનનીય છે. તેમજ પરશાસનને વિષે

પણ એ રૂષિપંચમીનો દિવસ માનનીય છે. તે રૂષિપંચમીનો સંબંધ કહે છે.

પુષ્પાવતી નગરીને વિષે એક બ્રાહ્મણ રહેતો હતો; તેનાં માતા પિતા મરણ પામીને અનુક્રમેં તેહીજ ઘરમાં માતા કૂતરી થઇ, અને પિતા બલદીયો થયો. એકદા સમય શ્રાદ્ધનો દિવસ આવ્યો. તે દિવસે બળદને એક ઘાંચી ઘાણીમાં ખેડવાને લઇ ગયો છે, છોકરાયેં દૂધ લાવીને ખીર રાંધી, પિતાનું શ્રાદ્ધ કરવા ઘણા બ્રાહ્મણને ભોજન કરવા સારૂ બોલાવ્યા, એવા વખતમાં રાંધેલી ખીરમાંહે સર્પ, લાળ નાખતો હતો, તે પહેલાં છોકરાની માતા જે કૂતરી થઈ છે તેણેં દીઠો; દેખીને વિચાર્યું કે આ ખીર કોઈ ખાશે, તો તે મરણ પામશે, તેથી મહા અનર્થ થશે ? એવું વિચારીને કૂતરીયે ખીર બોટી. તે બ્રાહ્મણે દીઠી, તેવારેં બ્રાહ્મણને રીશ ચડી તેથી તે કૂતરીની કેડ ભાંગી; તેને પછી ગાયની શાળા છે, તિહાં જઇને હેઠી નાંખી. પછી બ્રાહ્મણે ખીર નવી રાંધીને બીજા બ્રાહ્મણોને જમાડયા. સંધ્યા થઇ એટલે પેલા ઘાંચીયેં બળદ પાછો લાવી ઠેકાણે બાંધ્યો. તે આખા દિવસનો ભૂખ્યો, તરશ્યો થાકી ગયો હતો; તેવારેં કૂતરી બોલી જે આજ પાપિષ્ટ ડોકરે મહારી કેડ ભાંગી નાખી. તે સાંભલી બળદ બોલ્યો જે એ પાપિષ્ટ આપણો પુત્ર, સમજતો નથી. મને પણ આજે ઘાંચીને આપ્યો હતો; તેણેં આખો દિવસ ઘાણીમાં ફેરવી પાછો ભૂખેં મરતો એમજ આણી બાંધ્યો છે. એ વાત છોકરાયેં સાંભલીને જાણ્યું જે એતો મહારાં માતા પિતા દેખાય છે. પછી ત્યાંથી ઉઠી બેહુ જણાને ક્ષીરનું ભોજન

કરાવ્યું. પછી પોતે, પિતાની ગતિને અર્થે પરદેશમાં જઇને કોઇ એક ઋષિને પૂછ્યું જે મહારો બાપ બલદ થયો છે, અને માતા કૂતરી થઇ છે, તેની શી ગતિ થશે ? તે સાંભલી ઋષિ બોલ્યો કે અપ્રસ્તાવે કામક્રીડા કીધી, તેના પાપથી કૂતરી તથા બલદ થયાં છે. હવે જો દશ દશ મૂઠી અડદના બાકલા ઋષિ પાંચમને દિવસે ખાય તો ગતિ થાય. પછી તે બ્રાહ્મણે તેમજ કીધું; તે દિવસથી લોકને વિષે ઋષિ-પાંચમનું નામ પ્રસિદ્ધ થયું છે.

હવે શ્રી પર્વૂષણા પર્વ આવ્યાં થકાં સાધુને ( ૧ ) લોચ કરવો, (૨) ધર્મકાર્ય કરવું, ( ૩ ) અઠમ તપ કરવું, ( ૪ ) સર્વ દેરાશરને વિષે અરિહંતની ભક્તિ કરવી, ( ૫ ) શ્રીસંઘની માંહે ખામણાં કરવાં. એ પાંચ કારણ મોટકાં છે.

શ્રી તીર્થંકર ગણધરે કહ્યું છે કે પર્યૂષણ પર્વ આવ્યાં થકાં શ્રાવકે ( ૧ ) યથા શકતે તપ, જપ કરવાં, (૨) શ્રુત-જ્ઞાનની ભક્તિ કરવી, (૩) તૈલાદિકનું વ્રત કરવું, (૪) અભય-દાન દેવું, (૫) સોપારી, નાલીયર પ્રમુખની પ્રભાવના કરવી, (૬) શ્રીવીતરાગદેવની પ્રતિમા પૂજવી, (૭) શ્રીસંઘની ભક્તિ કરવી, (૮) સચિત્ત વસ્તુનો ત્યાગ કરવો, (૯) કર્મ-ક્ષય નિમિત્ત કાઉસ્સગ્ગ કરવો, (૧૦) બ્રહ્મચર્ય પાલવું, (૧૧) આરંભ વર્જવો, (૧૨) પોતાની શક્તિ પ્રમાણે દ્રવ્ય ખર-ચવું, (૧૩) મહોટો મહોત્સવ કરવો.

પ્રથમ તો ભાદ્રવા શુદ્ધ પંચમીના દિવસે રાત્રિનું સાંવત્સરિક પડિક્કમણું કરયા પછી ઉભાં રહ્યાં થકાં કલ્પ સૂત્રનો પાઠ, મુખે કહેતા હતા, અને બીજા સાધુ સર્વ કાઉસ્સગ્ગ કરીને પાઠ સાંભલતા હતા, એ વિધિ હતો.

હવે પુસ્તકારૂઢ થયું, તે કહે છે. શ્રીમહાવીર ભગવાનથી નવશોંને એંશી વર્ષે થયું તથા નવશેં ત્ર્યાણું વર્ષે આનંદપુર નગરને હમણાં વડનગર કહે છે, તિહાં ધ્રુવસેનરાજા રાજ્ય કરતો હતો; તેને અત્યંત વલ્લભ સેનાંગજનામેં એક પુત્ર હતો, તે દૈવયોગેં મરણ પામ્યો. પછી પર્યૂષણ આવ્યા થકી રાજા અત્યંત શોકાક્રાંત થયો હતો, તેમાટે ધર્મશાલાને વિષે પણ ન આવે, તેથી જેમ રાજા ચાલે, તેમ પ્રજા પણ ચાલે, એવા હેતુથકી બીજા શેઠ વ્યવહારિયા પ્રમુખ જે લોક હતા, તે પણ ધર્મશાલાને વિષે ન આવે. એવો રાજાને શોકાતુર થયો જાણી ધર્મની હાનિ થતી દેખીને ગુરૂ પણ ધ્રુવસેન રાજા પાસેં ગયા; રાજાને કહ્યું કે હે રાજન્! તમો શોકાક્રાંત થયા જાણીને નગરનાં લોક પણ સર્વ શોકાક્રાંત થયાં છે. તે માટે શરીર ધનાદિક સર્વ અનિત્ય છે, આયુષ્ય ચંચલ છે, સંસાર અસાર છે અને તમારા સરખા જાણનારા તો કોઈ વિરલાજ છે, માટે શ્રી જિનધર્મમાંહે ઘણો શોક કરવો અયુક્ત કહ્યો છે. હવે તમેં ધર્મશાલામાંહે આવો તો નવમા પૂર્વ માંહેલા આઠમા અધ્યયનથકી કલ્પસૂત્ર નામેં સમુદ્રમધ્યેંથી શ્રીભદ્રબાહુ સ્વામીયેં કાઢ્યું તે કલ્પસૂત્ર મહામાંગલિક, પ્રાચીન કર્મના ક્ષયનું કરનાર છે, તે વાંચીયેં. તે વાત રાજાયેં અંગીકાર કરીને સભા સહિત રાજા ધર્મશાલા માંહે આવ્યો. તેવારેં નવ વાંચનાયેં કરી પ્રભાવનાયેં કરી કલ્પસૂત્ર ગુરૂયેં વાંચ્યું. તે દિવસથી સર્વ લોક સમક્ષ કલ્પસૂત્ર વાંચવાની પ્રવૃત્તિ થઇ. તેમાટે ગુરૂની પરંપરાયેં કરી અમેં પણ વાંચીયેં છેયેં. એના વાંચવાથકી સાધુ, સાધવી,

શ્રાવક, શ્રાવિકાને કલ્યાણ હોય, એ નિઃસંદેહ વાત છે. તેની ઉપર કથા કહે છે.

કોઇએક ડોશીનો પુત્ર, વનમાંહે ગાયો ચારવા જાય; એકદા સમયે તેને સર્પે ડસ્યો, તેથી મૂર્છાગત થયો, તે વાત લોકના મુખથકી તેની માતાયે સાંભલી. તે વનમાં ગઈ, ત્યાં પુત્રને મૂર્છિત થયો દેખી, મોહના વશ થકી પુત્રનું નામ વારંવાર સ્મરણ કરે છે, કે રે હંસ ! રે પરમહંસ ! એવી રીતે ચાર પહોર સુધી પોકાર કર્યો, તેથી ડોશીના છોકરાને ઝેર ઉતર્યું, સાજો થયો; પ્રભાતે માતા અને છોકરો, બેહુ જણ ગામમાં આવ્યાં. નગરનાં લોક સર્વ વિસ્મય થયા. ત્યાં ડોશીને ગારૂડીયે પૂછ્યું જે તમોયે શો ઉપાય કર્યો, કે જે થકી તમારો પુત્ર નિર્વિષ થયો ? તે સાંભલી ડોશી બોલી જે હું કાંઇ મંત્ર જાણતી નથી, ઔષધ જાણતી નથી, પણ આખી રાત્રિ, રે હંસ હંસ ! ! અને રે પરમહંસ પરમહંસ ! ! એવું રૂદન કર્યું, તેથી નિર્વિષ થયો. મેં પોકાર કર્યો, તે દેવતાયે સાંભલ્યો. દેવના પ્રયોગથી છોકરો નિર્વિષ થયો. તે સાંભલી ગારૂડી બોલ્યા, એ મંત્ર સાચો છે. અક્ષરના યોગથી મંત્ર નિપજે છે, તેમ આ કલ્પસિદ્ધાંત સાંભલતાં થકાં, વાંચતાં થકાં, જન્મ જન્મનાં પાતક સર્વ જાય. એવું મહોટું માહાત્મ્ય કલ્પસૂત્રના અક્ષરનું જાણવું.

હવે વલી આ કલ્પસૂત્રને ત્રીજા વૈદ્ય સરખી ઉપમા આપે છે.

कल्पधर्म महातम, तृतीय रसायन परें,
बहु गुण होय एहने सुणतां ए॥

नाग केतु परं, नाण लही उजलुं,
पामीयें शिवपद, शाश्वतां ए ॥ ४ ॥

અર્થ:--( કલ્પધર્મમહાતમ કે૦ ) વલી આ કલ્પસૂત્રનું માહાત્મ્ય ત્રીજા રસાયન એટલે ત્રીજા વૈદ્યની સરખું છે. એટલે જેમ ત્રીજો વૈદ્ય ઉપકારી થયો, તેમ આ કલ્પસૂત્ર પણ ઉપકારી જાણવું. વલી આ કલ્પસૂત્રને સાંભલવાથકી ઘણા ગુણ થાય છે. વલી ઘણાં માંગલિકની વૃદ્ધિ કરે. વલી અઠમ તપ કરવાથકી નાગકેતુની પેરે ઉજલું કેવલજ્ઞાન પામિને શાશ્વતું એવું મોક્ષપદ પામિયેં. ॥ ૪ ॥

હવે એ શ્રી કલ્પસૂત્ર ત્રીજા વૈદ્ય સમાન છે, તે વૈદ્યની કથા કહે છે. કોઇએક રાજાને એક પુત્ર છે, તે અત્યંત વલ્લભ છે, તેથી રાજાયેં વિચાર કર્યો કે જો આ પુત્રને રોગ આવ્યા પહેલાંજ એનું ઔષધ કરાવું, તો પછી કોઇ વારેં રોગજ ન આવે ! એમ વિચારી ત્રણ વૈદ્ય બોલાવ્યા, અને તેમને કહ્યું જે આ પુત્રનું ઔષધ કરવું છે ? તેવારેં પહેલો વૈદ્ય બોલ્યો જે હે રાજન્ ! મહારી પાસેં જે ઔષધ છે, તે એવું છે કે જે આપવા થકી રોગ હોય તો જાય, નહીંકાં નવો રોગ પેદા કરે. તે સાંભલી રાજાયેં કહ્યું જે તાહારૂં ઔષધ તો સૂતો સિંહ જગાડવા જેવું છે; તેમાટે તાહારા ઓશડથી સર્યું. પછી બીજો વૈદ્ય બોલ્યો કે મહારી પાસેં જે ઔષધ છે, તે ખવરાવ્યાથી રોગ હોય તો જાય, નહીંકાં પણ નવો રોગ ઉપજે નહીં. તે સાંભલી રાજાયેં કહ્યું જે રાખ માંહે ઘૃત ઢલ્યું. તે શા કામમાં આવે ? તેમાટે તાહારે ઔષધેં પણ સર્યું. પછી ત્રીજો વૈદ્ય બોલ્યો કે મહારી પાસેં

જે ઓશડ છે તે ખવરાવ્યા થકી રોગ હોય તે પણ જાય, અને જો રોગ ન હોય તોપણ શરીરેં વીર્ય, બલ, સૌંદર્ય-ની ઘણી તુષ્ટિ, પુષ્ટિ, દીપ્તિ કરે, ઘણું બલ, પરાક્રમ વધારે. ઈત્યાદિક અનેક ગુણ કરે એવું છે. તે સાંભલી રાજા બોલ્યો જે એ ઔષધ ઘણું સારૂં છે. એમ કહી તે ત્રીજા વૈદ્યનું ઔષધ આદર્યું. એ રીતેં એ કલ્પસિદ્ધાંત પણ ત્રીજા વૈદ્ય સમાન જાણવો; કેમકે એ થકી જો કર્મરૂપ વ્યાધ હોય, તો તે જાય, નવું કર્મ વધે નહીં. આપદા નિવારે, સુખ સંપત્તિ કરે, ચારિત્રના ગુણની પુષ્ટિ કરેં અને વલી મોક્ષનાં સુખ પણ તરત આપે. એ કલ્પસૂત્રને વિષે શ્રીવીર ચરિત્ર છે તે બીજ સમાન છે, અને પાર્શ્વચરિત્ર તે અંકૂરો છે, શ્રી નેમચરિત્ર તે થડ છે, શ્રી આદિનાથ ચરિત્ર તે શાખા છે, થિવિરાવલી તે ફૂલ છે, કથા છે, તે સુગંધ છે, ફલ તે મોક્ષ છે. જે સર્વ અક્ષર સાંભલે તે જીવ, આઠ ભવમાં મોક્ષ જાય.

હવે અઠમ તપ ઉપર નાગકેતુનો સંબંધ લખીયે છૈયેં. ચંદ્રકાંતા નગરીને વિષે વિજયસેન નામેં રાજા રાજ્ય કરે છે. તે નગરીમાં શ્રીકાંત નામા શેઠ વસે છે, તેની શિખી નામેં ભાર્યા છે. તેને ઘણે ઉપાયેં વૃદ્ધ પણે એક પુત્ર આવ્યો. એહવે એકદા સમયને વિષે સર્વ કુટુંબ મલી માંહોમાંહે વાતો કરે છે કે પર્યૂષણ પર્વ આવ્યાં થકાં આપણે અઠમનું તપ કરીશું; તે વાત સાંભલી બાલકને જાતિસ્મરણ જ્ઞાન ઉપનું, તેથી પાછલો ભવ દીઠો; તેવારેં બાલક થકાં પણ મનમાં અઠમનું તપ ધાર્યું; તે દિવસથી સ્તનપાન ન કરે. તે જોઇ માતા પિતા ઘણું દુઃખ ધરવાં લાગાં. ઘણાં ઔષ-

ઘોપચાર કર્યાં, તથાપિ સ્તનપાન ન કર્યું. પછી તે બાલકને મૂર્છા આવી, તેણેં કરી મૃત્યુ તુલ્ય થયો એહવો બાલકને દેખી તેના બાપનું હૈયું ફાટી ગયું, જીવ નીકલી ગયો; અને કુટુંબ પરિવારેં મલી બાલકને મુવેલો જાણી ધરતીમાં ભંડાર્યો. પછી રાજાને ખબર પડી કે આપણા ગામમાં અપુત્રીઓ શ્રીકાંત શેઠ મરણ પામ્યો, માટે તેનું ઘર લૂંટી લાવો; તે સાંભલી રાજાનાં માણુસ ધન લેવાને અર્થે શેઠને ઘેર આવ્યાં. એવા સમયમાં અઠમ તપના મહિમા થકી ધરણેંદ્રનું આસન ચલાયમાન થયું. તેવારેં અવધિજ્ઞાનેં કરી સર્વ વૃત્તાંત જાણી ધરણેંદ્ર પોતેં તિહાં આવીને બાલકને અમૃતપાન કરાવી સજીવન કીધો અને પોતેં બ્રાહ્મણનું રૂપ કરી રાજાનાં માણુસોને ધન લેતા અટકાવ્યા. રાજપુરૂષોયેં જઇ રાજાને કહ્યું કે એતો ધન લેવા દેતા નથી ? તે સાંભલી રાજા પોતેં આવીને કહેવા લાગો જે એ અપુત્રિઆનું ધન કેમ અમને લેવા આપતા નથી ? તેવારેં ધરણેંદ્ર બોલ્યા જે એનો પુત્ર જીવતો છતાં તમેં ધન કેમ લેશો ? તે સાંભલી રાજા બોલ્યો કે પુત્ર કિહાં છે ? પછી ધરણેંદ્રે રાજાદિક સર્વને તેડી જીવતો બાલક ભૂમિકા માંહેથી કાહાડી દેખાડયો. તે જોઇ વિસ્મય પામી રાજાયેં પૂછ્યું જે તમેં કોણ છો અને એવા પ્રકારની વાત તમેં શી રીતેં જાણી ? તેવારેં ધરણેંદ્ર બોલ્યા કે હું ધરણેંદ્ર છું. એણેં અઠમતપ કર્યું તેના પ્રભાવેં હું અહીંઆં આવ્યો છું, અને હે રાજન્ ! પાછલા ભવેં એ બાલકની માતા એની બાલ્યાવસ્થામાં મરણ પામી હતી; તે પછી એનો બાપ બીજી સ્ત્રી પરણ્યો હતો, તે

એ બાલકની ઓરમાન માતા ઘણુંજ મારતી કૂટતી હતી તથા ખાવાને પણ ન આપતી. એરીતેં અણુમાનેતો એ બાલક નિત્ય દુઃખ પામતો થકો પોતાના મિત્ર શ્રાવકોની સાથેં તપસ્યા કરતો થકો વિચરતો હતો. એકદા પર્યૂષણ પર્વ આવે થકે અઠમનું તપ કરીશ એમ ચિંતવી તૃણના ઘરમાં જઈ સૂતો; એટલામાં ગામમધ્યેં અગ્નિ લાગ્યો જાણી ઓરમાન માતાયેં પણ તૃણનું ઘર બાલી નાખ્યું. તિહાં તે બલી શુભ ધ્યાનેં મરણ પામીને અહીંઆં શ્રીકાંત શેઠને ઘેર અવતર્યો. અહીં એને જાતિસ્મરણ જ્ઞાન ઉપજવાથકી અઠમનું તપ કર્યું, તેથકી મૂર્છાગત થયો હતો. તેને મેં અમૃત પાનેં કરી મૂર્છા ઉતારી સજીવન કીધો; એ મહોટો પુરૂષ છે, એને સ્વલ્પ કર્મ શેષ રહ્યાં છે; તે આ ભવેં મોક્ષ જશે, તમેં એનું યત્ન કરજો, તમોને પણ મહોટો ઉપકાર કરનારો થશે; એમ કહી પોતાના ગલાનો હાર બાલકને પહેરાવી ધરણેંદ્ર પોતાનેં સ્થાનકેં ગયો. પછી રાજાયેં તે બાલકને હાથી ઉપર ચઢાવી મહોટા આડંબર સહિત માવિત્રને ઘેર આણી કહ્યું કે આ બાલકને સુખમાં રાખજો. પછી સજ્જન લોકોયેં શ્રીકાંત શેઠનું મૃતકાર્ય કરી બાલકનું નામ નાગકેતુ પાડ્યું. પછી તે અષ્ટમી, ચતુર્દશીનો ઉપવાસ, ચોમાસેં છઠ અને પજુસણનો અઠમ કરે, જિનપૂજા, સાધુ સેવા નિત્ય કરેં. એ રીતેં પરમ શ્રાવક થયો.

એકદા એક પુરૂષને રાજાયેં ચોરીનું જૂઠું કલંક ચડાવીને માર્યો, તે મરીને વ્યંતર થયો; તેણેં આવી રાજાને લોહી વમતો કરી નગર પ્રમાણેં શિલા વિકૂર્વિને લોકને બીહીવરાવવા લાગો. તે જોઈ નાગકેતુયેં જીવદયાને હેતેં

તથા ભગવંતના ચૈત્યનો વિનાશ થતો જાણી ભગવંતનાં પ્રાસાદ ઉપર ચડીને તે પડતી શિલાને હાથેં ધરી રાખી. એવી તપોશક્તિ દેખી વ્યંતર આવી પગેં લાગો અને નાગકેતુના વચનથી રાજાને પણ શાતા કરી શિલા ટાલી વ્યંતર પોતાને સ્થાનકેં ગયો. પછી નાગકેતુને રાજાયેં સન્માન્યો. એકદા નાગકેતુને ભગવંતની પુજા કરતાં ફૂલ માંહેલા તંબોલી સર્પેં ડશ્યો; ત્યાં તેને શુભધ્યાનેં કેવલજ્ઞાન ઉપનું. દેવતાયેં ઓઘો, મુહપત્તી પ્રમુખ સાધુનો વેશ આપ્યો. વિહાર કરતાં, ભવ્ય જીવને પ્રતિબોધ દેતાં મોક્ષ પોહોતા. એમ જાણી જિનશાસનનો ઘણો મહિમા કરવો. ઇતિ અઠમ ઉપર નાગકેતુની કથા.

इंणि परें पीठिका, कहि कल्प मांडियें,
पंचकल्याणक, वीरनां ए ॥
दशम देवलोकथी, आवीय उपना,
त्रण नाणी जंबू, भरतमां ए ॥ ९ ॥

**અર્થઃ**—એવી રીતેં આ કલ્પસૂત્રની પીઠિકા કહીને પછી કલ્પસૂત્ર માંડીયેં. તિહાં શ્રીમહાવીર સ્વામીના પાંચ કલ્યાણક કહ્યાં છે. અહીંઆં કોઇએક છ કલ્યાણક કહે છે. તે નિઃકેવલ ભ્રાંતિ છે, અને તેમની મહોટી ભૂલ છે; કેમકે ચોવીશ તીર્થંકરના એકશોને વીશ કલ્યાણક શાસ્ત્રમાં કહ્યાં છે, પણ એકસોને એકવીસ કલ્યાણક કોઇ શાસ્ત્રમાં દેખાતાં નથી; પછી તો શ્રીગુરૂ મહારાજ જાણે; ઘણાએકને કલ્યાણક સંબંધિ સંદેહ છે, તે સંદેહ તો શ્રી કેવલી ભગવાન્ ટાલી શકે, પરંતુ મહારૂં સામર્થ્ય નથી. વલી શ્રીમહાવીર સ્વામીનો

જીવ, દશમા દેવલોક થકી ચવીને, દેવતાનું શરીર છાંડીને, દેવતાનું આયુષ્ય છાંડીને, દેવતાનો આહાર છાંડીને. શ્રમણ ભગવંત ત્રણ જ્ઞાનેં કરી સહિત જંબુદ્રીપના ભરતક્ષેત્રને વિષે આવી ઉપનો. તે કાલને વિષે, સૂક્ષ્મ વેલાયેં શ્રમણ-ભગવંત શ્રી મહાવીર, મહોટા તપસ્વી, ભગ શબ્દના દશ અર્થે સહિત, તેનાં પાંચ કલ્યાણક હોતાં હવાં. (૧) ઉત્તરા ફાલ્ગુની નક્ષત્રેં દેવતાનું શરીર છાંડીને માતાના ઉદરમાંહે અવતર્યા, (૨) ઉત્તરાફાલ્ગુની નક્ષત્રેં જન્મકલ્યાંણક થયું, (૩) ઉત્તરાફાલ્ગુની નક્ષત્રેં દીક્ષા લીધી, (૪) ઉત્તરાફાલ્ગુની નક્ષત્રમાં કેવલજ્ઞાન પામ્યા, (૫) સ્વાતિ નક્ષત્રમાં મોક્ષ પહોંચ્યા, એ શ્રીમહાવીરનાં પાંચ કલ્યાણક જાણવાં.

॥ त्रूटक ॥ तुरत माहण कुंड ग्रामें, ऋषभदत्त द्विजनार ए ॥
देवानंदा मध्यरयणि पेखे, सुपन दश ने चार ए ॥
उत्तरा फाल्गुनि चंद्र योगें, शुक्र छठ शुदि मासनी,
सुपन वीतक कंत आगल, कहे आवी आसनें ॥ ६ ॥

અર્થ:—તે દશમા દેવલોકથકી ચવીને તરત માહાણ-કુંડ ગ્રામને વિષે ઋષભદત્ત નામા બ્રાહ્મણ વસે છે, તેની દેવા-નંદા નામેં સ્ત્રી છે, તેની કૂખેં આવી ઉપના; તેવારેં તે દેવાનંદાયેં મધ્ય રયણીના સમયને વિષે ચૌદ સ્વપ્ન દીઠાં. તે દેખીને જાગતી હવી. ઉત્તરાફાલ્ગુની નક્ષત્ર સાથેં ચંદ્રમાનો યોગ પામે થકે આષાઢ શુદિ છઠના દિવસની રાત્રિને વિષે શુભયોગ આવે થકે, સુપન દેખીને જાગતી હવી. તિહાંથી ઉઠીને હવે સુપનનું ફલ પૂછવાને અર્થેં પોતાના સ્વામી પાસેં ઢુકડી જતી હવી; ત્યાં જઈ બે હાથ જોડી, દશ નખ

એકઠા કરીને સુપનવીતક વાત, પોતાના પતિને સંભલાવતી હવી.

कहे तिहां ऋषभदत्त, आपणे घर होशे,
सुत सवि शास्त्रनो, पारगामि ॥
मानोपेत शरीर सुलक्षणो,
सुजस सौभाग्य गुण, सयल धामि॥ ७ ॥

અર્થ:—તેવારેં તે દેવાનંદા બ્રાહ્મણી પ્રત્યેં ઋભષદત્ત નામા બ્રાહ્મણ કહેતો હવો, કે હે સ્ત્રી! આપણે ઘરે પુત્ર થશે, તે પુત્ર કેહેવો થશે? તો કે સર્વ શાસ્ત્રનો જાણ થશે, તથા માનોપેત શરીરેં કરી સહિત, સુલક્ષણે કરી લક્ષિત થશે, વલી ઘણો યશસ્વી, ઘણો સૌભાગ્યવંત અને સર્વ ગુણોનું ધામ થશે. ॥ ७ ॥

वेदना भेद सवि, जूजूआ दाखवे,
गणित प्रमुखें जस, नहीं अ खामी ॥
ते सुणि तहत्ति करीं, गइय निज थानकें,
देवानंदा ए शीश नामी ॥ ८ ॥

અર્થ:—વલી હે દેવાનંદા! તાહારો પુત્ર કેહેવો થશે? તો કે વેદના સર્વ એવા જે ભેદ, તેને જુદા જુદા દેખાડનારો થશે, સર્વ વ્યાકરણ શાસ્ત્રનો પારંગામી થશે, વલી ગણિતવિદ્યા તથા જ્યોતિષ્ય પ્રમુખ વિદ્યા, તેમાં પણ જેને ખામી ન હશે, એટલે તેનો પણ પારંગામી થશે. એવી રીતેં આપણા કુલને ઉદ્યોતનો કરનાર થશે. એવી વાત સાંભલી, તહત્તિ કરીને એટલે પ્રમાણ કરીને પોતાના સ્વામીને મસ્તક નમાવીને દેવાનંદા સ્વસ્થાનકેં ગઈ. ॥ ૮ ॥

હવે ઋષભદત્ત દેવાનંદા બ્રાહ્મણી પ્રત્યેં કહેતો હવો. કે હે દેવિ! તમેં ચૌદ સુપન દેખ્યાં, તેનું ફલ કહું છું, તે સાંભલો. કલ્યાણકારી પુત્ર થશે, સુખનો લાભ થશે, નવ મહીનાને સાડા સાત દિવસ ગયા પછી સુકોમલ છે હાથ પગ જેના, અને હીન અંગરહિત, પરિપૂર્ણ પંચેંદ્રિયેં કરી સહિત શરીર છે જેનું, વલી બત્રીશ લક્ષણેં કરી સહિત એવો પુત્ર થશે. હવે તે બત્રીશ લક્ષણો કહે છે. (૧) છત્ર, (૨) ચામર, (૩) રથ, (૪) ઇંદ્રવજા, (૫) કૂર્મ્મ, (૬) ધનુષ્ય, (૭) અંકુશ, (૮) વાપી, (૯) સ્વસ્તિક, (૧૦) તોરણ, (૧૧) કમલ, (૧૨) પંચાનન, (૧૩) પાદપ, (૧૪) ચક્ર, (૧૫) શંખ, (૧૬) ગજ, (૧૭) સમુદ્ર, (૧૮) કલશ, (૧૯) પ્રાસાદ, (૨૦) મસા, (૨૧) યવ, (૨૨) યૂપ, (૨૩) સૂપ, (૨૪) કમંડલુ, (૨૫) પર્વત, (૨૬) સચ્ચામર, (૨૭) દર્પ્પણ, (૨૮) વૃષભ, (૨૯) પતાકા, (૩૦) કમલાભિષેક, (૩૧) સુદામ, (૩૨) મયૂર, એ બત્રીશ લક્ષણ મહોટા પુણ્યવંતને હાથ પગને તલોયે હોય અથવા બીજાં પણ લક્ષણ કહે છે. જેના નખ, પગ, જિંહા, હાથ, હોઠ, તાલુ અને લોચન, એ સાત રાતાં હોય, તે પુરૂષ ભાગ્યવાન્ જાણવો. તે સપ્તાંગ લક્ષ્મી પામે. જેની કાખ, હઇયું, કોટ, નાસિકા, નખ અને મુખ, એ છ વાનાં ઊંચાં હોય, તે પુરૂષ, સર્વ પ્રકારેં ઉન્નતિ પામે; તથા દાંત, ચામડી, કેશ, આંગુલીપર્વ, આંગુલીની રેખા અને નખ, એ પાંચ જેને સૂક્ષ્મ હોય, તે પુરૂષ રત્નાદિક ઘણું ધન પામે; તથા આંખ, હૃદય, નાસિકા, હડપચી, ( હનુ ) અને ભુજા, એ પાંચ જેનાં લાંબાં હોય, તેનું દીર્ઘાયુ હોય, ઘણો ધનવંત હોય, પરાક્રમી

હોય, તથા લલાટ, હૃદય અને મુખ, એ ત્રણ જેનાં વિપુલ હોય, તે રાજા થાય. વલી ગ્રીવા, જંઘા અને પુરૂષ ચિન્હ (લિંગ) એ ત્રણ જેનાં લઘુ હોય-ટુંકા હોય, તેપણ રાજા જાણવો. વલી જેનો સ્વર, સત્વ અને નાભિ, એ ત્રણ ગંભીર હોય, તે સર્વ પૃથવીનો ધણી થાય. એ બત્રીશ લક્ષણ, ઉત્તમ ભાગ્યવંત પુરૂષનાં જાણવાં.

હવે બલદેવ તથા વાસુદેવને એકસોને આઠ લક્ષણ હોય, તથા ચક્રવર્તી અને તીર્થંકરને છત્ર, ચામર, પતાકા, યૂપ, યવ, ઈત્યાદિક એક હજારને આઠ લક્ષણ હોય. એ અંતરંગ ગુણ છે; એવા સર્વગુણ સહિત પુત્ર થાશે.

વલી માન સહિત પુત્ર થાશે ? તેનું પરિમાણ કહે છે. ત્યાં પ્રથમ ભાર માન કહે છે. ષટ્ શરશવેં એક યવ થાય, ત્રણ યવેં એક ચણોઠી થાય, ત્રણ ચણોઠીયેં એક વાલ થાય, તેવા શોલ વાલેં એક ગદીયાણું થાય, તેવા દશ ગદીયાણેં એક પલ થાય, 'તેવા દોડશો પલેં એક મણ થાય, તેવા દશ મણેં એક ઘડી થાય, તેવી દશ ઘડીયેં એક ભાર પ્રમાણ થાય. એવા અર્દ્ધ ભારેં તોલાય, તે માનોપેત પુરૂષ કહીયેં; તથા જે પોતાને આંગુલેં માપતાં એકશોને આઠ અંગુલ ઊંચો હોય, તે માનોપેત પુરૂષ જાણવો. તે મધ્યેં બાર અંગુલ મુખ હોય, અને છન્નું અંગુલ દેહ હોય, તે માનોપેત ઉત્તમ પુરૂષનાં લક્ષણ જાણવાં; અને છન્નું અંગુલ સમપુરૂષનું શરીર હોય, તથા ચોરાશી અંગુલ હીન પુરૂષનું શરીર હોય, એ રીતે બીજા પુરૂષનું દેહમાન જાણવું; અને તીર્થંકરનું તો એકશો ને વીશ અંગુલ શરીર

હોય, કેમકે તીર્થંકરને માથે બાર અંગુલ ઉષ્ણીષ (ચોટલી) ઉષ્ણીષ હોય, માટે એટલા સુલક્ષણે કરી સહિત હે દેવિ! તહારો પુત્ર થશે; વલી બાલસ્વભાવ મૂકશે, તેવાર પછી ચાર વેદનો પારંગામિ થાશે.

इणि समे अवधि, ज्ञानें करी जोयतां,
सोहम इंद्र जिन, देखीया ए ॥
कार्तिक शेठनो, जीव ए जाणीयें,
पूरव भव तेहनो, भांखीयें ए ॥ ९ ॥

અર્થઃ—હવે ભગવાન્ ગર્ભમાં આવી ઉપના પછી એવા સમયને વિષે સૌધર્મ નામા સભાનો અધિપતિ એવો સૌધર્મ ઇંદ્ર, અવધિજ્ઞાને કરીને ભગવંતને દેવાનંદા બ્રાહ્મણીની કુખે દેખતો હવો. તે ઇંદ્ર મહારાજ પૂર્વલે ભવે કાર્તિક શેઠનો જીવ છે તે શો વખત પ્રતિમા વહી, તેણે કરીને શતક્રતુની પદવી પામ્યો હતો; હમણાં બત્રીશ લાખ વિમાનનો ધણી થયો છે, તેનો પૂર્વલો ભવ ભાખીયે છેયે.

તે કાલે તે સમયને વિષે ઇંદ્રનું આસન, ચલાયમાન થયું તેવારે દેવતાનો ઇંદ્ર પરમેશ્વર, પૂર્વલે ભવે કાર્ત્તિક શેઠ પુરંદર હતો, તેણે શતક્રતુ નામે યજ્ઞ કીધો હતો, તેની કથા કહે છે. પૃથિવીભૂષણ નામે નગરને વિષે પ્રજાપાલ નામે રાજા હતો, તે નગરને વિષે કાર્ત્તિકશ્રેષ્ઠ મહર્દ્ધિક રાજ્યમાન પરમ શ્રાવક જૈનધર્મી રહે છે, તે શેઠે શ્રાવકની અગીઆર પ્રતિમા, શો વાર વહી ॥ ગાથા ॥ વંદણ વય સામાઇય, પોસહ પડિમાહ બંભ સચિત્તે ॥ આરંભ પેસ ઉદ્દીઢ, વઝયએ સમણ ભૂએય ॥ ૧ ॥ ઈત્યાદિક પડિમાઓને શો

વાર વહી, તેથી કરી તેનું લોકમાં શતક્રતુ એવું નામ પ્રસિદ્ધ થયું. એવા સમયને વિષે, એ નગરને વિષે, માસોપવાસી ગિરિક નામા પારિવ્રાજક આવ્યો; તેને નગરનાં સર્વ લોક વાંદવાં ગયાં, પણ કાર્ત્તિક શેઠ વાંદવાં ન ગયા. એવામાં તે તાપસને રાજાયેં જમવાને નોતરૂં દીધું; તેવારેં તાપસ ક્રોધેં કરીને બોલ્યો જે હે રાજન્! જો કાર્ત્તિક શેઠ આવીને મનેં ભોજન પીરસે, તો હું તાહારે ઘેર જમવા આવું. તેવારેં રાજાયેં હાકારો કહીને પછી રાજા, કાર્ત્તિક શેઠને ઘેર ગયો. શેઠેં રાજાને આવતો જાણી ઉભો થઇને આદરભાવ દીધો. પાન, સોપારી, કશુંબાની આગતા સ્વાગતા કીધી, અને પૂછયું જે હે મહારાજ! આપેં મહારે ઘેર કેમ પગલાં કર્યાં? તે સાંભલી રાજા બોલ્યો જે હે શેઠજી! મહારો ગુરૂ ગિરિક નામા તાપસ મહારે ઘેર જમવા આવનાર છે, તેને તમેં પીરસવા આવજો. તે સાંભલી શેઠ બોલ્યા જે હે રાજન્! હું સમ્યકત્વધારી છું. માટે મહારે એ વાત યોગ્ય નહીં; પણ તમારી વસ્તીમાં રહું છું, માટે શાસ્ત્રમાં "રાયાભિઓગેણું" એ આગાર છે, તે આગારેં કરી તાહારી આજ્ઞાથી જમાડીશ, પરંતુ ભક્તિભાવેં નહીં. પછી તાપસ જમવા આવ્યો, તેવારેં શેઠેં ખીર પીરશી. પણ તાપસ જમ્યો નહીં અને કહેવા લાગો જે શેઠ વાંસો માંડે, તો પાત્ર મૂકી ભોજન કરૂં, પછી રાજાના કહેવાથી શેઠેં વાંસો માંડયો, આડો થયો; તેવારેં તાપસેં પાત્ર મૂકી ભોજન કર્યું. આંગુલીયેં કરી નાક ઘસતો જાય છે અને શેઠને ચેષ્ટામાં કહે છે કે મેં તાહારૂં નાક વાઢયું; તેવારેં શેઠેં વિચાર્યું કે જો મેં પૂર્વેં દીક્ષા લીધી હત, તો એવી હેલના ન

થાત. એમ ચિંતવી એક હજાર અને આઠ વણિક પુત્ર સાથે શ્રી મુનિસુવ્રત સ્વામી પાસેથી દીક્ષા લઈ દ્વાદશાંગી ભણી, બાર વર્ષ દીક્ષા પાલી સૌધર્મેંદ્ર થયા; અને ગિરિક નામા તાપસ પણ મરીને ઇંદ્રનું વાહન ઐરાવત હાથી થયો. પછી જેવારેં ઇંદ્ર હાથી ઉપર અસવારી કરવા લાગો, તેવારેં કાર્ત્તિક શેઠ જાણીને હાથીયેં નાસવા માંડયું. વલી ઇંદ્રને બીવરાવવાને અર્થે હાથીયેં બે મસ્તક કીધાં; તે જોઇ ઇંદ્રે પણ બે રૂપ કર્યાં; તેવારેં હાથીયેં ચાર રૂપ કર્યાં; ઇંદ્રે પણ ચાર રૂપ કર્યાં, અને અવધિજ્ઞાનેં પૂર્વલો ભવ જાણી તાડના કરી હાંકવા માંડયો; અને કહ્યું કે અરે તું પૂર્વલો ભવ નથી જાણતો, જે મહારી પીઠ ઉપર જમવા બેઠો હતો ? તો હમણાં તું મહારૂં વાહન થયો છે, એવું સાંભલી મૂલગું રૂપ કરી શાંત થઈ રહ્યો. હવે તે ઇંદ્ર કેહેવો છે ? તો કે હજાર ચક્ષુ છે, જેની તિહાં સ્વભાવેં તો બે ચક્ષુ છે, વલી પાંચસેં મંત્રીસર છે, બત્રીશ લાખ વિમાનનો ધણી છે, રજરહિત સ્વચ્છ નિર્મલ વસ્ત્રનો ધરનારો છે, મઘવા નામેં દૈત્યનો હણનાર છે, ' પાક-શાસન નામા બલવંત દાનવને હણનારો છે, મહા કાંતિવાન્, મહાબલવાન્, મ્હોટા યશનો ધણી, ઘણા સુખનો ધણી, સુધર્મ દેવલોકેં સૌધર્માવતંસક વિમાનને વિષે સૌધર્માસભા મધ્યેં શક્રનામેં સિંહાસન ઉપર બેસનારો, ચોરાશી હજાર સામાનિક દેવતા, તેત્રીશ ગુરૂસ્થાનક ત્રયસ્ત્રિંશક દેવતા, ચાર લોકપાલ, આઠ અગ્રમહીષી, ત્રણ સભા, હાથી, ઘોડા આદેં દેઇને સાત કટકનો સ્વામી, ચોરાશી હજારને ચોગણા કરીયેં એટલા આત્મરક્ષક દેવોના પરિવારેં પરવર્યો થકો રાજ્ય કરે છે. ઘણા નાટારંભ થઈ રહ્યા છે, એ રીતેં ઘણા ભોગ

ભોગવતો વિચરે છે. એવા સમયને વિષે સંપૂર્ણ જંબૂનામા દ્વીપપ્રત્યેં વિપુલ, વિસ્તીર્ણ, અવધિજ્ઞાનેં જોતો થકો મનની ઇચ્છાયેં વિચરે છે, તે હવે તિહાં શ્રમણ ભગવંત શ્રીમહાવીર પ્રત્યેં જંબૂદ્વીપના દક્ષિણાર્દ્ધ ભરતમાંહે માહણકુંડ ગ્રામ નગરને વિષે, ઋષભદત્ત નામા બ્રાહ્મણ, કોડાલ ગોત્રનો ધણી, તેની દેવાનંદા નામેં ભાર્યા, તે જાલંધર ગોત્રની ઉપની છે, તેની કુખેં ગર્ભપણેં ઉપના છે, તેને દેખીને ચિત્તમાં હર્ષ, સંતોષ ઉપનો, મનમાં ઘણો આનંદ ઉપનો, પ્રીતિયુક્ત મન થયું, પરમ સૌમ્ય વદન થયું, હર્ષને વશેં કરીને હૃદય પસર્યું, મેઘની ધારાયેં હણ્યો એવો જે કદંબવૃક્ષ, તેના ફૂલની પેરેં ઈંદ્રમહારાજનાં રોમાંચ વિકસ્વર થયાં, પ્રધાન કમલની પેરેં નયન અને વદન પ્રફુલ્લિત થયાં. ભગવંતનું અવતરવું દેખીને તેના દર્શનથી ઉત્પન્ન થયો જે હર્ષ, તેના વશેં પ્રકર્ષે કરી ચલાયમાન થયા છે પ્રધાન કંકણ, બેરખા, બાજુબંધ, મુકુટ, કુંડલ જેનેં અને હારેં કરી બિરાજમાન છે હૃદય જેનું તથા મોતીનું ઝુમણું લહ લહતું, લાંબુ હાલતું, એવા આભૂષણનો ધરનાર, એવો ઈંદ્ર મહારાજ છે તે.

॥ त्रुटक ॥ भाषिउं प्रभुने रही सन्मुख, सिंहासनथी उतरी ॥
शक्रस्तव कहे भाव आणी, सात आठ पग ओसरी ॥

અર્થઃ—સસંભ્રમ હર્ષેં સહિત ઉતાવલો સિંહાસન થકી ઉઠે, ઉઠી ઉભો થઇને પાદપીઠ જે બાજોઠ, તે થકી ઉતરે, એ રીતેં હેઠો ઉતરીને પછી વૈડૂર્યરત્ન, મરકતરત્ન, અરિષ્ટરત્ન, તેણેં કરીને નિપુણ કારીગરેં ઘડેલી, દેદીપ્યમાન

३५.

મણિ રત્નેં જ ચાંખડી ) પગથકી ઉતારે. પછી અખંડ વ गं जावयाणं, ति ઉત્તરાસંગ કરી અંજલિયેં કરી હસ્તાગ્ર बोहयाणं, मुत्ता મહાવીર દેવની સન્મુખ સાત, આઠ, પગલાં જ પોતેં રાગ દેવિમાનમાંહે બેઠો થકો ડાબો ઢીંચણ ભૂમિકા, પોતેં સ આંગુલ ઉંચો રાખે અને જમણો ઢીંચણ, ભૂમિકા છે, પોત્થાપે, થાપીને લગારેક નમીને ત્રણ વાર મસ્તક ધર્થ્ય છે, ગાડે, લગાડીને વલી ચોથીવાર લગારેક નમીને પોતાનું શરીર નમાવતાં કડાં, બાજુબંધ, બેહેરખા, ઝૂમણાં, તેણેં કરી થંભાયેલી ભુજાઓને સંહરી, દશ નખ ભેલા કરી, બે હાથ જોડી, મસ્તકેં આવર્ત્ત કરી, પગ પૂંજી, ભૂમિ પૂંજીને આવી રીતેં નમુથુણંનો પાઠ કહે, તે કહે છે.

नमुथुणं, अरिहंताणं, भगवंताणं ॥
आइगराणं, तिथयराणं, सयं सबुद्धाणं ॥

અર્થઃ--નમસ્કાર હોજો શ્રીઅરિહંતને મહારો, સૂર્ય અને યોનિ એ બે અર્થવાલા ભગ શબ્દેં કરી રહિત એવા ભગવંત પ્રત્યેં. આદિના કરનાર છે, ચતુર્વિધ સંઘના થાપનાર, સંઘને તારણભૂત છે, બીજાના ઉપદેશ વિના પોતાની મેલેં બોધ પામ્યા છે.

पुरिसुत्तमाणं, पुरिस सीहाणं, पुरिसवर
पुंडरीआणं, पुरिसवर गंधहथीणं ॥

અર્થ:—પુરૂષમાંહે ઉત્તમ છે, પુરૂષ માંહે સિંહસમાન છે, પુરૂષમાંહે પ્રધાન પુંડરીક કમલ સમાન છે, પુરૂષમાંહે પ્રધાન ગંધહસ્તિ સમાન છે.

**लोगुत्तमाणं, लोग** સમયને વિષે સં **णं,**
અવધિજ્ઞાને જોતાં
**लोगपईवाणं,** ॥
તહાં શ્રમણ ભગવ

**અર્થઃ**—લોકમાંહે ઉત્તમ નાથ છે, લોકના હિત કરનાર છે, લોકને વિષે દી ાર્દ્ધ ભરતમાં, લોકને વિષે ઉદ્યોતના કરનાર છે. બ્રાહ્મણ,

જાલંધર
**अभयदयाणं, चक्खुदयाणं,** **णं,**
તેને દે
**सरणदयाणं, जीवदयाणं, बोहि** ॥

**અર્થઃ**—અભય દાનના દાતાર છે, જ્ઞાનરૂપ ચક્ષુના દાતાર, મુક્તિ માર્ગના દેખાડનાર છે, કર્મથકી બીક પામનારા જીવને શરણુના દાતાર છે, સંયમરૂપ જીવિતવ્યના દાતાર છે, બોધબીજના દાતાર છે.

**धम्मदयाणं, धम्मदेसियाणं, धम्मनायगाणं,**
**धम्मसारहीणं, धम्मवरचाउरंत, चक्कवट्टीणं ॥**

**અર્થઃ**—પ્રધાન ધર્મના દાતાર છે, ધર્મના દેખાડનાર છે, ધર્મના નાયક એટલે સ્વામી છે. વલી ધર્મને વિષે સારથિ સમાન છે. તેના ઉપર મેઘકુમારની કથા આગલ આવશે. નરકાદિક ચાર ગતિનો નાશના કરનાર છે માટે ધર્મમાં ચક્રવત્તી સમાન છે આજ્ઞા સર્વત્ર વર્ત્તે છે.

**दीवोत्ताणं, सरण गइ पइठाणं, अप्पडिहय**
**वरनाण दंसण धराणं, वियट्ट छउमाणं ॥**

**અર્થઃ**—ભવસમુદ્રમાંહે બૂડતા પ્રાણીને ભગવંત દ્વીપ સમાન છે, વલી શરણે આવ્યા, તેને રાખવાને વજ્રપંજર સમાન છે, નહીં હણાય એવા પ્રધાન જ્ઞાન અને દર્શનના ધરનાર છે, વલી નિવર્ત્યું છે છદ્મસ્થપણું જેમનુ એવા છે.

**जिणाणं जावयाणं, तिन्नाणं तारयाणं,**
**बुद्धाणं बोहयाणं, मुत्ताणं, मोअगाणं ॥**

અર્થઃ—પોતેં રાગ દ્વેષને જીંત્યા છે, બીજાને જીંતાવવા સમર્થ છે, પોતેં સંસાર સમુદ્ર થકી તર્યા છે, બીજાને તારવાને સમર્થ છે, પોતેં પ્રતિબોધ પામ્યા છે, બીજાને પમાડવાને સમર્થ છે, પોતેં કર્મથકી મૂકાણા છે, બીજાને કર્મથકી મૂકાવવાને સમર્થ છે.

**सव्वन्नूणं, सव्व दरिसिणं, सिवमयल मरुअ मणंत मरकय मव्वाबाह मपुणरावित्ति सिद्धि गइ नामधेयं, ठाणं संपत्ताणं, नमो जिणाणं, जिअभयाणं ॥**

અર્થઃ—સર્વજ્ઞ એટલે સર્વ વસ્તુના જાણ છો, સર્વદર્શિ એટલે સર્વ પદાર્થને દેખો છો, શિવ તે ઉપદ્રવ રહિત છો અને અચલ નિશ્ચલ છો, અરૂજ રોગ રહિત છો અનંત જ્ઞાનાદિ ચતુષ્ટયેં કરી યુક્ત છો, ક્ષય રહિત અક્ષય છો, બાધા, પીડા, રહિત અવ્યાબાધ છો. તથા જ્યાંથી ફરી આવવું નથી એવી સિદ્ધિગતિ છે નામ જેનું એવા સ્થાનકને પામ્યા છો, એવા અરિહંત ભણી (નમો કે૦) નમસ્કાર થાઓ. તે અરિહંત કેહેવા છે ? તો કે રાગ, દ્વેષને જીંતનારા છે, માટે જીન કહીયેં. તથા ઇહલોકાદિક સાત ભયને જીંપનાર છે.

**नमुथुणं समणस्स भगवओ महावीरस्स आइगरस्स चरमतिथयरस्स पुव्वतिथयर निद्दिठस्स जाव संपाविउ कामस्स वंदामिणं भगवंतं ॥**

અર્થઃ—નમસ્કાર થાઓ શ્રમણ ભગવંત શ્રીમહાવીર ચોવીશમા તીર્થંકર પ્રત્યેં, કર્મરુપી વૈરી જીતવાને જે વીર છે, માટે વીર કહિયેં. પોતાના તીર્થને વિષે ધર્મની આદિના કરનાર ચોવીસમા છેલ્લા તીર્થંકર થયા. એ રીતેં પૂર્વેં થઈ ગયેલા ઋષભાદિક ત્રેવીશ તીર્થંકર કહી ગયા છે, સિદ્ધ સ્થાનકને પામવાની વાંછા છે જેને એવા જે શ્રીમહાવીર ભગવંત તેને ઇંદ્ર મહારાજા કહે છે કે, તમેં દેવાનંદાની કુખેં રહ્યા છો અને હું સૌધર્મ દેવલોકેં છું માટે તમેં તિહાં રહ્યા છો તેને હું અહીંઆં રહ્યો થકો વાંદું છું. તે વાંદી નમસ્કાર કરીને પછી પ્રધાન સિંહાસનને વિષે પૂર્વ તે સન્મુખ બેસે.

**धर्म सारथि, पदें सुणियें, कथा मेघकुमारनी ॥**
**ज्ञान विमलप्रभु, गुणनी व्याख्या, प्रथम ए अधिकारनी ॥१०॥**

અર્થઃ—અહીંઆં નમુથુણંનેવિષે ધર્મસારથિ એવું પદ કહ્યું, તે ઉપરથી પ્રભુ ધર્મરુપ રથના સારથિ સમાન છે, તેની ઉપર મેઘકુમારની કથા નીચેં લખીયેં છૈયેં. એમ શ્રીજ્ઞાનવિમલસૂરિયેં પ્રભુના ગુણના અધિકારની પ્રથમ વ્યાખ્યાની રચના કરીને કહી.

હવે મેઘકુમારની કથા કહે છે, તત્ર આદૌ ॥ શ્લોકઃ ॥

પુત્રઃ શ્રેણિકધારિણ્યોઃ, શ્રુત્વા વીરવિભોર્ગિરઃ ।
પ્રબુદ્ધોષ્ટૌ પ્રિયાસ્ત્યક્ત્વા, મેઘોદીક્ષામુપાદદે ॥ ૧ ॥

વ્યાખ્યાઃ—રાજગૃહી નગરીને વિષે શ્રેણિકરાજાની ધારિણી

નામા રાણીની કુખે મેઘકુમાર, પુત્રપણે ઉપનો, તે વખત ગર્ભના પ્રભાવેં કરી રાણીને એવો દોહોલો ઉપનો કે વર્ષાકાલમાં આપણેં રાજા, તથા રાણી, બેંહુ જણ હાથી ઉપર બેસીને વનમાં જઇ ક્રીડા કરીયેં ? તે અભયકુમારેં પૂર્વ સંગતિ દેવતાનું આરાધન કરીને દોહોલો સંપૂર્ણ કરયો. પછી નવ માસેં પુત્ર જન્મ થયો, તેનો જન્મ મહોત્સવ કરી, સજ્જન કુટુંબને જમાડી મેઘકુમાર નામ પાડયું. અનુક્રમેં યૌવન અવસ્થા પામ્યો, તેવારેં પિતાયેં આઠ કન્યા પરણાવી. તેમની સાથેં વિષયસુખ ભોગવતો વિચરે છે, એહવા સમયમાં શ્રી રાજગૃહી નગરીયેં શ્ર મહાવીર સમોસર્યા. શ્રેણિકાદિક સર્વલોક વાંદવા ગયા, તેમની સાથેં મેઘકુમાર પણ ગયા; ત્યાં ભગવંતની દેશના સાંભલી પ્રતિબોધ પામી, આઠ કન્યા ત્યાગી, માતા પિતાની આજ્ઞા લેઇ દીક્ષા લીધી. પછી સ્વામીયેં ગ્રહણ આસેવના, સાધુનો આચાર, શીખવવા નિમિત્તેં સ્થવિરને ભલાવ્યા. રાત્રિયેં સંથારવાની વેલાયેં અનુક્રમે સર્વ સાધુને છેડે મેઘકુમાર ઋષિનો સંથારો આવ્યો, તિહાં સાધુ માત્રું કરવાને ઉઠે, તેવારેં મેઘકુમારને વારંવાર પગની ઠોકર લાગે, તેથી એક ક્ષણ વાર પણ નિદ્રા ન આવી, તેથી વિચાર કર્યો જે કિહાં મહારી સુખશય્યા, અને કિહાં આ ભૂમિને વિષે લોટવું, અને વલી એક રાત્રિમાં કેટલો ઉપસર્ગ થયો, એ કદર્થના મહારાથી કેમ સહન થશે, માટે એ દીક્ષા મહારાથી તો પલે નહીં, તેથી પ્રભાત સમયેં ભગવંતને પૂછી હું મહારે ઘેર જઇશ ? એમ વિચારી પ્રભાતેં ઓઘો, મુહપત્તી લઈ, ભગવંત પાસેં આવ્યો. તેવારેં ભગવંત બોલ્યા કે હે મેઘ ઋષિ ! આજ રાત્રિમાં તમારાથી સાધુના પગ ન ખમાયા,

નિદ્રા ન આવી, તેથી મનમાં માઠું ધ્યાન ધ્યાયું, એ તમને યોગ્ય નથી, જે ભણી નરક તિર્યંચનાં દુઃખો આગલ આ દુઃખ, કોણ લેખામાં ગણે ? એવો કોણ મૂર્ખ છે જે ચક્રવર્ત્તીની રિદ્ધિ મૂકીને દાસપણું વાંછે ? માટે એ વ્રત ગ્રહણ કરેલાં મૂકવાં નહીં. એ ચારિત્રનું જ્ઞાન સહિત કષ્ટ છે, તે કષ્ટ, આગલ ઘણાં ફલ દેનારૂં થાશે તથા તેં પૂર્વ ભવેં પણ ઘણાં અકામ કષ્ટ ભોગવ્યાં છે, તે સાંભલ. આ ભવથી ત્રીજા ભવને વિષે વૈતાઢય પર્વતની પાસેં છ દંતુશલ સહિત શ્વેત વર્ણે હજાર હાથણીનો નાયક એવો સુમેરૂપ્રભનામેં તું હસ્તી હતો. તિહાં એકદા દાવાનલમાંથી નાશીનેં તૃષાવંતથકો એક સરોવરમાં કાદવ ઘણો હતો અને પાણી સ્વલ્પ હતું તેમાં હસ્તીના માર્ગને અજાણતો પાણી પીવાને પેઠો, ત્યાં કર્દમમાંહે ખૂતો, તિહાં બીજા વૈરી હસ્તીયેં દંતશુલને પ્રહારેં કરીને તુજને હણ્યો; તેથી સાત દિવસ પર્યંત ઘણી વેદના ભોગવી, એકશો વીશ વર્ષનું આયુ પૂર્ણ કરી મરણ પામી વિંધ્યાચલ પર્વતની ભૂમિકાયેં તું ચાર દંતુશલવાલો, રાતે વર્ણે, સાતશેં હાથણીનો નાયક, મેરૂપ્રભ નામેં હસ્તી થયો. તિહાં પણ એક સમયેં દાવાનલ દેખી જાતિસ્મરણ ઉપનું. તેથી પૂર્વભવ દીઠો. પછી તેં દાવાનલનો ભય ટાલવાને ચાર ગાઉ લગેં ભૂમિકાનું માંડલું કરી શુદ્ધ કીધું; તેમાં તૃણ માત્ર ઉગતાં પહેલાં જ ઉન્મૂલી નાખે. એમ ઘણાં વર્ષ વીત્યા પછી, એકદા વલી દાવાનલ લાગો. તેવારેં સર્વ વનચર જીવ, આવી માંડલામાં રહ્યા, તું પણ આવી માંડલામાં રહ્યો. માંડલામાં તિલ જેટલો પણ માર્ગ રહ્યો નહીં, એવું સંકીર્ણ થયું; એટલામાં તેં ખરજ ખણવાને પગ

ઉંચો લીધો, તે પગને સ્થાનકેં નિરાલી ભૂમિકા દેખી એક શશલો તાહરા પગ નીચેના ભૂમિયેં આવી રહ્યો. પછી પગ નીચો મૂકવા જતાં નીચેં શશલો દીઠો એટલે તુજને દયા આવી તેથી પગ અધર રાખ્યો. અઢી દિવસેં દાવાનલ ઉપશમ્યો. શશલા પ્રમુખ સર્વ જીવ, પોત પોતાને સ્થાનકેં ગયા. તાહારો પગ લોહીયેં ભરાણો તે નીચો મૂકતાં પર્વતના કૂટની પેરેં તું હેઠો પડ્યો. શો વર્ષનું આયુ ભોગવી દયા સહિત મરણ પામી, હે મેઘકુમાર ! તું રાજકુલેં ઉપન્યો છો. અકાલેં મેઘ વૃષ્ટિનો દોહોલો તારી માતાને થયો માટે તારૂં નામ મેઘકુમાર સ્થાપ્યું છે. જે વખતેં તુઝને હાથીયેં માર્યો, તે દુઃખ આગલ આ સાધુના સંઘટ્ટથી તું શું દુઃખ ધરે છે ? તે સાધુ તો જગદ્વંદ્ય છે, એમના ચરણની રજ તો પુણ્યવાન્ જીવને લાગે; માટે સાધુના પગ લાગવાથી દુઃખ ન આણવું. એવાં ભગવાનનાં વચન સાંભલી જાતિસ્મરણ ઉપનું, તેણેં કરી પૂર્વલા ભવ દીઠા. પછી પ્રભૂને પગે લાગી ચારિત્રને વિષે સ્થિર થઇને એવો અભિગ્રહ લીધો કે આજ પછી મહારે બે નેત્ર ટાલીને બીજા શરીરની શુશ્રુષા, ગમે તેવું સંકટ પડે તોપણ ન કરવી. પછી એક માસની સંલેષણા કરી શુદ્ધ ચારિત્ર પાલી વિજયનામા અનુત્તર વિમાનેં ઉપના. તિહાંથી ચવી મહાવિદેહમાં ઉપજી મોક્ષ પામશે. માટે ભગવંતને ધર્મસારથિ કહિયેં.

પ્રથમ વ્યાખ્યાન સમાપ્ત.

॥ ढाल बीजी ॥ बे कर जोडी ताम भद्रा वीनवे ॥ ए देशी ॥

शक्रस्तव कहे पूरण,रोमांचित थइ, भावि अतीत जिन मन धरी ए ॥
पंच कल्यांणकें एम, शक्रस्तव थुणे सदा शक्रस्तव नाम तेह भणी ए॥
हवे चिंते मन इंद्र, ए शुं नीपनुं, एह अछेरुं जाणीयें ए ॥
कोइक काचने अंते, नीपजे एहवा, अचिरज कारी लोकनें ए॥

અર્થ:--એ રીતેં ઇંદ્ર મહારાજ, સૌધર્મ દેવલોકેં રહ્યો થકો હાથ જોડી પૂર્ણ શક્રસ્તવ કહે. તે કહીને રોમાંચિત થાય, આનંદ પામે; વલી એવો મનમાં વિચાર કરે કે એમ અતીત કાલેં ત્રેંવીશ તીર્થંકર થઇ ગયા અને ભાવિ ચોવીશમા તીર્થંકર હવે થાશે, તેને મનમાં ધારે કે તિહાં સર્વત્ર એવી સ્થિતિ છે, જે પ્રભુનું એક ચ્યવન કલ્યાણક, બીજું જન્મકલ્યાણક, ત્રીજું દીક્ષાકલ્યાણક, ચોથું જ્ઞાનકલ્યાંણક, અને પાંચમું નિર્વાણકલ્યાણક, એ પાંચ કલ્યાણકેં સદાકાલેં શક્રસ્તવ કહે એટલે શક્ર જે ઇંદ્ર તે સ્તવ એટલે થુણે માટે તેને શક્રસ્તવ કહીયેં. વલી એ પાંચ કલ્યાણકના મહિમાને કરે એટલે ચોસઠ ઇંદ્ર ભેલા થઈને અઠ્ઠાઇમહોત્સવ પ્રમુખ કરે ॥ ૧ ॥

હવે ઇંદ્ર મહારાજેં મનમાં એવું વિચાર્યું જે એમ થયું પણ નથી, થાતું પણ નથી અને થાશે પણ નહીં, જે માટે શ્રીઅરિહંત ભગવંત, ચક્રવર્ત્તી, વાસુદેવ, બલદેવ, એ ત્રેશઠે ઉત્તમ પુરૂષ, તે અંતકુલને વિષે, પ્રાંતકુલને વિષે, તુચ્છકુલને વિષે, દરિદ્રીના કુલને વિષે, કૃપણના કુલને વિષે,

ભીખારીના કુલને વિષે, બ્રાહ્મણના કુલને વિષે, આવ્યા પણ નથી, આવતા પણ નથી અને આવશે પણ નહીં. એ ત્રેશઠ શિલાકા પુરૂષ તો ઉગ્રકુલને વિષે, ભોગકુલને વિષે, રાજાના કુલને વિષે, ઈક્ષ્વાકકુલને વિષે, ક્ષત્રીયના કુલને વિષે, હરિવંશકુલને વિષે, તેમજ બીજા પણ તથા પ્રકારના વિશુદ્ધ જાતિના કુલ વંશે કરી સહિત એવા કુલને વિષે આવ્યા છે, આવે છે અને આવશે, તથાપિ "લોગચ્છેરય ભૂએ" એ પાઠે કરી એ વાત પણ અચ્છેરાભૂત છે. જે કોઈક કાલને અંતે એટલે અનંતી ઉત્સર્પિણી અને અવસર્પિણી વ્યતિક્રમે થકે એવાં દશ અચ્છેરાં ઉપજે છે, માટે એ અવસર્પિણીયેં પણ લોકને અચ્છેરાભૂત એટલે આશ્ચર્યકારી વાત ઉપની છે, એમ ઇંદ્ર મહારાજે વિચાર્યું ॥ ૨ ॥

तोए माहारी भक्ति, उत्तम ठाममां, गर्भपालटी मूकवो ए ॥
तेडयो हरीणगमेषी, सुरपायक धणी॥ वात अच्छेरां दश कह्यां ए ॥

અર્થઃ—ઇંદ્રે શું વિચાર્યું ? કે આ તો મહારી ભક્તિ છે, તે હું કરૂં; એટલે પ્રભુને ઉત્તમ સ્થાનકે મહોટા કુલને વિષે ગર્ભ પાલટીને મૂકું, તોજ મહારી ભક્તિ ખરી જાણવી. એ મહારો આચાર છે, એમ વિચારીને હરીણગમેષી દેવતા જે પાલા કટકનો ધણી છે, ફોજનો નાયક છે, તેને બોલાવીને આ અવસર્પિણીકાલમાં દશ અચ્છેરાં થયાં, તે સંબંધિ પ્રભુના ગર્ભની સર્વ વાત કહી ॥ ૩ ॥

## હવે દશ અચ્છેરાં વખાણે છે.

## जिनपद लहे उपसर्ग ॥ १ ॥

**અર્થઃ**—પ્રથમ કોઇ તીર્થંકરને કેવલજ્ઞાન ઉપના પછી ઉપસર્ગ થાય નહીં અને શ્રીમહાવીર દેવને કેવલજ્ઞાન ઉપના પછી ગોશાલાયે ઉપસર્ગ કર્યો, તે કહે છે.

એકદા ભગવંત શ્રીમહાવીર સ્વામી વિહાર કરતાં સાવચ્છી નગરીયે સમોસર્યા, તેવારે ગોશાલો પણ, લોકમાં હું તીર્થંકર છું એમ કહેવરાવતો સાવચ્છીયે આવ્યો, તેસમયે ગૌતમસ્વામી ગોચરીયે ગયા, તિહાં લોકોના મુખથકી એવું સાંભલ્યું જે આજ નગરીમાં એક મહાવીરસ્વામી અને બીજો ગોશાલો, એ બે તીર્થંકર આવ્યા છે. પછી ગૌતમસ્વામીયે ભગવંત પાસે આવીને ગોશાલાની ઉત્પત્તિ પૂછી. તેવારે પ્રભુયે કહ્યું કે એ શરવણ ગ્રામનો વાસી મંખલી ભરડાની સુભદ્રા સ્ત્રી, તેનો પુત્ર છે. ગાયની શાલામાં જન્મ્યો તેથી ગોશાલો નામ પાડયું છે. એ મહારો કુશિષ્ય છે, છદ્મસ્થાવસ્થાયે મહારી સાથે છદ્મસ્થ પણે છ વરસ રહ્યો હતો; મહારી પાસેથી ભણીને કાંઈએક બહુશ્રુત થયો છે, એ મિથ્યા જીનનામ ધરાવે છે, પરંતુ એ તીર્થંકર નથી. એવી વાત પ્રભુ પાશેથી સાંભલીને શ્રીગૌતમે બીજા ઘણા એક જનો પાશે વાત કરી, જે ગોશાલો મંખલી પુત્ર છે, તે વાત ગોશાલાને કાને ગઇ. તેવારે ગોશાલો ક્રોધાયમાન થયો. એવા સમયે ભગવંતનો આનંદનામા શિષ્ય ગોચરીયે ગયો. તેને ગોશાલે બોલાવીને કહ્યું કે હે આનંદ! તને એક દૃષ્ટાંત કહું તે સાંભલ; કોઈએક ચાર વાણીયા વ્યાપાર કરવાને અર્થે વિવિધ પ્રકારનાં કરિયાણાનાં ગાડાં ભરી પરદેશે

જાતાં માર્ગમાં કોઇએક મ્હોટી અટવીમાં પેઠા, તિહાં તૃષા લાગી તેથી પાણીની ગવેષણા કરતાં ચાર વાલ્મિક એટલે ઉદ્દેહીનાં શિખર દીઠાં અને તેના ઉપર નીલાં વૃક્ષ ઉગેલાં દીઠાં, તેથી જાણ્યું કે અહીંઆં અવશ્ય પાણી હશે ? એવું જાણી એક શિખર ફોડયું તેમાંથી નિર્મલ જલ નીકલ્યું; તે પાણી પીને તૃષા ભાંજી; વલી બીજા વાશણોમાં પણ પાણી ભરી લીધું; પછી બીજું શિખર ભાંગવા માંડયું. તેવારેં તેમાંથી એક વૃદ્ધ પુરૂષ બોલ્યો કે આપણું કામ થયું, માટે હવે બીજું શિખર ફોડશો માં; એમ વાર્યા થકા પણ તેણેં બીજું શિખર ફોડયું તેમાંથી રુપું નીકલ્યું; તેવારેં લોભ લાગો તેથી ત્રીજું શિખર ફોડયું તેમાંથી સુવર્ણ નીકલ્યું; વલી વૃદ્ધેં વાર્યો તોપણ ચોથું શિખર ફોડયું; તેમાંહેથી મહા-વિકરાલ ભયંકર દષ્ટિવિષ સર્પ નીકલ્યો. તે સર્પેં દષ્ટિવિષેં કરી સૂર્ય સામું જોઈને સર્વને બાલી ભસ્મ કીધા. એક સુશિક્ષાના આપનાર વૃદ્ધને દયા આણી જીવતો મૂકયો. એ દષ્ટાંતે તાહરા ધર્માચાર્યને એટલી સંપદા પ્રાપ્ત થઇ તો પણ અસંતુષ્ટ થકો મહારો અપવાદ લોકો આગલ બોલીને મને રોષવંત કરે છે, તેથી હું ત્યાં આવી સર્વને બાલી ભસ્મ કરીશ; માટે તું ઉતાવલો જઈને તાહારા ધર્માચાર્યને કહે જે હું વૃદ્ધ વાણીયાની પેરેં એક તુઝને જીવતો મૂકીશ. એ વાત સાંભલી આનંદ, ભયભ્રાંત થયો થકો ભગવંત પાસેં આવીને ગોશાલાના સર્વ સમાચાર કહ્યા. તેવારેં ભગવંતેં ગૌતમાદિક સર્વ સાધુને કહ્યું કે અહીંઆં મહારો કુશિષ્ય આવશે. તે ઉપસર્ગ કરશે માટે તમેં કોઇ તેની સાથેં ભાષણ કરશો માં, અરહા પરહા ટલી રહો. તે સાંભલી સર્વ સાધુયેં

એમજ કીધું, તથાપિ સર્વાનુભૂતિ અને સુનક્ષત્રનામેં બે સાધુ, ભગવંત પાસેંજ રહ્યા, એટલે ગોશાલો આવીને કહેવા લાગો કે હે કાશ્યપ! તું મુજને ઓલખે છે કે નથી ઓલખતો? તાહરો કુશિષ્ય મંખલીપુત્ર ગોશાલો તે તો મરણ પામ્યો અને હુંતો બીજો છું, હું તાહારો શિષ્ય નથી. તેવારેં ભગવંત બોલ્યા કે મેં તુજને ભણાવ્યો છે માટે જેમ કોઇ ચોર નાઠો, સ્થાનક અણ પામતો, તૃણખલેં કરી આત્મા ઢાંકે, તે કેવી રીતેં ઢંકાય? તેમ હે કુશિષ્ય! તું પોતાનું સ્વરૂપ ઓલવે છે, તે કેમ ઓલવાઈ શકાશે? એ વખત સુનક્ષત્ર અને સર્વાનુભૂતિયેં પણ જબાપ કર્યા, તેવારેં ગોશાલાને રીશ ચઢી તેથી બાર ગામને બાલી ભસ્મ કરે, એવી તેજોલેશ્યા મૂકી, તેણેં કરી બે સાધુ બલ્યા, તે મરણ પામી દેવલોકેં પોહોતા અને ભગવંતને તેજોલેશ્યા, ત્રણ પ્રદક્ષિણા દેઈને પાછી ગોશાલાના શરીરમાં પેઠી, તેથી ગોશાલો દાજ્યો, સાત દિવસ વિવિધ વેદના ભોગવી મરણ પામ્યો. ભગવંતના શરીરેં પણ તાપ લાગો તેથી વેદના થવા માંડી. છ મહીના સુધી લોહીખંડ ઝાડો થયો. પછી રેવતી શ્રાવિકાના ઘર થકી બીજોરાંપાક સિંહ અણગાર સાધુ પાસેં મગાવી ભગવંતેં ખાધો, તેથી શરીરેં શાતા થઇ. એમ તીર્થંકરને જીનપદ લહ્યા પછી એટલે કેવલજ્ઞાન ઉપના પછી ઉપસર્ગ ન થાય, તે થયો. એ પ્રથમ અચ્છેરૂં જાણવું.

## मल्ली तीर्थं थयुं ॥ २ ॥

અર્થઃ—હવે બીજું અચ્છેરું જે આ વર્ત્તમાન ચોવીશીમાં શ્રીમલ્લીનાથ ઓગણીશમા તીર્થંકર સ્ત્રીવેદપણે ઉપના,

તેનો સંબંધ કહે છે. શ્રીમહાવિદેહ ક્ષેત્રને વિષે સલિલાવતી વિજયમાં વીતશોક નામેં નગરેં બલ નામેં રાજા તેને ધારિણી નામેં સ્ત્રી છે, તેનો મહાબલ નામેં પુત્ર છે; તે યૌવન અવસ્થા પામ્યો, તેવારેં રાજાયેં તેને પાંચશો સ્ત્રી પરણાવી. પછી વૃદ્ધાવસ્થાયેં પુત્રને રાજ્ય આપી પોતેં દીક્ષા લઇ ચારિત્ર પાલી મોક્ષેં પોહોતો. હવે મહાબલ રાજા રાજ્ય કરે છે, તેને એક અચલ, બીજો અભિચંદ્ર, ચોથો પૂર્ણ, પાંચમો વસુ, છઠો વૈશ્રમણ, એ છ મિત્ર હતા. એકદા તે સાતે જણે ગુરૂ પાસેં ધર્મ સાંભલી દીક્ષા લીધી, અને અગીઆર અંગ ભણ્યાં. તે સાતે જણ છઠ અઠમાદિક સરખું તપ કરે; પરંતુ તેમાં મહાબલ ઋષિ કપટથકી તે છ જણથી છાની અધિક તપસ્યા કરે અને મનમાં એવું વિચારે કે હું આ છ જણથકી મહોટો થાઉં; તેથી જેવારેં પારણું કરવાનો દિવસ આવે તેવારેં છ જણને એમ કહે કે માહારૂં તો માથું દુઃખે છે, તમેં પારણું કરો; બીજે દિવસેં વલી સરખું તપ કરે; એમ કપટના મહિમા થકી સ્ત્રીગોત્ર બાંધ્યું અને વીશ સ્થાનકનું તપ કર્યું, તીર્થંકર ગોત્ર ઉપાર્જ્યું. શેવટ સાતે જણાયેં બે માસની સંલેષણા કરી ચોરાશી લાખ પૂર્વનું આયુ પાલી સાતે જણા બત્રીશ સાગરોપમને આઉખે જયંતનામા વિમાનેં જઈ ઉપના. પછી તિહાંથી ચવી એક અચલનો જીવ તો સુપ્રતિબદ્ધ નામેં અયોધ્યાનો રાજા થયો. બીજો ધરણનો જીવ, ચંપાનગરીયેં ચંદ્રજસા નામેં રાજા થયો. ત્રીજો અભિચંદ્રનો જીવ, કાશી નગરીયેં શંખનામેં રાજા થયો. ચોથો પૂરણનો જીવ, સાવચ્છી નગરીયેં રૂક્મિક નામેં રાજા થયો. પાંચમો વસુનો જીવ કુરૂદેશેં અદીનશત્રુ નામેં

રાજા થયો. છઠો વૈશ્રમણનો જીવ કપિલા નગરીયેં જીતશત્રુ નામેં રાજા થયો. અને સાતમો મહાબલનો જીવ મિથિલા નગરીયેં કુંભ રાજા તેની પ્રભાવતી રાણીની કુખેં આવી મલ્લીકુમરીપણે ઉપનો. તેવારેં માતાયેં ચૌદ સુપન દીઠાં. આશુ શુદિ અગીઆરશેં પુત્રીપણે જન્મ્યા. અનુક્રમેં યૌવન અવસ્થા પ્રાપ્ત થઇ. પછી અવધિજ્ઞાનેં કરી પોતાના છ મિત્ર, જૂદે જૂદે ઠેકાણેં ઉપના દેખી તેને પ્રતિબોધ કરવાને અર્થેં અશોક વાડીમાં રત્નેં જડિત ઘર કરાવ્યું, તેનાં છ બારણાં કરાવ્યાં, તેમાં રત્નજડિત સોનાની એક પૂતલી કરાવી. હવે મલ્લીકુમરી જે જે વારેં ભોજન કરે, તે તે વારેં તે રત્નની પૂતલીને માથે બારણું છે, તે બારણાની ઉપર એકેકો કવલ નાખતી જાય, અને ફરી પાછું ઢાંકણું આપી દીયે, એમ નિત્ય કરતી જાય. હવે એકદા અયોધ્યા નગરીયેં સુપ્રતિબદ્ધ રાજાયેં યક્ષને દેરે પૂજા રચાવી છે, તિહાં ફૂલની માલા દેખીને દૂતને પૂછ્યું જે તમેં એવો ફૂલનો શ્રીદામ ક્યાંહિં પણ દીઠો જે? તેવારેં દૂત બોલ્યો જે હે રાજન્! મલ્લિકુમરી ઘણી ચતુર છે ઘણા રુપમય છે, તે જેવી ફૂલની માલા બનાવે છે તેહના લાખમાં અંશે પણ એ શ્રીદામ નહીં. હવે પૂર્વભવના પ્રેમથકી સુપ્રતિબદ્ધરાજાયેં મલ્લીકુમરીની યાચના કરવાને કુંભરાજા ઉપર દૂત મોકલ્યો અને કહેવરાવ્યું જે તમારી બેટી મુજને પરણાવો.

તેવાર પછી ચંપાનગરીના અરહન્ન પ્રમુખ વ્યવહારિયા પ્રવહણ ભરી ગંભીર પત્તને દ્વીપાંતરેં ચાલ્યા. એવા સમયમાં ઇંદ્ર મહારાજ અરહન્ન શ્રાવકની પ્રશંસા પોતાની

સભાને વિષે કરવા લાગ્યા; અને કહેવા લાગ્યા જે ધન્ય છે અરહન્નકને; આજ ભરત ક્ષેત્રમાં એના સમાન બીજો કોઇ કોઇ દઢ શ્રાવક નથી ! તે ઇંદ્રના વચનને કોઇએક મિથ્યાત્વી દેવતા અણ સદ્દહતો થકો તિહાં અરહન્નક પાસેં આવીને તે દેવતાયેં સમુદ્રમાં મ્હોટો ઉત્પાત કર્યો. તે જોઇ અરહ-ન્નક તો સાગારી અણશણ કરીને નિશ્ચલ મનેં શ્રીવીતરાગ દેવનું સ્મરણ કરવા લાગ્યો. તેને દેવતાયેં ઘણોએ ચલાવ્યો; અને એવું કહ્યું. જે તું શ્રીવીતરાગ દેવનું સ્મરણ મૂકીને હરિ હરાદિક દેવોનું સ્મરણ કર, તો ઉપસર્ગ નિવારણ કરૂં; નહીં-તર તાહારાં ઝિહાજ સમુદ્ર મધ્યે બૂડાવી આપીશ; એમ કહી ઝિહાજ સમુદ્રમાં બૂડાવવા લાગો. તે જોઇ સર્વલોક એકઠા મલી અરહન્નકને કહેવા લાગા જે દેવતાયેં કહ્યું તેમ કરો; તોપણ અરહન્નક શ્રાવકનું સમકિત દઢ છે, તેથી ચલા-યમાન ન થયો. તે જોઇને દેવતા તુષ્ટમાન થઇ કુંડલાભરણનો જોડો આપી, અર્હન્નકને પગે લાગીને કહ્યું કે અહો અર્હ-ન્નક ! તમોને ધન્ય છે; હે કૃતપુણ્ય ! તમારૂં જીવિતવ્ય સફલ છે; તમોને ઇંદ્ર મહારાજેં સભા સમક્ષ વખાણ્યા તે અણમાનતા મેં તમારો અપરાધ કર્યો, તે મહારો અપરાધ તમેં ખમજો. તે સાંભલી અર્હન્નક બોલ્યા જે ઇહ લોક અને પરલોકનું સાધન એવો શ્રીજીનધર્મ પામીને બીજો ધર્મ હું અંગીકાર ન કરૂં. તેવારેં દેવતાયેં ચાર કુંડલ આપ્યાં, અને પોતાને સ્થાનકેં ગયો. હવે તે વ્યવહારીયો કુશલ ક્ષેમેં ગંભીરપત્તનેં ગયો. તિહાં વ્યાપાર કરી ફરી મિથિલા નગરીયેં આવ્યો, રાજાને બે કુંડલ આપ્યાં. રાજાયેં મલ્લીકુમરીને દીધાં. પછી વ્યાપારીયેં પોતાની ચંપાનગરીયેં

આવી, તિહાં ચંપાનગરીના રાજાને બે કુંડલ આપ્યાં. રાજાયેં પૂછ્યું જે હે વ્યવહારીયા ! તમેં પરદેશમાં કોઇ તમાસો દીઠો ? તે સાંભલી વ્યવહારીયો બોલ્યો કે અમેં મલ્લીકુમરીનું રુપ અદ્ભુત દીઠું; એવું રુપ બીજે કયાંહિં પણ દીઠું નથી. પછી ચંડજસા રાજાયેં પણ કુંભરાજા પાસેં દૂત મોકલીને કહેવરાવ્યું કે તમારી પુત્રી મલ્લીકુમરી મુજને પરણાવજો ॥ ઈતિ દ્વિતીય દૂતઃ ॥

એક દિવસેં મલ્લીકુમરીનાં બે કુંડલ ભાંગ્યાં, તેવારેં કુંભરાજાયેં સોનીઓ બોલાવીને કહ્યું કે આ કુંડલનો જોડો સાંધી આપો. તેવારેં સોની કુંડલ જોઇને બોલ્યા જે મહારાજ ! એ સંધાય નહીં, એતો દેવતાનાં કુંડલ છે, તે અમેં કેવી રીતેં સાંધિયેં ? તેથી રાજાયેં સર્વ સોનીઓને દેશનિકાલ કીધા; તે સોની વાણારસી નગરીયેં ગયા; તેવારેં ત્યાંના રાજાયેં પૂછ્યું કે તમેં દેશ કેમ છોડયો ? સોની બોલ્યા જે મહારાજ ! મલ્લીકુમરીનાં કુંડલ દેવતા સંબંધી છે, તે અમારા થકી સંધાણાં નહીં, તેણેં કરી દેશ છોડવો પડયો; અને મલ્લીકુમારીના રૂપનું પણ વર્ણન કર્યું. તેવારેં વાણારસીના રાજાયેં પણ મલ્લીકુમરી યાચવાને અર્થેં કુંભરાજાને દૂત મોકલ્યો ॥ ઇતિ તૃતીય દૂતઃ ॥ ૩ ॥

હવે રૂકમી રાજાયેં પોતાની પુત્રીને ચાર મહીના સુધી પીઠી કરાવીને દૂતને પૂછ્યું જે હે દૂત ! તેં આવું રૂપ કયાંહી પણ દીઠું છે ? તેવારેં દૂત બોલ્યો જે મલ્લીકુમરીને લાખમે અંશે પણ એ રૂપ નથી. તે સાંભલી, રૂકમી રાજાયેં પણ કુંભ રાજા ઉપર દૂત મોકલી, મલ્લીકુમરીની યાચના કરાવી.

હવે કુંભરાજાનો પુત્ર છે: તેણે પોતાની ચિત્રશાલા ચિત્રાવી. તિહાં ચિતારે મલ્લીકુમરીનો અંગુઠો દીઠો, તે પ્રમાણે મલ્લીકુમરીના સર્વ અંગનું સ્વરુપ ચિત્રી કાઢ્યું. એકદા મલ્લીકુમરીના ભાઇયે ક્રીડા કરતાં મલ્લીકુમરીનું રુપ ચિત્રાશાલામાં જોયું; તેને રીશ ચઢી તેથી ચિતારાના હાથ કાપીને તેને કાહાઢી મૂક્યો. તે ચિતારો હસ્તિનાપુરે અદીનશત્રુ રાજાને મલ્યો, તિહાં મલ્લીકુમરીનું રુપ, વર્ણન કર્યું. તે સાંભલી તેણે પણ મલ્લીકુમરીની યાચના કરવા કુંભરાજાને દૂત મોકલ્યો. ॥ ઇતિ પંચમ દૂતઃ ॥

એક દિવસ ધર્મચર્ચા કરતાં એક પરિવ્રાજીકાને મલ્લીકુમરીયે જીતી, માનભ્રષ્ટા કરી; તેથી તે રીશાણીથકી કપિલા નગરીયે જઇ જીતશત્રુરાજાના મુખ આગલ મલ્લીકુમરીના રુપનું વર્ણન કર્યું. તેણે પણ મલ્લીકુમરી યાચવાને અર્થે કુંભરાજા ઉપર દૂત મોકલ્યો ॥ ઇતિ ષષ્ઠ દૂતઃ ॥ ૬ ॥

એ રીતે છ દૂત, કુંભરાજા પાસે સમકાલે આવ્યા. કુંભરાજાયે સર્વ દૂતોને કહ્યું કે હું મહારી કન્યા કોઇને આપવાનો નથી; એવી રીતે કહી અપમાન કરી કાઢી મૂક્યા. પછી તે છએ રાજાએ પોત પોતાનું લશકર લેઇને સમકાલે આવી મિથિલા નગરીને વીંટી લીધી. કુંભરાજાયે પણ બાહિર આવી યુદ્ધ કરવા માંડ્યું. યુદ્ધ કરતાં હાર્યો અને પાછો નગરીમાં પેઠો; તેવારે મલ્લીકુમરીયે છએ રાજાઓને કહેવરાવ્યું કે તમે મહારા રત્નઘરમાં આવજો. પછી તે છએ રાજા આવી છએ બારણામાં જૂદા જૂદા પેઠા; મલ્લીકુમરીની મૂર્ત્તિ દેખી વ્યામોહ પામ્યા. એટલામાં મલ્લીકુમરીયે

આવીને ઢાકણું ઉઘાડ્યું, તેવારેં માંહેથી દુર્ગંધ નીકલ્યો; એટલે સર્વ જણે મોઢા પાસેં લૂગડું આપી થુથુકાર કીધો. તેવારેં મલ્લીકુમરી બોલ્યાં જે આ રત્નમય પૂતલી છતાં નિત્યપ્રત્યેં એક કવલ આહારના સંયોગથી એવી દુર્ગંધ વાસ આપે છે. તો મહારા શરીરમાં તો નિત્યપ્રત્યેં શેર ધાન્ય પડે છે; તેથી મલમૂત્રનો ભંડારજ છે, તેમાં તમે શું રાગાંધ થયા છો ? એવો પ્રતિબોધ કરીને પછી પૂર્વલો ભવ સંભલાવ્યો; તેથી તેમને પણ જાતિસ્મરણ જ્ઞાન ઉપનું, પૂર્વભવ દીઠા. પછી મલ્લીકુમરીયેં કહ્યું કે હમણાં તો તમેં જાઓ. ફરી મુઝને જેવારેં કેવલજ્ઞાન ઉપજે, તેવારેં તમેં આવજો, હું તમોને દીક્ષા આપીશ. પછી તે છએ રાજા પોત પોતાને સ્થાનકેં ગયા. મલ્લીકુમરીયેં પણ ત્રણશેં રાજપુત્ર સાથેં દીક્ષા લીધી, તેજ દિવસેં કેવલ જ્ઞાન ઉપનું. પછી તે છએ મિત્રેં આવી શ્રીમલ્લીનાથ પાસેંથી દીક્ષા લીધી, તેહીજ ભવેં મોક્ષ ગયા. એમ શ્રીમલ્લીનાથ સ્ત્રીવેદેં તીર્થંકર થયા. તે સ્ત્રીવેદેં કોઇ તીર્થંકર થાય નહીં. એ બીજું અચ્છેરૂં જાણવું. ॥ ૨ ॥

## गर्भ पालटो जाणियें ॥ ३ ॥

**અર્થ**—કોઈ તીર્થંકરને ગર્ભપાલટો થયો નથી, તે આહીં શ્રીમહાવીર સ્વામીને બ્યાશી રાત્રિ પછી દેવાનંદાની કુખથી હરિણગમેષી દેવતાયેં અપહરીને ત્રિશલા ક્ષત્રિયાણીની કૂખમાંહે ધર્યા અને ત્રિશલાની કૂખેં પુત્રી હતી, તે માહણકુંડેં દેવાનંદાની કૂખેં મૂકી. તેવું કોઇવારેં થાય નહીં. માટે એ ત્રીજું ગર્ભપાલટન અચ્છેરૂં જાણવું. ॥ ૩ ॥

## निष्फल जिन उपदेश ॥ ४ ॥

**અર્થ**:—શ્રીવીરભગવાનને જેવારેં કેવલજ્ઞાન ઉપનું, તેવારેં દેવતાયેં મલી સમવસરણની રચના કીધી. તિહાં ભગવંતેં બેશીને ધર્મદેશના આપી; પરંતુ તે દેશના સાંભલી કોઇ સમકિત પામ્યો નહીં, તથા કોઇયેં વ્રત પચ્ચખાણ પણ લીધું નહીં, દેશના નિઃફલ ગઇ, એમ તીર્થંકરની દેશના કોઈ વખતેં ખાલી ન જાય તે ગઈ; માટે એ ચોથું અચ્છેરૂં જાણવું. ॥ ૪ ॥

## हरिधातकीयें गया ॥ ५ ॥

**અર્થ**:—જે વાસુદેવ, એક દ્વીપનો હોય તે બીજે દ્વીપેં ન જાય, તે શ્રીકૃષ્ણજી દ્રૌપદીને લાવવાને અર્થે ગયા, એ પાંચમું અચ્છેરૂં જાણવું. એની કથા કહે છે. હસ્તિનાપુરેં પાંચ પાંડવ રાજ્ય કરે છે. તેમની દ્રૌપદી નામેં ભાર્યા સમકિતવંત છે, એકદા રાજસભાયેં જેની મુખાકૃતિ સૌમ્ય છે પરંતુ મનમાં કપટ બહુ રાખે છે, વલ્કલ ચીર પહેરે છે, જનોઇ પહેરે છે, કાલા મૃગના ચામડાનો ઉત્તરાસંગ કરેલો છે, જટાજૂટ મહા કાંતિવંત છે, કલહ કોલાહલનો લગાવનાર છે, એવો નારદ, આકાશમાર્ગથી આવ્યો; તેવારેં પાંડવો સહિત સર્વ સભાજનોયેં ઉભા થઇને આદર, સન્માન આપ્યું; પરંતુ દ્રૌપદીયેં તેને મિથ્યાત્વી જાણી વાંદ્યો, પૂજ્યો નહીં. તેમ તે ઉઠીને ઉભી પણ થઈ નહીં. તેવારેં નારદને રીશ ચઢી અને વિચાર્યું જે આ દ્રૌપદી પાંચ પાંડવને ઘણીજ વલ્લભ છે માટે એને સંકટમાં નાખું. એમ વિચારી ઘાતકી ખંડના દક્ષિણાર્દ્ધ ભરતમાં અમરકંકા નામેં

નગરીયેં પદ્મોત્તર રાજા, સ્ત્રીનો ઘણો લોલુપી છે; તેની પાસેં જઇને કહ્યું કે હે રાજન્ ! તાહારી સાતસેં સ્ત્રીઓ છે; પણ પાંચ પાંડવની સ્ત્રી દ્રૌપદીના નખાગ્રસમાન કોઇ રાણીનું રૂપ નથી. એવું સાંભલી પદ્મોત્તર રાજા કામાવહવલ થયો; અને ત્રણ ઉપવાસ કરી પૂર્વભવ સંબંધી દેવતાનું આરાધન કર્યું. દેવતા પ્રત્યક્ષ આવી ઉભો રહ્યો અને હાથ જોડી કહેવા લાગો કે હે રાજન્ મુનેં કેમ સંભાર્યો ? તેવારેં રાજાયેં દ્રૌપદી આણી આપવાની યાચના કરી. દેવતાયેં પણ દ્રૌપદી-ને અવસ્વાપિની નિદ્રા આપી, તિહાંથી ઉપાડી અશોક વાડીમાં લાવી મૂકી. પછી પદ્મોત્તર રાજાયેં દ્રૌપદીને પોતાની સ્ત્રી થવાની પ્રાર્થના કરી. દ્રૌપદીયેં જવાબ દીધો જે કૃષ્ણ વાસુદેવ તથા પાંચ પાંડવ, છ મહીનામાં જો મહારી ખબર નહીં લેશે, તો હું તમારીજ છું. તે સાંભલી પદ્મોત્તર રાજાયેં પણ વિચાર્યું જે જોરાવરીથી પ્રીતિ ન થાય. એમ જાણી પોતાના મહેલમાં તેડી ગયો. હવે દ્રૌપદી પણ છઠ છઠનું તપ કરે છે અને પારણે આયંબિલ કરે છે. અહીંઆં દ્રૌપદી સંહર્યા પછી બે ઘડીયેં યુધિષ્ઠિર જાગ્યો; તેવારેં તેણેં દ્રૌપદીને દીઠી નહીં. પછી પાસેના સર્વ સ્થાનકેં ખબર કરાવી, પણ કયાંહીં પત્તો મલ્યો નહીં; તેવારેં પાંડુરાજાને ખબર આપી. તેણેં કોડંબિક પુરૂષ તેડાવીને નગરમાં ઉદ્-ઘોષણા કરાવી કે જે કોઈ દ્રૌપદીને લાવે, તેને જે માગે તે આપીયેં; પરંતુ કયાંહીથી પણ ખબર મલી નહીં. તેવારેં વિચાર્યું જે કોઇ દેવતા, દાનવ, ગંધર્વ અથવા કિન્નરેં અપ-હરી છે. એવું વિચારી કુંતાજીને શ્રીકૃષ્ણ પાસેં ખબર

ફરવા મોકલ્યાં; કુંતાજી દ્વારકામાં આવ્યાં. તેની વધામણી આવ્યાથી શ્રીકૃષ્ણ પોતેં હાથી ઉપર બેશી સાહામા આવી ફૂઇ જાણીને કુંતાજીને પગે લાગી, વિનય સહિત પોતાને મંદિરેં તેડી આવ્યા. પછી દ્વારકામાં આવ્યાનું પ્રયોજન પૂછ્યું. કુંતાજીયેં દ્રૌપદીની સર્વ હકીકત કહી. તે સાંભલી શ્રીકૃષ્ણ બોલ્યા કે જેને એક ભરતાર છે, તે પણ પોતાની સ્ત્રીને યત્નથી સાચવી રાખે છે, તો એ પાંચ પાંડવ એક સ્ત્રીને સાચવી શકયા નહીં ? તેવારેં કુંતાજી બોલ્યાં કે હે કૃષ્ણજી ! હમણાં હાંસી કરવાનું કામ નથી. પછી કૃષ્ણજી બોલ્યા કે અર્દ્ધ ભરતમાં જો હશે તો ખબર કઢાવી તિહાંથી આણીને તમોને પહોંચતી કરીશ, તમેં કોઇ ચિંતા કરશો નહીં; એમ સંતોષ પમાડીને કુંતાજીને હસ્તિનાપુરેં પહોંચતાં કર્યાં. પછી શ્રીકૃષ્ણેં કોડંબિક પુરૂષને તેડીને સર્વત્ર ઉદ્‌ઘોષણા કરાવી, પરંતુ કયાંહિં ખબર મલી નહીં. તેથી સર્વ સભા મૂઢ થઇ. એવા સમયમાં તેહીજ નારદજી શ્રીકૃષ્ણ પાસેં આવ્યા. તેને શ્રીકૃષ્ણેં પૂછ્યું કે હે નારદ ! તમેં કોઇ સ્થાનકેં દ્રૌપદીને દીઠી ? તેવારેં નારદ બોલ્યા કે ધાતકીખંડેં દક્ષિણાર્દ્ધ ભરતેં અમરકંકા નગરીયેં પદ્મોત્તર રાજાના અંતેઉરમાં દ્રૌપદી સરખી સ્ત્રી દીઠી તો હતી. તે સાંભલી શ્રીકૃષ્ણ બોલ્યા કે તમારાંજ કામ કરેલાં દેખાય છે. પછી શ્રીકૃષ્ણેં પાંડુરાજા ઉપર દૂત મોકલી કહેવરાવ્યું કે દ્રૌપદી અમરકંકા નગરીયેં છે, તેમાટેં તમેં તમારી ચતુરંગિણી સેના સહિત પાંચે પાંડવ પૂર્વ સમુદ્ર તટેં તુરત આવજો; અને શ્રીકૃષ્ણજી પોતેં પણ ભેરી વગાડીને સમુદ્રવિજયાદિક

દસ દશાર્ણવના પરિવાર સહિત, હાથી ઉપર બેશી, ચામર વિંજાવતાં થકાં પૂર્વ સમુદ્ર વેલાકુલેં સંકેત સ્થાનકેં આવી પાંડવો સાથે મલ્યા. પછી શ્રીકૃષ્ણજીયેં અઠમ તપ કર્યું; તેથી સમુદ્રનો અધિષ્ઠાયક સુસ્થિત નામેં દેવતા પ્રત્યક્ષ થયો. તેવારેં શ્રીકૃષ્ણજી બોલ્યા, હે દેવ ! દ્રૈપદીને લેવા સારૂ અમારે ધાતકીખંડેં જવું છે માટે પાંચ પાંડવના પાંચ રથ અને છઠો માહરો રથ એ છ રથ, લવણસમુદ્રમાંથી ચાલ્યા જાય, એટલો માર્ગ આપો. તે સાંભલી દેવતા બોલ્યો, તમેં ઢીલ મ કરો, તરત જાઓ. પદ્મોત્તર રાજાયેં પણ પૂર્વલા સંબંધિ દેવતાનું અરાધન કરી દ્રૈપદીને અપહરી છે અને જો તમારી આજ્ઞા હોય તો હું અમરકંકા નગરી આવી, સમુદ્રમાં બોલી નાખું. તેવારેં શ્રીકૃષ્ણજી બોલ્યા કે અમેં અમારા પરાક્રમેં દ્રૌપદીને લાવીશું. તેવારેં દેવતાયેં સમુદ્રમાં છ રથ જવાનો માર્ગ આપ્યો. પછી શ્રી કૃષ્ણજી પાંડવો સહિત છ રથ જોત્રીને અમરકંકા નગરીને ઉદ્યાનેં ગયા. તિહાં જઇ દારૂકનામા સારથિને શ્રી કૃષ્ણે કહ્યું કે હે દૂત ! તમેં પદ્મોત્તર પાસેં જઇને પગ ઉપર પગ આપી ત્રિવલી લલાટેં ચડાવી એમ કહેજો કે હે પદ્મનાભ ! તું અકાલેં મરણની વાંછા કાં કરે છે ? હે દુરંતપ્રાંતલક્ષણ ! હે હીનચતુર્દશી જાય ! હે-હ્રી શ્રી કાંતિ વર્જીત ! આજ તેં મહારી બેન દ્રૌપદીને અપહરી છે. તેને તું પાછી આપ, અને જો ન આપે, તો સંગ્રામ કરવાને તૈય્યાર થા. એવા દૂતનાં વચન સાંભલી પદ્મનાભે રીશ ચડાવી અપમાન કરીને દૂતને બાહેર કાઢી મૂકયો અને પોતેં હાથી ઉપર બેસી સર્વ સૈન્ય લઇ

શ્રી કૃષ્ણની સામો યુદ્ધ કરવા આવ્યો, તેવારેં શ્રીકૃષ્ણેં પાંડવોને કહ્યું કે, પ્રથમ તમેં યુદ્ધ કરશો કે હુંજ કરૂં ? પાંડવો બોલ્યા, પ્રથમ અમેંજ યુદ્ધ કરશું. કદાપિ જો અમેં હારિયેં, તો તમેં સહાય કરજો. તેવારેં શ્રીકૃષ્ણ બોલ્યા કે હે પાંડવો ! તમેં મહારી સાથેં એવો શબ્દ કહ્યો, તો તમેં હારશોજ તોપણ પાંડવો યુદ્ધ કરવા લાગ્યા. પદ્મનાભેં પોતાના બલેં કરીને પાંચ પાંડવોને હત પ્રહત કર્યા. પાંડવો નાશીને પાછા શ્રીકૃષ્ણ પાસેં આવ્યા. પછી શ્રીકૃષ્ણજી યુદ્ધ કરવા લાગ્યા, તિહાં પંચાયણ નામા શંખ વગાડયો, એટલે પદ્મનાભની સેનાનો ત્રીજો ભાગ નાશી ગયો. પછી શાઙર્ગ ધનુષ્યનો ટંકારવ કર્યો, એટલે વલી પણ સેનાનો ત્રીજો ભાગ. નાશી ગયો; અને પદ્મનાભ નાશીને નગરમાં પેઠો, અને મરણના ભયથી દ્રૌપદીને શરણેં ગયો. પાછલથી કૃષ્ણજી પણ નરસિંહનું રૂપ કરી દરવાજો તોડી. કોટ ભાંજી નાખીને નગરીમાં ગયા. તિહાં જુવે તો પદ્મનાભ દ્રૌપદીની પછવાડે સ્રીનું રૂપ કરી બેઠેલો, શ્રીકૃષ્ણેં દ્રૌપદીને પૂછયું જે આ કોણ છે ? તેવારેં દ્રૌપદી બોલી કે એ પદ્મનાભ રાજા છે, તમારા ભયથી મહારે શરણેં આવ્યો છે. તેવારેં શ્રીકૃષ્ણેં દયા આણી જીવતો રાખ્યો. અખંડ શીલવંતી એવી દ્રૌપદીને લઈને પાંચ પાંડવ સહિત પાછા વલ્યા, જયનો શંખ પૂર્યો, એવા વખતમાં તે ક્ષેત્રમાં શ્રીમુનિસુવ્રત તીર્થંકર પાસેં કપિલ વાસુદેવ વખાણ સાંભલે છે, તેણેં શંખનાદ સાંભલ્યો. મનમાં શંકા ઉપની જે કોઇ બીજો વાસુદેવ ઉત્પન્ન થયો ! તેથી ભગવંતને પૂછયું કે મહારાજ ! એ

બીજો વાસુદેવ કોણ થયો છે ? ભગવંત બોલ્યા કે હે કપિલ ! એક ક્ષેત્રમાં બે તીર્થંકર અને બે વાસુદેવ ન થાય, પણ એતો જંબુદ્રીપ સંબંધી ભરત ક્ષેત્રનો શ્રી કૃષ્ણ નામેં વાસુદેવ તાહરા સરખી ઋદ્ધિનો ધણી છે, તે પદ્મનાભ રાજા દ્રૌપદી હરણ કરી લાવ્યો હતો, તેને લેવાને આવ્યો હતો, તે પદ્મનાભને જીતીને પાછો જાય છે, તેણેં શંખનાદ કર્યો. તે સાંભલી કપિલ વાસુદેવ તરત તિહાંથી ઉઠીને પોતાના સરખો વાસુદેવ જોવા સારૂ સમુદ્રને કાંઠે આવ્યો. પણ શ્રીકૃષ્ણ તો દૂર નીકલી ગયા હતા. માત્ર સમુદ્રમાં નીલી, પીલી રથની ધ્વજા દેખી. તે દેખી શંખનો શબ્દ કરી, તેમાં એવું જણાવ્યું કે કપિલ વાસુદેવનો નમસ્કાર જાણજો. શ્રીકૃષ્ણેં પણ શંખનો શબ્દ કરીને તેમાં જણાવ્યું કે કપિલને કૃષ્ણનો પણ નમસ્કાર જાણવો. તે સાંભલી કપિલ વાસુદેવ હર્ષવંત થયો થકો પાછો વલ્યો; અને પદ્મનાભ રાજાને દેશનિકાલ કરી તેના પુત્રને રાજ્યપાટેં થાપ્યો. અહીં કૃષ્ણેં પણ સમુદ્ર સંબંધી પાંચ પાંડવોને કહ્યું કે તમેં ગંગાનદી નાવેં ઉતરીને નાવ પાછું મને મોકલજો. હું સુસ્થિત દેવતા સાથેં વાત કરીને આવું છું. પછી પાંચે પાંડવોયેં ગંગાનદી ઉતરીને વિચાર કર્યો કે આપણેં નાવ પાછું નથી મોકલતા. જોઈયેં તો ખરા કે કૃષ્ણ પોતેં ગંગાનદી ઉતરી આવે છે કે નથી આવતા ? તિહાં કૃષ્ણજીયેં ઘણી વાટ જોઇ પણ નાવ આવતું દીઠું નહિં. પછી શ્રીકૃષ્ણજીયેં જાણ્યું જે પાંચે પાંડવ બૂડયા દેખાય છે, એમ વિચારી એક હાથમાં રથને ઉપાડયો, અને એક હાથે પાણી ડોલતા ડોલતા સાડા

બાશઠ યોજનના વિસ્તારવાલી નદીને ડોલી આગલ આવી જુવે છે તો પાંડવો, બેઠા બેઠા હસે છે, તેવારેં શ્રીકૃષ્ણ રીશ ચઢાવીને પાંડવોને પૂછવા લાગા કે અરે દુષ્ટો! તમેં નાવ પાછી કેમ ન મોકલી? પાંડવો બોલ્યા, તમારી પરીક્ષા જોવાને ન મોકલી. તેવારેં શ્રીકૃષ્ણ બોલ્યા કે અરે મેં બે લાખ યોજન સમુદ્ર ઉલંઘન કરી પદ્મનાભને જીતી દ્રૈપદ્દી આણી આપી, તેવારેં મારી શક્તિ ન દીઠી? એમ કહી ક્રોધ ચઢાવીને પાંચે પાડવોને મારવા સારૂ લોહદંડ ઉપાડયો, વલી દયા આવીને જાણ્યું જે મહોટો અનર્થ થાશે? એમ વિચારી પાંચે પાંડવના રથ ભાંગી ચૂર્ણ કર્યા અને પાંચે બંધવને દેશનિકાલ કર્યા; અને જિહાં રથ ભાંગ્યા, તિહાં રથમર્દન કોટ થયો. શ્રીકૃષ્ણ પોતાની સેના લઇ દ્વારકામાં ગયા અને પાંડવોએ પણ દ્રૌપદીને લઇ સેના સહિત હસ્તિનાપુરેં આવી કુંતાજીને દેશનિકાલની વાત કહી. તેવારેં કુંતાજી દ્વારકામાં આવી શ્રીકૃષ્ણને મીઠે વચનેં સંતોષી નવી મથુરા વસાવવાની શ્રીકૃષ્ણ પાસેંથી આજ્ઞા લઇ કુંતાજી પાછાં આવ્યાં. પછી દક્ષિણવેલાતટને વિષે રહ્યા. છેવટ પાંડુસેન નામેં પોતાના પુત્રને રાજ્ય પાટેં થાપી પાંચ પાંડવ અને છઠ્ઠી દ્રૌપદીયેં દીક્ષા લીધી. છઠ, અઠમાદિક તપ કરી ચોદ પૂર્વ ભણી તે પાંચે પાંડવ શ્રીશત્રુંજય તીર્થ ઉપર મોક્ષેં ગયા; અને દ્રૌપદી પણ અગીઆર અંગ ભણી બે માસની સંલેષણા કરી પાંચમા બ્રહ્મદેવલોકેં ગઇ. તિહાંથી ચવી મહાવિદેહક્ષેત્રેં મોક્ષ પામશે. એ રીતે જંબૂ દ્વીપનો વાસુદેવ, ધાતકીખંડમાં ન જાય, તે ગયો. એ પાંચમું અચ્છેરૂં જાણવું. વલી કેટ-

લોએક આચાર્ય એમ કહે છે કે બે વાસુદેવના શંખનો શબ્દ, ભેગો ન થાય અને એ થયો, માટે એ પણ અચ્છેરૂં જાણવું.

## युगल नरक गति पामिउ ए ॥ ६ ॥ ४ ॥

**અર્થ:**—યુગલિયા મરણ પામીને નરકેં ન જાય, અને અહીં હરિ તથા હરિણી, એ બે મરણ પામીને નરકેં ગયાં માટે એ છઠું અચ્છેરૂં જાણવું.

તેની કથા આમ છે. કે, જંબુદ્વીપમાંના ભરતક્ષેત્રનેવિષે કૌશંબી નગરીનો સુમુખ નામેં રાજા હતો. એકદા પ્રસ્તાવેં વસંત ઋતુયેં તે રાજા હાથી ઉપર આરુઢ થઇ તે નગરીની નજીકના વનમાં રમવાને અર્થેં જતો હતો. માર્ગેં જતાં વીરક-નામેં કુવિંદની ભાર્યા અત્યંત સ્વરુપવાન્ દેખીને માંહો માંહે સરાગ દૃષ્ટિયેં જોતાં પ્રીતિભાવ ઉત્પન્ન થયો. તેથી રાજા ત્યાં થકી આગલ જાય નહીં. તેવારેં સુમતિનામા પ્રધાન કહેવા લાગ્યો કે હે સ્વામી, સમસ્ત સૌજન આવ્યાં છતાં તમેં આગલ કેમ ચાલતા નથી? તે સાંભલી રાજા પોતાના પ્રધાનની લાજ આણી આગલ વનમાં ગયો. પણ શૂન્યચિત્તથકો મનમાંહે કેવલ તે સ્ત્રીનું ચિંતવન છે તેથી કહીંએ પણ ચેન પામતો નથી. તે જોઈને પ્રધાનેં પૂછ્યું કે હે મહારાજ, તમેં આજ આવા શૂન્યચિત્ત કેમ દેખાઓ છો? એમ ફરી ફરી ઘણો આગ્રહ કરી પૂછ્યાથકી પોતાના મનની સર્વ વાત, રાજાયેં પ્રધાનને કહી. તે સાંભલી પ્રધાન બોલ્યો કે, તમેં કાંઇ ચિંતા કરશો નહીં; હું તમને એ સ્ત્રી મેલવી આપીશ.

પછી ઘેર આવી પ્રધાનેં આત્રેયિકા નામેં પરિવ્રાજિકાને બોલાવી સર્વ વાત સમજાવી વનમાલાની પાસેં મોકલી. તે

પણ ત્યાં જઇ જુએ છે તો વનમાલા પણ વિરહવિંહલથકી મુખેં નિઃશ્વાસ નાખતી ક્ષણેક બેસે, ક્ષણેક ઉઠે, ક્ષણેક પડે, એ રીતેં મહાવિરહિણી દેખી તેને તે પરિવ્રાજિકા કેહેવા લાગી કે હે વત્સે, તું આજ એમ દુઃખિત કેમ દેખાય છે? તાહારૂં દુઃખ મને કહે તો હું તે દુઃખથી તને પાર ઉતારૂં. તે સાંભલી વનમાલાયેં ગુહ્યની વાત કહી. તેવારેં પરિવ્રાજિકા બોલી કે હું તને રાજાની સાથેં કાલે મેલવીશ, તું કાંઇ ચિંતા કરીશ નહીં. પછી તે પરિવ્રાજિકાએ હર્ષવંતથકી ત્યાંથી જઈ સર્વ વાત પ્રધાનને કહી. પ્રધાનેં જઇ રાજાને સર્વ વૃત્તાંત સંભલાવ્યું.

તેવાર પછી પ્રભાતેં પરિવ્રાજિકા વનમાલાને રાજા પાસેં તેડી આવી. રાજાયેં હર્ષવંત થઇ અંતઃપુરમાં તેને રાખી અને તેની સાથેં તે પંચવિધ વિષયસુખ ભોગવવા લાગ્યો. હવે વીરકકુવિંદ ઘેર આવ્યો, તેવારેં તેણેં સ્ત્રીને દીઠી નહીં. પછી પાડોશી પ્રમુખને પૂછતો થકો ભાર્યાના વિરહથી ઘેલો થયો થકો આખા ગામમાં ફરતો ફરતો એક દિવસેં રાજાના પ્રાસાદ નીચેં આવી ઉભો રહ્યો. તેવામાં રાજા અને વનમાલા, એ બન્ને જણાં પણ ગોંખમાં આવી બેઠાં. રાજાયેં વીરકકુ-વિંદને દેખીને મનમાં વિચાર્યું જે મેં અત્યંત લોક વિરૂદ્ધ અકાર્ય કીધું. માટે મને ધિઃકાર છે. એમ મનમાં ઘણીજ પોતાની નિંદા કરવા લાગ્યો. તેવામાં અકસ્માત્ ઉપરથી વિજલી પડી તેથી બેઉ જણાં શુભધ્યાને મરણ પામી હરિવર્ષ ક્ષેત્રેં યુગલિયા પણે ઉપન્યાં. ત્યાં સમસ્ત મનોવાંછિત કલ્પવૃક્ષ પૂર્ણ કરે છે તેથી સુખેં રહે છે.

પછી વિરકકુવિંદ પણ તે બેહુનું મરણ જાણી ગ્રથિલભાવ ત્યાગી, અજ્ઞાન તપસ્યા કરી સૌધર્મ દેવલોકેં કિલ્બિષિયા દેવમાં જઈ ઉપન્યો. ત્યાં અવધિજ્ઞાનેં પૂર્વ ભવના વૈરી તે યુગલને દેખી, મનમાં ચિંતવવા લાગ્યો કે એ યુગલિયાં ઇહાં તો મરશે નહીં અને જ્યારેં મરણ પામશે, તેવારેં પણ દેવલોકેં જાશે. માટે એને ઇહાંથી ઉપાડીને અન્ય સ્થાનકેં લઈ જાઉં? એમ ચિંતવી ત્યાં થકી કલ્પવૃક્ષ સહિત અપહરણ કરી, ચંપા નગરીયેં તે યુગલને લાવ્યો. ત્યાં ચંદ્રકીર્ત્તિનામેં રાજા અપુત્રીઓ મરણ પામ્યો હતો, તેથી તે નગરીનાં લોકો રાજાને ખોલે છે. એહવામાં આકાશથકી તે દેવ, ત્યાંના લોકોને કહેવા લાગ્યો કે હું તમારે વાસ્તે રાજાને લાવ્યો છું એ કલ્પવૃક્ષના મેવા ખાય છે, તેને જાવજ્જીવ સુધી માંસ મદ્યનો આહાર કરાવજો. એમ કહી તેને રાજપણે સ્થાપન કરી તે દેવ, પોતાની શક્તિયેં કરી તેમનું આયુષ્ય તથા દેહમાન ઘટાડીને પોતાને સ્થાનકેં ગયો. તે બેહુ મરણ પામીને નરકેં ન જાય? તે નરકેં ગયાં, માટે એ આશ્ચર્ય જાણવું.

## चमरो सोहम्मे जाय ॥ ७ ॥

સાતમું પાતાલવાસી ચમરેંદ્રનો ઉત્પાત એટલે ઉંચું જવું થયું, તે આવી રીતેં કે ભરતક્ષેત્રેં વિભેલ નામા ગ્રામને વિષે પૂર્ણ નામેં મહા ધનાઢ્ય રહેતો હતો. તે એક દિવસેં રાત્રે ચિંતવવા લાગ્યો કે, મેં પૂર્વભવેં પુણ્ય કરયાં છે, તેથી હમણાં અત્યંત ઋદ્ધિનો ધણી મહાસુખી થયો છું. હવે ગૃહવાસ છાંડી તપસ્યા કરૂં, તો વલી ભવાંતરેં વિશેષ ફ્લ પામું? એવું ચિંતવી પ્રભાત સમયેં સ્વજન સંબંધીને પૂછી

પોતાના પુત્રને પાટે સ્થાપી પ્રાણુયામ નામા તાપસી દીક્ષા લેઈ, તે દિવસથકી જાવજ્જીવ લગી છઠ તપસ્યા કરવાની પ્રતિજ્ઞા કરી અને પારણું કરવાને દિવસે એક લાકડાનો ચાર-પુડો ઠામડો રાખ્યો. તે ઠામડામાં મધ્યાન્હ સમયે ગામમાં ફરી ભિક્ષા લેઇ તેમાંથી પહેલા પુડમાં પડેલી ભિક્ષા, પથિઓને આપે તથા બીજા પુડમાં પડેલી ભિક્ષા, કાગ પ્રમુખ પક્ષીઓને આપે, તથા ત્રીજા પુડમાં પડેલી ભિક્ષા, જલચર મત્સ્ય પ્રમુખ જીવોને આપે, અને ચોથા પુડમાં પડેલી ભિક્ષા, પોતે રાગ દ્વેષ રહિત થકો આરોગે. એ રીતે બાર વર્ષ પર્યંત તપસ્યા કરી અંતે માસની સંલેષણાયે કાલ કરી ચમર-ચંચા રાજધાનીને વિષે ભુવનપતિ દેવોનો ઇંદ્ર ચમરેંદ્રપણે એક સાગરોપમને આઉખે ઉપન્યો. તે સભામાં ચોશઠ હજાર સામાનિક દેવ સાથે બેઠો છે, તેવારે અવધિજ્ઞાને કરી જોયું, તો સૌધર્મ દેવલોકનો સૌધર્મેંદ્ર, તેના પગ મસ્તક ઉપર રાખેલા દીઠા. તે દેખી અમર્ષથકી દેવોપ્રત્યે બોલ્યો કે કોણ દુરાત્મા મારા મસ્તક ઉપર પગ રાખીને શોભે છે ? તે સમયે દેવ બોલ્યા કે, પૂર્વ જન્મને વિષે સંપાદન કરેલા પુણ્યે કરી સર્વના કરતાં અતિશય છે સમૃદ્ધિ અને પરાક્રમ જેનું એવો આ સૌધર્માધિપ છે. તે સાંભલી વલી અતિશય ક્રોધયુક્ત થઇ બોલ્યો કે સોધર્મેંદ્ર જેના ઉપર પગ રાખે, તે ચમરેંદ્ર જૂદો અને હું જૂદો. માટે હું ત્યાં જઈ સૌધર્મેંદ્રને પગ પકડી હેઠો નાખું, એવું કહી ચાલ્યો; તેવારે સર્વ દેવોયે વાર્યો; પણ માન્યું નહીં અને હાથમાં પરિઘ ધારણ કરી વિચાર કરવા લાગ્યો કે કોઈ પણ પ્રકારે તે ઈંદ્રે મારો પરાભવ કર્યો છતાં

હું કોને શરણે જાઉં ? એવો વિચાર કરી સુસુમાર નગરને વિષે પ્રતિમાસ્થિત શ્રી મહાવીરની સમીપ જઈ વંદનપૂર્વક બોલ્યો કે હે ભગવન્! તમારા પ્રસાદથી હું ઈંદ્રને પણ જીતીશ. એ પ્રમાણે પ્રાર્થના કરી લાખ યોજન પ્રમાણ વિસ્તીર્ણ શરીર કરી પગથી ધરતી કંપાવતો, હાથે તાલોટા પાડતો, મેઘની પેરે ગાજતો. બીજલીની પેરે ઝબકાર કરતો, જ્યોતિષચક્રને ત્રાસ પમાડતો, દેવતાઓને ભયભ્રાંત કરતો, દેવીઓ બીહીતી થકી દેવતાઓને ગલે વલગીઓ એ પ્રકારનો કોલાહલ કરતો, પરિઘાયુધ ફેરવતો, ગર્વે કરી અંધ થઇ સૌધર્મેંદ્ર સન્મુખ ધાયો. પછી પોતાનો એક પગ સૌધર્માવતંસક વિમાનની વેદિકાને વિષે અને બીજો પગ સુધર્મ સભાની ઉપર રાખી પરિઘે કરી ઈંદ્રકીલ ઉપર તાડન કરી અનેક પ્રકારે ઈંદ્રને આક્રોશ કરવા લાગ્યો. સૌધર્મેંદ્રે પણ અવધિજ્ઞાને જોયું અને જાણ્યું જે એ તો ચમરિઓ અડધો ઘડો ભર્યો ઉછલે છે તો હવે એને હું શિક્ષા આપું ? એમ વિચારી અગ્નિયે જલતું, હજાર દેવતાયે ઉપાડયું ન જાય, એવું દેદીપ્યમાન વજ્ર, ચમરીયા ઉપર મૂકયું. ચમર પણ પોતાની પાછલ આવનારા વજ્રને જોઈ નીચું મુખ કરી અસમર્થ થઈ વિસ્તાર કરેલા પોતાના શરીરનો ઉપસંહાર કરી 'શરણં શરણં' એવું બોલી કુંથુઆ જેવો સૂક્ષ્મ થઇ, શ્રીમહાવીર સ્વામીના ચરણની વચમાં પ્રવેશ કરતો હવો અને પ્રભુના ચરણથી ચાર અંગુલ દૂર ભમે છે. તીર્થંકરની આશાતના માટે પાસે નથી આવતો. એટલામાં સોધર્મેંદ્રે આવી વજ્રનો ઉપસંહાર કરી શ્રીમહાવીર સ્વામીની પાસે ક્ષમા માગી, ચમરેંદ્ર પ્રત્યે બોલ્યો કે, મેં

તારા ઉપર વજ્ર મૂક્યું છતાં પણ તું શ્રીમહાવીર સ્વામીને શરણ આવ્યો, તેમાટે મેં વજ્રનો ઉપસંહાર કર્યો. શ્રીમહાવીર સ્વામીની કૃપાયેં તુને હવે ભય નથી. એવી રીતેં તે ચમરેંદ્રનું આશ્વાસન કરીને પછી મહાવીર સ્વામીને વંદન કરી આજ્ઞા લેઈ પોતાના સ્થાનકપ્રત્યે ગયો. પછી ચમરેંદ્ર પણ નાના પ્રકારેં કરી શ્રીમહાવીરસ્વામીની સ્તુતિ કરી અને આજ્ઞા લેઇ પોતાની ચમરચંચા રાજધાની પ્રત્યેં ગયો. એ સાતમું ચમરોત્પાત નામા આશ્ચર્ય જાણવું.

**उत्कृष्ठ तनु धणी, आठ अधिक शत, सीझिया ए ॥ ८ ॥**

અર્થઃ—હવે આઠમું અચ્છેરૂં કહે છે. અષ્ટાપદ પર્વત ઉપર ઉત્કૃષ્ટ પાંચશે ધનુષ્ય પ્રમાણ અવગાહના વાલા એક શ્રીઋષભ દેવ ભગવાન, પોતેં અને ભરત વિના નવાણું ભગવંતના પુત્ર અને આઠ ભરતના પુત્ર, મલી એકશો ને આઠ પુરૂષ સિદ્ધિ પામ્યા. તે મધ્ય અવગાહના વાલા સીઝે પણ ઉત્કૃષ્ટી અવગાહના વાલા એક સમયેં એકશોને આઠ ન સીઝે, માટે એ આઠમું અચ્છેરૂં જાણવું. ॥ ૮ ॥

**रवि ससि मूळविमान, वंदण आवीया ॥ ९ ॥**

અર્થઃ—હવે નવમું અચ્છેરૂં કહે છે. શ્રીમહાવીર દેવ કોશંબી નગરીયેં સમોસર્યા. ત્યાં ચંદ્રમા અને સૂર્ય જેનાં શાશ્વતાં વિમાન, જ્યોતિષચક્રમાં છે. તે તેજ વિમાનમાં બેસીને પશ્ચિમ પોરસિયેં શ્રીમહાવીરને વાંદવા સારૂ આવ્યા. અહીંઆં કોઈએક એવું કહે છે કે ઉત્તર વૈક્રિય વિમાનમાં બેસીને આવ્યા. પરંતુ તેમ ન જાણવું. એ મૂલગેં વિમાનેં બેશી-

નેજ વાંદવા આવ્યા છે. તે મૂલગે વિમાને કોઇવારેં ન આવે અને હમણાં આવ્યા માટે એ અચ્છેરૂં જાણવું. ॥ ૯ ॥

**असंयती यति परें, पूजना ए ॥ १० ॥ ५ ॥**

અર્થઃ—દશમું અસંયતી આરંભી પરિગ્રહવંત અબ્રહ્મચારી ગૃહસ્થના વેષેં રહેલા, તેનો પૂજા, સત્કાર. તે અસંયતિપૂજા નામેં દશમું અચ્છેરૂં, તે આવી રીતેં છે. શ્રી સુવિધિનાથના નિર્વાણ પછી કેટલોક કાલ વ્યતિક્રમ્યા નંતર હુંડાવસર્પિણીના દોષને લીધે સાધુઓનો વિચ્છેદ થયો. તેવાર પછી જે સ્થવિર શ્રાવકો હતા, તેની પાસેં જઈ લોકો ધર્મ પૂછવા લાગ્યા. તે પણ જેવું જાણતા હતા, તેવું તેઓને કહેવા લાગ્યા. તેથી લોક પણ તેમને ધન વસ્ત્રાદિક દેવા લાગ્યા. તેથી તેઓ ગર્વિત થયા થકા પોતાનાં મનઃકલ્પિત નવીન શાસ્ત્ર બનાવી કહેવા લાગ્યા કે, જે કોઇ પૃથ્વી, શય્યા, મંદિર, સુવર્ણ, રૂપું, લોહ, કપાસ, ગાય, કન્યા, અશ્વ અને ગજ, અમને આપે, તે આ લોકેં તથા પરલોકેં મહા ફલ પામે, અને અમેંજ સુપાત્ર છઈયેં. એવો ઉપદેશ સાંભલી લોકેં તેમને ગુરૂ કરી માન્યા. એવી અસંયતીની પૂજા ચાલી. કેટલાએક આચાર્ય કહે છે કે, સાધુનો ધર્મવિચ્છેદ થયો અને જૈન વિના પાખંડી સંન્યાસી પ્રમુખ અન્ય દર્શનીજ પૂજાવવા લાગા. પ્રથમ સદા સર્વદા સંયતીની પૂજા થતી હતી. તેથી વિપરીતપણાયેં કરીને શ્રીસીતલનાથજીનનાં તીર્થ બેસતાં સુધિ આશ્ચર્ય થયું. તે માટે એ દશમું અચ્છેરૂં છે. એ રીતેં એ દશ આશ્ચર્યો આ ચોવીશીમાં થયાં. વલી અનંતે કાલેં થશે. ॥ ૧૦ ॥ ૫ ॥

હવે દશ અચ્છેરાં કયા કયા તીર્થંકરની વારેં થયાં ? તે કહે છે.

શ્રી ઋષભદેવના વારામાં એકશો ને આઠ સિદ્ધ થયા ॥ ૧ ॥ શ્રી શીતલનાથના વારામાં હરિવંશ કુલની ઉત્પત્તિ થઈ ॥ ૨ ॥ શ્રી મલ્લીનાથના વખતમાં સ્ત્રી તીર્થંકર થઈ ॥ ૩ ॥ શ્રી નેમિનાથના વખતમાં અમરકંકા નગથીયેં શ્રીકૃષ્ણનું ગમન થયું ॥ ૪ ॥ અને શ્રી સુવિધિનાથના વારામાં અસંયતી બ્રાહ્મણોની પૂજા થઈ ॥ ૫ ॥ એ અસંયતીની પૂજા તો શ્રી આદિનાથના વખતમાં પણ મરીચિ કપિલાદિકની સાંભલિયેં છૈયેં. એમ ઘણું કરીને બીજા પણ તીર્થંકરોના વારામાં પ્રવાહેં થાય છે ॥ ઇતિ ॥ અને પાંચ અચ્છેરાં શ્રી મહાવીર સ્વામીને વારેં થયાં ॥ ઈતિ દશ અચ્છેરાં અધિકાર સંપૂર્ણ ॥

હવે મહાવીર સ્વામીના સત્યાવીશ ભવ આશ્રયી કહે છે.

**नीचकुलें नवि होय, जिन चक्री हरियुग ॥ नीचकुलें नवि उपजे ए ॥ कोहत्र कर्म्म प्रभाव, आवी उपना ॥ पण जनम नवि संभवे ए॥ ६ ॥ भव सत्तावीशमांहे, मरियच त्रीजे भवें ॥ गोत्र मदें ए बांधियो ए ॥**

અર્થઃ—હવે ઇંદ્ર મહારાજા વિચારે છે જે નીચ કુલને વિષે જન્મ ન હોય, કોનો જન્મ ન હોય ? તો કે એક તો ( જીન કે૦ ) તીર્થંકર, બીજો ચક્રવર્તી, ત્રીજો ( હરિયુગ કે૦ ) વાસુદેવ અને બલદેવ એ બેનું યુગલ, એવા જીવ તો ઉગ્ર કુલેં, ભોગકુલેં, રાજ્યકુલેં, ઇત્યાદિક બીજા પણ મહોટા કુલમાં આવી ઉપજે, પણ નીચ, ભીખારીના કુલમાં ન ઉપજે, તથાપિ કર્મની વિચિત્રતા છે. માટે કોઇએક કર્મના

પ્રભાવેં કરી બ્રાહ્મણના નીચ કુલને વિષે આવી ઉપનાં છે; પણ આવા કુલને વિષે પ્રભુનું જન્મ સંભવે નહીં, એટલે હોય નહીં, હોશે પણ નહીં, અને થયું પણ નથી ॥ ૬ ॥ પણ ભગવાન્ શ્રી મહાવીર દેવનો જીવ, મરીચિ નામેં ઋષભદેવ સ્વામીનો પોતરો, ભરત મહારાજનો પુત્ર હતો. તે વખત ત્રિદંડીપણામાં ભરત મહારાજે વાંદ્યો, તેવારેં અભિમાનથકી ઘણો નાચ્યો, કૂદ્યો, તે વખત કર્મ બંધાણું છે. કહ્યું છે કે જે પ્રાણી, હસતાં કર્મ બાંધે છે તે રોતાં થકાં પણ છૂટતાં નથી. તુંબડાને દષ્ટાંતે જીવ જે છે તે કર્મ-થકી ભારી થાય છે, જેમ તુંબડાને માટી ચોપડી પાણીમાં નાખીયેં, તો બૂડી જાય; તેમ જીવ પણ ઘણાં ચીકણાં કર્મ-થકી સંસારમાં બૂડયો થકો નરકાદિક ગતિમાં પરિભ્રમણ કરે છે. તેમ પ્રભુયેં પણ સત્તાવીશ ભવમાંહેલા મરીચિના ત્રીજા ભવને વિષે ગોત્રનો મદ કર્યો હતો, તે વખતે એ નીચ ગોત્રનો કર્મ બંધાણો છે, તે હમણાં ઉદય આવ્યું છે. તિહાં પ્રથમ શ્રી મહાવીરનો જીવ, જે ભવથકી સમકેત પામ્યો, તિહાંથી માંડીને લોક પ્રસિદ્ધ સત્તાવીશ ભવ થયા. તે સત્તાવીશ ભવ, અહીંઆં કહિયેં છૈયેં. વિશેષ ગ્રંથાંતરમાં તો અઠાવીશ ભવ પણ કહ્યા છે.

૧ પ્રથમ પશ્ચિમ મહાવિદેહેં નયસાર નામેં ગરાશીઓ હતો. તે એક વાર વનમાં કાષ્ટ લેવા નિમિત્તે ગયો. તિહાં રસોઈ નીપજાવીને મનમાં ભાવના ભાવવા લાગો કે, અહો કોઈ સાધુ આવે, તો તેને વહોરાવીને ભોજન કરૂં ? એટ-લામાં સાથથકી ભૂલા પડેલા સાધુ તિહાં આવ્યા. તેને દેખી

હર્ષવંત થયો, તેને આહાર પ્રતિલાભ્યો; પછી પોતે જમીને સાધુને માર્ગ દેખાડયો. જાતી વખતે સાધુયે ધર્મ ઉપદેસ્યો, તિહાં પ્રથમ સમકિત પામ્યો. પછી અંતે નમસ્કાર સહિત મરણ પામ્યો.

૨ બીજે ભવે પ્રથમ દેવલોકે એક પલ્યોપમને આઉખે દેવતા થયો.

૩ ત્રીજે ભવે ભરતચક્રવર્ત્તીનો મરીચિ નામા પુત્ર થયો. તેણે શ્રીઋષભદેવ પાસે પ્રતિબોધ પામી, દીક્ષા ગ્રહણ કીધી. થવિર પાસે અગીયાર અંગ ભણ્યો. એકદા ઉષ્ણ કાલે શરીરમાં તાપ ઘણો લાગો, તેથી મનમાં નાવાની ઇચ્છા થઈ; તેવારે સંયમનો નિર્વાહ દોહેલો અને ઘરે પણ જવાય નહીં એવું વિચારી મનઃકલ્પનાયે નવો વેષ ધારણ કર્યો. તે આવી રીતે કે સાધુ ત્રણ દંડ રહિત છે હું તેમ નથી; માટે મહારે ત્રણ દંડનું ચિન્હ હોજો; તથા સાધુ દ્રવ્યથી અને ભાવથી મુંડ છે, હું તો તેમ નથી માટે મહારે મસ્તકે શિખા અને મુંડન હો; વલી સાધુ સર્વ પ્રાણાતિપાતાદિકથકી વિરમ્યા છે અને હુંતો તેમ નથી; માટે મહારે સ્થૂલપ્રાણાતિપાતની વિરતિ હો. વલી સાધુ શીલે કરી સુગંધિત છે, હું તો તેમ નથી; માટે મહારે બાવનાચંદનનો વિલેપન હો. વલી સાધુ મોહ રહિત છે, હું તો મોહે કરી ઢાંકયો છું, માટે મહારે એક છત્ર ઢાંકવા સારૂ રાખવું. વલી સાધુ પાદુકાયે રહિત છે, મહારે પગે પાદુકા હો. વલી સાધુ કષાયે રહિત છે, હું તો કષાયે સહિત છું; માટે માહારે વસ્ત્ર કષાઈયાં હો. વલી સાધુ સ્નાને કરી રહિત છે, મહારે થોડે પાણીયે સ્નાન હો. એમ પોતાની બુદ્ધિયે પારિવ્રા-

જકનો નવો વેષ કીધો. પછી તે વિરૂપ વેષ દેખીને જે પૂછે, તેની આગલ સત્ય સ્વરૂપ કહે; તથા કોઈ પૂછે જે સાધુનો ધર્મ કહો ? તો તેવારેં તેને શુદ્ધ ધર્મોપદેશ આપે. એમ અનેક રાજપુત્રોને પ્રતિબોધિ ભગવંતને શિષ્યપણે સોંપે, એવો થકો ભગવંત સાથેં વિચરે. એકદા શ્રીઋષભદેવ અયોધ્યા પાઉ ધાર્યા. તેવારેં ભરતચક્રવર્તીયેં વાંદીને પૂછ્યું જે હે ભગવન્! આ સમોસરણમાં કોઇ તીર્થંકરનો જીવ છે ? તેવારેં ભગવંતેં કહ્યું કે સમવસરણની બાહિર તાહારો પુત્ર મરીચિ નામેં જેણેં ત્રિદંડીપણું લીધું છે, તે ચોવીશમાં શ્રી મહાવીર નામેં તીર્થંકર થાશે. વલી આ ભરતમાં પોતનપુરેં ત્રિપુષ્ટિ નામા પ્રથમ વાસુદેવ થાશે. વલી શ્રી મહાવિદેહમાં મુકા નગરીયેં પ્રિયમિત્ર નામા ચક્રવર્તી થાશે. એવું સાંભલી ભરત હર્ષવંત થઈ સમોસરણમાંથી ઉઠીને મરીચિ જીહાં બેઠો છે, ત્યાં આવ્યો અને ત્રણ પ્રદક્ષિણા આપી વાંદીને એમ કહ્યું કે હે મરીચિ! તાહારી પ્રવ્રજ્યાને હું નથી વાંદતો પણ તું ચોવીશમો તીર્થંકર શ્રીમહાવીર નામેં થઇશ માટે તેને વાંદું છું. વલી મહાવિદેહમાં ચક્રવર્ત્તી થાઇશ તથા એહીજ ભરતમાં પ્રથમ વાસુદેવ થાઇશ. એમ કહી ભરત સ્વસ્થાનકેં ગયા. એ વાત સાંભલી મરીચિ હર્ષને વશેં નાચતો, હાથે તાલોટા દેતો વિચારવા લાગો જે આ ભરત ચક્રવર્તી કોઇને વાંદે નહીં અને મને વાંદ્યો માટે હું વાસુદેવમાંહે પ્રથમ વાસુદેવ થઇશ અને ચક્રવર્ત્તીમાંહે મહારો પિતા પ્રથમ ચક્રવર્ત્તી, તથા તીર્થંકરમાંહે મહારો દાદો પ્રથમ તીર્થંકર? માટે અહો મહારૂં ઉત્તમ કુલ ! એવો મદ કરીને મરીચિયેં નીચજાતિ ગોત્ર

બાંધ્યું; જે માટેં (૧) જાતિમદ, (૨) કુલમદ, (૩) લાભમદ, (૪) ઐશ્વર્યમદ, (૫) બલમદ, (૬) રૂપમદ, (૭) તપમદ, (૮) શ્રુતમદ, એ આઠ મદ કરતો જીવ, હીન જાત્યાદિક પામે. હવે શ્રીઋષભદેવ મુકિત પધાર્યા પછી પણ, પૂર્વ રીતેંજ સાધુ સંઘાતેં મરીચિ વિચરે. એકદા મરીચિ, રોગ ગ્રસ્ત થયો, પણ ભિન્નવેષ માટે સાધુ કોઇ તેની પરિચર્યા ન કરે. તેવારેં મરીચિ ચિંતવવા લાગો જે અહો ! સાધુ ચિરપરિચિત છે; તોહિ પણ એ મહારા નહીં. માટે જો રોગ રહિત થાઉં, તો એક શિષ્ય વૈયાવચ્ચ કરવાને અર્થે કરૂં. અનુક્રમેં નીરોગી થયો. પછી એકદા કપિલ નામા રાજા દેશના સાંભલી પ્રતિબોધ પામ્યો. તેને મરીચિયેં કહ્યું કે સાધુ પાસેં જઇને ચારિત્ર લ્યો. તેવારેં કપિલ બોલ્યો કે હે સ્વામી ! તમારા દર્શનને વિષે ચારિત્ર નથી? તે સાંભલી મરીચિયેં યથાર્થ કહ્યું, તોપણ તે બહુલકર્મી જીવ કપિલ કહેવા લાગ્યો કે શું સર્વથા તમારા દર્શનને વિષે ધર્મ નથીજ ? તેવારેં મરીચિયેં આદિકષાયેં સહિત મિથ્યાત્વોદયેં મતિભ્રંશથી શિષ્યના લોભથી સ્વધર્મ આપવા આવી રીતેં ઉત્તર દીધો કે હે કપિલ ! જૈનમાર્ગ રૂપજ મહારો માર્ગ છે. એવા ઉત્સૂત્ર વચનેં કરી એક કોડા કોડી સાગરોપમ પ્રમાણ સંસાર ભવ ભ્રમણ રૂપ ફલ ઉપાર્જ્યું. કપિલને દીક્ષા દીધી. પછી તે કર્મને આલોચ્યું, પડિક્કમ્યું નહીં. છેવટ ચોરાશી લાખ પૂર્વાયુ ભોગવી.

૪ ચોથે ભવેં પાંચમે બ્રહ્મ દેવલોકેં દશ સાગરોપમને આઉખેં દેવતા થયો ॥

૫ પાંચમે ભવે તિહાંથી મરણ પામીને કોલ્લાગ સન્નિવેશને વિષે એંશી લાખ પૂર્વને આઉખે કૌશિક નામા વિપ્ર થયો. તિહાં પણ છેલ્લો ત્રિદંડી થયો. તિહાંથી મરણ પામીને ઘણા કાલ પર્યંત સંસાર પરિભ્રમણ કર્યો.

૬ છઠ્ઠે ભવે સ્થૂણાખ્ય સન્નિવેશે પુષ્પમિત્ર નામા બ્રાહ્મણ-થયો. તિહાં ત્રિદંડી થઈ બહોંત્તેર લાખ પૂર્વાયુ પાલીને–

૭ સાતમે ભવે સાધર્મ દેવલોકે મધ્યમ આઉખે દેવતા થયો.

૮ આઠમે ભવે ચૈત્ય સન્નિવેશે સાત લાખ પૂર્વને આઉખે અગ્નિદ્યોત નામા વિપ્ર થયો. છેહડે સંન્યાસી થયો.

૯ ત્યાંથી ચવીને નવમે ભવે ઇશાન દેવલોકે મધ્યમ આઉખે દેવતા થયો.

૧૦ દશમે ભવે મંદિરાખ્ય સંન્નિવેશે છપ્પન્ન લાખ પૂર્વને આઉખે અગ્નિભૂતિ નામા દ્વીજ થયો; છેહડે ત્રિદંડી થયો.
૧૧ અગીઆરમે ભવે ત્રીજે સનત્કુમાર નામા દેવલોકે મધ્યમ આઉખે દેવતા થયો.

૧૨ બારમે ભવે શ્વેતાંબિકા નગરીયે ચુમ્માલીશ લાખ પૂર્વને આઉખે ભારદ્વાજ નામા માહણ થયો. છેહડે ત્રિદંડી પણું લીધું.

૧૩ તેરમે ભવે ચોથે માહેંદ્ર દેવલોકે મધ્યમ આઉખે દેવતા થયો. તિહાંથી ચવી વલી ઘણો સંસાર ભ્રમણ કરીને–

૧૪ ચૌદમે ભવે રાજગૃહી નગરીયે ચોત્રીશ લાખ પૂર્વને આઉખે થાવર નામા બ્રાહ્મણ થયો; અંતે ત્રિદંડીઓ થયો.

૧૫ પન્નરમે ભવે પાંચમા બ્રહ્મદેવલોકે મધ્યમ આઉખે દેવતા થયો. તેવાર પછી વલી ઘણો સંસાર ભ્રમણ કરીને–

૧૬ શોલમે ભવેં રાજગૃહી નગરીનો વિશ્વનંદિ નામેં રાજા તેનો પુત્ર વિશાખાનંદી છે અને તે રાજાનો લઘુ ભાઇ વિશાખાભૂતિ છે તેનો વિશ્વભૂતિનામેં પુત્ર થયો. રાજાયેં વિશ્વભૂતિનું સગપણ કર્યું નહીં; તેથી વૈરાગ્ય પામ્યો; એટલામાં વિશાખાનંદિ પીતરાઈ ભાઇયેં બલ કરી કાઢયો. તેવારે એક મૂઠીયેં કોઠી પાડી પોતાનું બલ દેખાડી વૈરાગ્ય પામી સંભૂતિવિજય આચાર્ય પાસેંથી દીક્ષા લીધી, માસખમણ પચ્ચખ્યું. એકદા માસ ખમણને પારણેં મથુરા નગરીયેં ગોચરીયેં આવ્યો. તિહાં ગાયના ધક્કાથી સાધુ ભૂમિકાયેં પડયો, એવા અવસરેં એના કાકાનો દીકરો વિશાખાનંદી તે પણ પરણવાને અર્થેં તિહાં આવ્યો છે; તેણેં જોઇને હાંસું કીધું, જે તાહરૂં કોઠી પાડયાનું બલ કિહાં ગયું ! તેવારેં સાધુયેં અભિમાન આણીને, ગાયને શીંગડે ઝાલી આકાશેં ભમાડીને નાખી; વલી નીયાણું કીધું કે જો એ તપનો પ્રભાવ હોય, તો હું ભવાંતરે ઘણો બલવંત થાઉં. હજાર વર્ષ સુધી દીક્ષા પાલી તિહાંથી કાલ કરીને–

૧૭ સત્તરમે ભવેં મહાશુક્ર નામા સાતમે દેવલોકેં સત્તર સાગરોપમને પૂર્ણ આઉખેં ઉપનો.

૧૮ અઢારમે ભવેં પોતનપુર નગરેં પ્રજાપતિ રાજા, મૃગાવતી રાણી, તેનો પુત્ર ત્રિપૃષ્ઠનામેં વાસુદેવ, એંશી ધનુષ્ય પ્રમાણ શરીર ચોરાશી લાખ વર્ષને આઉખે ઉપનો. તિહાં બાલક થકાંજ શંખનામા પ્રતિ વાસુદેવની આજ્ઞાયેં શાલિ-ખેત્રનો વિઘ્નકારી વિશાખાનંદીનો જીવ સિંહ થયો હતો. તે સિંહને હાથે વિદાર્યો. અનુક્રમેં વાસુદેવ પદવી પામ્યા. અહીંઆં

શ્રીગૌતમનો જીવ અતલ સારથિ મલ્યો. એકદા વાસુદેવે શય્યા પાલકને કહ્યું કે મુજને નિદ્રા આવે, તેવારેં ગાયનને ગાતાં વારી રાખજો. તોપણ નિદ્રા આવ્યા પછી શય્યાપાલકેં ગીતને રસેં ગાયન કારકને વાર્યા નહીં. એટલામાં વાસુદેવ જાગૃત થયા; તેવારેં ક્રોધ ઉપન્યો, પછી કથીર ઉન્હું કરીને શય્યાપાલકના કાનમાં રેડ્યું, તેણેં કરી ખીલા પ્રવેશનું કર્મ ઉપાર્જ્યૂં. અનુક્રમેં ત્રણ ખંડનું સાધન કરી, ઉગ્ર કર્મ બાંધી આયુ પૂર્ણ કરી મરણ પામી–

૧૯ ઉંગણીશમાં ભવે સાતમી નરકેં ગયા.

૨૦ ત્યાંથી નિકલી વીશમા ભવે સિંહ થયો.

૨૧ તિહાંથી મરણ પામી એકવીશમાં ભવે ચોથી નરકેં ગયા. તેવાર પછી વલી ચોથી નરકથી નીકલી સંસારમાં ઘણા ભવ ભ્રમણ કરીને–

૨૨ બાવીશમે ભવે રથપુરનગરેં પ્રિયમિત્ર નામેં રાજા તેને વિમલા નામેં રાણી તેનો વિમલ નામેં પુત્ર થયો; સર્વ કલાનો પારંગામિ થયો, પિતાયેં રાજ સોંપ્યું. એકદાં વનમાં ક્રીડા કરવા ગયા તિહાં પાસ માંહેથી હરણ છોડાવ્યાં, તે દયાયેં ભદ્રકપરિણામેં કરી મનુષ્યાયુ બાંધ્યું. અંતેં દીક્ષા પણ લીધી. તિહાં ઉગ્ર તપ કરી ચક્રવર્ત્તીની પદવી ઉપાર્જન કરી. અંતે એક માસનું અણશણ કરીને ત્યાંથી ચવ્યા.

૨૩ ત્રેવીશમે ભવે પશ્ચિમ મહાવિદેહે મૂકા નગરીયેં ધનંજય નામેં રાજા તેની ધારિણી નામેં રાણીની કુખેં ચોરાશી લાખ પૂર્વને આઉખે પ્રિયમિત્ર નામા ચક્રવર્ત્તી-

પણે ઉપના. અનુક્રમે ષટ્ ખંડ સાધી દીક્ષા લઈ ક્રોડ વર્ષ ચારિત્ર પાલી ત્યાંથી કાલ કરીને–

૨૪ ચોવીશમે ભવેં શુક્ર નામા સાતમે દેવલોકેં સત્તર સાગરોપમને આઉખેં દેવતા થયા.

૨૫ પચ્ચીશમેં ભવેં જંબૂદ્રીપેં ભરતખેત્રે છત્રિકા નગરીયેં જીતશત્રુ રાજા થયા, તેની ભદ્રાનામેં સ્ત્રીની કુખેં પુત્રપણે ઉપના, નંદન નામે રાજા થયા. ચોવીશ લાખ વર્ષ સુધી ઘરને વિષે રહીને પછી પોટ્ટિલાચાર્ય પાસે દીક્ષા લીધી. તે એક લાખ વર્ષ સુધી દીક્ષા પાલી જાવજ્જીવ લગેં માસખમણે વીશસ્થાનકનું તપ આરાધિનેં તીર્થંકર નામકર્મ ઉપાર્જ્જન કર્યું.

૨૬ તિહાંથી કાલ કરીને છવ્વીશમે ભવેં દશમે પ્રાણુાંત દેવલોકેં વીશ સાગરોપમને આઉખે દેવતાપણે ઉપના. તિહાંથી ચવી–

૨૭ સત્તાવીશમે ભવેં ચોવીશમા તીર્થંકર થયા. ઋષભદત્ત બ્રાહ્મણની સ્ત્રી દેવાનંદાની કુખેં શેષ નીચગોત્ર કર્મના ઉદયથી ઉપના છે એમ ઇંદ્ર વિચારે છે ।। ઇતિ મહાવીર સત્તાવીશ ભવઃ ।।

**तेणे हेतें थयुं एह, पण ए मूकवा ॥**
**खत्तिय कुल नरपति जिहां ए ॥ ७ ॥**

**અર્થ:**—તે કારણ માટે આ વાત અચ્છેરાભૂત થઈ. પણ હવે શુરવીર ક્ષત્રી કુલને વિશે મોટા ભાગ્યવાન રાજાને

ઘરે શિરોમણિ, ઉત્તમ વંશ જ્યાં હોય, ત્યાં દેવાનંદાની કુખેંથી લઇને ભગવંતને મૂકવા ॥ ૭ ॥

खत्रिय कुंडग्रामें, भूप सिद्धारथ॥ त्रिशलाराणी तेहनी ए ॥ थापो ए तस कुखें, तस बेटी तणो ॥ गर्भ अछे ते तिहां ठवो ए ॥ ८ ॥

અર્થ:—માટે ક્ષત્રિયકુંડ નામેં નગરને વિષે સિદ્ધાર્થ-નામેં મ્હોટો રાજા છે, તેની ત્રિશલા નામેં રાણીની કુખને વિષે થાપો, અને ત્રિશલા રાણીની કુખેં પુત્રીનો ગર્ભ છે, તે લઇને તિહાં દેવાનંદાની કુખેં થાપો ॥ ૮ ॥

शीघ्र करो आदेश, महारा वालहा ॥ तहत्ति करी ने चालियो ए ॥ वैक्रिय निर्मल रूप; करी निज शक्तिथी ॥ निराबाधशुं ते लइ ए ॥ ९ ॥

અર્થ:—એ રીતે ઈંદ્રમહારાજેં હરણીગમેષી દેવતાને કહ્યું કે એ મહારો આદેશ, તે ઉતાવલા તમેં કરો મહારા વલ્લહા ! માહારી આજ્ઞા પ્રમાણ કરો. એવું સાંભળીને હરણી ગમેષી દેવતા ઇંદ્રમહારાજની આજ્ઞાને સત્યકરી કબૂલ કરીને ઈંદ્રમહારાજને નમસ્કાર કરીને ચાલ્યો. વૈક્રિયરૂપ કરવા સારૂ ઉત્તર પૂર્વની વચ્ચે ઇશાન કોણેં તીર્છા અસંખ્યાતા યોજન જઈને નિર્મલ ઉત્તર વૈક્રિય સમુદ્ઘાતરૂપ કરે, આત્મ પ્રદેશને વિસ્તારે સંખ્યાતા જોયણ લગેં જીવ પ્રદેશ કર્મપુદ્ગલ સમુદ્ઘાત પ્રત્યેં વિસ્તારે. તિહાં વિવિધ પ્રકારના પુદ્ગલ પ્રત્યેં ગ્રહણ કરે, તે કહે છે. (૧) કર્ક રત્ન, (૨) વજ્રરત્ન, (૩) વૈડૂર્ય રત્ન, (૪) લોહિતાક્ષ રત્ન, (૫) મસાર-

ગલ રત્ન, (૬) હંસગર્ભ રત્ન, (૭) પુલક રત્ન, (૮) સૌગંધિક રત્ન, (૯) જ્યૌતિષિક રત્ન, (૧૦) અંજન રત્ન, (૧૧) અંજનપુલક રત્ન, (૧૨) જાતરૂપ રત્ન, (૧૩) સુભગ રત્ન, (૧૪) અંક રત્ન, (૧૫) સ્ફટિક રત્ન, (૧૬) રિઠ રત્ન, એવા રત્નપુદ્ગલ લઈને વૈક્રિય શરીર વિકૂર્વીને ઉત્કૃષ્ટી વિહાર ગતિયેં, ચપલાગતિયેં, જયણાગતિયેં, ચંડાગતિયેં, ઉદ્ધર્ત્તરેણુની પેરેં દેવસંબંધી દિવ્યગતિયેં કરીને ચાલતો થકો અસંખ્યાતા દ્વીપસમુદ્રમાંહે થઈને જ્યાં જંબુનામા દ્વીપ, તિહાં ભરત ક્ષેત્ર તેને વિષે જીહાં બ્રાહ્મણકુંડ નામા નગર છે, તિહાં ઋષભદત્ત નામા બ્રાહ્મણના ઘરને વિષે જઈને દેવાનંદા બ્રાહ્મણી જ્યાં છે, ત્યાં આવે. આવીને ભગવંતને નમસ્કાર કરે, નમસ્કાર કરીને પછી દેવાનંદા બ્રાહ્મણીને પરિવાર સહિત અવસ્વાપિની નિદ્રા આપે. પછી યોનિમાંહેથી અશુભ પુદ્ગલ અપહરે પરહાં કરે અને શુભ પુદ્ગલનો પ્રક્ષેપ કરે. પછી ભગવાનની આજ્ઞા માગે, આજ્ઞા માગીને ભગવંતને બાધા પીડા ન ઉપજે તથા ભગવંતની માતાને બાધા પીડા ન ઉપજે, તેમ સુખેં સુખેં દેવસંબંધી પ્રભાવેં કરીને ભગવંતને હાથમાં સંપુટે કરી ગ્રહે. ગ્રહીને ॥ ૯ ॥

**थाप्यो त्रिशला कुखें, ब्याशी दिन पछें॥ मानुं शुभ लग्न जोवा रह्या ए ॥ त्रण ज्ञानें भगवंत, आवी तिहां वश्या, आशोज वदि तेरश दिनें ए ॥ १० ॥**

અર્થ:—જિહાં ખત્રિયકુંડ નગર છે, તેને વિષે સિદ્ધાર્થ નામેં રાજા છે, તેની ત્રિશલા નામેં રાણી જ્યાં વસે છે, તિહાં તે દેવતા આવે. તે ત્રિશલા ખત્રિયાણીને સર્વ પરિવાર સહિત

અવસ્વાપિની નિદ્રા આપે. પૂર્વ રીતેં અશુભ પુદ્‌ગલ અપહરે અને શુભ ઉત્તમ પુદ્‌ગલ પ્રક્ષેપે. પછી ત્રિશલાની કુંખમાંહે ભગવંત મહારાજને પધરાવે અને ત્રિશલાની કૂખનો ગર્ભ તે દેવાનંદાની કૂખમાં ધરે. એમ હરણીગમેષી દેવતા પોતાનું કામ કરી પાછો ઇંદ્રપાસેં જઈને ગર્ભહરણની વાત કહી ને કહ્યું કે તમારી આજ્ઞા સર્વ પ્રમાણ કરી છે. તેણેં કાલેં, શ્રમણ ભગવંત શ્રીમહાવીર બ્યાશી દિવસ તો દેવાનંદાની કૂખેં રહ્યા, ત્રણ જ્ઞાનેં કરીને સહિત હતા, તે અહીઆંથી મને સંહરશે ? એમ જાણે પણ સંહરતી વેલાયેં સૂક્ષ્મ, માટે ન જાણે; અને સંહરણ કરી રહ્યા પછી જાણે જે મુઝને દેવા-નંદાની કૂખેંથી ત્રિશલા રાણીની કુખમાં ધર્યો છે, તેણેં કાલેં શ્રમણ ભગવંત શ્રીમહાવીર, તે વર્ષાઋતુનો ત્રીજો માસ પાંચમો પખવાડો આશો મહીનાના અંધારા પખવાડાની તેરશને દિવસેં અર્દ્ધરાત્રિને વિષે એટલે બ્યાશી દિવસ તો પૂર્ણ ગયા અને ત્ર્યાશીમા દિવસની રાત્રિને અંતરેં વર્ત્તતે છતે ભગવંતને દેવાનંદાની કૂંખેથી લઈને ત્રિશલાની કૂખમાં પધરાવ્યા, પધ-રાવ્યા પછી ભગવંતેં પણ જાણ્યું, જે હું ઈહાં આવ્યો છું. કવીશ્વર કહે છે કે હું એવું માનું છું કે શુભલગ્ન જોવા સારૂજ બ્યાશી દિવસ પર્યંત દેવાનંદાની કુખને વિષે પ્રભુ રહ્યા હસે કે શું ? ॥ ૧૦ ॥

**सुंदर घर सुख सेजें, सूति सुंदरी ॥ सुपन चउद लहे मज्जिम निसि ए ॥ (वली सुपन वर्णवे छे) गज वृ-षभ सिंह श्री दाम, शशी रवि ध्वज घट ॥ सरो वर दधि बिमान रयण शिखा ए ॥ ११ ॥**

અર્થ:—હવે તેહીજ રાત્રયેં મહા મનોહર નરમ ઉંડી વિશાલ એવી સુખ શય્યાયેં સુતાં થકાં કાંઇક સુતાં, કાંઇક જાગતાં, મહા માંગલિકના કરનાર, ઉપદ્રવના નિવારણહાર, મહાભદ્રક, એવા ચૌદ સુપનાં રાત્રિના મધ્ય સમયને વિષે ત્રિશલા રાણીયેં દીઠાં, તેનાં નામ કહે છે. પ્રથમ સ્વપ્નેં હાથી, બીજે વૃષભ, ત્રીજે સિંહ, ચોથે લક્ષ્મી, પાંચમે ફૂલની દામ એટલે માલા, છઠે ચંદ્રમા, સાતમે સૂર્ય, આઠમે ધ્વજા, નવમે કુંભકલશ, દશમે સરોવર, અગ્યારમે સમુદ્ર, બારમે દેવવિમાન, તેરમે રત્નનો રાશિ અને ચૌદમે સ્વપ્નેં નિર્ધૂમ અગ્નિની શીખા દીઠી ॥ ૧૧ ॥

सिंह प्रथम मुखमांहें, पेखे पेसतो ॥ अवर सवे इम जाणीयें ए ॥
निरखी हरखी ताम कंत कहे सुणो, शूरवीर सुत होयशे ए ॥१२॥

અર્થ:—વલી કેટલાએક આચાર્ય એમ કહે છે કે પ્રથમ સ્વપ્નમાંહે માતાયેં સિંહ પોતાના મુખમાંહે પેસતો દેખ્યો. એ રીતેં (અવર કે૦) બીજાં પણ સર્વે સ્વપ્ન, મુખમાં પેસતાં દેખે, એમ જાણવું. એવા સ્વપ્ન દેખીને ત્રિશલા તે વખતેં હર્ષ પામતી હવી. હવે સિદ્ધાર્થ રાજા, ત્રિશલા રાણીને કહે છે કે, આપણેં શૂરવીર, પર્વત સમાન, ધ્વજા સમાન, પુત્ર થાશે ॥ ૧૩ ॥

देवानंदा ताम देखे एहवुं ॥ मुज सुहणां त्रिश
ला हरे ए ॥ रुषभदत्त कहे एम, न रहे रंक
घरे ॥ रत्ननिधान परें एहवो ए ॥ १४ ॥

અર્થ:—હવે ભગવંત શ્રીમહાવીર ત્રિશલાની કૂખમાં આવ્યા પછી દેવાનંદાયેં એવું સ્વપ્ન દીઠું કે, મેં જે પ્રથમ

સ્વપ્ના દીઠાં હતાં, તે મહારા સ્વપ્ના ત્રિશલા રાણીયેં હરણ કરી લીધાં; એવી વાત પોતાના પતિ ઋષભદત્તને કહી. તેવારેં ઋષભદત્ત દેવાનંદાને કહેવા લાગો કે હે સ્ત્રી! એવા કલ્યાણકારી સુપનાં આપણે રંકને ઘરે એટલે ભીખારીને ઘરે ન રહે. એ સુપન તો રત્નના નિધાન સરખાં છે. તે રત્નનો નિધાન જેમ દરિદ્રીને ઘેર ટકે નહિં, તેમ આપણે ઘેર એવાં સુપન પણ ટકે નહિં ॥ ૧૪ ॥

**वास घरे सुख सेज, अने वली सुपनडां सूत्रमांहे**
**सवि वरणव्यां ए॥ उज्जल गज चउदंत रे,**
**ऐरावण समो॥ आवोने उभो रह्यो ए॥१५॥**

અર્થઃ—હવે તે ત્રિશલા માતાના વાસભુવનને વિષે સુવાની શય્યા છે, તેની શોભાનું વર્ણન, સર્વે સવિસ્તરપણે સૂત્રમાં વખાણ્યું છે અને વલી ચઉદ સુપનાનું વર્ણન પણ સૂત્રમાં સવિસ્તર કહ્યું છે, તથાપિ સુપનાંનો સ્વરૂપ ભાવાર્થ અહીંઆં પણ વર્ણવીયેં છૈયેં. તિહાં પ્રથમ સુપનેં ત્રિશલા રાણી હાથી દેખે, તે હસ્તી કેહેવો છે? તો કે ઘણો બલવાન્ છે, ચંદ્રમાના કિરણો સરખો ધોલે વર્ણે છે, રુપાનો વૈતાઢ્ય પર્વત છે, તેથી પણ ઘણો ઉજ્જ્વલ છે, જેને આઠ ઠેકાણેં મદ ઝરે છે, ત્યાં ભમરા આવીને ગુંજારવ કરે છે, વલી ઈંદ્રના અહિરાવત હસ્તી સમાન મહા મોહોટો દેહ છે જેનો, એવો ઘણો દેદીપ્યમાન છે. મેઘના સરખો ગંભીર ગર્જારવ કરતો છે, શુભ, ઉત્તમ, સર્વ લક્ષણેં કરી સહિત એવો હસ્તી, ત્રિશલા માતાયેં દીઠો ॥ ૧૫ ॥

**लष्टपुष्ट जसु देह रे, तीखा शृंगछे ॥ भ्रमरोपम सम लोयणां ए ॥ सिंह उज्ज्वल तींखी दाढ, अने शुभ लक्षणो॥ उन्नत सौम्य सोहामणो ए ॥१६॥**

અર્થઃ—હવે બીજે સ્વપ્નેં વૃષભ દીઠો. તે કહેવો છે? તો કે ધોલો કમલના પત્ર સરખો શ્વેત વર્ણ છે, જેનો સૌમ્ય દર્શન છે, ઘણો રમણિક છે, શોભાયમાન છે, રાતા ખાંધની ઉપર શોભતીથકી થુંભી છે જેની તેણેં કરી બિરાજમાન છે, વલી સુકુમાલ કેશ સ્નિગ્ધ છે, મનોહર શરીરની પસમાઇયેં કરી શોભી રહ્યો છે, ભલો લષ્ટ પુષ્ટ છે, વલી ઉત્કૃષ્ટ શ્રેષ્ટપણે સમાર્યા છે તીખાં શંગ જેનાં તેણેં કરી દીપી રહ્યો છે. મનોહર દાડિમની કલી સરખા સુશોભિત દાંત છે જેના, વલી ઝૂલેં કરી પલાણ્યો થકો છે, તથા ઘણી ઘુઘરમાલાઓ તેણેં કરી લુંબે જુંબે કરી પરવર્યો છે, આભૂષણેં કરી શોભાયમાન છે, ખુરિયેં કરી ધરતીની ઉપર વિલાસ કરતો થકો છે, સર્વ ભાર ઉપાડવાને સમર્થ એવો વૃષભ આકાશથકી ઊતરતો વિલાસ કરતો થકો ત્રિશલા રાણીયેં શય્યાને વિષે પોતાના મુખમાં પ્રવેશ કરતો થકો દીઠો. જેમ વૃષભ છે તે ભારનો નિર્વાહ કરવાને સમર્થ છે તેમ ભગવાન્ પણ શીલાંગરથરૂપ સંયમ ભાર નિર્વાહ કરવાને સમર્થ છે ॥ ૨ ॥

હવે ત્રીજે સ્વપ્ને સિંહ દીઠો, તે કહેવો છે? તો કે મોતીના હાર, સમુદ્રના પાણીના કણિયા, તથા રુપાના કણિયા અથવા ચંદ્રમાના કિરણ તથા રુપાનો વૈતાઢ્ય પર્વત, તેના સરખો ધોલો વર્ણ છે જેનો, વલી ઘણો રમણિક છે, તેથી

જોવા યોગ્ય છે, તથા સ્થિર, મનોહર, પુષ્ટ, વાટલાકાર તથા માંહોમાંહે મલતી, પ્રધાન તીખી જે ડાઢો, તેણેં કરીને સુશોભિત છે મુખ જેનું એવો જાત્યકમલ પત્રની પેરેં સકોમલ માનોપેત તથા રાતા કમલના પત્ર સમાન તાલવું છે જેનું, વલી મનોહર છે હોઠ જેના, કમલના પાન સરખી મનોહર જીભેં કરી લપલપાયમાન કરતો છતો છે. કેવી લાગે છે ? તો કે માટીની મુસમાંહે ઘાલેલો સુવર્ણનો લઠો ઉન્હો થકો જેમ ફરે, તેમ જીભ શોભે છે; તથા વીજલીના ઝબકારા જેવાં નયન છે જેનાં, તેજવંત મોહોટી છે સાથલ જેની, નિર્મલ સકોમલ છે ખંધ જેનો, મોહોટું આસ્ફાલતું જે પૂછડું તેને ગોલ કરીને બેઠો છે, સૌમ્યવદન છે, મનોહર આકૃતિ છે, મધુરી ગતિ છે, લીલાયેં કરીને વિચરતો છે, એવો મહામંગલકારી સિંહ તે આકાશ થકી ઉતરતો પોતાના મુખમાંહે પ્રવેશ કરતો ત્રિશલા રાણીયેં ત્રીજા સ્વપ્નમાં દીઠો. જેમ સિંહને દેખી ગજઘટા નાસે, તેમ ભગવંતને દેખી સાત ભય તથા બીજાં જે ભય તે ત્રાસ પામે ॥ ઈતિ તૃતીયં સ્વપ્નં ॥

लखमी कमलें वसंती, हिमवंतपर्वतें ॥ पद्मद्रह छे
अभिनवी ए ॥ एक कोडी वीश लाख, खट
वलयें मळी, चोथे लखमी देवता ए ॥ १७ ॥

અર્થઃ—ચોથે સ્વપ્નેં લખમી દેવતા કમલમાં વસતી થકી દીઠી. વલી એ લક્ષ્મી દેવતા કિહાં રહે છે ? તો કે આ જંબૂદ્વીપને વિષે હિંમવંત નામા પર્વત

સોનાનો છે, તે એકશો યોજન ઉંચો છે, અને એક હજાર બાવન યોજન અને બાર કલા ઉપર, એટલો પોહોલો છે; તે મધ્યે પદ્મદ્રહ છે, તે દશ યોજન ઉંડો, હજાર યોજન લાંબો, પાંચશેં યોજન પોહોલો છે; તેનું તલીયું વજ્ર રત્નમય છે. ચોફેર પણ વજ્રમય છે. તે દ્રહના મધ્યભાગેં એક કમલ છે, તે કમલનું નાલ દશ યોજનનું દીર્ઘ છે, જલથી ઉપર બે કોશ ઉંચું છે, એક યોજન પોહોલું છે, એક યોજન દીર્ઘ છે; તેનું વજ્ર રત્નમય મૂલ છે. રિષ્ટ રત્નમય કાંદો છે. વૈડૂર્ય નીલ રત્નમય નાલ છે, રાતા સુવર્ણમય બાહેરના પાંદડાં છે, નીલા સુવર્ણમય અભ્યંતરનાં પાંદડાં છે; તેમાં નીલ સુવર્ણની કર્ણિકા છે, તે બે કોશ પોહોલી અને એક ઉંચી છે, તિહાં રાતાં સોનાનાં કેસરાં છે. તે મધ્યે શ્રી લક્ષ્મી દેવીનું ઘર છે, તે એક કોશ લાંબુ, અર્દ્ધો કોશ પહોલું અને ચઉદશેં ચાલીશ ધનુષ્ય ઉંચું છે; તે ઘરનાં બારણાં પૂર્વ, દક્ષિણ અને ઉત્તર, એવી ત્રણ દિશાયેં છે; તે બારણાં પાંચશેં ધનુષ્ય ઉંચા અને અઢીશેં ધનુષ્ય પહોલાં છે; વળી તે ઘરમાં અઢીશેં ધનુષ્ય પ્રમાણ મણિમય પીઠિકા છે; તે પીઠિકા ઉપર લક્ષ્મી દેવીની શય્યા છે. હવે તિહાં એ દેવીનાં મુખ્ય કમલની પાંખતિયેં લક્ષ્મી દેવીને આભરણાદિક મૂકવાનાં વલયાકારેં એકશો ને આઠ કમલો છે, તે કમલોનું સર્વ ઉંચ નીચપણું મુખ્ય કમલથી અર્દ્ધ પ્રમાણે જાણવું. એ એકશો ને આઠ કમલેં કરી ને મૂલ કમલ વીંટેલું છે, જેમ ગઢેં કરી નગરી વિંટાયેલી હોય છે, તેમ જાણવું. હવે તે મૂલગા કમલના બીજા વલયની

પૂર્વ દિશાયેં મહર્દ્ધિક ચાર દેવીઓને વસવાનાં ચાર કમલ છે, તથા વાવ્ય કોણ, ઉત્તર દિશિ, અને ઈશાનકોણ, એ ત્રણે દિશાયેં દેવીના સામાનિક દેવતાને વસવાનાં ચાર હજાર કમલ છે, તથા શ્રી દેવીની અભ્યંતર પર્ષદાનાં જે આઠ હજાર ગુરૂ સ્થાનીય દેવતા છે, તેને વસવાનાં આઠ હજાર કમલ, અગ્નિ કોણેં છે, તથા મધ્ય પર્ષદાના દશ હજાર મિત્ર સ્થાનીય દેવતાને વસવાના દશ હજાર કમલ, દક્ષિણ દિશાયેં છે, તથા શ્રી દેવીનાં બાહ્ય પર્ષદાના કિંકર સ્થાનીય બાર હજાર દેવતાને વસવાનાં બાર હજાર કમલ, નૈઋત કોણેં છે, અને શ્રી દેવીના હાથી, ઘોડા, રથ, પાયક, મહિષ, નાટય, ગંધર્વ, એ સાત કટકના સ્વામીને રહેવાનાં સાત કમલ, પશ્ચિમ દિશાયેં છે. હવે ચારે દિશિને વિષે લક્ષ્મી દેવીના અંગરક્ષક શોલ હજાર દેવતાને વસવાનાં શોલ હજાર કમલ, તે ત્રીજા વલયની ચાર દિશિ માંહેલી પ્રત્યેક દિશિને વિષે ચાર ચાર હજાર કમલ કરતાં શોલ હજાર કમલ છે. તથા ચોથા વલયને વિષે શ્રી દેવીના અભ્યંતર આભિયોગિક બત્રીશ લાખ દેવતાને વસવાનાં બત્રીશ લાખ કમલ છે. તથા પાંચમા વલયને વિષે શ્રી દેવીના મધ્યમ ચાલીશ લાખ આભિયોગિક દેવતાનાં ચાલીશ લાખ કમલ છે. તથા છઠા વલયને વિષે શ્રી દેવીના અડતાલીશ લાખ બાહ્ય આભિયોગિક દેવતાનાં અડતાલીશ લાખ કમલ છે. એવં મૂલ કમલ સહિત સર્વ મલી છ વલયનાં એક ક્રોડ, વીશ લાખ, પચ્ચાશ હજાર, એકશો ને વીશ કમલ જાણવાં. તે કમલનાં માન મુખ્ય કમલથી માંડી અનુક્રમેં અર્દ્ધ અર્દ્ધ પ્રમાણ લેવાં.

એ સર્વ કમલવાસી દેવતા શ્રીદેવીનો પરિવાર જાણવો. એ દેવી ભવનપતિ માંહેલી જાણવી.

વલી તે શ્રીદેવી કેહેવી છે ? તો કે પ્રશસ્તરૂપની ધરનારી છે, વલી સુવર્ણમય કાચબાની પૂઠની પેરેં ચઢતાં ઉતરતાં એવા ઉન્નત છે, ચરણ જેનાં એવી છે. અતિ ઉચા પગના અંગુઠા પ્રમુખ જાણે લાખના રસ સાથેં રંગ્યા હોય નહિ ? એવા છે; વલી ગલોડા સરખા રાતા છે, તથા ચીકણા અને તેજવંત નખ છે; હાથ, પગ સુકુમાલ છે, કરૂવિંદાવર્ત્તનામા ભૂષણવિશેષની પેરેં વાટલી ચઢતી ઉતરતી જંઘા પિંડી ઘોલ છે, વલી ગુપ્ત છે ઢીંચણ માંસેં કરી પૂર્ણ છે, તથા હાથીની શુંઢ સરખી પુષ્ટ છે સાથલ જેની, સોનાની મેખલા સહિત વિસ્તીર્ણ કટિ જેની શોભે છે, ઘૃતેં મથ્યું કાજલ તથા મેઘ તથા ભમરા સરખી શ્યામ છે, સુકુમાલ શરશવના ફૂલની પેરેં મનોહર રમણિક રોમરાજી છે, જેહની ડૂંટી મહા ઉંડી છે, સિંહ સરખી કેડ છે, નાના પ્રકારના આભરણ પહેર્યાં છે જેણેં, રત્નેં જડિત મોતિના હાર તથા કુંદ, મચકુંદના ફૂલની માલાયેં કરી બિરાજમાન છે, છાતી કલશ સરખી ઉંચી છે, જેમ કલશ ઉપર ફૂલના હાર શોભે તેમ દેવીની છાતી ઉપર મોતીના હાર શોભે છે. વલી બે હાથને વિષે કમલ છે. ઘણા મહોટા સુવર્ણ કલશ ઢોલતા થકાં, પટ્ટાભિષેક કરતાં થકાં, દેવ દેવીને પરિવારેં સહિત બે કુંડલ કાનેં ઉલ્લસતાં ખંભે ઘસાતાં ગાલેં ઘસાતાં પ્રભા સહિત શોભતાં છે, જેણે ગુણ સમુદાયેં કરી મુખને શોભાકરી છે, કમલની પેરેં વિશાલ રમણિક અને દીસા છે લોચન

જેનાં. એવી હિમવંત પર્વત થકી ઉતરતી ત્રિસલાના ઘરમાં પ્રવેશ કરતી લક્ષ્મી દેવીને દીઠી, એ ચોથું સુપન ॥

**चार सुपननो अर्थ, भांखी राखीयें ॥ सूत्र वखाण बीजुं थयुं ए ॥**
**वडो कल्प दिन एम, उच्छवशुं करो, ज्ञानविमल गुरु मुख सुणी ए ॥**

**इति द्वितीय व्याख्यान समाप्तं ॥२॥**

**અર્થ:**—એ ચાર સુપનનો અર્થ ભાંખીને રહિયેં, તેવારેં કલ્પસૂત્રને વિષે બીજું વખાણ સંપૂર્ણ થાય. એને જે ભવ્ય પ્રાણી સુણે, સાંભલે, ધારે, પાલે, તે અનુક્રમેં મુક્તિનાં સુખ પામે. એ બીજા વખાણને દિવસેં મહોટો કલ્પ કહીયેં; માટે તે દિવસેં ઘણો મહોત્સવ કરવો. એ રીતેં એ બીજા વખાણનો અધિકાર, જ્ઞાનવિમલસૂરિયેં ગુરૂના મુખથકી સાંભલીને કહ્યો ॥ ઈત્યક્ષરાર્થ: ॥ ૧૮ ॥ ૨ ॥

**અથ તૃતીય વ્યાખ્યાન પ્રારંભઃ ॥**

**ढाल त्रीजी ॥ देशी चोपाईनी ॥**

**हवे दश सुपन तणी वर्णना, सूत्रपाठ सुणियें एक मना ॥**
**राजा मज्जन कौतुक करे, अंगे वस्त्र विभूषण धरे ॥ १ ॥**

**અર્થ:**—હવે ત્રીજા વખાણમાં પાંચમા સુપનથી ચૌદમા સુધી દશ સુપનનું વર્ણન કરવું તે નીચેં લખ્યું છે. એ કલ્પસૂત્રનો સૂપાત્રપાઠ, એક મનેં સાંભલીને ધારવો. તેવાર પછી પ્રભાત સમયેં રાજા સ્નાન, મઝન, કરતો હવો. સ્નાન કરી, શરીર નિર્મલ કરી, ભલાં વસ્ત્રાભરણ પેહેરીને સ્નાન ઘરથી નીકલતો હવો. તે વખત રાજા કેહેવો દેખાય છે? તે આગલી ગાથાયેં કહેશેં.

હવે પાંચમે સ્વપ્ને ફૂલની માલા દીઠી, તે કહેવી હતી ? તેનું વર્ણન કરે છે. તે માલા ઉત્તમ કલ્પવૃક્ષના ફૂલની માલા જેવી ઘણી રમણિક, મનોહર, સુગંધકારી, અદ્‌ભુત, સુંદર સ્વરૂપવાન્ દીઠી. ચંપાનાં ફૂલ, અશોકનાં ફૂલ, મોઘરાનાં ફૂલ, માલતીનાં ફૂલ, જાયનાં ફૂલ, અંકોલનાં ફૂલ, કોરંટ-વૃક્ષનાં ફૂલ, દમણુનાં ફૂલ, નવમાલતીનાં ફૂલ, બોલસિરીનાં ફૂલ, તિલનાં ફૂલ, વસંતિકાનાં ફૂલ, કમલનાં ફૂલ, કેવડાનાં ફુલ, સોહાગણનાં ફૂલ, ગુલાબનાં ફૂલ, એવા નવા નવા પ્રકારનાં પંચવર્ણાં મહા સુગંધકારી ફૂલ, તેનો જે પરિમલ, તેણે કરી દશોદિશને વિષે સુગંધના મહ મહાટને પસાર કરતી છે, એ માલા સમસ્ત ઋતુનાં ફૂલે કરી સુગંધિત છે. વલી ધોલી કીધી છે વસતિ તેણે એવી કાંતિવંત છે, ઘણા મનો-હર વર્ણે કરી ચિત્રિત છે, તથા જેને વિષે ભ્રમરા ગુંજારવ કરી રહ્યા છે, એવી ફૂલની માલા, આકાશથી ઉતરતી, ત્રિશલા માતાયેં પાંચમા સુપનને વિષે દીઠી ॥ ૫ ॥

હવે છઠે સ્વપ્ને ચંદ્રમા દીઠો, તેનું વર્ણન કરે છે. તે ચંદ્રમા, જેવું ગાયના દૂધનું ફીણ ધોલું હોય, તેવો ધોલો છે, વલી પાણીના કણીયા સરખો ધોલો છે તથા રૂપાના કલશ સરખો કાંતિયેં કરી ધોલો છે, કલ્યાણકારી શોભતો છે. તથા હૃદયને અને નેત્રને અત્યંત આનંદને ઉપજાવતો થકો મહા મનોહર છે, અંધકારના સમૂહનો ટાલનાર, જગ-ત્માં પ્રકાશ કરનાર, રાત્રિવિકાસી કમલને વિકસ્વરનો કરનાર, રાત્રિનો ધણી, રાત્રિને શોભાવનાર, પરિપૂર્ણ, શોલ કલાયેં કરી સંપૂર્ણ, માનસહંસ સરખો, આરીસાના તલા સરખું

ઉજ્જવલ સમુદ્રનું પાણી તેનો પૂરનાર, ભર્ત્તાર રહિત વિરહિણી સ્ત્રીને દુઃખદાયી છે, કેમકે જેમ ચંદ્રમાનાં કિરણ વૃદ્ધિ પામતાં જાય, તેમ સ્ત્રીને રોમેં રોમેં કામ વિકસ્વર થાય, માટેં વિરહિણી સ્ત્રીને દુઃખ કરનાર કહ્યો. વલી રોહિણીનો ભરતાર છે, સૌમ્ય મનોહર રૂપવંત, એવો ચંદ્રમા આકાશને વિષે પ્રકાશ કરતો થકો જીહાં સિદ્ધાર્થ રાજાનું ઘર છે, તિહાં પ્રવેશ કરતો સ્વપ્નને વિષે ત્રિશલા રાણી દેખતી હવી ॥ ૬ ॥

હવે સાતમે સ્વપ્નેં સૂર્ય દીઠો, તેનું વર્ણન કરે છે. ચૈત્રમાસેં બારશેં કિરણ, વશાખમાસેં તેરશેં કિરણ, જ્યેષ્ઠમાસેં ચૌદશેં કિરણ, આષાઢમાસેં પન્નરશેં કિરણ, શ્રાવણમાસેં ચઉદશેં કિરણ, ભાદ્રપદમાસેં ચૌદશેં કિરણ, આશ્વિનમાસેં શોલશેં કિરણ, કાર્ત્તિકમાસેં અગીઆરશેં કિરણ, માગશીર્ષમાસેં સાડાદશશેં કિરણ, પૌષમાસેં હજાર કિરણ, માઘમાસેં સાડા દશશેં કિરણ, ફાલ્ગુનમાસેં અગીઆરસેં કિરણ. એહવા કિરણેં કરી પરવર્યો થકો, અંધકારના પડલને ટાલતો થકો, વલી જેવાં રાતાં અશોકનાં ફૂલ, જેહવું કેશુડાંના વૃક્ષના ફૂલનું મુખ, જેહેવો અડધી ચણોઠીનો રંગ, જેહેવું શૂડલાનું મુખ, તેહવો સૂર્ય પણ તેજેં કરી રાતો દેદીપ્યમાન છે, સૂર્યવિકાસી કમલવનનો શોભાવનાર, જ્યોતિષચક્રનો જાણનાર, મેષાદિક બારે રાશિનો જણાવનાર, આકાશનો દીવો, હિમપડલનો ગાલનાર, અઠયાશી ગ્રહનો અધિપતિ, રાત્રિનો નસાડનાર, ઉદયાસ્તવેલાયેં બે ઘડી સન્મુખ જોવાય, અન્યથા દુઃખેં જોવાય, રાત્રિની શુદ્ધિ કરનાર, અંધ-

કારનો મર્દન કરનાર, ટાઢનો વૈરી, મેરૂ પર્વતને ચોફેર સર્વદા ફિરતો રહે છે. એવા વિશાલ સૂર્યને સાતમા સ્વપ્નાને વિષે ત્રિશલા માતા દેખતી હવી ॥ ૭ ॥

આઠમે સ્વપ્ને ધ્વજા દીઠી, તે વર્ણવે છે. તે ધ્વજાનો સુવર્ણનો દંડ છે, વલી ઘણાં નીલાં, રાતાં, પીલાં, ઉજલાં, સુકોમલ, વાયરે ઉલ્લસતાં માથાના કેશની પેરે કીધો છે મોરપિચ્છ એવી અધિક શોભા વાલી ધ્વજા છે, તથા ભાંજેલો શંખ, મચકુંદનાં ફૂલ, પાણીના કણ અને રુપાના કલશ સરખી ઉજ્જવલ, વલી માથે સિંહનો આકાર છે અને શ્રીમહાવીર સ્વામીને પણ સિંહનો આકાર છે, તે આકારે કરી શોભતી તથા વાયરે કરી હાલતી થકી, આકાશની સાથે વાદ કરતી થકી છે, એવી ધ્વજાને આઠમા સુપનને વિષે ત્રિશલા રાણી દેખતી હવી ॥ ૮ ॥

નવમે સુપને ત્રિશલા ક્ષત્રિયાણીયે પૂર્ણ કલશ દીઠો, તેનું વર્ણન કરે છે. તે કલશ નિર્મલ જાતિવંત સોનાનો છે, સુગંધિત પાણીયે કરી ભરેલો છે, ઘણા રમણિક ઘાટે ઘડેલો છે, કમલને પરિવારે શોભતો છે, જાણીયે માંગલિકનું ઘરજ હોય નહિં? વલી રત્ન, હીરા, મોતીયે જડેલો છે, પ્રધાન રત્ને શોભિતથકો કમલને વિષે રહ્યો છે, લોચનને હર્ષનો કરનાર, સર્વ દિશાઓને દીપાવતો થકો સૌમ્ય છે, લક્ષ્મીનું સ્થાનક છે, સર્વ પાપનો નિવારણહાર પાપરહિત છે માટે શુભ છે, દેદીપ્યમાન છે, વલી ધર્મ, અર્થ અને કામનો દેનાર છે. વલી સમસ્ત ઋતુના ઉપનાં જે ફૂલ, તેની માલા, તે કલશના કંઠને વિષે થાપેલી છે, તે માલાના

સુગંધેં કરી વાસિત છે, વલી નાના પ્રકારના ધૂપ જેને વાસી રહ્યા છે, કલ્યાણકારી માંગલિકનો કરનાર ઘણા સુંદર રુપવાલો એવો સોનાનો પરિપૂર્ણ કલશ, પોતાના મુખમાં પ્રવેશ કરતો થકો ત્રિશલા દેવીયેં નવમે સ્વપ્ને દીઠો ॥ ૯ ॥

હવે દશમે સ્વપ્ને પદ્મસરોવર દીઠું, તેનું વર્ણન કરે છે. ઉગતા સૂર્યનાં કિરણેં કરીને વિકસ્વર, એવાં જે કમલ, તેના સુગંધેં કરી સહિત એવું મહા ઉજ્જવલ જલ જેને વિષે શોભી રહ્યું છે, વલી ઘણા પ્રકારના જલચર જીવેં કરીને પરિપૂર્ણ છે જલસંચય જેમાં, વલી સૂર્યવિકાશી કમલેં કરી દીપતું છે, તથા ચંદ્રવિકાશી રાતાં કમલ, તેના હર્ષેં કરી પ્રમોદ પામેલું છે, વલી કમલને ગંધેં મોહ્યા એવા ઘણા ભ્રમરા તથા ભ્રમરીના સમૂહ, તેણેં આસ્વાદિત છે, હર્ષવંત છે, કેમકે તે સરોવર ઉપર ઘણા ભ્રમર ગુંજારવ કરી રહ્યા છે. વલી ઘણા કંદબક, બગલાં, કબૂતર, ચક્રવાક, રાજહંસ અને સારસ પ્રમુખ પંખીઓ ગર્વ સહિત બોલી રહ્યાં છે. જેની મ્હોટી ગર્દન હોય, તે રાજહંસપક્ષી અને જેના પગ મ્હોટા હોય, તે સારસ પક્ષી જાણવા. એવા પંખીઓના જોડલાયેં સેવેલું પાણી છે જેને વિષે તથા નાના પ્રકારનાં પક્ષીનાં ટોલાં તે સરોવરરુપ ઉત્તમ સ્થાનક પામીને મનમાં પ્રમોદ કરતાં, આનંદ ઉપજાવતાં થકાં પોતાની સ્ત્રીઓ સાથેં વિલાસ કરતાં તે સરોવરને કાંઠે બેઠાં છે, તથા કમલિનીપત્રેં લાગા જે જલબિંદુ, તે રુપ મોતીયેં કરીને વિચિત્ર છે, એવું સરોવર, ત્રિશલા રાણીયેં દશમા સુપનને વિષે દીઠું ॥ ૧૦ ॥

હવે અગીઆરમે સ્વપ્ને ક્ષીરસમુદ્ર દીઠો, તેનું વર્ણન કરે છે. ચંદ્રમાનાં જે કિરણ, તેનો જે સમૂહ, તે સરખી મધ્યભાગને વિષે શોભા છે જેની, વલી ચારે દિશાયે પાણી વધતું છે જેનું તથા ઉંચા થાતા એવા જે મહા કલ્લોલ, તેણે કરી શોભે છે, પ્રગટ વાયરે હણ્યું એવું જે પાણી, તેના તરંગ ભેદવે કરી ક્ષોભને પામતા પરહાં થાતા એવા મ્હોટા કલ્લોલોની માલા, તેણે કરી મનોહર છે. વલી તે પાણીમાં રહ્યા એવા જે મગરમચ્છ, જલહસ્તી, મચ્છ પ્રમુખ જનાવરો, તે મ્હોટા પાણીમાં લડતાં થકાં, દોડતાં થકાં, પૂછડે કરીને પાણીને હીલોલે ચઢાવે છે, તેથી તે કલ્લોલ, એક એકથી વધતા થકા છે, વલી મ્હોટા મચ્છ, ન્હાના મચ્છ, તિમિંગલ મચ્છ, માછલાં, તિલ તલિયાં માછલાં, ઇત્યાદિક પાણીના જીવ તેમણે પૂછડે કરીને પાંખે કરીને પાણીને ઉચ્છાલ્યું છે, તેથી કર્પૂર સરખું ઉજલું પાણી ઉચ્છલ્યું થકું દેખાય છે એવો, વલી કમલના પરિવારે સહિત પાણીવાલો ક્ષીરસમુદ્ર, અગીઆરમા સુપનને વિષે ત્રિશલા રાણીયે, આકાશથકી ઉતરતો, મુખમાં પ્રવેશ કરતો દેખ્યો ॥ ૧૧ ॥

બારમે સ્વપ્ને દેવવિમાન દીઠું, તેનું વર્ણન કરે છે. તે વિમાનની સૂર્યના સરખી કાંતિ છે, પુંડરિક નામા વિમાન સદૃશ શોભે છે, ઉત્તમ સુવર્ણ મણિના પ્રધાન, એક હજારને આઠ સ્થંભ છે, તેણે કરી દેદીપ્યમાન છે, આકાશમાં પ્રકાશનું કરનાર દીપકરુપ છે, મ્હોટા મ્હોટા સોનાના પાટીઆંયે કરી લંબાયમાન છે, વલી મોતીની માલાયે કરી શોભિત છે,

તથા દેદીપ્યમાન દેવસંબંધિ ફૂલની માલાયેં કરી શોભે છે. તથા સિંહનાં રુપ, વૃષભનાં રુપ, ઘોડાનાં રુપ, મનુષ્યનાં, મગરમચ્છનાં, પક્ષીઓનાં, કિન્નરનાં, સર્પનાં, હરણનાં અષ્ટાપદનાં, ચમરી ગાયનાં, હાથીઓનાં, અશોકલતાનાં, પદ્મલતાનાં, કમલનાં, ચિત્રામણેં કરી ચિત્રિત છે, દેવ સંબંધિ વાજીત્ર ગીત ગાનેં કરી સંપૂર્ણ શબ્દ જેને વિષે થઇ રહ્યો છે, શાસ્વતા જલેં ભર્યો જે મહોટો મેઘ, તેના સરખો દેવ દુંદુભિનો શબ્દ તેણેં કરી ગાજી રહ્યું છે, એટલે ચૌદ રાજલોકને વિષે શબ્દ વ્યાપી રહ્યો છે, સમસ્ત જીવલોકને હર્ષ પમાડતું છે. કૃષ્ણાગરૂ, ચીડ, સેલારસ પ્રમુખના ધૂપેં કરી વાસિત છે, જેનો સર્વ સ્થલમાં ઉત્તમ સુગંધ ઉછલી રહ્યો છે, વલી ઉન્નત, ઉદ્યોતવંત તથા શ્વેત કાંતિવાલું છે અને દેવાંગનાઓ જેને વિષે બેઠેલીઓ છે, એવા શાશ્વતા ભોગવાલું પુંડરિક નામા વિમાન આકાશથી ઉતરતું ત્રિશલા ક્ષત્રિયાણીયેં મુખમાં પ્રવેશ કરતું બારમા સુપનને વિષે દીઠું ॥ ૧૨ ॥

તેરમે સ્વપ્ને રત્નનો રાશિ દીઠો, તેનું વર્ણન કરે છે. પુલક રત્ન, વૈડૂર્ય રત્ન, નીલ રત્ન, મસાગારગલ્લ રત્ન, ધનનું કરનાર કર્કેતન રત્ન, સૌગંધિક રત્ન, લોહિતાક્ષ રત્ન, મરકત રત્ન, પ્રવાલ રત્ન, સ્ફટિક રત્ન, અંજન રત્ન, ચંદ્રપ્રભા રત્ન, મણિ રત્ન, હંસગર્ભ રત્ન, ઇત્યાદિક નાના પ્રકારનાં પ્રધાન રત્નનો ઢગલો ધરતી ઉપર પડયો થકો આકાશ પર્યંત પ્રકાશનો કરનાર, મેરુ પર્વત સરખો ઉંચો, આકાશથી ઉતરતો ત્રિશલાયેં પોતાના મુખમાં પ્રવેશ કરતો તેરમે સુપને દીઠો ॥ ૧૩ ॥

હવે ચૌદમે સ્વપ્નેં નિર્ધૂમ અગ્નિ દીઠો, તેનું વર્ણન કરે છે. તે અગ્નિ ધૂમાડા રહિત છે, ઉજ્જ્વલ જ્વાલા છે, મધ તથા ઘૃતેં સીંચો થકો છે, ધગધગતી, દીપતી દશે દિશાયેં પસરતી તેજવંત વલી ઉંચી, નીચી જ્વાલાના યોગ સહિત માંહોમાંહે પેસતી એવી જ્વાલાયેં આકાશરુપ કોયલાને પચવતો, અતિ વેગેં ચંચલ, એવો અગ્નિ, આકાશમાં પ્રવેશ કરતો ત્રિશલા રાણીયેં દીઠો ॥ ૧૪ ॥

એવી રીતેં ચૌદ સુપન દેખીને ત્રિશલા રાણી શય્યા માંહેથી જાગીને મનમાં હર્ષ પામતી થકી જેમ મેઘની ધારાયેં હણ્યું જે કંદબના વૃક્ષનું ફૂલ, તેની પેરેં હઇયું ફૂલ્યું છે જેનું, તથા સાડા ત્રણ ક્રોડ રોમરાય ઉલ્લાસને પામ્યાં છે જેનાં એવી થકી, તે ચૌદ સુપનને નહીં વીસરે, એવી રીતેં મનમાં ધારીને શય્યાથકી હેઠી ઉતરે, ઉતરીને બાજોઠ ઉપર આવે, આવીને પછી બાજોઠથી હેઠી ઉતરે, ઉતરીને ધીમે ધીમે રાજહંસના સરખી ગતિયેં ચાલતી થકી જિહાં પોતાનો ભર્તાર સિદ્ધાર્થ ક્ષત્રિય છે તિહાં આવે, આવીને મીઠા વચનેં જગાડે, જગાડીને એમ કહે કે હે મહારાજ! આપને કલ્યાણનાં કરનાર એવાં ગજ વૃષભાદિક ચૌદ સુપન મેં દીઠાં. તે સાંભલી રાજા પોતાની બુદ્ધિયેં કરી રાણીને તે સુપનનું ફલ કહે છે. કે હે રાણી! તુમેં જે સુપન દીઠાં, તે સુપન અત્યંત શ્રીકાર છે. એથી રોગ જાય, નીરોગતા થાય, દ્રવ્યનો લાભ, રાજ્યનો લાભ, પુત્રનો લાભ, સુખનો લાભ હોશે. નવ માસ ઉપર સાડા સાત દિવસ ગયા પછી આપણા કુલમાં દીવા સમાન પુત્ર હોશે. ધન ધાન્યનો દેનાર થાશે, તેના હાથ,

પગ, સુકુમાલ થાશે, પંચેંદ્રિયે હીન નહીં થાશે પણ પરિપૂર્ણ થાશે. બત્રીશ લક્ષણ, વ્યંજન, મસા, તિલ, પ્રમુખ ગુણે કરી સહિત, ઔદાર્ય, ધૈર્ય, ગાંભીર્યાદિક ગુણે સહિત એવો પુત્ર થાશે. તે બાલ અવસ્થા છોડશે, તેવારેં સર્વ કલામાં નિપુણ થાશે, મ્હોટા દેશ, નગર, ભંડાર, રાજ્યનો ધણી થાશે. એવું રાજાના મુખથી સાંભલીને રાણી ઘણો હર્ષ પામી, સંતોષ પામી, રાજાને પગે લાગી મુખથી એમ કહેતી હવી, કે હે સ્વામી! તમેં કહ્યું તે સર્વ સાચું છે, એ અર્થ, ખોટો નથી, એમાં સંદેહ નથી, હું પણ એજ અર્થ ઇચ્છું છું, વાંછું છું, કહું છું. એમ ત્રણ વાર કહે. પછી રાજાયેં રાણીને શીખ દીધી, રાણી સિંહાસનથકી હેઠી ઉતરીને પોતાના સુવાના ઘરમાં આવી શય્યા ઉપર બેશીને વિચાર કરવા લાગી કે હવે મ્હારે સૂવું નહીં; કારણકે સૂતાં થકાં ખોટાં સ્વપ્ન આવે, તો એનો અર્થ નિષ્ફલ થાય; તે માટે બેસી રેહેવું, ધર્મ ઉદ્યમ કરવો સારો છે, પણ સૂવું નહીં. એમ પોતે જાગતાં સખીઓને જગાવતાં તેમની સાથેં વાર્ત્તાલાપ કરતાં પ્રભાત થયો ॥ ૧ ॥

**कल्पवृक्ष जिम फूल्यो फल्यो, बादलथी जिम रवि नीकल्यो ॥**
**तिम आवी बेठो आस्थान, तेडे कोडंबिक पुरुष प्रधान ॥२॥**

અર્થઃ—હવે રાજા સાક્ષાત્ કલ્પવૃક્ષની પેરેં શોભે છે, એટલે જેમ કલ્પવૃક્ષ મનોવાંછિત માગ્યાં ફલ આપે, તેમ રાજા પણ યાચક જનોને મુહ માગ્યું દાન દેતો હવો. વલી આભૂષણે કરી કેહેવો દેખાય છે? કે જેવો વાદલામાંથી સૂર્ય નિકલતો દેખાય, તેવો રાજા સ્નાનઘરમાંથી નિકલતો દેખાય

છે. તેમજ પછી તે રાજા આસ્થાનશાલાને વિષે આવીને બેઠો. તિહાં બેશીને પોતાના કોડંબિક પુરુષ પ્રધાનને તેડાવે છે ॥ ૨ ॥

**कहे वाहिर जे आस्थान शाल, लींपी शुद्ध करो धूपाल॥**
**सिंहासन तिहां मांडो सार, तिहां बेसीजें लइ परिवार॥३॥**

**અર્થ:**—તેડાવીને કહેતો હવો કે હે દેવાનુપ્રિય! તમે ઉતાવલા બાહિરલી આસ્થાનશાલા છે તિહાં જાઓ. જઇને તે શાલાને છાણે કરી લીંપી, ગંધોદકે સીચો, છાંટો, પવિત્ર કરો, ખડીયે કરી ધોઇને ધોલો; પાંડુયે કરી માંડણાં માંડો, સૌગંધિક પાણીયે કરી છાંટો, એવી રચના કરીને વલી ઉપર ધૂપાલિ એટલે કૃષ્ણાગરૂ પ્રમુખના ધૂપ તેણે કરી મનોહર સુગંધિત કરો, તિહાં આઠ ભદ્રાસન માંડો અને તે આઠ ભદ્રાસનની સામે એક મહોટું સિંહાસન માંડો, તો પછી તિહાં સર્વ પરિવાર લેઇને બેશીયે. એવી રાજાની આજ્ઞા સાંભલીને સેવક લોક ઘણા હર્ષ પામ્યા, સંતોષ પામ્યા ॥૩॥

**राणी सिंहासन अंतरें, परियची विचमां अंतर धरे॥**
**पूरवदिशि भद्रासन आठ, मंडावो सवि मेल्यो ठाठ ॥४॥**

**અર્થ:**—પછી આસ્થાનશાલામાં આવીને રાજાયે કહ્યું તેમ તે સેવકોયે સર્વ કામ કરવા માંડયું. વલી રાણીને વાસ્તે એક સિંહાસન માંડયું, તેને આડો પડદો બાંધ્યો, તે પડદો કેહેવો છે? તો કે હાથી, કિન્નર, ચમરી ગાય, સિંહ, વાઘ, અષ્ટાપદ, ડાગ, એવાં તે પડદામાં રુપ છે, તે રાજાની આડી રાણી બેસે, તેને વાસ્તે બાંધ્યો. તે પડદામાં રાણીને બેસવા સારૂ

સિંહાસન માંડ્યું. વલી રાજાના સિંહાસનની સામાં પૂર્વ દિશાયેં બીજાં આઠ સિંહાસન માંડયાં, એવી રીતેં સર્વ ઠાઠ મેલવીને–॥ ૪ ॥

**तेणें तेम कीधुं धसमसी, तेणें सुणी राजा थयो खुशी॥**
**कहे हवे सुपनपाठक घेर जइ, तेडी आवो ते गहगही॥ ५॥**

અર્થઃ—જે રીતેં રાજાયેં ફરમાવ્યું હતું, તે રીતેં સેવક પુરૂષોયેં ધસમસી એટલે ઉતાવલથી તેટલું કામ કર્યું. કરીને પાછા સિદ્ધાર્થ રાજા પાસેં આવીને બે હાથ જોડી, દશ નખ ભેલા કરીને પોત પોતાના મતેં કહેતા હવા, કે હે મહારાજ! જેમ તમેં કહ્યું, તેમ અમેં સર્વ પ્રમાણ કરીને તમારા કેહેવા પ્રમાણેં સર્વ કામ કરી આવ્યા છૈયેં. તે વાત સાંભલીને રાજા પોતાના મનમાં ઘણો ખુશી થયો. વલી ફરી તે પુરૂષોને રાજા કહેતો હવો કે, હે દેવાનુપ્રિય! તમેં જઇને સુપનશાસ્ત્રમાં મહાપંડિત સર્વ શાસ્ત્રના પારંગામિ એવા પુરૂષોને હર્ષવંત થકા બોલાવી લાવો ॥ ૫ ॥

**जे अष्टांग निमित्तना जाण, डाह्या वृद्ध आचार प्रमाण॥**
**तेहवाने ते तेडवा गया, नृपें तेडया रलिआयत थया॥ ६॥**

અર્થઃ—નિમિત્તનાં જે આઠ અંગ તેના જાણનાર હોય, વલી ડાહ્યા હોય, વૃદ્ધ હોય, જાણ હોય, વિચક્ષણ હોય, ઉત્તમ આચાર વાલા હોય, એવાને તેડી લાવો. પછી તે કોડંબિક પુરૂષ હર્ષ પામતા થકા સુપનપાઠક પુરૂષોને તેડવાને અર્થે તેમને ઘેર ગયા. તે પાઠક પણ મનમાં આનંદ પામ્યા જે અમારી હુન્નરવિદ્યા મહોટી છે જે માટે રાજાયેં પણ અમોને બોલાવ્યા. એવી રીતેં રલિઆયત થયા થકા.–॥૬॥

नाही पूजी घरना देव, कीधां तिलक तेणें सयमेव ॥
उत्तरासंग जनोई धरे, नृपने मलवा सवि संचरे ॥ ७॥

અર્થ:—તે સર્વ સુપનપાઠકેં સ્નાન કરી પોતાના દેવની પૂજા કરી, પછી એક બીજાને માંહોમાંહે કહેવા લાગા કે ઘણાં તિલક કરો, ઘણાં છાંટણા શરીર ઉપર કરો; પછી ઉજ્જવલ વસ્ત્ર પહેરો, ઉત્તરાસંગ કરો, જનોઈ ગલામાં નાખો, કૌતુક કાજેં માંગલિકને અર્થે તિલક કરો, ઘણાં આભૂષણ શરીરેં પહેરો, એવી રીતેં કહી અને વિભૂષા કરીને પછી સર્વ પોતપોતાના ઘરથી નિકલીને એકઠા થયા. એકઠા થઇને રાજાને મલવા સારૂ સંચર્યા ॥ ૭ ॥

आव्या गढने सिंहदुवार, मलिया एकठा करे विचार ॥
जेम अणमिलतां पंचशें सुभट, न लह्या मान थया गहगट्ट ॥९॥

અર્થ:—એમ કરતાં ચાલતા ચાલતા તે રાજાના સિંહદુવાર એટલે દરવાજા પાસેં આવીને સર્વ એકઠા મલીને પોતપોતામાં વિચાર કરવા લાગા કે જેમ આગલ અણમલતા ગયા એવા જે પાંચશે સુભટ તે મૂર્ખ કહેવાણા, અને માન અણપામતા થકા પાછા ગહગટ્ટ એટલે સમુદાયરૂપ થઇ ગયા, તેમ આપણે ન થવું. આપણે તો માન પામીયેં તેમજ કરવું. એમ વિચાર કરીને પછી સર્વે મલી એક જણને પોતામાં મહોટો કરી થાપ્યો ॥ ૮ ॥

અહીંઆં પાંચશેં સુભટની કથા લખિયેં છૈયેં. કોઇએક અગરવાલા, સબ ઠકુરાલા પાંચશેં સુભટ માંહો માંહે અસંબંધ અણમિલતા એકઠા મલી કોઇએક રાજા પાસેં ચાકરી રહેવાને આવ્યા. તેવારેં રાજા અને પ્રધાન, એ બેહુયેં

વલી ચિત્તમાં વિચાર કર્યો કે પરીક્ષા જોયા વિના ચાકર ન રાખવો ? એમ વિચારી રાજાયેં પરીક્ષાને નિમિત્તેં સાયંકાલ સમયેં એક શય્યા, સિરખ, તલાઈ, ઉંશીશાં સહિત, ચાકર સાથેં મોકલી. તેવારેં તે પાંચશેં જણ ભેગા થયા અને માંહો માંહે વાદ કરવા લાગ્યા. તેમાંથી એક બોલ્યો કે, મેરા દાદા બડા થા, ઔર મેંભી બડા હું, ઇસસેં મેં સુઉંગા. તેવારેં બીજો બોલ્યો કે, એક દિન બનમેં સિંહ બોલા થા, ઉસકા સાદ ઘરમેં બેઠે બેઠે સુનકેં મેરે બાબાકૂં સાત દિને તક તાપ આઈથી, ઉસ બાસ્તે મેં બડા હું. વલી એક બોલ્યો કે, મેરે બડે ભઇયાને સેકે હુવે સત્તાબીસ પાપડાકૂં એક પાંવકી લાતસેં ભાંજિ ડારે થે, ઈસ વાસ્તે હમ બડે. વલી એક બોલ્યો કે, મેરા મામાને એક ઉંદરા હરાઇ દીયા થા, ઇસ કરકેં મેં બડા હું. એક બોલ્યો કે મેરે મામાને સાત સેરકી ખીચડી ખાઈથી. એક બોલ્યો કે મેં તો છ ગોલી કી છાશ પીઉં. એક બોલ્યો મેં તો દિન તક સોઈ રહું, જગું નહીં. એક બોલ્યો કે મેં ઘરમેં જંગલ જાઉં. વલી એક બોલ્યો કે મેં તો બિલ્લીસેં ડરૂં. એક બોલ્યો કે મેં તો કુત્તા ભસે જબ ભાગ જાઉં. એમ માંહોમાંહે મધ્ય રાત્રિ પર્યંત વાદ કર્યો. પછી એક મહોટાના કહેવાથી વચ્ચેં શય્યા કરી તેના સાહામા પગ કરીને સર્વ સુઈ રહ્યા; પણ શય્યાયેં કોઇ સૂતો નહીં. તે વાત રાજાયેં પોતાના ચર પુરૂષોના કહ્યાથી જાણી. પ્રભાતેં રાજાયેં અસંબંધ જાણી તેને ચાકરીયેં રાખ્યા નહીં, સર્વને મૂર્ખ જાણી કાઢી મૂકયા; માટે આપણેં તેમ ન કરવું. એમ વિચારી તે સુપનપાઠકોયેં એક જણને મહોટો થાપ્યો. ॥ ૯ ॥

**तेमाटे सवि संपें थइ, वृद्ध एकनी आज्ञा लइ ॥**
**जेतो लहिजें मान, जिहां संप तिहां श्रेय निधान ॥ ९ ॥**

**અર્થ**:—તે માટે સર્વ જણુ એક સંપી થઈને એક વૃદ્ધને મ્હોટો કરીને, તેની આજ્ઞા લઈને, રાજા પાસેં જઇ એટલુંજ બોલવું કે જેણેં કરી ઘણું માન પામિયેં, જીહાં સંપ હોય, તિહાં શ્રેય, એટલે સંપદાનો નિધાન પામીયેં ॥૯॥

**चिरंजीव जय जय भूपाल, आशीर्वाद बोले गुण माल ॥**
**आसन बेसण राजा दीए, फुल फलादिक करमां लीए ॥१०॥**

**અર્થ**:—હવે એવું વિચારીને સુપનપાઠક જીહાં રાજ-સભા છે ત્યાં આવી બે હાથે અંજલિ કરીને રાજાને કહે છે, કે હે રાજન્ ! તમેં સદા ચિરંજીવ રહો, એમ ચિરંજીવ-શબ્દેં કરીને વિજય શબ્દેં કરીને રાજાને વધાવ્યા અને “ ભુવં પાલય ” એવો આશીર્વાદ દીધો. તથા રાજાનો ગુણ-સમુદાય બોલ્યા. પછી ડાભ અને ચાવલેં કરી સુપનપાઠકેં રાજાને વધાવ્યા, વધાવીને તિલક કર્યું, તેવાર પછી રાજાયેં પણ સોનાનું નાલિયેર લઇને આગલ મૂકી ગુણ સ્તુત્યાદિકેં કરી સ્તવ્યા, પુષ્પાદિકેં પૂજ્યા, વસ્ત્રાદિકેં સત્કાર્યા, ઉભો થઈને સન્માન્યા, પછી રાજાયેં પૂર્વેં જે આઠ ભદ્રાસન થાપ્યાં છે, તેને વિષે તેમને જૂદા જૂદા બેસાડયા. તેવાર પછી સિદ્ધાર્થરાજાયેં ત્રિશલા ક્ષત્રિયાણી પ્રત્યેં પરિચયને આંતરે બેસાડી, પછી ફૂલ, ફલાદિકેં હાથને પૂર્ણ કરીને રાજા ઉત્કૃષ્ટ વિનયેં કરી તે સુપનપાઠક પ્રત્યેં એમ કહેતો હવો ॥૧૦॥

सुपन तणुं भांख्युं वृत्तांत, लब्ध अर्थ भांख्यो इम तंत ॥
मांहोमांहे विचारी कहे, निगम शास्त्रमां जेहवुं लहे ॥ ११ ॥

અર્થ:--હવે સિદ્ધાર્થ રાજા કહે છે કે હે દેવાણુપ્રિય ! હે બ્રાહ્મણો ! આજ ત્રિશલા ક્ષત્રિયાણી, શય્યાયેં સૂતી થકી યાવત્ કાંઇક સુતાં, કાંઈક જાગતાં થોડી થોડી નિદ્રા આવતે થકે, એવા સ્વરૂપેં કરી ઉદાર, પ્રધાન, ભાગ્યવંતને યોગ્ય એવાં ચૌદ મ્હોટાં સુપનપ્રત્યેં દેખતી હવી, દેખીને જાગી. તો હે દેવાણુપ્રિય ! તમેં કહો કે એ સુપન સંબંધી કલ્યાણ-કારક ફલ પ્રાપ્તિ વિશેષ અમને શું થાશે ? એવો સિદ્ધાર્થ રાજાના સમીપથકી અર્થ સાંભલીને, તે સુપનપાઠક, સમ્યક્ પ્રકારેં હર્ષ પામીને, સંતોષ પામીને, તે સુપનનો અર્થ સંભારીને વિચારણામાંહે મન પ્રવેશ કરીને પછી માંહોમાંહે એક બીજા સાથેં આલોચ કરી વિચારીને નિગમ એટલે વેદ શાસ્ત્રમાંથી તે સુપનના અર્થ લીધા છે જેણેં એટલે પોતાની બુદ્ધિયેં કરી ગ્રહ્યા છે, નિશ્ચિત કર્યા છે, અર્થ વિશેષ જેણેં એવા તે સુપનપાઠક, સિદ્ધાર્થ રાજા પ્રત્યેં કહેતા હવા ॥ ૧૧ ॥

बहुंतेर सुपनां शास्त्रे कह्यां, तेमां बेंतालीश मध्यम लह्यां ॥
त्रीश तेहमां उत्तम अछे, चउद विशेषें विस्तर रुचे ॥ १२ ॥

અર્થ:—હે દેવાણુપ્રિય ! અમારા સુપન શાસ્ત્રમાં સર્વ મળી બહોંતેર સુપન કહ્યાં છે. તે મધ્યે બેંતાલીશ સુપન મધ્યમ છે, તે અશુભ ફલદાયક કહ્યાં છે, અને ત્રીશ સુપન ઉત્તમ ફળદાયક કહ્યાં છે; તે ત્રીશમાંહે પણ હે મહારાજ ! શ્રી અરિ-

હંતદેવની માતા તથા ચક્રવર્ત્તીની માતા, અરિહંત તથા ચક્રવર્ત્તી ગર્ભમાં આવે થકે એહીજ ત્રીશ મહા સ્વપ્નમાંહેલાં ગજ વૃષભાદિક ચૌદ મહોટાં સુપન દેખે. હવે તે બેંતાલીશ સુપન તથા ત્રીશ સુપનનાં નામ કહે છે. ત્હિાં પ્રથમ બેંતાલીશ સુપનનાં નામ કહે છે. ગંધર્વ, રાક્ષસ, ભૂત, પિશાચ, બુકસ, મહિષ, અહિ, વાનર, કંટકદ્રુમ, નદી, ખર્જૂર, સ્મશાન, ઉંટ, ખર, માર્જાર, શ્વાન, દોસ્થ, કૂપ, સંગીત, ધીજ, રક્ષા, અસ્થિ, વમન, નમ, કુસ્ત્રી, રક્ત, અશ્મ, વામન, કલહ, વિવિક્તદષ્ટિ, જલશોષ, ભૂકંપ, ગ્રહયુદ્ધ, નિગ્ઘાત, ભંગ, ભૂમજ્જન, તારાપતન, સૂર્યચંદ્ર સ્ફોટ, મહા વાયુ, મહાતપ, દુર્વાકય. એ બેંતાલીશ માઠાં સુપન અશુભ ફલ દાયક જાણવાં. હવે ત્રીશ ઉત્તમ સુપનનાં નામ કહે છે. અર્હન, બૌદ્ધ, હરિકૃષ્ણ, શંભુ, બ્રહ્મા, સ્કંદ, ગણેશ, લક્ષ્મી, ગૌરી, નૃપ, હસ્તી, ગૌ, વૃષભ, ચંદ્ર, સૂર્ય, વિમાન, ગેહ, અગ્નિ, સ્વર્ગ, સમુદ્ર, સરોવર, સિંહ, રત્ન રેલ, ગિરિ, ધ્વજ, પૂર્ણ ઘટ, પુરીષ, માંસ, મત્સ્ય, કલ્પદ્રુમ. એ ત્રીશ સુપન શુભ ફલ દાયક જાણવાં. એ બધાં મલી બહોંતેર સુપનનાં નામ શ્રી વર્દ્ધમાન સૂરિ કૃત સ્વપ્નપ્રદીપ ગ્રંથને અનુસારેં લખ્યાં છે ॥૧૨॥

**जिन चक्रीमाता ए लहे, हरिमाता सग चउ बलनी कहे ॥**
**मंडलिक एक लहे ए मांहे, शुभ सूचक ए सुपन अथाहे ॥१३॥**

અર્થઃ—એમાં શ્રી અરિહંત તથા ચક્રવર્ત્તીની માતા શ્રી અરિહંત તથા ચક્રવર્ત્તી ગર્ભમાં આવે થકે પૂર્વે કહ્યા એવાં ચૌદ સુપન લહે, એટલે દેખે, દેખીને જાગે, અને હરિ જે વાસુદેવ તેની માતા વાસુદેવ ગર્ભમાં આવે થકે એ ચૌદ

સુપન માંહેથી મ્હોટા ( સગ કે૦ ) સાત સુપન દેખે, દેખીને જાગે તથા બલદેવની માતા બલદેવ ગર્ભમાં ઉપને થકે એ ચૌદ માંહેલા અનંતર ચાર મ્હોટાં સુપન દેખે, દેખીને જાગે તથા મંડલિક રાજાની માતા મંડલિક ગર્ભમાં ઉપને થકે એ ચૌદ સુપનમાંથી મ્હોટું એક સુપન દેખે, દેખીને જાગે. માટે હે દેવાણુપ્રિય ! ત્રિશલા ક્ષત્રિયાણીયેં જે ચૌદ મ્હોટાં ઉદાર સુપન દીઠાં છે તે શુભસૂચક થાય એવા છે યાવત્ મંગલિકનાં કરનાર છે નિશ્ચેં થકો એ શુભ ફલનાં આપનાર છે ॥ ૧૩ ॥

दीठो सांभल्यो ने अनुभव्यो, आधि व्याधि चिंताशुं गभ्यो॥
मल मूत्रादिक प्रकृति विचार, दीठां सुपन लेखे न लगार ॥१४॥

અર્થ:—હે દેવાણુપ્રિય ! એ સુપન દેખવાના નવ પ્રકાર છે, તે તમોને કહિયેં છૈયેં. એક તો દીઠી વસ્તુ સ્વપ્નમાં દેખે. બીજી સાંભલી વસ્તુ સ્વપ્નમાં દેખે. ત્રીજી પોતાની અનુભવેલી વાત, સ્વપ્નમાં દેખે. ચોથો આધિ, વ્યાધિ, રોગાદિકની બાધાયેં સુપન દેખે. પાંચમો ચિંતાતુર થકો ચિંતાના યોગેં કરી સ્વપ્ન દેખે. અને છઠો સહજ સ્વભાવેં સ્વપ્ન દેખે; અથવા મલ મૂત્રાદિકની પીડાથી સ્વપ્ન દેખે. તો એ છ પ્રકારનાં સુપન લગાર માત્ર પણ ફલે નહીં ॥ ૧૪ ॥

धर्म्मकर्म्मथी सुरसान्निध्यें, अतिपापोद्वेगें अनविधें ॥
एहथी सुहणां दीठां होय, प्रायें सुपन फले सहु कोय ॥१५॥

અર્થ:—વલી સાતમો પ્રાણી ધર્મ કર્મમાં રહેલો એવાં ઉત્કૃષ્ટેં પુણ્યેં સુપન દેખે. તથા આઠમો સુરસાન્નિધ્યેં

એટલે દેવતાની સાન્નિધ્યથી સુપન દેખે; એટલે દેવતા સુપન દેખાડે, તથા નવમો ઘણા ઉત્કૃષ્ટ પાપના ઉદ્રેકથી સુપન દેખે. એવી રીતેં એ પાછલાં ત્રણ સુપન જો પ્રાણીયેં દીઠાં હોય, તો પ્રાયેં સારાં માઠાં ફલનાં દાયક થાય, તત્કાલ શુભાશુભ રૂપ ફલેં ॥ ૧૫ ॥

**जे थिरचित्त जितेंद्रिय शांत, धर्म्मरुचिने श्रद्धावंत ॥**
**इत्यादिक गुणनो जे धणी, फले शुभाशुभ सुपनह तणी ॥१६॥**

અર્થઃ—વલી જે પુરૂષ સ્થિરચિત્તવાલો હોય. જીતેંદ્રિય હોય, પંચેંદ્રિય જેણેં વશ કરેલાં હોય, શાંત મુદ્રાવાલો હોય, વલી ધર્મરૂચિ હોય, ધર્માનુરાગી હોય, ધર્મ ઉપર શ્રદ્ધાવંત હોય, દયાવંત હોય, ઈત્યાદિક ગુણનો જે ધણી હોય, તેને સુપનુ દીઠામાં આવે, તો સારૂં અથવા માઠું તરત ફલે.

વલી રાત્રિને પ્રથમ પ્રહરેં સુપન દેખે તો એક વરષમાંહે ફલ આપે, રાત્રિને બીજે પ્રહરેં સુપન દેખે, તો છ માસ માંહે ફલ આપે, રાત્રિને ત્રીજે પ્રહરેં સુપન દેખે, તો ત્રણ માસ માંહે ફલ આપે, રાત્રિને ચોથે પ્રહરેં સુપન દેખે, તો એક માસમાંહે ફલ આપે, રાત્રિની છેહેલી બે ઘડીયેં સુપન દેખે, તો તેનું ફલ દશ દિવસમાંહે પામે, સૂર્ય ઉગતી વેલાયેં સુપન દેખે, તો તત્કાલ ફલ પામે. અને ઉત્તમ સુપન દેખી ગુર્વાદિક આગલ કહે, સંભલાવવા યોગ્ય કોઈ જન ન મલે તો ગાયના કાનમાં પણ સંભલાવે. ભલું સુપન દેખી પછી સુવે તો નિઃફલ થાય, ભલું સુપન દેખી મૂર્ખ જન

આગલ તો સર્વથા નજ કહે. કેમકે જેવું ફલ સાંભળે તેવું ફળ પામે. તદ્યથા કોઈએક વણિકસ્ત્રીયેં સુપનમાંહે સમુદ્ર પીધો. પ્રભાતેં ગુરૂ સમીપેં પૂછવા જતાં માર્ગમાં એક સહિયર મલી. તેણેં પૂછ્યું જે હે બેહેન ! ગહૂંલી લઇ કિહાં જાઓ છો ? એમ ઘણા બલાત્કારેં પૂછ્યું. તેવારેં તેને યથાસ્વરૂપ કહ્યું જે મેં સ્વપ્નમાં સમુદ્ર પીધો, તે ગહૂંલી કરી ગુરૂને પૂછીશ. એવું સાંભલતાંજ સહસાત્કારેં સહિયર બોલી એવડો મોહોટો સમુદ્ર પીતાં તાહારૂં પેટ કેમ ફાટ્યું નહીં ? એમ હાંસીમાં બોલીને ચાલતી થઈ. પછી ગહુંલી કરી પેલી સ્ત્રીયેં ગુરૂને સુપનનું ફલ પૂછ્યું. તેવારેં ગુરૂયેં આકાર અંગિત દેખીને કહ્યું કે એ સુપન તમેં પ્રથમ કોઇ આગલ પ્રકાશ્યું દેખાય છે ? તેવારેં તેણીયેં સહિયરની વાર્તા કહી. તે સાંભલી ગુરૂ બોલ્યા જે તમેં પૂર્વેં કોઇ આગલ જો ન કહ્યું હત, તો તમોને ભાગ્યવંત પુત્ર થાત. હવે તો આજથી સાતમે દિવસેં શરીરેં કષ્ટ થશે; તેમાટે તમેં ઘેર જઈ આત્મસાધન કરો. પછી બાઈ ઘેર આવી આત્મસાધન કરી દેવગત થઇ. તેમાટે રૂડું સુપન જેના તેના આગલ કહેવું નહીં; તથા કોઈ કેહવા યોગ્ય ન મલે, તો ગાયના કાનમાં કહિયેં; પણ કહ્યા વિના ફલ ન હોય. તથા પ્રથમ શુભ સુપન દેખી પછી માઠું સુપન દેખીયેં, તો માઠા સુપનનું ફલ પામીયેં; એમ જાણવું. તથા કોઈ સિંહે, ઘોડે વૃષભેં જોતર્યો રથ તેના ઉપર પોતેં બેઠો છે એવું સુપન દેખે, તો રાજા થાય. ઘોડા, વાહન, વસ્ત્ર, ઘર, કોઇ લઇ જાય છે, એવું સુપન દેખે, તો રાજભય, શોક, બંધ, વિરોધ અર્થહાનિ થાય. સૂર્ય

ચંદ્રનું બિંબ ગલ્યું પીધું દેખે, તો સમુદ્ર પર્યંત પૃથ્વીનો ધણી થાય. તથા ઉજલે ગજે બેઠો, નદીતીરે શાલનું કરૂં છું. એવું સુપન દેખે, તો સમસ્ત દેશનો પતિ થાય. પોતાની સ્ત્રીનું હરણ દેખે, તો ધનનો નાશ થાય. ઉજલે સર્પે જમણી ભુજાયે ડંક દીધો, એવું સુપન દેખે, તો રાત્રિમાં સહસ્ર સોનૈયા પામે. મનુષ્યનાં મસ્તક, ચરણ, ભુજ, ખાઉં છું, એવું સુપન દેખે તો રાજ્યં પામે. ઉષ્ણ પાણી અને છાણ બે ભેલાં પીતાં દેખે, તો અતિસાર થાય. સ્વપ્નમાં ઘૃત ઘણો દેખે, તો જશોવંત થાય. સ્વપ્નમાંહે હસે, તો શોક ઉપજે. સ્વપ્નમાં રુવે, તો હર્ષ પામે. સ્વપ્નમાં નાચું છું, એમ દેખે તો વધ બંધન પામે. ભણું છું એમ દેખે તો ક્લેશ પામે. કાલી ગાય, અશ્વ, ગજ, પ્રતિમા દેખે, તો સારૂં થાય. અને બીજી કાલી વસ્તુ દેખે, તો માઠી જાણવી. કપાસ, લૂણ, હાડ, રક્ષા, એ વિના બીજી ધોલી વસ્તુ દેખે, તો સારી જાણવી. તથા માઠું સ્વપ્ન દેખી દેવની પૂજા દેખે, તો સાર વસ્તુ પામે. જિતેંદ્રિય, દયાવંત દેખે, તે સફલ થાય. દ્રો, અક્ષત, ચંદન દેખે, તેને માંગલિક થાય. વલી રાજા, હાથી, ઘોડો, સુવર્ણ, વૃષભ, ગાય, એટલાં વાનાં સુપનમાં દેખે, તેને કુટુંબવૃદ્ધિ થાય. રથે બેઠો જાય, તે રાજા થાય. તાંબૂલ, દધિ, વસ્ત્ર, ચંદન, જાય, બકુલ, કુંદ, મચ કુંદ, ફૂલ, વૃક્ષ, એટલા વાનાં દેખે, તો ધનાગમ થાય. દીપ, પાન્નાં, ફલ, પદ્મ, કન્યા, છત્ર, તથા ધ્વજ, હારાદિક આભરણ દેખે, તો લક્ષ્મીનો લાભ થાય. હરણ, પ્રહરણ, ભૂષણ, મણિ, મોતી, કનક, રુપું તથા કાંસ્યપાત્રનું હરવું દેખે, તો તેને ધનની હાનિ થાય. બારણાં,

ભોગલ, હીંડોલો, પાવડી, ઘર, ભાંગ્યાં દેખે, તો તેને સ્ત્રીનો નાશ થાય. પગરખાં તથા છત્ર લાધાં દેખે, અથવા તીક્ષ્ણ તરવાર દેખે, તેને માર્ગે ચાલવું થાય. જે વાહણમાં ચઢયો, તે વાહણ ભાંગ્યું ને પોતે તરી નીકલે એવું સુપન દેખે, તે પરદેશે જાય, તિહાં ધન પામી આવે. અંજને નેત્રરોગ, રોમચ્છેદ દેખે, તો ધનક્ષય થાય. ભેંશો, ઉંટ ઉપર ચઢી દક્ષિણ દિશાયે જાય, તેનું શીઘ્ર મરણ થાય. કમલાકર, રત્નાકર, જલે પૂર્ણ નદી, તથા મિત્રનું મરણ દેખે, તો ઘણું દ્રવ્ય પામે. કવાથ પીઉં છું એવું દેખે, તે અતિસાર રોગે મરણ પામે. વલી જાત્રાયે જાય, પૂજા કરે, તેને કુલવૃદ્ધિ થાય. હ્રદ સરોવરે કમલ ઉગ્યાં દેખે, તે કોઢ રોગે મરણ પામે. એ પ્રકારે શ્રીભગવતીસૂત્રે સ્વપ્ન વિચાર કહ્યો છે. માટે ત્રિશલા રાણીયે જે સ્વપ્ન દીઠાં, તે સુપનથકી હે દેવાણુપ્રિય! તમોને દ્રવ્યનો લાભ થાશે, ભોગનો લાભ થાશે, પુત્રનો લાભ થાશે, સુખનો લાભ થાશે, રાજ્યનો લાભ થાશે, નિશ્ચે નવ મહીના ઉપર સાડા સાત દિવસ વ્યતિક્રમ્યા પછી તમારા કુલમાં ધ્વજા સમાન પુત્ર થાશે ॥ ૧૬ ॥

**कुलदीपकने वंश आधार, कीर्त्ति लाभ बल**
**भंडागार॥ होशे सुत राजानो राय, के च**
**क्री के जिनवर थाय ॥ १७ ॥**

અર્થઃ—વલી તે પુત્ર તમારા કુલમાં દીપક સમાન થાશે; તમારા કુલમાં પર્વત સમાન, કુલમાં મુકુટ સમાન, કુલમાં તિલક સમાન, કુલમાં કીર્ત્તિનો કરાવનાર, આજીવિકાનો કર-

નાર, કુલમાં સૂર્ય સમાન, તેજવંત પુત્ર થશે; વલી તમારા વંશનો આધારભૂત થાશે; કુલને આનંદનો કરનાર, કુલને યશકારી, કુલમાં વૃષભ સમાન, કુલમાં સંતાનાદિકની વૃદ્ધિનો કરનાર, એવો પુત્ર થશે. સર્વાંગે સુંદર, ચંદ્રમાની પેરેં સૌમ્યાકાર, કાંતિવંત, પ્રીતિકારી, દર્શનરુપ, કીર્ત્તિકારી, શોભાકારી, પુત્ર થાશે. તે બાલ્યાવસ્થા મૂકયા પછી શૂરવીર મહા પરાક્રમી થાશે. ભંડાર કોઠારનો લાભ કરાવનારો થાશે. ઘણા હાથી, ઘોડાનો ધણી થાશે. એ તમારો પુત્ર રાજાઓનો પણ રાજા થાશે. અથવા ચારે દિશિનો ચક્રવર્ત્તી થાશે. અથવા જિન ત્રિલોકનો નાથ થાશે. યાવત્ આરોગ્યવાન્ દીર્ઘાયુનો ધણી થાશે ॥ ૧૭ ॥

इस्यां बचन सुणी हर्ष्यो राय, आपे धन बहु
करी सुपसाय ॥ चौद सुपनारथ एम सुहाय,
चौद राज उपर शिव ठाय ॥ १८ ॥

અર્થ:—એવાં વચન રાજા, સુપનપાઠકના મુખથકી સાંભલીને ઘણો હર્ષ પામ્યો. મનમાં આનંદ ઉપન્યો. ઘણો સુપસાય કરી પાઠકોને ધન આપ્યું. વલી પાઠક કહે છે કે હે મહારાજ! એ ચૌદ સુપનનો અર્થ એમ પણ જાણજો કે ચૌદ રાજ લોકના અગ્રેં શિવ નિરુપદ્રવ સ્થાનકેં એનું વસવું થાશે ॥ ૧૮ ॥

चउदंतो गज चउविध धर्म, कहे सुर गजपति
सेवितकर्म्म ॥ भरत खेत्र बोधबीज वावशे,
धोरी वृषभ धर्म धुरा थशे ॥ १९ ॥

**અર્થ**:—વલી એ ચૌદ સુપન દીઠાં તેનું જૂદું જૂદું ફલ કહે છે. પ્રથમ ચાર દંતુશલ વાલો હાથી દીઠો, માટે દાન, શીલ, તપ અને ભાવરૂપ ચાર પ્રકારનાં ધર્મની પ્રરૂપણા કરશે. વલી કહે છે કે ચોશઠ ઈંદ્ર તથા ગજપતિ જે રાજા તે મલીને એનાં ચરણકમલ શેવશે. વલી બીજો વૃષભ દીઠો તે થકી ભરતક્ષેત્રને વિષે જેમ વૃષભથકી કર્ષણી ધાન્યનું બીજ વાવે, તેમ પ્રભુ બોધ રૂપ ધાન્યનું બીજ વાવશે. તથા વૃષભની પરેં ધર્મના ધોરી થાશે ॥ ૧૯ ॥

**कुदृष्टि श्वापदें भवि वन भांजतुं, राखशे सिंह**
**बले ए छतुं ॥ बरसीदान देइ जिनपद लछी,**
**भोगवशे लखमी फल अछी ॥ २० ॥**

**અર્થ**:—વલી ત્રીજું સિંહનું સ્વપ્ન દીઠું તેણેં કરી જેમ સિંહ હોય તે શ્વાપદજીવોયેં કરી વિનાશ થતાં વનનું રક્ષણ કરે, તેની પેરેં પ્રભુ પણ સમ્યક્ પ્રરૂપણા રૂપ સિંહેં કરી કુદૃષ્ટિ જે મિથ્યાત્વ રૂપ શ્વાપદજીવો તે થકી નાશ પામતું એવું જે ભવ્ય જીવ રૂપવન તેનું રક્ષણ કરશે. એટલે મિથ્યાત્વ રૂપ આપદાથી ભવ્ય જીવોનું રક્ષણ કરશે; અથવા આઠ કર્મ અને આઠ મદરૂપ શ્વાપદોનો નાશ કરશે. વલી ભગવંત વરશીદાન દેઇ દીક્ષા પાલી, કેવલરૂપ લક્ષ્મી પામી આઠ પ્રતિહાર્ય રૂપ લક્ષ્મીને ભોગવશે. એ ચોથું લક્ષ્મીનું સુપન દીઠું તેનું ફલ જાણવું ॥ ૨૦ ॥

**शिश धरसे सवि एहनी आण, कुसुमदास**
**फल एह मंडाण ॥ भविकुवलय बोधनने**
**शशी, भामंडल भूषित रवि रसि ॥ २१ ॥**

અર્થઃ—વલી ફૂલની માલા દીઠી, તે થકી તેમ ફૂલનો શેરો માથે ધરાય છે, તેમ પ્રભુની આજ્ઞા પણ સર્વ જનો મસ્તકેં ધરશે. વલી ચંદ્રમાનું સ્વપ્ન દેખવાથકી ભવિજીવ રૂપ કુવલયને બોધનો પ્રકાશ કરવાને ચંદ્રમા સદૃશ થાશે. વલી સૂર્ય દેખવાથકી ભામંડલેં કરી અલંકૃત હોશે ॥ ૨૧ ॥

धर्म प्रासाद शिखरें बेसशे, पूर्ण कलश फल
एम पामशे ॥ धर्मध्वज शोभा होयशे, ध्वज
फल चउदिशि ध्वज शोहशे ॥ २२ ॥

અર્થઃ—પૂર્ણ કલશ દેખાવાથકી ધર્મરૂપ પ્રાસાદના શિખર પર બેસશે. એ રીતેં એનું ફલ પામશે. વલી ધ્વજા દીઠી, તેનું ફલ એ છે જે જગતને ચારે દિશાયેં ધર્મ ધ્વજાયેં કરી શોભાવશે, અલંકૃત કરશે ॥ ૨૨ ॥

सुरनिर्मित पद्कज ठावशे, सरोवर फल इणी परें भावशे ॥
रत्नाकर दर्शन फल मान, केवलज्ञान रत्न अहिठाण ॥ २३ ॥

અર્થઃ—હવે પદ્મસરોવર દીઠું તેનું ફલ આવી રીતેં ભાવશે; પ્રભુને ચાલતાં પગતલે દેવતાનું સુવર્ણકમલ થાપશે; તથા રત્નાકર દીઠો, તેનું ફલ આવી રીતેં જે, કેવલ જ્ઞાનરૂપ રત્ન થાશે; તેથી ચૌદ રાજ લોકના ભાવ જાણશે ॥ ૨૩ ॥

चउ सुर वैमानिक पर्यंत, सेवित देव विमान फल कंत ॥
रत्नादिक गढ तत्र वासशे, रत्न राशि फल ए थायशे ॥ २४ ॥

અર્થઃ—વલી દેવવિમાન દેખવાનું ફલ એ છે જે, વૈમાનિક પર્યંત ચાર નિકાયના દેવતા એમની સેવા કરશે; વલી રત્નનો રાશિ દીઠો, તેનું ફલ એ જે, દેવતા ત્રણ ગઢ કરશે, તિહાં બેશી ભગવંત દેશના આપશે ॥ ૨૪ ॥

**शुद्ध स्वभाव कंचन सुधिकार, निर्धूम अग्निनो एह विचार ॥**
**एहवां फल प्रगट भांखियां, सुपन शास्त्र कीधां साखियां ॥२५॥**

અર્થઃ—વલી નિર્ધ્ધૂમ અગ્નિનું સુપન દીઠું, તેના ફલનો વિચાર કહે છે, કે જેમ અગ્નિ કંચનને શુદ્ધ કરનાર છે, તેમ પ્રભુ શુદ્ધ સ્વભાવની શુદ્ધિ કરનારા થાશે; ભવ્ય જનોનાં મન શુદ્ધ કરશે, કર્મમલને બાલશે, એવી રીતે સુપનપાઠકે ચૌદ સુપનનાં ફલ, પ્રગટ ભાંખી દેખાડયાં; તે સુપનશાસ્ત્રપાઠકની સાક્ષીયે રાજાયે સાંભલ્યાં. અહિં ચક્રવર્ત્તીની માતા ચૌદ સુપન દેખે, તે ક્ષીણ, ઘૂંધલાં દેખે અને તીર્થંકરની માતા ઉજલાં દેખે ॥ ૨૫ ॥

**निसुणी राजा रंभ्यो घणुं, प्रीतें दान ते केतो भणुं ॥**
**निजघर पहोता सुपन पाठवी, भूपें वात स्त्रीने दाखवी ॥२६॥**

અર્થઃ—તે રાજા એવો અર્થ સાંભલીને ઘણું રંજ્યો, હઈયામાંહે ઘણો હર્ષ સંતોષ પામ્યો; સુપનપાઠકને કહ્યું કે તમારૂં વચન સાચું છે, ખોટું નથી; હું પણ એમજ વાંચ્છું છું, જે એ અર્થ સાચો છે. એમ કહી પછી તે સુપનપાઠકને ઘણું દાન દેવા માંડયું. અશનાદિક, ફૂલ, ધાન, ગંધ, માલા, આભરણાદિકે કરી સન્માન સત્કાર આપ્યો, ઘણુ જીવે ત્યાં લગે પોહોંચે, એવું પ્રીતે દાન દીધું. તે કવીશ્વર કહે કે હું કેટલું કહું ? પછી સુપનપાઠકને શીખ દીધી, તે પોતાને ઘેર ગયા, તેવાર પછી સિદ્ધાર્થ રાજા સિંહાસન થકી ઉઠીને ત્રિશલા ખત્રિયાણી પરિચયમાં છે, તિહાં આવ્યાં; આવીને સુપન પાઠકે જે વાત કહી, તે બધી અર્થથી માંડીને કહી સંભલાવી. અહીંઆં રાજાયે સુપનપાઠકે આદર સન્માન

દીધું તે કોની પેરેં ? તો કે જેમ ગાંગા ઘાંચીને રાજા ભોજેં દીધું, તેમ સિદ્ધાર્થ રાજાયેં પણ દીધું. પણ અહીંઆં તો સંદેહ પડે છે, કે ભોજરાજા તો પાંચમે આરે થયા અને સિદ્ધાર્થ રાજા તો ચોથે આરે હતા, માટે એનો દૃષ્ટાંત કેમ ઘટે ? તો પણ કવિની અમોઘશક્તિ છે, તે જેમ બેસાડે તેમ બેસે, માટે એમાં સંદેહ ન કરવો. વળી દૃષ્ટાંત તો એક દેશીય હોય. હવે તે ગાંગા ઘાંચીની કથા કહે છે.

કોઇએક વિદ્યાર્થી દક્ષિણ દેશેં પ્રતિષ્ઠાનપુરેં જઈને કોઈએક ભટ્ટ પાસેં ત્રિશ વર્ષ રહીને સર્વ વિદ્યાઓ ભણ્યો, બહુ પંડિત થયો. કોઇથકી જીત્યો ન જાય, એવો થયો. તેવારેં મનમાં અહંકાર આવ્યો; તેથી માથામાં અંકુશ રાખ્યો, અને મનમાં વિચારે જે હું વિદ્યાઓ ઘણી ભણ્યો છું, તેથી માહારૂં પેટ ફાટી જાશે, માટે પેટને પાટો બાંધ્યો. વળી પાસેં નિશરણી રાખે, કારણ કે જે કોઇ મહારાથી હારી આકાશેં જાશેં, તો આ નિસરણી ઉપર ચઢીને તેને પકડીને હેઠો નાખીશ; અને જો કદાપિ વાદી પાતાલમાં જાશે, તો કોદાલથી ખોદીને બાહાર કાઢીશ; એવું વિચાથીને કોદાલ પણ પાસેં રાખે. પછી દક્ષિણ, ગુજરાત, મધરાસ, એવા મ્હોટા મ્હોટા દેશ જીતીને સરસ્વતીકંઠાભરણ એવું બિરૂદ ધરાવ્યું. એમ કરતાં એક દિવસેં ભોજરાજાની સભામાં આવ્યો. તિહાં પાંચશેં પંડિત છે, એવું સાંભલીને વાદ કરવા સારૂ સભા ભરાવી. પંડિત સાથેં ચર્ચા કરીને માઘ કાલિદાસ આદેં દેઈને પાંચશેં પંડિતોને જીત્યા. તે જોઈ રાજા ઉદાસ થયો અને મનમાં ઘણો પશ્ચાત્તાપ કરવા લાગ્યો. એવો

ઉદાસથકોજ રાજા વનમાં ક્રીડા કરવાને ગયો. માર્ગમાં જાતાં એક ગાંગો ઘાંચી ઘાણી ઉપર ઉભો થકો, તેલ ઉછાલે છે, તે પાધરૂં કુડલામાંજ પડે છે, એવા તેલ ભરતા ઘાંચીને દેખીને રાજાયેં જાણ્યું જે આ મહોટો અક્કલ વાલો દેખાય છે. પછી ઘાંચીને બોલાવીને પૂછ્યું કે તું ભટ્ટાચાર્ય સાથેં વાદ કરીશ ? ત્યારે ગાંગો તેલી બોલ્યો કે હા હું કરીશ. એમ કહી ઘાંચીયેં વિચાર્યું જે મહારૂં શું જવાનું છે; અટ પટ ન્યાયેં કરીને જય થાશે તો થાશે ? પછી રાજાયેં ભટ્ટાચાર્યને બોલાવી કહ્યું કે મહારા પાંચશેં પંડિતનો ગુરૂ છે, તેના સાથેં તમેં વાદ કરશો ? તેવારેં ભટ્ટાચાર્ય બોલ્યા હા અમેં કરશું. પછી આદિત્યવારને દિવશેં દક્ષિણ ભટ્ટાચાર્યને બોલાવીને સિંહાસન ઉપર બેસાડયો અને પાંચશેં પંડિતને પણ જૂદાં જૂદાં આસન આપ્યાં. પછી ગાંગા તેલીને રાજાયેં બોલાવ્યો. ઘણાં આભૂષણ પહેરાવ્યાં, ઉજલાં વસ્ત્ર પહેરાવ્યાં, પછી મદોન્મત્ત હાથીની પેરેં ઘૂમતો ઘૂમતો સભામાં આવ્યો. રાજા ઉઠી ઉભો થયો, પાંચશેં પંડિતોયેં પણ ઘણું આદર સન્માન દીધું, ઘણું માન આપી સિંહાસન ઉપર બેસાડયો. પણ તે એક આંખેં કાણો છે, તે જોઇ દક્ષિણ ભટ્ટાચાર્યેં વિચાર્યું જે આ તો શરીરમાં રૂષ્ટ પુષ્ટ જાડો ભીમ સરખો છે અને હું તો દુર્બલ છું; માટે એની સાથેં વાદ કરવાથી હું જીંતીશ નહીં. તથાપિ વાદ કરવો તો ખરો. એમ વિચારી દક્ષિણભટ્ટાચાર્યેં એક અંગુલી ઉંચી કરી દેખાડી, તેવારેં ગાંગા તેલીયેં બે અંગુલી ઉંચી કરી દેખાડી. તે જોઇ દક્ષિણ ભટ્ટાચાર્ય ચમત્કાર પામીને વલી પાંચ

અંગુલી ઉંચી કરી દેખાડી. તેવારેં ગાંગે મુષ્ટિ કરી દેખાડી. તે જોઇ દક્ષિણુ ભટ્ટાચાર્યેં માથેથી અંકુશ ઉતાર્યો, પેટથી પાટો છોડી નાખ્યો, નિશરણી ભાંગી નાખી, કોદાલ નાખી દીધી. તેવારેં ભોજરાજાયેં પૂછ્યું કે હે ભટ્ટજી ! તમે શ્યો વાદ કર્યો કે જેથકી હારી ગયા ? તે સાંભલી ભટ્ટજી બોલ્યા, મહારાજ ! તમારા પંડિતનો ગુરૂ બોલ્યા નહિં પણુ મનેં કરી સમસ્યા પૂરી, તે આવી રીતેં કેઃ–મેં એક અંગુલી દેખાડી તેમાં એવું સૂચવ્યું કે એકજ શિવ ધર્મ છે, તેવારેં તમારા પંડિતેં બે અંગુલી કરીને એવી સૂચના કરી કે એક શિવ અને બીજી શક્તિ એ બેનું જોડું છે, તેવારેં મેં પંજો બતાવી એવું સૂચવ્યું જે પાંચ ઇંદ્રિય છે, ત્યારેં તમારા પંડિતેં મુઠી વાલી બતાવીને એવું સૂચવ્યું જે પાંચ ઇંદ્રિય તો ખરાં, પણુ તેને વશ રાખવાં જોઇયેં; એવી સમસ્યાયેં કરી તમારો પંડિત જીત્યો અને હું હાર્યો. તે સાંભલી રાજાયેં ભટ્ટને ઘણું ધન આપીનેં શીખ દીધી. પછી એકાંતેં ગાંગા તેલીને બોલાવીને રાજાયેં પૂછ્યું કે તમેં શી સમસ્યા કરી ? તેવારેં તેલી બોલ્યો કે મહારાજ, તેણેં એક અંગુલી દેખાડી ને કહ્યું કે તારી એક આંખ છે તે હું ફોડી નાખીશ; તેવારેં મેં બે અંગુલી દેખાડીને કહ્યું કે તારી બે આંખ છે તે હું ફોડી નાખીશ. તેવારેં એણે પંજો દેખાડીને કહ્યું કે હું તને તમાચો મારીશ, તેવારેં મેં મુઠી દેખાઠીને કહ્યું કે હું તને મુઠી મારીશ. એવો મેં એની સાથેં વાદ કર્યો. તે સાંભલી રાજા ઘણો ખુશી થઇ, ગાંગા ઘાંચીને ઘણો શરપાવ આપી આદર સન્માન આપી, પાછો ઘેર પોહોંચતો કર્યો. તેમ

સિદ્ધાર્થરાજાયેં પણ સ્વપ્નપાઠકને ઘણું આદર સન્માન, વસ્ત્રાભરણ, ધન, આપીને શીખ દીધી, તે સાત પેઢી સુધી બેઠા ખાય, એટલું ધન આપ્યું ॥ ૨૬ ॥

॥ ઇતિ સ્વપ્ન પાઠક વૃત્તાંતં સંપૂર્ણમ્ ॥

**सुपनपाठक आव्या जेटले, त्रीजुं वखाण थयुं तेटले ॥**
**पण सुपन अर्थ आगलथी कह्यो, ज्ञान विमल गुरुथी जे लह्यो २७**

**॥ इति तृतीयं व्याख्यानं ॥**

**અર્થ**:—અહીંઆં જે વખતેં સુપનપાઠક આવ્યા, તે વખતેંજ ત્રીજું વખાણ પૂરૂં થયું. પરંતુ સુપનના અર્થ ચોથા વખાણમાં કહેવાના તે આટલાથી કહી દીધા છે, એ રીતેં જ્ઞાનેં કરી વિમલ ઉજ્જવલ એવા મહોટા ગુરૂના મુખથી સાંભલીને જ્ઞાનવિમલસૂરિયેં ત્રીજા વખાણની, ઢાલબંધ રચના કરી ॥ ઇતિ તૃતીય વખાણ સમાપ્ત ॥ એ ત્રીજું વખાણ ઉપર કહેવા મુજબ બે વખત સુપનપાઠક સિદ્ધાર્થ રાજાને ઘેર આવ્યા છે, તે વખત સંપૂર્ણ થયું જાણવું ॥ ૨૭ ॥

**॥ अथ चतुर्थ व्याख्यानं प्रारभ्यते ॥**

**॥ ढाल चोथी थुइनी देशी ॥**

**हवे इंद्र आदेशें, धनद तणा जे देव ॥ तिर्यंभक नामें,**
**नृप घरें भरे नित्यमेव ॥ धण कणनी कोडी, होडि करे**
**तेणि वार ॥ ए जिननुं देशुं, नाम वर्द्धमान कुमार ॥ १ ॥**

**અર્થ**:—હવે જે દિવસેં તથા જે વેલાયેં શ્રમણ ભગવંત શ્રી મહાવીરને તે રાજકુલને વિષે સંક્રમાવ્યા અવતરાવ્યા, તે વેલાથી માંડીને ઈંદ્ર મહારાજના આદેશથકી, કહેવાથકી વૈશ્રમણનામા ધનદ એટલે ભંડારી તેની આજ્ઞાધારક એવા

તિર્યક્ લોકનિવાસી વૈતાઢ્ય પર્વતની મેખલાયેં રહેનારા, વ્યંતરનિકાયના જંભક નામેં દેવો તેણેં ઘણા જૂના મહોટા નિધાન લઇને, તે કોના નિધાન લઇને ? તો કે જેના સ્વામી ક્ષય થઇ ગયા છે, જેના સેવનાર હીન થયા છે, જેનાં ગોત્ર કુલ હીન થઇ ગયાં છે, જેના સ્વામી વિચ્છેદ ગયા છે, એવાં ગઢ સહિત તથા નદી પર્વતેં વીંટયા જે નગર, ખેટ, મંડપ, દ્રોણ, મુખ, પાટણ, આશ્રમ તથા સાથ ઉતરે, તેવાં સ્થાનક, સન્નિવેશ, સિંઘોડાના માર્ગને વિષે, ત્રણ શેરીના માર્ગને વિષે, ચોકને વિષે, ચાચરને વિષે, ચઉમુખના માર્ગને વિષે, જૂના ગ્રામ સ્થાનકેં, ઉજ્જવલ નગર સ્થાનકે, ગામના પાણીના ખાલને વિષે, નગરના ચોમાસાના પાણી જવાના ખાલને વિષે, દેવકુલને વિષે, સભાને વિષે, પર્વતને વિષે, આરામને વિષે, ઉદ્યાનને વિષે, વનને વિષે, વનખંડને વિષે, મશાણને વિષે, શુન્યઘરને વિષે, પર્વતની ગુફાને વિષે, પાષાણને વિષે, દાટેલાં જે ધન હોય, તે સર્વ ધન સંહરાવીને સિદ્ધાર્થ રાજાના ઘરને વિષે મૂકો, પછી તે દેવતાઓયેં અણઘડયા સુવર્ણની, વસ્ત્રની, આભરણની, પાનની, ફૂલની, ફલની, નાલિયરની, શાલિ, ગોધૂમ, ગુંથ્યાં ફૂલ, ભલા ગંધ, અબિર, ઘનસાર, કસ્તૂરી, બાવનાચંદન, રત્નાદિ હીરા, લાલ પ્રવાલાની તિર્યક્ જંભક દેવતાઓ સિદ્ધાર્થના ઘરને વિષે વૃષ્ટિ કરે. તે દિવસેંથી સિદ્ધાર્થ રાજા, સુવર્ણેં કરી, રત્નેં કરી, ધનેં કરી, ધાન્યેં કરી, રાજ્યેં કરી, દેશેં કરી, બલેં કરી, હાથીયેં કરી, ઘોડે કરી, ભંડારેં કરી, કોઠારેં કરી, નગરેં કરી, અંતઃપુરેં કરી, જનપદદેશેં કરી, જશવાદેં

કરી વધ્યો. વિસ્તીર્ણ ઘણાં ધન, સુવર્ણ, રત્ન, મણિ, મુક્તા-ફલ, દક્ષિણાવર્ત્ત શંખ, વિદ્રુમ, રાતાં રત્ન, માણિકાદિક, તેની વૃદ્ધિયેં કરી પ્રીતિપૂર્વક સત્કારને સમુદાયેં કરી ઘણું ઘણું વધ્યા, તેવારેં શ્રમણ ભગવંતનાં માતા પિતાયેં મનમાં એવું ચિંતવ્યું કે, જે દિવસથી અમારી કુખમાં બાલક ઉપન્યું છે, તે દિવસથી અમેં ઉત્તમ સાર સાર વસ્તુયેં કરીને, પ્રીતિ સત્કારેં કરીને, અત્યંત ઘણું વધ્યા છૈયેં. તે માટે જેવારેં એ બાલકનું જન્મ થાશે, તેવારેં અમે એ બાલકનું ગુણનિષ્પન્ન વર્ધમાન એવું નામ, આપીશું. એવું ભગવંતના માતા પિતાયેં પ્રભુ ગર્ભમાં છતાંજ વિચાર્યું ॥૧॥

**एम मनोरथ वधते, गर्भें भगवंत ॥ तव एक दिन चिंते, माताजी गुणवंत ॥ नवी हाले फरके, मानुं साधे कोइध्यान॥ मोह झीपन हेतें, शैलेशी करे कोइ तान ॥ २ ॥**

અર્થ:—એવી રીતેં માતા પિતાના મનોરથ વધતે થકે માતાની કુખને વિષે ભગવાનનું શરીર વૃદ્ધિ પામે છે, પરંતુ ઉત્તમ પુરૂષ જેવારેં ગર્ભેં રહે, તેવારેં તેની માતાનું પેટ વધે નહીં, માતાને દુઃખ ઉપજે નહીં. એમ કરતાં કેટલાએક દિવસ વ્યતિક્રમ્યા પછી એક દિવસેં મહાગુણવંત ભગવંતેં વિચાર્યું જે હું માતાના પેટમાં હાલું છું, ચાલું છું, તેથી મહારી માતાજી દુઃખ પામતાં હશે ? માટે એક સ્થાનકેં રહેવું કે જેથકી માતાને સુખ ઉપજે. એમ માતાની ભક્તિ કરવાને અર્થે ગર્ભને વિષે ભગવંત હાલે

નહીં, ચાલે નહીં, કંપે નહીં, ફરકે નહીં. લગારેક સંવર્યાં અંગોપાંગ, ઘણું સંવર્યાં અંગોપાંગ ગોપવીને, જેમ કોઇ મુનીશ્વર ધર્મ ધ્યાનનું સાધન કરવાને લીન થઇ જાય, અથવા જેમ વાયરે કરી રહિત ધ્વજા અડગ હોય, અથવા કોઇ મોહ ઝીંપવાને અર્થે ધ્યાન લગાડીને નિશ્ચલ રહે અથવા શૈલેશી ગુણઠાણે રહ્યો થકો જીવ કેવો એક તાનમાં અડગ રહે, અથવા જેમ સિદ્ધશિલાને વિષે જીવ, અડગ રહે તેમ ભગવાન્ પણ માતાની કુખમાં અડગ રહ્યા ॥ ૨ ॥

**तव माताने मन, पसरयो शोकसमुद्र ॥ नवी खावे पीवे, चिंतातुर गतनिद्र ॥ के वन दव दीधां, के भांज्यां बहु माल ॥ के सरोवर शोष्यां, के ऋषि दीधां आल ॥३॥**

**અર્થઃ**—તેવારેં ભગવંતની માતાના મનને વિષે ચિંતા રૂપ સમુદ્રના કલ્લોલની વૃદ્ધિ થઈ અને એવો સંકલ્પ ઉપનો કે મહારો ગર્ભ, કોઇ દેવતાયેં હર્યો, કે મહારો ગર્ભ ચવ્યો, કે મહારો ગર્ભ ગલ્યો, કેમકે પ્રથમ મહારો ગર્ભ હાલતો, ચાલતો, ફરતો, હતો અને હમણાં તો મહારો ગર્ભ હાલતો નથી, ચાલતો નથી, ફરકતો નથી, એમ વારં વાર કહેતી થકી શોકસમુદ્રમાં પડીથકી ગલહથ્થો દેઈ આર્ત્ત-ધ્યાનેં વ્યાપ્ત થઇ ભૂમિકાને વિષે દૃષ્ટિ થાપીને, ઝૂરતીથકી અન્ન ખાવાની તથા પાણી પીવાની પણ શુદ્ધ રહી નહીં, રાણીની સુખનિદ્રા પણ ગઇ. એવી અતિ ચિંતાતુર થઇ થકી વિચારે છે, કે મેં પાછલા ભવને વિષે વનમાં અગ્નિ લગાડયો હશે, કે પાછલે ભવેં પંખીના માલા પાડયા હશે, કે પાછલા

ભવે સરોવર ફોડયાં હશે, કે તલાવનાં પાણી શુકવ્યાં હશે, મ્હોટા ઋષિઓને આલ ચઢાવીને સંતાપ્યા હશે, કે મેં લઘુ બાલકની માતાને વિયોગ પાડયો હશે, કિંવા તેમને દૂધ પીવાનો અંતરાય કર્યો હશે, અથવા ઉંદર, નોલિયા, કીડી પ્રમુખના બીલ ખણ્યા હશે અથવા તો બિલને ઉષ્ણ-પાણીયેં પૂર્યા હશે ॥ ૩ ॥

**के तावडे नाख्या, जू मांकडने लीख॥ पशु पंखी पंजर के केइ भांजी भीख ॥ ज्ञानदेव साधारण, गुरु कल्पित जे द्रव्य॥ ते अभख भखाव्यां, कीधी करणी अभव्य ॥४॥**

અર્થ:—કે મેં પાછલેં ભવેં જૂ, માંકડ, લીખને તાવડે નાખીને ઘણાં દુઃખ દીધાં હશે. કે અથવા શુક, સારિકા, હંસ, મોર, કૂકડા પ્રમુખના બાલકને વિયોગ પાડી, પાંજરામાં નાખ્યાં હશે, કે મેં પંખીની આંડ છેદી હશે, કે મેં કોઇની આજીવિકા ભાંગીને અંતરાય કીધો હશે, કે મેં પાછલે ભવેં જ્ઞાનદ્રવ્થ, દેવદ્રવ્વ, સાધારણ દ્રવ્ય, ગુરૂ-દ્રવ્ય, ખાધું હશે, અથવા સાત ખેત્રનું ધન ખાધું હશે, ખવરાવ્યું હશે, ખાનારને સારો કહી માન્યો હશે અથવા અભક્ષ્ય વસ્તુનાં ભક્ષણ કર્યાં હશે, વલી ખોટી કરણી કરી હશે, તે મુઝને અવશ્ય પાપ, ઉદય આવ્યાં છે ॥ ૪ ॥

**वली अवधि आशातना, कीधी अने करावी ॥ वली अशु-द्धप्रवृत्ति, शकतें ते न चरावी ॥ के शातना कामण, कपट करीने वंच्यां ॥ माया बक वृत्ति, पाप करम बहु संच्यां ॥५॥**

અર્થઃ—વલી મેં પાછલે ભવેં અવધિ આશાતના કીધી હશે અને કરાવી હશે, વલી અશુદ્ધ પ્રવૃત્તિ ચલાવી હશે, ખોટી પ્રરૂપણાયેં ધર્મ પ્રરૂપ્યો હશે, છતી શક્તેં દાન ન દીધું હશે, દેતાં પ્રત્યેં વાર્યો હશે, અથવા ગર્ભમાં શાતન પાતન કર્યાં હશે, કામણ, ડુમણ, કર્યાં, કરાવ્યાં હશે, અથવા લોકને કપટ કરી ઠગ્યા હશે, માયાયેં કરી બગલાની પેરેં ખોટું ધ્યાન ધ્યાયું હશે, એવા પ્રકારનાં મેં ઘણાં પાપ સંચ્યાં હશે, તેનું પાપ હમણાં ઉદય આવ્યું.॥૫॥

**के शील विलूप्यां, के वली गर्भ हराव्यां ॥ इत्यादिक बहुलां, पाप करम फल आव्यां ॥ इहां दोष न कोइनो, शोच करे शुं थाय ॥ जेम जलधिमां मूक्यो, छिद्रें घडो न भराय ॥ ६ ॥**

અર્થઃ—કે મેં લોકનાં શીલ ભંગાવ્યાં હશે, કે મેં ગર્ભ હરાવ્યા હશે, કિંવા કોઈ સ્ત્રીનો ગર્ભ ઓળવ્યો હશે, અથવા બાલહત્યા કીધી હશે, શોકના પુત્ર ઉપર માઠું ચિંતવ્યું હશે. ઈત્યાદિક ઘણાં પાપકર્મ મેં કર્યાં હશે, તેથી મહારો ગર્ભ કોઇ હરી ગયો, અથવા ગર્ભ ગલી ગયો. એ મહારાં પાપ કર્મનાં ફલ હું ભોગવું છું, એમાં કોઇનો દોષ નથી. એતો મહારા કર્મનોજ વાંક છે, માટે હવે શોક કરવાથી પણ શું થાય ? એ તો જેમ ભાંગેલો છિદ્ર વાલો ઘડો હોય, તે જલધિમાં મૂકયો થકો તેમાં પાણી રહે નહીં, જેમ અભાગીઆને ઘરે ચિંતામણિ ન રહે, દારિદ્રીને ઘરે નિધાન પ્રગટ ન થાય, જેમ મારવાડની ધરતીને અભાગેં કલ્પવૃક્ષ ઉગે નહીં, તેમ હું અપુણ્યવાન્ તેને ઘેર એવો ગર્ભ પણ કેમ ટકે ? ॥૬॥

**मधुमासें न फूले, जो केरडा तरु एक ॥ तिहां जलद् वसंतनो, वांक किश्यो कहो छेक ॥ तरु फलिओ फल नवी, वामन पामे घूक ॥ देखे नवी उग्यो, तेजवंत रविसुत्त ॥७॥**

**અર્થ**:—મધુમાસ જે વસંતઋતુ, તેમાંહે બીજા સર્વ વૃક્ષ ફુલે, પણ એક કેરડાનો વૃક્ષ ફુલે નહીં, તો તિહાં કહો કે વરસાદનો અથવા વસંત ઋતુનો કિશો દોષ છે? પંડિત પુરૂષો કહે છે કે એતો એ વૃક્ષનોજ એવો સ્વભાવ છે, પરંતુ બીજા કોઇનો એમાં દોષ નથી. વલી પણ દૃષ્ટાંત કહે છે કે જેમ આંબાનો વૃક્ષ, ફુલેં કરી ફરી ફાલ્યો ફૂલ્યો દેખાય છે, તેને જોઇને એક વામન પુરૂષને મનમાં તે આંબાને ખાવાનો ભાવ ઘણો થયો, તેથી ફલ લેવાનો ઘણો ઉદ્યમ કર્યો, પણ ફલ મલ્યું નહીં, તો તેમાં કોઇનો વાંક નથી, તેમ મહારો મનઇચ્છારૂપ આંબો ઘણોએ ફલ્યો, પણ મહારે હાથેં આવ્યો નહીં. વલી જેમ તેજવંત સૂર્ય ઉગ્યોથકો આખા જગતમાં સર્વત્ર પ્રકાશ કરે છે, પણ ઘૂક જે ઘૂડ તેનો બાલક સૂર્યનું બિંબ દેખી શકતો નથી, ઉલટો તેને અંધકારનોજ ભાસ થઇ જાય છે, તો તેમાં સૂર્યનો શો વાંક છે? તે ઘૂડનો પોતાનોજ એવો સ્વભાવ જણાય છે, તેમ મહારા પણ પૂર્વકૃત કર્મના બલેં કરી એવોજ સ્વભાવ જણાય છે, જે મનેં આવા ઉત્તમ પ્રકારના ગર્ભની પ્રાપ્તિ થઇ નહીં. તો હવે મહારા ગર્ભનેં કુશલ નથી, તેવારેં મહારૂં જીવિતવ્ય શ્યા કામનું? ॥૭॥

निर्भाग्य शिरोमणि, मेरु चढावी पहाड ॥
लोचन दइ लीधां, धिग धिग कर्म अ जाल ॥
भोजन शुभ पिरशी, काढी लीए जिम थाल॥
तिम हुं दुःखणीने, राज्य सुखें सवि आल॥८॥

અર્થ:—તેથી હું સર્વ નિર્ભાગ્ય જનમાં શિરોમણિ છું, મને મેરૂ પર્વત ઉપર ચઢાવીને હેઠી પાડી નાખી, તો હવે હું શી રીતેં પાછી ચઢું? હવે પાછું ઉપર ચઢવું મુશકેલ છે, હવે કયાંથી મહારા ગર્ભને કુશલ થાય? અને કયાંથી મહારી આશા ફલે? જેમ કોઇક જન્માંધ પ્રાણીને આંખની પ્રાપ્તિ થાય, તેવારેં કેહેવો ખુશી થાય? અને ફરી જેવારેં પાછો આંધલો થઇ જાય, તેવારેં કેહવો દુઃખી થાય? તેમ મુને પ્રથમ તો ગર્ભની આશા મહોટી આપીને પછી પાછી લઈ લીધી, માટે ધિઃકાર છે, હે કર્મજાલ! હે દૈવ! તેં આ શું કીધું? મેં તાહારો શો અપરાધ કીધો જે તેં મને ચાદ સુપનસૂચિત, ત્રૈલોકય પૂજિત, સર્વગુણનિધિ, એવા પુત્રની આશા આપી, પ્રથમ હર્ષ ઉપજાવી ને પાછી શોકસંતાપમાં નાખી, તો હવે હું શું કરૂં? કયાં જાઉં? કોણ આગલ કહું? જેમ કોઈને ભલા પ્રકારનાં ભોજન, થાલમાં પીરશી, થાલ તેના મુખ આગલ મૂકીને પછી તે ભોજનનો થાલ ઉપાડી લઈયેં, તો તે કેવો દુઃખીયો થાય? તેમ હું પણ દુઃખણી થઇ છું. મહારા ગર્ભને કુશલ નથી તો હવે મહારે એ ફૂલ શય્યાને શું કરવી? અને આ રાજ્યનાં સુખ પણ મહારે શા કામનાં છે? એ સર્વ આલરુપ છે, મહારે કાંઇ

કામનાં નથી, હું મંદ ભાગ્યવાલી છું, હે પાપિષ્ટ! દુષ્ટ! મૂર્ત્તિમંત પાનક !અકાર્યનાં સરજનાર! નિર્લજ્જ! તેં માહારા ઉપર વૈર ધરીને એવા દુઃખ સમુદ્રમાં નાખી છે તો મેં તાહારો શો અપરાધ કીધો છે? તે પ્રગટ થઇને કાં કહેતું નથી? નિઃકારણ દુઃખ મુજને શા વાસ્તે આપે છે? તુને શો ઉલ્લંભો આપીયે? ॥ ૮ ॥

**किहां गइ कुलदेवी, आज करी न संभाल ॥ ए जीवित धन सुख, शुं कीजें सुकुमाल॥ पूछे तिम सहियर, तिम तिम दुःख बहु साले ॥ मूर्च्छा लही जाणी, शीतल जलशुं वाले ॥ ९ ॥**

**અર્થ**:—વલી મહારી કુલદેવી પણ કિહાં ગઇ? જેને એટલા દિવસ પૂજતાં, માનતાં, તો પણ તે મહારી સંભાલ કરતી નથી? દુખમાંથી છોડાવતી નથી. તો તે મહારી કુલ-દેવી પણ નથી. માટે હવે આ ગર્ભ વિના મહારૂં જીવિતવ્ય નિઃફલ છે. ધન, ધાન્ય કોઠારને તથા બીજાયેં પણ સુખને હું શું કરૂં? એવી રીતેં રાણીને દુઃખણી દેખીને સખિયો પૂછે છે કે બાઈ! તમને શું દુઃખ પ્રાપ્ત થયું છે? તે જેમ જેમ સખિયો પૂછે, તેમ તેમ વલી રાણીને ઘણું દુઃખ હૈયામાં શાલવા માંડે અને તે દુઃખ યોગેં મૂર્ચ્છા લહીને ધરતી ઉપર હેઠી પડે. એવી રાણીને દેખી સખીયોયેં તેને વીંજણે કરી વાયરો કરવા માંડયો, અને ટાઢું પાણી છાંટવા લાગીઓ. તેથી રાણી પાછી સાવચેત થઇ તેવારેં વલી પણ વિલાપ કરવા લાગી અને સખીઓ પ્રમુખ પરિવાર કહેવા લાગી જે મહારા ગર્ભને કુશલ નથી. તે સાંભલી સખીયો કહેવા લાગીયો કે રે બાઇ! સર્વ ભલું થાશે; તાહારા ગર્ભને કુશલ ખેમ

થાશે. તેવારેં રાણી નીશાસા મૂકતી બોલી કે અરે બેન! મ્હારા ગર્ભને કુશલ નથી. તે સાંભલી સર્વ પરિવાર વિલાપ કરવા લાગો અને સહુ કહેવા લાગ્યાં કે હા હા દૈવ! તેં આ શું કર્યું ? એમ પોકાર કરતાં શાંતિક, પૌષ્ટિક, મંત્ર, યંત્ર, તંત્રાદિકના ઉપચાર કરવા માંડયા ॥ ૯ ॥

**उपरत सवि नाटक, देखी नृपनुं गेह ॥ तव ज्ञान प्रयुंजे, त्रिभुवन करुणा गेह ॥ सुख काजें कीधुं, दुःख काजें थयुं तेह ॥ भाविकालें लखण, गुण ते दोष अछेह ॥ १० ॥**

**અર્થ:**—એ વાત અનુક્રમેં રાજાયેં સાંભલી, તેવારેં તેને મહા શોક સંતાપ ઉત્પન્ન થયો અને રાજાયેં સર્વ મૃદંગ વીણાદિકનાં નાટક બંધ કર્યાં. સર્વ નગરીનાં લોક પણ શોકાતુર થયાં, સર્વ મંત્રી શૂન્યચિત્ત થયા, સર્વ લોક શોકસમુદ્રમાં પેઠા, એવો ગર્ભનો સર્વ વ્યતિકર તે ભગવાનેં અવધિજ્ઞાનેં કરી જાણ્યો. પછી વિચાર્યું જે મેં મ્હારી માતાના સુખને અર્થે જે કામ કર્યું તે ઉલટું મ્હારાં માતા, પિતાને દુઃખને અર્થે થઇ પડયું, માટે સર્વ મ્હારા કારણેં દુઃખીઆં થયાં છે, એ ભાવિયોગ જાણવો. જે કારણ માટે મુજને એવી મતિ ઉપની જે ગુણ કરવા ગયો તે અવગુણરૂપ થયો, જેમ શાકર સર્વત્ર ગુણ કરે, પણ સન્નિપાતગ્રસિતને અવગુણ કરે છે, તેમ મોહની ગતિ એવી છે, જે મેં તો માતાના સુખને અર્થે કૃત્ય કર્યું, તે થકી ઉલટું દુઃખ થયું છે, તો એ મોહનો પ્રતિબંધ જગતમાં એવોજ છે ॥ ૧૦ ॥

**इम जाणी फरक्या, एक दिसें प्रभु जाम ॥ तव हर्षित त्रिशला, फूल्युं मुख कज ताम ॥ हुं त्रिभुवन धन्या, भाग्यदिसा वली आज ॥ जिनपद सेवाथी, सीधां सघलां काज ॥ ११ ॥**

અર્થઃ—એવું ચિંતવી માતા પિતાનાં દુઃખ ટાલવાને અર્થે ભગવંત એક દિસાયેં લગારેક હાલ્યા, ફરકયા. તેવારેં ગર્ભને કુશલ જાણી ત્રિશલા દેવી ઘણો હર્ષ પામી. જેમ મેઘની ધારાથી કદંબવૃક્ષ ફૂલે, તેમ ત્રિશલાનું મુખ પ્રફુલ્લિત થયું અને કહેવા લાગી જે મહારા ગર્ભને કુશલ છે, માટે ધિઃકાર હોજો જે મેં મનમાં માઠું ચિંતવ્યું હતું. હું ત્રણ ભુવનને વિષે ધન્ય છું, મહારી ભાગ્યદશા આજ પ્રગટી, મહારૂં ભાગ્ય પ્રબલ છે, તેથી મહારા મનોરથ સર્વ ફલ્યા. શ્રી ભગવંતના ચરણની સેવા થકી તથા મહારી ગોત્રદેવી સુપ્રસન્ન થઈ, તેથી સઘલાં મહારાં કાર્ય સિદ્ધ થયાં ॥ ૧૧ ॥

**मनोरथ कल्पद्रुम, फलियो सदल सच्छाय ॥ जिनघर जिनपूजा, धवल मंगल गवराय ॥ कुंकुमना हाथा, बांधी तोरण माल ॥ नाटक प्रारंभे, उछाले वर साल ॥ १२ ॥**

અર્થઃ—આજ મહારો મનનો મનોરથરૂપ કલ્પવૃક્ષ, સદલ સચ્છાયેં ફલ્યો, મોતીનો વરસાદ વરશ્યો. એ રીતેં રાણી રોમાંચ થઈ, નેત્ર ફૂલ્યાં, પછી દેહરે, દેહરે, શ્રીભગવંતની પૂજા કરાવી. સૌભાગ્યવતી સ્ત્રીઓ ઘણાં ધવલ, માંગલિકનાં ગીત ગાવા લાગીઓ. સર્વત્ર આઠ, આઠ માંગલિક થાપ્યાં. કુલની વૃદ્ધ સ્ત્રીયો જય જય નંદા એવા શબ્દેં કરી, આશીષ આપવા લાગીઓ. ઘણા કુંકુમના હાથા દીધા, ઠામ ઠામ

ફૂલના પગર રચ્યા, ઘર ઘરને વિષે તોરણ બાંધ્યાં, ઘણાં નાટક થાવા લાગ્યાં, ઘણી ગોડીઓ ઉછલતી હવી, ઘણી શોહાગણો પ્રધાન શાલિ, અક્ષતના થાલ ભરી ભરીને ઉછાલવા લાગીયો, તે વખત ચાર વર્ણે કરી સંકલિત રાજ્યભુવન, સંકીર્ણ થયું ॥ ૧૨ ॥

**मोतीयें चोक पूरे, चूरे सवि दालिद्र ॥ सवि अर्थी जनने, देइ दान अमंद ॥ शणगारे तस जन, राजभवन देवलोक ॥ सरिखुं ते वेला, मंगल थोका थोक ॥ १३ ॥**

અર્થઃ—ઘર ઘરને વિષે ઘણા મોતીના ચોક પૂરતા હવા, લોકોનાં દારિદ્ર ચૂરતા હવા, યાચક જનને ઘણું અમંદ દાન દેતા હવા, જેમ કલ્પવૃક્ષ, મનોવાંછિત પૂરે, તેમ રાજા, અર્થી જનનાં મનોવાંછિત પૂરતો હવો. બંદીવાન સર્વ મૂકાવે, અમારીનો પડહ વજડાવે, વલી રાજ્યભુવન આદેં દેઈને શણગાર્યાં; હાટની શ્રેણિઓ શણગારી. સજ્જન, ભાઈબંધ, કુટુંબીને ઘણાં દાન, સન્માન, દિવ્ય વસ્ત્ર, આભૂષણ આપીને પોષ્યા. તે વખતેં સાક્ષાત્ સુરલોક સમાન નગર શોભવા લાગ્યું, ઠામ ઠામ ઘણાં માંગલિક થવાં લાગ્યાં, કર્પૂર, અગર, ચૂઆ, ચંદનના પરિમલ વિસ્તર્યા, સર્વ અંતે ઉરમાં હર્ષ આનંદ થયો ॥ ૧૩ ॥

**तिहां सातमे मासें, अभिग्रह लिये गर्भमांहि ॥ हुं श्रमण न थाउं, मात पिता होय ज्यांहिं ॥ हवे त्रिशला देवी, स्नान तिलक प्रसिद्ध ॥ सहु अलंकार पहेरी, गर्भ पालना कीध ॥ १४ ॥**

અર્થઃ—એવો ભગવંતેં માતા પિતાનો મોહ જાણીને તથા અમર્ષ જાણીને, ગર્ભમાં રહ્યાં થકાંજ સાતમે માસેં

એવો અભિગ્રહ લીધો જે મહારાં માતા પિતા જ્યાં સુધી જીવતાં હોય, ત્યાં સુધી માતા પિતાને દુઃખ ઉપજે, માટે ગૃહસ્થપણું મૂકીને મહારે શ્રમણ થાવું નહીં, એટલે દીક્ષા લેવી નહીં. તેવાર પછી ત્રિશલા રાણી સ્નાન કરી, કૌતુકને અર્થે, કાજલ, તિલક પ્રમુખ કીધાં. દહીં, ધરો, પ્રમુખ માંગલિક કીધાં, પ્રાયશ્ચિત્ત દુઃસ્વપ્ન વિધ્વંસ કર્મ કીધાં. યાવત્ સર્વ અલંકારે કરી વિભૂષિત થઇથકી ગર્ભની પ્રતિપાલના કરતી હવી, તે કહે છે.

શ્લોકઃ--વાતલૈશ્ચ ભવેદ્‌ગર્ભઃ, કુબ્જાંધોજડવા મનઃ ।।
પિત્તલૈઃકર્બુરોજસ્રે, શ્વિત્રઃપાંડુકફા ત્મભિઃ ।। ૧ ।।

અર્થઃ--ઘણાં વાયુ કરનારી વસ્તુ ખાય તો ગર્ભ કૂબડો થાય, અંધ થાય, વામનો થાય, ઘેહેલો થાય. પિત્તની કરનારી વસ્તુ ખાય, તો બલને હરણ કરે. કફકારી વસ્તુ ખાવાથી નિર્બલ તથા અંધ, કૂબડો ઇત્યાદિક ગુણ વાલો થાય. એવું વૈદક ગ્રંથમાં કહ્યું છે. વલી વાગભટ્ટ ગ્રંથમાં કહ્યું છે, તે કહે છેઃ--ઘણું ઉનું ખાય તો બલ હરણ કરે. માટે ગર્ભિણી અતિ ઉનો આહાર ન કરે, તેમ અતિ ટાઢો આહાર પણ ન કરે, તેમજ અતિ તીંખો, અતિ કડવો, અતિ કશાયેલો, અતિ ખાટો, અતિ મીઠો, અતિ લૂખો, અતિ ચોપડયો, અતિ શુકો, એવો આહાર પણ ન કરે, પરંતુ સાધારણ આહાર કરે.

ગર્ભવતી સ્ત્રીયે આટલાં વાનાં ન કરવાં. ઘણું સુએ તો પુત્ર આલસૂ થાય. ઘણું અંજન કરે, તો પુત્ર આંધલો થાય. ઘણું રૂવે, તો પુત્ર પીલો થાય. ઘણું તૈલમર્દન કરે

તો કોઢિઓ થાય. ઘણું બોલે તો પુત્ર લબાડ થાય. ઘણાં વાજિત્ર સાંભલે, તો પુત્ર બહેરો થાય. એવું વીચારીને ગર્ભની પ્રતિપાલના કરે છે. તરશ લાગે તેવારેં જમવું નહીં, ભૂખ લાગે તેવારેં પાણી ન પીવું, એક પ્રહર માંહે જમવું નહીં, બે પ્રહર ઉલ્લંઘવા નહીં. જો એક પ્રહરમાંહે જમે, તો રસની ઉત્પત્તિ થાય. અને બે પ્રહર ગયા પછી જમે, તો બલ ક્ષય થાય. વલી ઉપવાસ ન કરે, જો કરે તો બહુ દુઃખ થાય.

તથા વલી ગ્રંથાંતરેં મૈથુન, યાન, વાહન, અધ્વગમન, પ્રહરવલન, ઉચેંથી પડવું, પ્રપીડન, દોડવું, એટલાં વાનાં ન કરે તથા વિઘાત ન કરે, વિષમ ન સુવે, ઉપવાસ ન કરે, વિષમ ન બેસે, ઘણું ભોજન ન કરે, ઘણો રાગ ન કરે, ઘણો શોક ન કરે, ઘણું ખારૂં ન ખાય, અતિસાર, વમન, રેચન, ન લીયે, હિંચોલે ન હીંચે, જે થકી અજીર્ણ થાય, તેવી વસ્તુ ન ખાય.

વલી ત્રિશલા દેવીની સહીયરો મલીને શીખવે જે બાઇ ! હલવે ચાલ, હલવે બોલ, રીશ ચઢાવીશ માં, પંથેં ચાલીશ માં, ઘણું હસીશ માં, અગાસેં સુતાં દીકરો ઘહેલો થાય, ઘણી નીચી મ ચાલીશ, ઘણી ઉંચી મ ચઢજે, દીવસેં સુતાં દીકરો ઉંઘણુ થાય, આઢીઓ થાય, નખ કાપ્યાથી પુત્ર કુશીલીઓ થાય, ઘણું દોડયાથી ચંચલ થાય, ઘણું હસવાથી હોઠ, દાંત, તાલુ અને જીભ કાલાં થાય, ઘણાં ગીત સાંભલવાથી બહેરો થાય, વીંજણે વાયુ કર્યાથી ઉન્મત્ત થાય, અતિ બોલવાથી બોલકો થાય, અતિ શોક કર્યાથી ઉચ્ચાટીઓ થાય, મૂર્ચ્છાથકી

નિર્બુદ્ધિ થાય, અતિ ભય રાખવાથી ગર્ભ બીકણુ થાય, અતિપરિશ્રમ કર્યાથી મંદશક્તિ વાલો અને આલસુ થાય, એવી રીતેં ગર્ભની પ્રતિપાલના ત્રિશલા રાણી કરે છે ।।૧૪।।

**शुभ दोहला पूरे, सिद्धारथ नृप तास ॥ परिजन जिम कहे तिम, विचरे निज आवास ॥ निज महिला गर्भे, वसीया प्रभु नव मास ॥ साडा सात दिन उपरें, पूरी पूरण आश ॥१५॥**

**અર્થ**:—હવે જે જે ત્રિશલા રાણીને શુભ શુભ દોહોલા ઉપજે છે, તે સર્વ સિદ્ધાર્થ રાજા તેના પૂર્ણ કરે છે. એમ કરતાં તૃતીય માસેં ત્રિશલા રાણીને એક દુર્દ્ધર દોહોલો ઉપન્યો. તે આવી રીતેં કેઃ-સૌધર્મેંદ્રની પટરાણીના કાનનાં કુંડલ પહેરૂં. તે દોહોલો પૂર્ણ ન થાય, તેણે કરી દિવસેં દિવસેં શરીરેં દુર્બલ થવા લાગી. એવામાં ઈંદ્રનું આસન ચલાયમાન થયું. તેવારેં ઇંદ્રે અવધિજ્ઞાનેં કરી વીરભગવાનની ખબર જાણીને ઈંદ્ર મહારાજ પૃથ્વી પીઠેં આવી ક્ષત્રીયકુંડ નગરને સમીપેં એક પર્વતને આંતરે ઈંદ્રપુર ગામ વસાવ્યું. તિહાં ઈંદ્ર પોતાના પરિવાર સહિત રહ્યા. એક દિવસેં સિદ્ધાર્થ રાજાયેં ઇંદ્ર મહારાજને સમાચાર મૂકયા જે અમારી રાણીને કુંડલ જોઇયેં છયેં, માટે તમારી ઈંદ્રાણીનાં કુંડલ આપજો. તે સાંભલી ઈંદ્રે કુંડલ આપ્યાં નહીં. તેવારેં સિદ્ધાર્થ રાજા સેન્યા લઇ ઈંદ્ર સામે યુદ્ધ કરવા ગયો. તિહાં ઇંદ્ર મહારાજ તો જીતવા સમર્થ છે પરંતુ જાણી બૂઝીને હાર્યો. તેવારેં સિદ્ધાર્થ રાજાયેં અપ્સરાના વૃંદ મધ્યેથી રૂદન કરતી એવી ઈંદ્રાણીનાં કુંડલ લઇને ત્રિશલા રાણીને આપ્યાં; દોહોલો પૂર્ણ કર્યો. વલી બીજાં પણ સત્તરભેદી પૂજા રચાવું, સુપાત્રેં દાન આપું, દેવ

ગુરૂની ભક્તિ કરૂં, તીર્થયાત્રા કરૂં, દીન દુઃખીયાને દાન આપું. એવા અનેક દોહોલા ત્રિશલાને ઉપના, તે રાજાયેં પૂર્ણ કર્યા.

એવી રીતેં રાણી સઘલી રૂતુને વિષે સેવવા યોગ્ય ગર્ભને સુખનાં કરનાર, એવાં ભોજન, આચ્છાદન, વસ્ત્ર, ગંધ, માલા પ્રમુખ લીએ, ગર્ભના હિતકારક પથ્યેં કરી દેશકાલ યોગ્ય આહાર પ્રત્યેં કરતી થકી ગર્ભપોષણ કરતી થકી પોતાનો પરિજન જે દાસી, સાહેલીઓ પ્રમુખ તેમની સાથેં વિચરતી થકી ફરતી થકી પોતાના આવાસમાં રહે છે. એવી રીતેં પ્રભુયેં પોતાની માતાના ગર્ભને વિષે નવ મહીના પૂર્ણ અને ઉપર સાડા સાત દિવસ લગેં રહીને ગર્ભની સ્થિતિ સંપૂર્ણ ભોગવી ॥ ૧૫ ॥

**तेणें कालें समयें, चैत्र तेरश अजुआली ॥ दिसि निर्मल पवनह अनुकूलें रज टाली ॥ सवि शकुन प्रदक्षिणा, मेदनी सवि निःपन्न ॥ जनपद सवि सुखीओ, मुदित लोक सुप्रसन्न ॥१६॥**

અર્થઃ—તે કાલને વિષે, ચૈત્ર મહીનાના અજવાલા પખવાડીઆની તેરશને દિવસેં, અર્દ્ધ રાત્રિને સમયેં નિર્મલ સૌમ્ય દિશિ હોતે થકે અંધકારેં રહિત દાહાદિકના અભાવથી જયકારી છે તથા સઘલી ધૂલ, રજ, દૂર થાતે થકે તથા જન્મ સમયની વેલાયેં શકુનને વિષે, પક્ષીઓ પણ સુલટી પ્રદક્ષિણા દેતાં થકાં, પવન પ્રદક્ષિણાયેં પ્રવર્ત્તતો સુગંધ શીતલપણાથી સુખકારી હોતો થકો, મંદપણાથી ભૂમિને વિષે પસરતો થકો, એવો અનુકૂલ વાયરો વાતે થકે ચોવીશ જાતનાં ધાન્યની

અપેક્ષાયેં મેદિની એટલે સઘલી ધરતી નીપને થકે, તેવા સુભિક્ષેં કરી પ્રમુદિત ચિત્તવાલા ક્રીડા કરતા એવા જનપદ જે દેશનાં વસનારાં લોક, તે સુપ્રસન્ન થયાં હુતાં ॥ ૧૬ ॥

**उत्तराफालगुनीयोगें, चंद्र थयो शुभलग्न ॥ उच्चथानिक ग्रह सग, मध्य रयणि सुख मग्न ॥ जनम्या निराबाधें, त्रिहुं नाणी गुण खाण ॥ ज्ञान विमल ए, भांख्युं चोथुं वखाण ॥ १७ ॥**

**અર્થ**:—ઉત્તરાફાલ્ગુની નક્ષત્રના ત્રીજા પાયા સાથેં ચંદ્રમાનો યોગ આવે થકે, શુભ લગ્ન આવે થકે, ઉચ્ચ સ્થાનકેં સગ એટલે સાત ગ્રહ આવે થકે, મધ્ય રયણી એટલે અર્દ્ધ રાત્રિના સમયને વિષે, નિરાબાધપણે, એટલે બાધા રહિતપણે, ત્રિશલા રાણી ત્રણ જ્ઞાનેં કરી સહિત એવા પુત્ર પ્રત્યેં પ્રસવતી હવી, એ જ્ઞાનવિમલ સૂરિયેં ચોથું વખાણ કહ્યું ॥ ૧૭ ॥

## ચોથું વ્યાખ્યાન સંપૂર્ણ.

સ્વસ્તિશ્રી રૂદ્ધિ વૃદ્ધિ જયોમાંગલ્યાભ્યુદયશ્ચ સંવત્ છવ્વિશેં એકાણુના વર્ષે માસોત્તમમાસે ચૈત્ર માસે શુકલપક્ષે ત્રયોદશી તિથૌ ભૌમ વાસરે ઘટી (૫૫) પલ (૧૧) ઉતરા-ફાલ્ગુની નક્ષત્ર ઘટી (૬૦) ધ્રુવયોગ ઘટી (૪૫) પલ (૫૫) તૈતલકર્ણે એવં પંચાંગશુદ્ધૌ શ્રી ઇષ્ટ ઘટી (૪૫)–પલ, (૧૫) –ઇક્ષ્વાગવંશે શ્રીકુંડલપુરનયરેં સિદ્ધાર્થગૃહે ભાર્યા ત્રિશલા ક્ષત્રિયાણી કુક્ષૌ પુત્રરત્નમજીજનત્, ત્રણ ભુવન દીપક ભગવંત શ્રીમહાવીર જન્મ્યા. તસ્ય જન્મ કુંડલી.




॥ ढाल पांचमी ॥ एकवीशानी देशीमां ॥

जिन जन्म्याजी, सुखीया नारकी थावरा ॥ तेजें त्रिभुवनें जी, प्रगटे समिर सुहंकरा ॥ दिशिकुमरी जी, छप्पन्ननां आसन चले ॥ अवधियें जाणे जी, सपरिवार आवी मले ॥ त्रुटक ॥ मिले चउदिशी, उर्ध्व अधो दिशि, आठ आठ तिम विदिशिनी ॥ रुचक नीवासिनी चउ चउ, इम छपन्न सुहासिनी ॥ जिन मात लेइ त्रण घर करी, स्तुति मज्जन ते करे ॥ वर वस्त्र भूषण करीय शोभा, आवियां तिम संचरे ॥ १ ॥

અર્થઃ—હવે શ્રી જિનેશ્વરનો જન્મ થયો, તેવારેં નારકી જીવને એક મુહૂર્त્ત સુધી સુખ થયું. કેમકે ? ભગવંતના અતિશયથી નારકી જીવને મુહૂર્ત્તમાત્ર શાતા રહે. વલી થાવર જીવનું છેદન, ભેદન, ન થાય, તેથી તેને પણ સુખ ઉપજે. તથા ત્રણ ભુવનને વિષે ઉદ્યોત થયો તથા ભલો, ઉંડો, મનોહર દશો દિશાયેં વાજતો એવો સુખકારી મંદ

મંદ પવન બાજવા લાગ્યો, તથા દિસિ વાસી ઉપન્ન કુમારિકાનાં આસન ચલાયમાન થયાં. પછી તે અવધિજ્ઞાનેં કરી પ્રભુનો જન્મ થયો જાણીને પોતપોતાના પરિવાર સહિત ભગવંતનો જન્મ મહોત્સવ કરવાને આવી મલે. અહીં સુધી ચાર વખાણ કહ્યાં. તિહાં પ્રથમ વખાણને વિષે શ્રીમહાવીર સ્વામીના પાંચ કલ્યાણકનાં નામાદિક કહ્યાં. તથા બીજી વાંચનાને વિષે દશ અચ્છેરાં કહ્યાં. ત્રીજી વાંચનાને વિષે સુપનનું વર્ણન કહ્યું. ચોથી વાંચનાને વિષે શ્રી મહાવીર સ્વામીનું જન્મ કલ્યાણક કહ્યું.

હવે પાંચમી વાંચનાને વિષે પ્રભુનો જન્મ મહોત્સવ તથા નીશાલગરણું, તથા દીક્ષા કહીશું. તિહાં પ્રથમ તો શ્રીભગવંતનો જન્મ મહોત્સવ કહે છે. તેમાં પણ પ્રથમ છપ્પન દિશિકુમરીયેં કરેલો જન્મ મહોત્સવ કહે છે. તિહાં ભગવાનના જન્મ થવાથી છપ્પન દિગકુમારિકાનાં આસન કંપાયમાન થયાં. તેવારેં અવધિં પ્રયુંજી ભગવાનનો જન્મ થયો જાણી, તે રાત્રેં તિહાં આવે, તેનાં નામ કહે છે. રૂચકદ્વીપની વસનારી ચાર દિશાની આઠ આઠ, તથા બે દિશિની ચાર ચાર અને ઊર્ધ્વ તથા અધો દિશિની આઠ આઠ, મલી છપ્પન દિગ્કુમારિકા તે રાત્રેં તિહાં આવે, તે જે જે કૃત્ય કરે, તે કહે છે. ત્યાં પ્રથમ ભોગગંકરા, ભોગવતી, સુભોગા, ભોગમાલિની, સુવત્સા વત્સમિત્રા, પુષ્પમાલા અને અનંદિતા, એ આઠ દિગકુમારિકાઓ અધોલોકેં ગજદંતાકાર પર્વતની હેઠેં વસનારી છે, તે આવીને ભગવંતને તથા ભગવંતની માતાને નમસ્કાર કરી, ઈશાનકોણેં એક યોજન, ચાર ગાઉ

પ્રમાણ ધરતીને સંવૃતક વાયરે શુદ્ધ કરીને કાંકરા દૂર કરીને સૂતિકાગૃહ કરે. તેવાર પછી મેઘંકરી, સુમેઘા, મેઘવતી, મેઘમાલિની, સુવત્સા, વત્સ મિત્રા, વારીષેણા અને બલાહિકા, એ આઠ દિગ્કુમારિકા ઉર્ધ્વ લોકેં નંદન વનના કૂટોને વિષે વસનારી છે, તે આવીને પ્રભુને તથા પ્રભુની માતાને નમસ્કાર કરીને તે સૂતિકાઘરને વિષે સુગંધિત પાણીયેં કરી સહિત ફૂલનો વરસાદ વરસાવે. તથા નંદોત્તરા, નંદા, સુનંદા, નંદવર્દ્ધિની, વિજયા, વૈજયંતી, જયંતી અને અપરાજીતા એ આઠ દિગ્કુમારિકાઓ રૂચકદ્વીપની પૂર્વદિશાને વિષે વસનારી છે, તે ત્યાંથી આવીને ભગવાન્ તથા ભગવાનની માતાને નમીને ભગવાન્ આગલ દર્પણો લેઈને ઉભી રહે. તથા સમાહરા, સુપ્રદત્તા, સુપ્રબુદ્ધા, યશોધરા, લક્ષ્મીવતી, ચિત્રગુપ્તા અને વસુંધરા, એ આઠ દિગ્કુમારિકાઓ રૂચકનામા તેરમા દ્વીપની દક્ષિણદિશિને વિષે વસનારીઓ છે, તે ત્યાંથી આવી જીનને તથા જીનની માતાને નમસ્કાર કરીને શ્રીજીનને સ્નાન કરાવવાને અર્થે સોનાના કલશ સુગંધિત પાણીથી ભરી હાથમાં ધારણ કરી સ્નાન કરાવીને પ્રભુ આગલ ગીત, ગાન, નાટારંભ કરે. તથા ઈલાદેવી, સુરાદેવી, પૃથિવી, પદ્માવતી, એકનાસા, નવમિકા, ભદ્રા અને સીતા, એ આઠ રૂચકદ્વીપની પશ્ચિમ દિશાને વિષે રહેનારીયો છે, તે ત્યાંથી આવીને પ્રભુ તથા પ્રભુની માતાને નમસ્કાર કરી પ્રભુને વાયરો કરવાને અર્થે વીંજણા હાથમાં લેઇ ભગવંતના મુખ આગલ ઉભી રહી, પ્રભુને વાયરો કરે. તથા અલંબુશા, મિતકેશી, પુંડરિકા, વારૂણી, હાસા, સર્વપ્રભા, હ્રીં શ્રી અને ઝ્રીં, એ

આઠ દિગ્કુમારિકાઓ રૂચકદ્વીપની ઉત્તરદિશાને વિષે વસનારીઓ છે, તે આવી ભગવંત તથા ભગવંતની માતાને નમીને ભગવંતની બે બાજુયેં ચાર ચાર ઉભી રહી હાથમા ચામર લેઇને પ્રભુને ઢોલે. તથા વિચિત્રા, ચિત્રકનકા, તેજા અને સુદામિની, એ ચાર દિગ્કુમારિકાઓ રૂચકદ્વીપની વિદિશિને વિષે વસનારી છે, તે આવીને ભગવંત તથા ભગવંતની માતાને નમીને દીવો હાથમાં ગ્રહણ કરીને ઉભી રહે. તથા રૂપા, રૂપાસિકા, સુરૂપા અને રૂપકાવતી, એ ચાર દિગ્કુમારિકાઓ મધ્યરુચકેં વસે છે, તે આવી ભગવંત તથા ભગવંતની માતાને નમીને ભગવંતનું ચાર અંગુલ પ્રમાણ નાલ છેદીને ધરતીમાંહે ખાડો ખણીને દાટે, તેના ઉપર વૈડૂર્ય રત્નની પીઠિકા બાંધે. તે વાર પછી જન્મગૃહથકી વેગલાં પૂર્વ દિશેં દક્ષિણ દિશેં અને ઉત્તર દિશેં, એ ત્રણે ઠેકાણેં ત્રણ કેલીનાં ઘર કરે. પછી દક્ષિણ કેલીગૃહમધ્યેં ભગવંત તથા ભગવંતની માતા, એ બેહુને લાવીને તેમને સુખ ઉપજે, એવું મર્દન કરે. પછી સ્નાન કરાવીને પૂર્વદિશિના કેલીગૃહમાં આણી, ભગવંત ઉપરેં મોહ જાણી વસ્ત્રાલંકાર પહેરાવે. તે વાર પછી ઉત્તર દિશિના કેલીગૃહમાં આણીને તિહાં અરણીકાષ્ટથી અગ્નિ પાડી ચંદનના કાષ્ટનો હોમ કરી, રક્ષાની પોટલી ભગવંત તથા ભગવંતની માતા એ બેહુના હાથમાં બાંધે. બાંધીને, હે ભગવન્ ! પર્વતાયુર્ભવ, એવી આશીષ આપે. પછી પાષાણ, ગોલા આસ્ફાલી ગીત ગાન કરી ભગવંત તથા ભગવંતની માતાને જન્મસ્થાનકેં મૂકી પાછી પોત પોતાને સ્થાનકેં જાય. એ એકેકી દિગ્કુમારિકાને ચાર ચાર

મહત્તરા દેવી છે, ચાર હજાર સામાનિક દેવો છે, શોલ હજાર અંગરક્ષક દેવો છે, સાત અનિકાધિપતિ છે, તથા બીજા પણ ઘણા પરિવારેં પરિવૃતથકી એક યોજનના વિમાનમાં બેશીને પ્રભુનો જન્મમહોત્સવ કરવાને જેમ આવે, તેમ મહોત્સવ કરીને પોતાને સ્થાનકેં પાછી જાય. એ દેવી ભવનપતિમાંહેલી એક પલ્યોપમાયુ વાલી જાણવી. એ દેવીયોનો એજ સ્વભાવ છે, કે તીર્થંકરનો જન્મ થવાથી પ્રથમ એમનું આસન ચલાયમાન થાય; તેવારેં પ્રભુનો પહેલો જન્મમહોત્સવ એ દેવીયો કરે, પછી બીજા ઇંદ્રાદિક દેવો કરે ॥૧॥

॥ ढाल ॥ सवि सुरपति जी, जन्ममहोत्सव जिन तणो ॥ मेरु आवे जी, मली समुदय अतिघणो ॥ लइ जावेजी, करी अभिषेक पातक गमे, धूप आरति जी, गीत गान हर्षें रमे ॥ ॥ त्रुटक ॥ रमे नाटिका भक्तिपूजा, करी आनंद अति घणो ॥ आठ मंगल भणी एकशत, आठ काव्य रचना भणे ॥ बत्रीश कोडी सुवर्ण वरशी, भूपपर जिन मेहेलीया ॥ अठाइ गहोत्सव मदीसर करी, सकलसुर ठामें गया ॥ २ ॥

અર્થ:—હવે ઇંદ્રોયેં કરેલો જન્મ મહોત્સવ કહે છે. તે પ્રભુના જન્મ સમયેં ઇંદ્રનું આસન ચલાયમાન થયું. તેવારેં અવધિજ્ઞાનેં કરીને શ્રીમહાવીર સ્વામીનું જન્મ કલ્યાણક જાણ્યું. તે વખતેં ઈંદ્ર મહારાજેં સુઘોષા ઘંટા હરણૈગમેષી દેવતા પાસેં મગાવીને વજડાવી. તેનો શબ્દ સર્વ

વિમાને સંભલાય. તે સુઘોષા ઘંટા કેહેવી છે? તો કે બાર યોજન પહોલી છે, છ યોજન ઉંચી છે, ચાર યોજનનું નાલવું છે, તેને દેવલોકના મધ્ય ભાગમાં રાખી પાંચશેં દેવતા ભેગા થઈ ને વજડાવી. તે વખતેં બારે દેવલોકમાં ઘંટા વાગી. ઉક્તં ચ ॥ "બારસ જોયણુ પહુલા, સુઘોસા ઘંટા ઇ અદ્ધ ઉચ્ચત્તં ॥ ચત્તારિય નાલાઓ. દેવાસય પંચ વાયંતિ ॥૧॥" એ ઘંટાનો છ મહીના સુધી શબ્દ રહે. પછી તે ઘંટાના શબ્દથી ઇંદ્રનો આદેશ જાણી, બત્રીશલાખ વિમાનના વસનારા સર્વ દેવતા હર્ષ પામ્યા, અને સર્વ ચાલવાનો ઉદ્યમ કરવા મંડી ગયા, અને સૌધર્મેંદ્ર પોતેં પણ લાખ યોજનનું પાલક નામેં વિમાન છે તેમાં બેઠા. તેની આગલ ઇંદ્રની આઠ અગ્રમહિષી, આઠ ભદ્રાસન ઉપર બેઠી. અને ડાબે પાસેં ચોરાશી હજાર સામાનિક દેવતા ભદ્રાસનો ઉપર બેઠા. જમણે પાસેં બાર હજાર અભ્યંતર પર્ષદાના દેવતા, તેમજ ચઉદ હજાર મધ્ય પર્ષદાના દેવતા તથા શોલ હજાર બાહ્ય પર્ષદાના દેવતા ભદ્રાસન ઉપર બેઠા. ઇંદ્રની પછવાડે સાત કટકના દેવતા ભદ્રાસનો ઉપર બેઠા. ચારે દિશાયેં ચોરાશી ચોરાશી હજાર આત્મરક્ષક દેવતા ભદ્રાસનો ઉપર બેઠા. એમ બીજા પણ ઘણા દેવતા પોત પોતાના વિમાનમાં બેઠા થકા ગીત ગાન કરતા ચાલ્યા. તેમાં કેટલાએક દેવતા કૌતુક જોવાને અર્થે, કેટલાએક ઇંદ્રના આદેશથકી કેટલાએક ઇંદ્રના સમધર્મિપણાથકી, કેટલાએક તીર્થંકરના ભક્તિરાગેં કરી, કેટલાએક સ્ત્રીના પ્રેર્યા થકા, કેટલાએક મિત્રના પ્રતિબંધેં, કેટલાએક પોતાને ભાવેં કરી ચાલ્યા.

એમ વિવિધ વાહને બેઠાથકા દેવતાની કોડા કોડીથકી યદ્યપિ આકાશમાર્ગ મ્હોટો છે તથાપિ તે વખત સંકીર્ણ થયો. ત્યાં કેટલાએક દેવતાઓ ગીત ગાન કરતા ચાલે છે, તેનો શબ્દ તથા વિવિધ પ્રકારના વાજીત્રના શબ્દ, તથા ઘંટાના શબ્દ અને દેવતાઓનો કોલાહલ, તેણે કરી એવો શબ્દાદ્વૈત થયો કે જેથકી કાને પડયું કાંઇ સંભલાય નહીં. તેમાં વલી કેટલાએક સિંહના વાહન ઉપર બેઠેલા દેવતા તે બીજા હાથીના વાહન ઉપર બેસનારા દેવતાને આપસ આપસમાં કહે છે, કે તમેં તમારા હસ્તીને દૂર કરો, નહીં કાં માહારો સિંહ તમારા હસ્તીને મારી નાખશે ? તેમજ વલી ઘોડે બેઠા દેવતા ઘેટા વાલાને કહે છે તથા ગરૂડને વાહનેં બેઠા છે, તે સર્પવાલાને કહે છે, તથા ચિત્તાના વાહન ઉપર બેઠેલા દેવતા છાગના વાહનવાલાને કહે છે. એમ દેવતા મધ્યરાત્રિને વિષે આકાશથકી હેઠા ઉતરતાં જેવારેં તેમના મસ્તક ઉપર ચંદ્રમા આવ્યો, તે વારેં કવિ ઉત્પ્રેક્ષા કરે છે, કે યદ્યપિ દેવતા સર્વ જરા રહિત છે, તથાપિ તેમના મસ્તકેં પલી આવ્યાં કે શું ? વલી દેવતાના મસ્તકેં તારાનાં વિમાન શોભી રહ્યાં છે, તે જાણીયેં રૂપાનો ઘડોજ હોય નહિં ? એવા દેખાવા લાગા. એ રીતેં સર્વ દેવતા નંદીશ્વર દ્વીપેં આવીને તિહાં પોતાના વિમાન સંક્ષેપીને ઇંદ્ર મહારાજ, ભગવંત તથા ભગવંતની માતા પાસેં આવ્યા. તિહાં ત્રણ પ્રદક્ષિણા આપીને વંદના કરી સ્તુતિ કરે. પછી ભગવંતની માતાને નમસ્કાર કરીને કહેવા લાગ્યા કે હે રત્નકુક્ષ ધરણહારી ! હે રત્નગર્ભે ! હે રત્નદીપક ! હું સૌધર્મેંદ્ર, તાહારા

પુત્રની ભક્તિને વશેં જન્મ મહોત્સવ કરવાને દેવલોક થકી આવ્યો છું; તુમેં કાંઇ બીહીશો નહીં. એમ કહી ભગવંતની માતાને અવસ્વાપિની નિદ્રા આપી અને ભગવંતનું પ્રતિબિંબ માતા પાસેં મૂકી, એક રૂપેં ભગવંતને કરસંપુટેં રાખી, એક રૂપેં ભગવંત ઉપર છત્ર ધર્યું, અને બે રૂપેં બે પાસેં ચામર ઢાલવા લાગ્યો, અને એકરૂપેં વજ્ર ઉલાલતો આગલ ચાલ્યો; એમ બધાં મલી પાંચ રુપ ઇંદ્ર મહારાજે વૈક્રિય કર્યાં. તેમાં આગલો પાછલા રૂપને વખાણે અને પાછલો આગલા રૂપને વખાણે. એમ પાંચ રૂપેં કરી ઇંદ્ર મહારાજ, મેરૂપર્વત ઉપર જિહાં પાંડુક વન છે, ત્યાં ભગવંતને લઈ આવીને દક્ષિણ દિશિયેં અતિ પાંડુકમલા શિલાને તલે શાશ્વતું સિંહાસન છે, ત્યાં ભગવાનને ઉત્સંગમાં લઇને ઈંદ્રમહારાજ પૂર્વ સન્મુખ બેઠા. તેવારેં તિહાં બાર દેવલોકના દશ ઇંદ્ર, ભવનપતિના વીશ ઇંદ્ર, વ્યંતરના બત્રીશ ઇંદ્ર, અને ચંદ્રમા તથા સૂર્ય, એ બે જ્યોતિષીના ઇંદ્ર, એ સર્વ મલી ચોશઠે ઇંદ્ર સપરિવારેં પ્રભુને સ્નાન કરાવવાને અર્થેં મલ્યા છે. તેમાં પ્રથમ અચ્યુતેંદ્રે એક હજારને આઠ શોનાના કલશ, તથા એક હજારને આઠ રૂપાના કલશ, તથા એક હજારને આઠ રત્નના કલશ, તેમજ ચોથા સુવર્ણ રૌપ્યમય, પાંચમા સુવર્ણરત્નમય, છઠ્ઠા રત્નરૌપ્યમય, સાતમા સુવર્ણરૌપ્યરત્નમય, આઠમા મૃત્તિકામય, એ આઠ જાતિના પ્રત્યેકેં એક હજારને આઠ આઠ કલશો કરે. વલી એક ક્રોડને શાઠ લાખ કલશનો વિવરો લખીયેં છેયેં. ભવનપતિના વીશ ઇંદ્ર, વ્યંતરના બત્રીશ ઇંદ્ર, વૈમાનિકના દશ ઇંદ્ર, તથા અઢી દ્વીપના

એકશોને બત્રીશ સૂર્ય ચંદ્ર; ધરણેંદ્ર ભૂતાનેંદ્રની બાર ઇંદ્રાણી, વ્યંતરની ચાર ઇંદ્રાણી, ચમરેંદ્ર બલીંદ્રની દશ ઇંદ્રાણી, જ્યોતિષીની ચાર ઇંદ્રાણી, સૌધર્મ ઇશાન એ બેની શોલ ઇંદ્રાણી, સામાનિક દેવોનો એક, ત્રાયત્રિંશકનો એક, લોકપાલના દેવના ચાર, અંગરક્ષક દેવોનો એક, પર્ષદાના દેવનો એક, પ્રજાના દેવનો એક, અને સાત કટકના દેવોનો એક, એમ સર્વ મલી બશેં ને પચ્ચાશ અભિષેક થાય. તે એકેક અભિષેકેં ચોશઠ હજાર કલશ હોય. તે વારેં ચોસઠ હજારને અઢીશો ગુણ કરતાં, એક ક્રોડને શાઠ લાખ કલશ થાય. એ એકેકા જાતિના કલશ, પચ્ચીશ યોજન ઉંચા, બાર યોજન પોહોલા, અને એક યોજનનાં નાલવા વાલા જાણવા. એવા કલશ, તેમજ વલી ભંગાર, દર્પ્પણ, રત્નકંરડીઆ, થાલ, પાત્રિકા, પુષ્પ ચંગેરી ઇત્યાદિક પૂજાનાં ઉપકરણ પ્રત્યેકેં એક હજારને આઠ પ્રમાણેં જાણવાં. તથા મગધાદિક તીર્થનાં જલ, ગંગા પ્રમુખ નદીઓનાં જલ, પદ્મ દ્રહનાં જલ, ક્ષુલ્લહિમવંત, વૃક્ષધર, વૈતાઢ્ય, વિજય, વક્ષસ્કાર, દેવકુરૂ, ઉત્તરકુરૂ, ભદ્રશાલ અને નંદનવન પ્રમુખના સર્વ ફુલ, પ્રધાન ગંધ, સર્વ ઔષધિ, પાણી પ્રમુખ અભિષેક દેવતાપાસેંથી અચ્યુતેંદ્ર અણાવે. ક્ષીરસમુદ્રના જલેં ભરી કલશ, હૃદય આગલ લીધા થકા દેવતા એવા શોભે છે કે જાણીયેં સંસાર સમુદ્રને તરવાને અર્થેં કુંભ ધર્યા હોય નહીં? એવા શોભે છે. એટલે ભાવવૃક્ષને શીંચે છે કિંવા પોતાનો પાપરૂપ મલ ધોય છે, અથવા ધર્મરૂપ પ્રાસાદ ઉપર કલશ ચઢાવે છે, કે શું? હવે એવા અવસરને વિષે, ઇંદ્ર મહારાજના મનમાં સંશય ઉત્પન્ન થયો

કે નાના બાલક થકા શ્રીવીર ભગવાન્, એવડા જલાભિષેક કેમ સહન કરી શકશે? એવું જાણી અભિષેકનો આદેશ ન દેતા હવા. તેવારેં ભગવંતેં અવધિના બલેં કરી ઇંદ્રનું શંકિત મન જાણીને અરિહંતપણાનું અતુલ્ય બલ જણાવવા નિમિત્તેં બાલરૂપેં ડાબા પગને અંગુઠે મેરૂ ચાંપ્યો. તેથી મેરૂપર્વત કંપ્યો, સકલ ધરતી થરહરવા લાગી, પર્વતના શિખર ત્રૂટવા લાગાં, સમુદ્ર ચલાચલ થયો, બ્રહ્માંડ સ્ફોટ સરખો શબ્દ થયો. તેવારેં ઇંદ્ર ક્રોધ પામ્યો થકો કહે છે, કે અરે આ હર્ષના સમયને વિષે આવો વિષાદ કોણેં કર્યો છે? વલી પ્રભુના જન્મ સમયેં એવું થાય નહીં, તે કેમ થયું? એમ વિચારી અવધિ પ્રયુંજીને જોયું તો પ્રભુની શક્તિ જાણી, ઇંદ્ર પગે લાગી ખમાવીને સ્તુતિ કરવા લાગો.

॥ ભુજંગપ્રવાત છંદ ॥

સુણો વીર્ય બોલું વિશાલો વિબુધો,
નરેં બાર યોદ્ધેં મલી એક ગોધો ॥
દશે ગોધલે લેખવો એક ઘોડો,
તુરંગેણુ બારેં મલી એક પાલો ॥
દશે પંચ મહિષો મદોન્મત્ત નાગો,
ગજા પાંચશેં કેશરી વીર્ય ત્યાગો ॥
હરિ વીશશેં વીર્ય અષ્ટાપદેકો,
દશ લક્ષ અષ્ટાપદેં રામ એકો ॥
ભલા રામયુગ્મેં સમો વાસુ દેવો,
દ્વિતીય વાસુદેવેં ગણી ચક્રિ લેવો ॥

ભલા લક્ષ ચક્રી સમો નાગ શૂરો,
વલી કોડિ નાગાધિપેં ઇંદ્ર પૂરો ।।
અનંતે સુ ઇંદ્રેં મલી વીર્ય જેતું,
ટચી અંગુલી અગ્રથી જિન્ન તેતું ।।૧।।

એમ ઇંદ્રેં વખાણ્યા અને મેરૂપર્વતેં એમ વિચાર્યું જે અનંતા તીર્થંકરના જન્માભિષેક મહારા ઉપર થયા, પરંતુ મુજને કોણે પગેં ફરસ્યો ન હતો, તે હમણાં શ્રીવીરેં ફરસ્યો, તેથી હું પણ ધન્ય છું. એમ સમજીને જાણે હર્ષથી નાચ્યો થકો ચિંતવે છે જે હું સર્વ પર્વતનો રાજા તે ખરે ખરો છું.

હવે પ્રથમ અચ્યુતેંદ્ર અભિષેક કરે, પછી અનુક્રમેં સર્વ અઢીશેં અભિષેક થાય. એ કલશ નામીને, હવે ઈશાનેંદ્ર પ્રભુને ઉત્સંગમાં લઇ બેસે અને સૌધર્મેંદ્ર, ચાર ધવલ વૃષભનાં રૂપ વિકૂર્વે. તેના આઠ શ્રૃંગ, દૂધેં ભરી અભિષેક કરે, અભિષેક કરીને પોતાનાં પાપ ગમાવે. ધૂપ, દીપ, આરતિ, ગીત, ગાન, નૃત્ય, વાજિત્ર પ્રમુખેં અતિ આનંદેં કરી પૂજા કરે. ભગવંતનું શરીર, ગંધ કષાયેં વસ્ત્રેં લોહીને પછી બાવના ચંદને વિલેપન કરી, પુષ્પાદિકેં પૂજા કરી, આગલ દર્પ્પણ, વર્દ્ધમાન, કલશ, મત્સયુગ્મ, શ્રીવત્સ, સ્વસ્તિક, નંદાવર્ત્ત અને ભદ્રાસન, એ અષ્ટ માંગલિક રૂપાના તાંદૂલેં કરી આલેખી પછી સ્તુતિરૂપ ભાવપૂજા કરે. એટલે અપૂર્વ એકશોને આઠ કાવ્યની રચના કરી, પ્રભુની સ્તુતિ કરીને ઇંદ્ર મહારાજ ફરી પ્રભુને માતા પાસે મૂકીને ભગવંતનું પ્રતિબિંબ તથા અવસ્વાપિની નિદ્રા અપહરીને ઉપરે રત્નેં જડિત ચંદુઓ બાંધે. તથા રત્નેજડિત કંદોરો, શ્રીદામ, રમકડું આપી, બત્રીશ કોડી રત્ન, રૂપ્પ, સુવર્ણની વૃષ્ટિ કરીને પછી ગાઢે સ્વરેં ઉદ્‌ઘોષણા કરે કે જે

કોઇ ભગવંતને તથા ભગવંતની માતાને ઉપદ્રવ કરશે, તેનું મસ્તક આર્જમંજરીને પેરેં ખંડો ખંડ કરીશ. પછી ઇંદ્ર સ્વામીને અંગુઠે અમૃત થાપીને નમસ્કાર કરી ચોશઠ ઇંદ્ર ભેલા થઇ નંદીશ્વરદ્વીપેં અઠ્ઠાઇ મહોત્સવ કરી પોતપોતાને સ્થાનકેં જાય ॥

હવે જે દિવસેં શ્રમણ ભગવન્ શ્રીમહાવીર જન્મ્યા, તે રાત્રિને વિષે વૈશ્રમણ, કુંડધારી ધનદના આદેશકારી તિર્યક્ જૃંભક દેવતા, તેણેં સિદ્ધાર્થ રાજાના ઘરને વિષે રુપાની વૃષ્ટિ, સોનાની વૃષ્ટિ, હીરાની વૃષ્ટિ, વસ્ત્રની વૃષ્ટિ, આભરણની વૃષ્ટિ, નાગરવેલના પાનની વૃષ્ટિ, ફૂલની વૃષ્ટિ, ફલની વૃષ્ટિ, શાલિપ્રસુખની વૃષ્ટિ, ગુંથ્યા ફૂલની વૃષ્ટિ, અગર પ્રમુખ ગંધની વૃષ્ટિ, અબીરની વૃષ્ટિ, ચૂર્ણની વૃષ્ટિ, ગુલાબની વૃષ્ટિ, સાડાબાર ક્રોડ સુવર્ણની વૃષ્ટિ કરી ॥ ૨ ॥

એ રીતેં રાત્રિયેં દેવતા સંબંધિ જન્મ મહોત્સવ થયા પછી પ્રભાતેં સિદ્ધાર્થ રાજાયેં જન્મ મહોત્સવ કર્યો, તેનું વર્ણન કરે છે.

॥ ढाल ॥

हवे राजा जी, परभातें मोच्छव करे ॥
दश दिनना जी, नगर सवे कुरुणा करे ॥
नाम थापे जी, वर्द्धमान गुणथी भलुं ॥
सग कर तनु जी, कंचनवानें निर्मलुं ॥ १ ॥

॥ त्रुटक ॥

अतिभलुं बल श्रीजिननुं, हरि कहे ते न सहि शक्यो ॥
अन्नाणी सुह एक आवी, रमत रमवाने धक्यो ॥
अहि आमली वृक्ष वींटी, रह्यो नाखे कर ग्रही ॥
वली डीभरुपें वृद्धि पाम्यो, ताडिओ प्रभु कर ग्रही ॥ ३ ॥

અર્થ:—હવે પ્રભાતના સમયને વિષે સિદ્ધાર્થ રાજા પોતા નગરમાંથી કચરો, કાંટો, કઢાવી, પૂંજાવી, લીંપાવી, રસ્તામાં પાણી છાંટી, પવિત્ર કરી, હાટશ્રેણી સર્વ શણગારી, મંચા ઉપર મંચા બાંધ્યા. વિવિધ પ્રકારના રંગે કરી શોભિત તથા ધ્વજા પતાકાયેં કરી સુશોભિત કર્યું; રાતા ચંદનેં કરીને પૂજ્યું. કુંકુમના પાંચ આંગુલીના હાથા દીધા, ઉચિત ચંદનના ભરેલા કલશ થાપ્યા, ચંદનના ઘડા થાપ્યા. ઘર ઘર બારણે તોરણ બંધાવ્યાં, ફૂલની માલાઓ બંધાવી, કૃષ્ણાગર, કુંદરૂ, શિલારસ તેના ધૂપ, ઠામ ઠામને વિષે કરાવ્યા. અનેક પ્રકારના વાજિત્રના વજાવનારને બોલાવ્યા, પોતેં સર્વ અંતઃપુર સહિત મલ્લશાલાને વિષે આવ્યા. દાણ મૂક્યા, કર મૂક્યા, લહેણું ન માગે, દેણું ન આપે, રાજાનો સેવક કોઈને ઘરે ન પેસે, દંડ ન કરે, લેણું માથે હોય, તે ઉતારે. વેશ્યા, પાત્ર, નટુઆ નાચતા થકા માદલના ધોંકાર થઈ રહ્યા છે, સિદ્ધાર્થ રાજા તે વખત યાચક જન પ્રત્યેં ઉલટથી દાન દીએ છે. પ્રભુને દેહેરે પૂજા રચાવી, ઘણો ઉચ્છવ કર્યો. એ રીતેં પ્રથમ દિવસેં સ્થિતે, પ્રકારઃ ॥ પછી ત્રીજે દિવસે ગુરૂ, સ્ફાટિકની ચંદ્રમાની મૂર્ત્તિ કરાવે, અથવા રુપાની કરાવે, તેને પૂજીને રાખે. તેવાર પછી બાલકને બાલકની માતા સ્નાન કરાવી પુત્રને હાથેં ધરી, ચંદ્રોદય હુંતે પ્રત્યક્ષ ચંદ્રમાને સામો આણી, પછી આવી રીતેં મંત્ર ભણે, તે કહે છે. “ૐ અર્હં ચંદ્રોસિ નિશાકરોસિ, નક્ષત્રપતિરસિ, સુધાકરોસિ, ઔષધિગર્ભોસિ, અસ્ય કુલસ્ય ૠદ્ધિં વૃદ્ધિં કુરૂ કુરૂ સ્વાહા” એ મંત્ર ઉચ્ચરીને ગુરૂ, માતા તથા પુત્રને ચંદ્રમા દેખાડે. પછી પુત્રને લેઈ માતા ગુરૂને પગે લગાડે, ગુરૂ અશીર્વાદ આપે.

શ્લોક–સર્વોષધીમિશ્રમરીચિજાલઃ, સર્વાપદાં સંહરણે પ્રવીણઃ ॥
કરોતુ વૃદ્ધિં સકલેપિ વંશે, યુષ્માકમિંદુઃ સતતં પ્રસન્નઃ ॥૧॥
તેવાર પછીચંદ્રમાની સ્થાપેલી મૂર્ત્તિને વિસર્જે. કદાપિ તે રાત્રિયેં ચૌદશ અથવા અમાવાસ્યા હોય, અથવા વાદલ હોય, તો પણ તે સાંજે જે વિધિ કહ્યો, તે કરે. પછી બીજી રાત્રિયેં ચંદ્રમા દેખાડે તિહીજ દિવસેં પ્રભાતેં સુવર્ણની અથવા ત્રાંબાની મૂર્તિ સૂર્યની કરાવે, તેને પૂર્વલી પરેં થાપી વિધિપૂર્વક મંત્ર ભણે, તે કહે છે.

ૐ અર્હં સૂર્યોસિ, દિનકરોસિ, તમોપહોસિ, સહસ્રકિરણોસિ, જગચ્ચક્ષુરસિ, પ્રસિદાસ્યકુલસ્ય તુષ્ટિં પુષ્ટિં પ્રમોદ કુરૂ કુરૂ સ્વાહા"
એ સૂર્યમંત્ર ઉચ્ચરીને ગુરૂ માતાને તથા પુત્રને સૂર્ય દેખાડે. પછી માતા પુત્ર સહિત ગુરૂને પગેં લાગે, ગુરૂ આશીર્વાદ આપે.

॥ શ્લોક ॥ સર્વ સુરાસુરવંદ્યઃ, કારયિતા સર્વ ધર્મ્મકાર્યાણાં ॥
ભૂયાત્ ત્રિજગચ્ચક્ષુ, મંગલદસ્તે સપુત્રાય ॥ ૧ ॥

ઇતિ ચંદ્ર સૂર્ય દર્શન વિધિઃ સમાપ્તઃ ॥ એ વિધિ પૂર્વે હતો, હમણાં તો ચંદ્ર સૂર્યને સ્થાનકેં બાલકને આરીસો દેખાડે છે, માટે બાલકની માતાને યથા સંપત્તિયેં એ વિધિ કરવો.

એ રીતેં દશ દિવસ ભગવાનને થયા પછી દશ ઉઠણુ કરે, પછી બારમે દિવસેં સમસ્ત પોતાના મિત્ર, જાતિ, ગોત્રી, પિતરિયા, સગાં, સંબંધી, દાસ, દાસી તથા સર્વ નગરને નોતર્યાં. પછી સ્નાન, મજ્જન કરી પોતાની કુલ દેવીની પૂજા કરે, કૌતુકતિલક પ્રમુખ માંગલિક કાર્ય કરે, પ્રાયશ્ચિત્ત ટાલે, ભલાં પટકુલાદિકનાં વસ્ત્ર પહેરે, જેમાં થોડો ભાર હોય

અને ઘણું મૂલ્ય હોય, એવાં ભલાં આભૂષણ પહેરે. પછી ભોજન વેલાયેં ભોજન મંડપેં આવી સુખાસનેં જ્ઞાતિ, ગોત્રી, સગાં સંબંધિ, પરિવાર સહિત જમવા બેસે.

હવે ભોજનનો વિધિ કહે છે. માંડયો ઉત્તંગ તોરણ માંડવો, તુરત નવો બેસવાને આંગણો ાા તે તો નીલ રત્નજ તણો, સખરા માંડયાં આસણ, બેસતાં કિસી વિમાસણ ાા વલી આગલ મૂકી સોનાની આંડણી, તે કેમ જાયે છાંડણી ાા ઉપર સોનાના થાલ, અત્યંત ઘણા વિશાલ ાા વિચમા ચોશઠ વાટકી, લગાર નહીં સાત કાટકી ાા ગંગોદક દીધા થાલ, કચોલામેં હાથ લાલ ાા પવિત્ર કીધી સઘલે પંક્તિ બેઠી. એટલે પીરશણ હારી પેઠી ાા તે કહેવી છે ? શોલ શણગાર સજ્યા, બીજાં કામ તજ્યાં ાા હાવભાવની રૂડી, ખલકે હાથેં સોનાની ચૂડી ાા લઘુ લાઘવની કલા, મન કીધાં મોકલાં ાા ચિત્તની ઉદાર, અતિ ઘણો દાતાર ાા બોલતી જોડીહાથ, પરમેસર દેજો તેહનો સાથ ાા ધસમસ્તી આવે, સઘલાંને મન ભાવે ાા પહેલું ફલહલ પીરસે, સઘલાંનાં મન હીંસે ાા પાકાં આંબાની કાતલી, તે ખૂરા ખાંડશું ભલી ાા અને વલી પાતલાં પાકાં કેલાં, તે વલી ખાંડશું કીધાં ભેલાં ાા સખરાં કરણાં, વલી પીલે વરણાં ાા નીલા નારંગા, રંગે દીસે મહાસુરંગા ાા નીલી રાયણ, પીરસો ભાયણ ાા દાડિમની કલી, ખાતાં પૂગે રલી ાા નીમજાને અખોડ, ખાતાં પૂગે મનના કોડ ાા દ્રાખને બદામ, કઈ કાગદીને કઈ શ્યામ ાા સિલેમી ખારેકને ખજૂર, તે પીરશ્યાં ભરપૂર ાા નાલિયેરી નગરી, માલવી ગોલશું ભરી ાા લીંબુ ખાટાંને મીઠાં, એહવાં તે કદી ન દીઠાં ાા

ચારોલી પીસ્તાં, લોક જમે હસતાં ॥ વલી શેલડીને સીતા-ફલ, તે પણ પીરશ્યાં પરિઘલ ॥ હવે પકવાન આણે, તે કહેવાં વખાણે ॥ સતપડા ખાજાં, તે તુરત કીધાં તાજાં ॥ સદલાંને સાજા, જાણે પ્રસાદના છાજા ॥ પછે પિરસ્યા લાડુ, જાણે નાના ગાડુ ॥ કુણ કુણ તેહનાં નામ, જમતાં મન રહે નહીં એક ઠામ ॥ વલી લાડુનાં નામ કહે છે. મોતીઆ લાડુ, દલિયા લાડુ, સેવૈયા લાડુ, કીટીના લાડુ, તિલના લાડુ, ત્રિગડુના લાડુ, મગના લાડુ, જગરીના લાડુ, સિંહકેસરીયા લાડુ. વલી બીજાં આણ્યાં પકવાન, જીમતાં વાધે મુખનું વાન ॥ કુણ કુણ જાતિ નવ નવિ ભાંતિ, હવે વડાં ગુંદ વડા, ફીણી સખરાં સોટ ॥ તેમાહે નહીં ખોટ ॥ પાતલી શેવ, પીર-શ્યાની રુડી ટેવ, તાજો ગુંદ, તલ્યો ગુંદ ॥ કુંડલાકૃત જલેબી, સીરો લાપસી ॥ જીણ દીઠે દાઢા ગલે, સ્વર્ગહુંતિ દેવ દેવો ટલે ॥ બલી મીઠો મગદ, સારો માલ નગદ ॥ ખાંડનો ચૂરમું સાકરનો ચૂરમું, પછી પીરશી સાલિ, તે જમીયેં વિશાલ ॥ તે કુણ કુણ ભેદ, સાંભલતાં ઉપજે ઉમેદ ॥ સુગંધસાલિ, સુવર્ણસાલિ, ધવલીસાલિ, રાતી સાલિ, નીલી સાલિ, પીલી-સાલિ, મહાસાલિં, શુદ્ધ સાલિ, કૌમુદિ સાલિ, માલવી સાલિ, કમલ સાલિ, કુંકણીસાલિ, તિલ વાસી સાલિ, જીરાસાલિ, કંદસાલિ, રાયભોગસાલિ, કુંવારી સાલિ, ચંદ્રાયણ સાલિ, નિકી સાલિ, ગુરૂડાસાલિ, વલી સાબુ ચોખા, અખંડ ચોખા, નેવલી ખાંડયા, સબલા છાંડયા, હલવા હાથથી સોહ્યા, નખ થકી વીણ્યા, ઉત્તમ સ્રીયેં ઓર્યા, સુજાણ સ્રીયેં ઓસાયા, એવા અણીયાલા સુગંધિ ફરહરા, કૂર પીરશ્યા, વલી દાલ

પીરશી, તેનાં નામ કહે છે. મંડોરની દાલ, મુગની દાલ, કાબજી ચણાની દાલ, ગુજરાતી તુયરની દાલ, અડદની દાલ, જાલરની દાલ, મઠની દાલ, વર્ણે પીલી, પરિણામે સીલી, વલી પરિગલ ઘૃત પીરસ્યાં તે કહેવાં છે? તો કે આજના તાવ્યાં, એવા ગાયનાં ઘી, ભેશનાં ઘી, પીલા વરણનાં ઘી, નાકેં પીયાં ઘી, મજીઠવર્ણાં ઘી.

હવે પોલી પીરસી, તે કહેવી છે? તો કે આછી પોલી, ઘીમાંહે જબોલી, ફૂંકની મારી ફૂલસી જાય, એકવીશ પોલીનો એક કોલીઉં થાય ॥ છપ્પો ॥ મુરકી મોતીચૂર, સેવફિણી સાકર સરખી, ખાજાં ખુરમાં ખાંડ, પ્રિયા તિહાં પીરસે હરખી ॥ કેલા તણી કાતલી, અંબરસ મૂકે ઘોલી ॥ ઘલ ઘલ ઘીની નાલ, પીરસે પાતલી પોલી ॥ સાલ દાલ બહુ-સાલણાં, ગોરસ કરબે ચિત્ત ઠર્યું ॥ ઋષભ કહે એ જમણ કર્યું, બાકી સઘલું એળે ગયું ॥ ૧ ॥ ચોલા મરટી તેલ, સાક વિણ નિત્યેં સારે ॥ પીરસે ભૂંડી નાર, પેટ કહો કેણી પરેં ઠારે ॥ ઉપર ઢીલી ઘેંશ, ॥ છાસ પણ પીરસે પાણી ॥ સિંધવ નહીં લગાર, કિશું કહે કર્મની કાણી ॥ આહાર શેર અઢી તણો, સેર સવા દોહિલો લહે ॥ કવિ ઋષભ કહે એળે ગયું, ભોજન એહને કુણ કહે ॥

હવે શાક પીરસ્યાં તેનાં નામ કહે છે. નીલી ડોડીનાં શાક, ટિંડસીનાં શાક, ચીભડાંના શાક, કોહેલા, કંકોડાં, કર-મદાં, કાલિંગડાં, કેલાં, કારેલાં, આરિયાં, તુરિયાં, ખડબુજાં, વેંગણ, મોઘરી, નીંબુ, અંબોલીયા, વાલોલ, ચોલાની ફલી, સરગવાની શિંગ, આસાંગરી, કાચરી, આમલાં, કેરનાં ફૂલ,

કેરડાં, લીલાં મરચાં, નીલી પીપર, નીલી રાયણ, ખાટાં, ખારાં, મોલાં, ગલ્યાં, તલ્યાં, વઘાર્યાં, ફુગાર્યાં, છમકાર્યાં, વલી પીરસી ભાજી, તે ઉપરેં સહુકો રાજી ॥ તે કોણ જાતની તે કહે કે, સરસવની ભાજી, સૂવાની ભાજી, મૂલાની ભાજી, ચણાની ભાજી, ચીલની ભાજી, મેથીની ભાજી, થેગીની ભાજી, અપીણની ભાજી, તાંદૂલની ભાજી.

હવે વડાં કઇ કઇ જાતનાં પીરસ્યાં ? તે કહે છે. મરચાનાં વડાં, તલ્યાં વડાં, કોરાં વડાં, કાજીઘોલવડાં, ઘોલ વડાં, મગની દાલનાં વડાં, ચોલાની દાલનાં વડાં, અડદનાં વડાં, ઘણે જોલે ભીનાં, ઘણે તેલેં સીનાં, મરચાંના ઘણા ચમત્કાર, અત્યંતઘણા સુકુમાર, હાથેં લીધા ઉછલે, મુખેં ઘાલ્યાં તરત ગલે, ઘણું શું કહિયેં એ વડાં એવાં તો છે, કે જેને ખાવાને અર્થેં ઘણા દેવ દેવિઓ પણ ટલવલે છે. હવે પલેવ પીરસી, તે કહેવી છે ? ચોખાની પલેવ, જુહારની પલેવ, બાજરીની પલેવ, ગહુંની પલેવ, હલદીયા પલેવ, પીંપલીયાં પલેવ, સુંઠીયા પલેવ, સબડકીયા પલેવ.

હવે ભોજન જમતાં વચમાં પીવાનાં પાણી આવે છે, તે કહે છે. સાકરનાં પાણી, દ્રાખનાં પાણી, ખાંડનાં પાણી, ગંગાનાં પાણી, પાલર પાણી, કપૂરેં વાસ્યાં પાણી, એલચીયેં વાસ્યાં પાણી, ટાઢાં સીતલ પાણી, હીમનાં પાણી.

હવે દહી અને દહીનાં ઘોલ આવેં, તે કહેવાં છે ? તે કહે છે. ગાયનાં દહીં, ભેંશનાં દહીં, કાઠાં જામ્યાં દહીં, મધુરાં સખરાં, સજીરાલાં, સલવણાં, જાડાં ઘોલ, તેનાં ભર્યાં કચોલ, ચાવલશું જીમતાં, થયા રંગરોલ ॥

વલી સખરાં કરંબા ભરી આણીને પીરસ્યાં, તે કરંબામાંહે ઘણી રાઇ, જમતાં ઢીલ ન કાંઈ, ઉપર જીરા લુણનો પ્રતિવાસ કરણહારી પણ ખાસ.

હવે ચલુ કરાવનાં પાણી કેવાં આવ્યાં, તે કહે છે. કેવડાની વાસનાં પાણી, કાથાનાં પાણી, કપૂરેં વાસ્યાં પાણી, ચંદનેં વાસ્યાં પાણી, પાડલે વાસ્યાં પાણી, સુગંધી પાણી, ગંગોદકનાં પાણી ચંદને નિવાસ્યા પાણી, એલચીયેં નિવાસ્યાં પાણી, ઇત્યાદિક પાણીયેં કરી ચલુ કર્યા.

હવે મુખવાસ દીધાં તે કહે છે, વાંકડી સોપારી, ચીકણી સોપારી, તે પણ કેશર વરણી, કપૂરેં વાસિત, વલી તીખાં, લવિંગ, જાવંત્રી, જાયફલ, મોટા ડોડા, એલચી, પાકાં નાગરવેલનાં પાન, તે વલી કાથા ચૂનાં સહિત દીધાં, વલી ઘણાં આદર સન્માન, ઘણાં ગીત ગાન, ઘણાં તાનને માન.

હવે કઇ કઇ જાતિનાં કઇ કઇ ભાંતિનાં વસ્ત્રોની પહેરામણી કરી, તે કહે છે. દેવદુષ્યવસ્ત્ર, રત્નકંબલવસ્ત્ર, પાંભડી, ખીરોદક, અટાણું સેલાં, અઘોતર, મૂલકસબી, મખમલ્લ, ચિણીયાં, બુલબુલ, ચસમા, પાટુ, ટસરિયા, શણીયા, ભેખ, નારીકુંજર, પટ્ટહીર, પટસીઉલી, પંચસઇયા, ફૂલ ફગર, ફૂલકારી, દોરીયા, જાદર, ચાદર, નેત્રપટ્ટ, ધોતીપટ્ટ, રાજપટ્ટ, ગજવડી, સુવર્ણવડી, હંસવડી, કાલવડી, ભુઅચ્ચિઆ, પટફૂલ, પટ્ટહીરસાડી, ઘાટડી, ચીર, કુમખાવ અતલશલાદિ, ખારાચીની, પાપડીઆં ચીની, સથીઆ ગુઆગરી, આસણીઆ આગરાઇ, સણુલીપટ્ટણી, મશરૂ તાસ્તા, શાલુ, દોપટ્ટા, ત્રપટ્ટા, ખાસ્તા, ટુકડી, મુગટા, છાયલ, નારીકુંજર, શાડલા,

રત્નકંબલ, ચુનડી, ઘાટડી, ઈત્યાદિક પાંચરંગી વાઘા પહે-
રાવ્યા. વલી કાસમેરી કેશરના છાંટણાં કીધાં. ભલાં ભલાં સુગંધ બાવના ચંદનનાં વિલેપન કીધાં. અરગજા, ચૂઆ, ચંપેલ, ફૂલેલ, કેવડો, મોગરો, જાઈ, જુઈ, કુંદ, મચકુંદ, ચંપો, મરૂઓ, દમણો, કેતકી અને માલતી, પ્રમુખ ફૂલોની માલાઓ પહેરાવી.

પછી વલી મુકુટ, તિલક, કુંડલ, હાર, ચીર, બેરખા, રત્નાવલી, મુક્તાવલી, ચંદ્રાવલી, હીરાવલી, પ્રવાલાવલી, સૂર્યાવલી, ચંદ્રાવલી, નક્ષત્રાવલી, શોણિસૂત્ર, કટીસૂત્ર, પટ્ટ-સીખર, ચૂડામણિ, કુંડલ, કટક, કંકણુ, અંગદ, મુદ્રનંદેક, દશમુદ્રક, ચક્કક, અજર, મેખલા, મુદક, પદક, સાંકલું, સાંકલી, ચિચિષ્ટ, ભંગઉત્તરી, દારાહાંશડી, કપાલી, ગ્રૈવક હેમજાલી, મણિજાલી, મૌક્તિકજાલી, વર્ણસરીકા જાંજર, નેઉર, ઘુઘરા, પીગડાં, વીંછીયા, અંગુઠડી, બાલાજાલ જુમણાં, અકોટા રૂપાલા, હરીયારાખડી, ગોફણા, ઉલસીઓ, ત્રસંથીયો, ત્રોટી, વોરડાંકરી, વેઢલા, મુરકી, મોતીદર, ગંઠોડા, નુંગલ, ચંપ-કલી, પાનડી, હોલેરવાલી, મોતીસર, સરલીયા, ટીલાં, ટીલી, ચાંદલા, આડ, નવગ્રહ, મુદ્રડી, અંગુઠી, વીંટી, વાંકરૂં, ગલ-સરી, છાપકરજાલી, હેમજાલી, માદલીયાં, ખેલમાદલીયાં, કંદોરા, પાટીઆલા કંદોરા, લટકણમોર, નાગફૂલી, નાગલા, મોરવેસણુ, નથવાલી, સિંદૂર, કુંકુમરીલી, જવલાચૂડી, ઘર-ચૂડી, ચૂડા, કાંકણી, કારેલી, લાલ, પોંચી, મેખલા, હાથ-લાંકલી, સોના લહેરીયાં, તાવીત, કડલાં, કામલી, વાંકડી, વેલીયાં, લોલીયાં, ઇત્યાદિક આભરણ પહેરાવ્યાં. એ રીતે

કુટુંબ, સગા સંબંધીની ભક્તિ વિવિધ પ્રકારની કીધી. ઈતિ ભોજન તથા આભરણ વિધિ.

હવે બાલકનું શ્રીવર્દ્ધમાન એવું નામ દીધું, તે વખાણે છે. હવે તે મિત્ર, ન્યાતી, ગોત્રી, સ્વજન, પિતરીંયા પ્રમુખને સિદ્ધાર્થરાજા એવું કહેવા લાગા જે હે દેવાનુપ્રિયો! અમારે એ પુત્ર ગર્ભને વિષે આવી ઉપના પછી અમે અણુઘડે સોને કરી, ધાન્યે કરી, રાજ્યે કરી, વાહને કરી, મનુષ્યના સત્કારેં કરી, અત્યંત ઘણા વૃદ્ધિ પામ્યા તથા સામંત જે સીમાડાના રાજા, તે પણ વશ થયા. તેથી પૂર્વે અમે એવું ચિતવ્યું હતું જે એ બાલકનો જન્મ થાશે તેવારે એ બાલકનું નામ રૂપ ગુણે કરી પ્રધાન નિષ્પન્ન આપીશું, તે ભણી અમારા મનોરથ સિદ્ધ થયા, તે માટે અમે એ કુમરનું વર્દ્ધમાન એવું નામ આપીયે છૈયે. તમે પણ એ કુમરને શ્રીવર્દ્ધમાન કુમર એવા નામે બોલાવજો. એ રીતે સંબંધી સર્વને શિરપાવ પહેરામણી કરીને બાલકનું નામ-સ્થાપન કર્યું. પછી તે સર્વને વિદાય કર્યા. ઇતિશ્રી વર્દ્ધમાન નામસ્થાપન સંપૂર્ણ ॥

તે શ્રીવર્દ્ધમાન ભગવાન્ કહેવા છે ? તોકે સાતહાથનું મહોટું શરીર છે જેનું, વલી સમચોરસ સંસ્થાન છે, સુવર્ણ-વર્ણ દેહની નિર્મલ કાંતિ છે, વજ્ર ઋષભનારાચ સંઘયણ છે, એવા ભગવાન્ છે.

હવે ભગવંતનું બીજું શ્રીમહાવીર ભગવાન્ એવું નામ દેવતાયે દીધું તે સંબંધિ અધિકાર કહે છે. તે ભગવાન્ દિવસે દિવસે વધતા દાસી દાસે પરવર્યા થકા, ક્રીડા કરતા

થકા, ત્રણ જ્ઞાનેં સહિત દાંતની પંક્તિ શ્વેત છે, ગૌર વર્ણ છે, સૌગંધિક વાસ છે, અબીહ, બલવંતો, બુદ્ધિમંતો, રૂપાલો, રંગીલો, રઢીલો, રેખાલો, રતીલો, મતીલો, શુરવીર, દિવ્ય સરૂપધારી, સાહસિક ઇત્યાદિક ગુણે સહિત છે. એમ કરતાં કાંઈએક આઠવરશેં ઊણા ભગવંત થયા. તેવારેં એક દિવસેં ભગવાન્ કેટલાએક કુમારો સાથેં આમલી પીપલીની ક્રીડા રમવાને નગર બાહેર ગયા. તિહાં ખીજડીના વૃક્ષેં ચઢીને બાલક સાથેં રમવા લાગા. પોતપોતામાં એવી સરત કરી છે કે જે હારે તેના ખંભા ઉપર જીતનારો ચડે, પછી તે સંકેત કરેલા સ્થાનકેં ઉતારે. એવી રીતેં રમત કરે છે. એવા સમયમાં સૌધર્મેંદ્ર સભામાંહે બેઠાં થકાં દેવતાઓની આગલ ભગવંતના ધૈર્યાદિક ગુણ તથા બલ વખાણ્યાં. વલી કહ્યું કે કોઈના ડરાવ્યા ડરે નહીં. હું પોતેં જો દેવો સહિત જઇને બીવરાવું, તોપણ બીયે નહીં. એવા ધૈર્યવંત છે. એવાં વચન સાંભલીને કોઈ એક મિથ્યાત્વી દેવતા ઇંદ્રમહારાજાનાં વચન અણમાનતો થકો જીહાં ભગવંત બીજા બાલકોની સાથે રમત કરે છે તિહાં આવ્યો. આવીને કજ્જલવર્ણ સર્પનું રૂપ કરી ખીજડીના વૃક્ષને વીંટાઇ રહ્યો. તે સર્પને દેખીને સર્વ બાલક ભયભ્રાંત થયા થકા રમત મૂકી નાશી ગયા. માત્ર ભગવંત એકાકીપણે નિર્ભય થકા તિહાંજ ઉભા રહ્યા. તેને સર્પ પણ સાહામો ફણાટોપ કરી બીહીવરાવવા લાગો. તેને ભગવંતે હાથમાં ઝાલી દૂર નાખ્યો. તેવારેં ભયરહિત થકા વલી પણ બાલકો આવી રમવા લાગા. તેવારેં દેવતાયેં વિચાર્યું જે એ રીતેં તો કુમર બીહીનો

નહીં, તો હવે બીજી રીતે બીહીવરાવું. એવું વિચારી દેવતાયેં બાલકનું રૂપ કીધું. અને ભગવંતની સાથેં આવી રમવા લાગો. તિહાં જાણી બૂજીને ભગવંત સાથેં હાર્યો અને ભગવંત જીત્યાં તેવારેં ભગવંત તેને વાંસે ચઢયા, દેવતા વધવા લાગો. ભગવંતને બીહીવરાવવા સારૂં સાતતાડ જેવડું ઉંચું રૂપ કર્યું. તેવારેં ભગવંતેં અવધિજ્ઞાનેં દેવ વૃત્તાંત જાણીને તેના મસ્તક ઉપર મૂઠી મારી, તેણે કરી દેવતા અરડાટ કરતો થકો કેડ પ્રમાણ ધરતીમાં પેશી ગયો. પછી શરીર સંકોચી, પગેંલાગી દેવસ્વરૂપ પ્રગટ કરીને રીઝ્યો થકો કહેવા લાગો જે હે મહારાજ જેહવા ઇંદ્રેં સભા મધ્યેં તમોને વખાણ્યા તેવાજ તમેં ધૈર્યવંત છો. મેં પરીક્ષા નિમિત્તેં બીહીવરાવ્યા.

॥ ढाल ॥ पाय लागी जी, नाम महावीर देइ गयो ॥ लेखक शालें जी, ऊणा आठ वरशें थयो ॥ प्रभु परण्या जी, नरवर्म नृप यशोदा सुता ॥ भोगवंता जी, विषयसुखें थइ एक सुता ॥ अनुकरमें जी, माता पिता स्वर्गें गया ॥ वर्ष अठ्ठावीश जी, घरवासें पूरण थया ॥ त्रूटक ॥ थयो अभिग्रह पूरण जाण्यो, नंदीवर्द्धन वीनव्या ॥ अनुमति न आपे तेहथी वली, वरष दोय घरें रह्या ॥ तिहां ब्रह्मचारी अचित आहारी, बंधुउपरें करुणा करी ॥ लोकांतिक सुर वयण निसुणी, दिये दान संवच्छरी ॥ ४ ॥

અર્થ:—પછી પ્રભુને પગેં લાગી, બલ, ધૈર્ય, વખાણતો થકો શ્રીમહાવીર એવું નામ પ્રભુનું આપીને દેવતા પોતાને સ્થાનકેં ગયો ॥ ઇતિ આમલક્રીડા ॥

હવે ભગવંતનું નિશાલગરણું કહે છે. ભગવાન્ જેવારેં ઊણા આઠ વર્ષના થયા, તેવારેં માતાપિતાયેં જાણ્યું જે ॥ શ્લોક ॥ લાલયેત્ પંચવર્ષાણિ, દશ વર્ષાણિ તાડયેત્ ॥ પ્રાપ્તે તુ ષોડશે વર્ષે, પુત્ર મિત્રવદાચરેત્ ॥ એવું વિચારી પ્રભુને ભણાવવાનો નિર્ધાર કરી, રૂડું મુહૂર્ત્ત જોઇ, શુભ દિવસેં પ્રભુને સ્નાન કરાવી સર્વ શૃંગાર પહેરાવી, સર્વ ક્ષત્રિયને ભોજન કરાવી, સત્કાર, સન્માન આપી તેમને વસ્ત્રાભરણ આપી, કેશર, કસ્તૂરીના છાંટણાં કરી પ્રભુને હાથી ઉપર બેસાડી નીશાલેં મોકલવાને તત્પર થયા. તે વખતેં અધ્યાપક તથા નિશાલિયાને આપવા સારૂ ભાત ભાતની વસ્તુઓ લીધી, તેનાં નામ કહે છે. વરસોલાં, શાકર, ગુંદવડા, દ્રાખ, ખારેક, ટોપરાં, ખજૂર, સીંઘોડાં નિમજાં, પિસ્તાં, બદામ, અખોડ, ચારોલી, સેવ, પેંડા, ફલ, ફૂલ, નાલિયેર, શાકરીઆ ચણા, એલચીપાક, ધાણી, ગુલધાણી, બીજોરાં, ચણા, સોનાના ખડીયા, રત્નજડિત લેખણો, રૂપાની પાટીઓ, પાનનાં બીડાં પ્રમુખ અનેક વસ્તુઓ સાથેં લઈને ચામર વિંજાતે, મસ્તક ઉપર છત્ર ધરતે, ગીત ગાન કરતાં થકાં વાજિત્ર વાજતે અનેક પ્રકારના દાન દેતાં થકાં, પ્રભુ નીશાલેં આવે છે, એટલામાં અધ્યાપકેં પણ મનમાં અહંકાર આણીને ચિંતવ્યું જે પ્રથમ તો મહારી નીશાલેં સામાન્ય બાલકો ભણે છે હવે રાજાનો પુત્ર ભણવા આવે છે, માટે મહોટું ઉંચું આસન મંડાવીને બેશું ? એમ વિચારી ઉચું આસન મંડાવી તેના ઉપર બેઠો. એવે સમયેં ઈંદ્રનું આસન ધ્વજાની પેરેં કંપાયમાન થયું અથવા જલમાં ચંદ્રબિંબની પેરેં, અથવા હાથીના કાનની

પેરેં ચપલ થયો, તેવારેં ઇંદ્ર મહારાજેં અવધિ પ્રયુંજીને જોયું અને જાણ્યું જે ભગવાન્ ભણુવા જાય છે, એવું જોઈ વિચારવા લાગો કે ભગવાનને શું ભણુવું છે ? એ તો ભણ્યા ગુણ્યા છે, સ્વયંબુદ્ધ છે, આંબાને વિષે શ્યો તોરણુ બાંધવું ? અમૃતને વિષે શી મીઠાશ કરવી ? સરસ્વતીને શ્યો નિશાલ-ગરણુ ? તેમ ભગવંત તો વિના અભ્યાસેં પંડિતજ છે, તો એને ભણુાવવાનો નિરર્થક શ્યો ઉદ્યમ કરવો ? એમ ચિંતવી ઇંદ્ર વૃદ્ધ બ્રાહ્મણુનું રુપ ધારણુ કરી, ઉપાધ્યાયને સમીપેં બેઠા અને કેટલાએક શાસ્ત્રાર્થના પ્રશ્ન પ્રથમ ઉપાધ્યાયને પૂછ્યા. પરંતુ ઉપાધ્યાયથી તેના બરોબર જવાબ ન અપાણુા. તેવારેં ઇંદ્ર મહારાજ ભગવંતને તેજ પૂછવા લાગો. તેના ઉત્તર ભગવંતેં આપ્યા તથા વ્યાકરણુ સંબંધિ ઘણુા સંદેહકારી પ્રશ્ન પૂછ્યા, તેના પણુ ઉત્તર ભગવંતેં આપ્યા. તેવારેં ઉપા-ધ્યાય મનમાં વિચાર કરવા લાગો જે એ તો મહારા મનના સંદેહ છે તે હજી, કોઈ પંડિતેં ભાંગ્યા નથી, અને આ બાલકેં ભાંગ્યા એ આશ્ચર્ય જણુાય છે ? તેવારેં વલી પહેલા વૃદ્ધ બ્રાહ્મણેં, ભગવંતને દશસૂત્રના અર્થ પૂછ્યા, તેનાં નામ કહે છે. સંજ્ઞાસૂત્ર, પરિભાષાસૂત્ર, વિધિસૂત્ર, નિયમસૂત્ર, પ્રતિ-ષેધસૂત્ર, અધિકારસૂત્ર, અતિદેશસૂત્ર, અનુવાદસૂત્ર, વિભાષાસૂત્ર, નિપાતસૂત્ર, એ દશ સૂત્રના પૃથક્ પથક્ અર્થ પૂછ્યા, તેના પ્રભુયેં ઉત્તર આપ્યા. તે વખત ત્યાં જિનેંદ્રવ્યાકરણુ પ્રગટ થયું. એ જોઈ ઉપાધ્યાય ચમત્કાર પામ્યો. ઇંદ્રેં કહ્યું કે એને તમેં બાલક સમજશો નહીં. એતો ત્રણુ જ્ઞાનેં સહિત, ત્રણુ ભુવનનો સ્વામી, સર્વજ્ઞ, શ્રીમહાવીર દેવ છે. એવું સાંભલી

ઉપાધ્યાય શ્રીમહાવીર કુમરને પગેં લાગ્યા. અને કહ્યું કે અહો પ્રભુ! તમેં મહોટા શ્રુતજ્ઞાની છો, હું તો અપૂર્ણ કલશની પરેં છઉં, માટે તમેં મહારા ગુરૂ છો. પછી ઇંદ્ર સમક્ષ પ્રભુયેં ઉપાધ્યાયને ઘણું દાન આપી, સર્વ લોક સમક્ષ ગાજતે, વાજતે પાછા પોતાને ઘેર ગયા. ઈંદ્ર મહારાજ પણ પોતાનું મૂલ રૂપ પ્રગટ કરી સર્વલોકને એ પ્રભુ છે, એવું પ્રભુનું પ્રભુત્વ કહીને, પોતાને સ્થાનકેં સ્વર્ગે ગયો. માતા પિતાને પણ ઘણોજ હર્ષ આનંદ થયો ।। ઇતિ લેખકશાલા કરણં.

હવે ભગવાન્ યૌવન વયને પ્રાપ્ત થયા. તેવારેં ભોગાવલિ કર્મનો ઉદય આવ્યો જાણી, નરવર્મ નૃપની યશોદા નામેં પુત્રી માતા પિતાયેં ઘણા આડંબરેં પ્રભુને પરણાવી. પછી તે યશોદા રાણી સાથેં વિષયસુખ ભોગવતાં શ્રીમહાવીર સ્વામીને પ્રિયદર્શના નામેં પુત્રી થઈ. તે પુત્રી આપકરમી જમાલીને પરણાવી. તે પુત્રીયેં પણ પ્રથમ તો જમાલીનો મત લીધો, પછી વલી કુંભારના કહ્યાથી મૂકી દીધો. એમ કરતાં અનુક્રમેં પ્રભુ અઠ્ઠાવીશ વર્ષના થયા, તેવારેં પ્રભુનાં માતા પિતા, શ્રી આચારાંગમાં અનશન કરીને બારમે દેવલોકેં ગયાં એમ કહ્યું છે. અને શ્રીઆવશ્યકમાં ચોથે દેવલોકેં ગયાં એમ કહ્યું છે, તે વખત ગર્ભમાં જે અભિગ્રહ લીધેલો હતો કે માતા પિતા જીવતાં સંયમ લેશું નહીં, તે અભિગ્રહ સંપૂર્ણ થયો જાણ્યો, અને સંસારને અસાર જાણી ઉદાસ થયા થકા સંયમ લેવાને તત્પર થયા, અને પોતાના ભાઈ નંદીવર્દ્ધનની આજ્ઞા માગી. તેવારેં નંદીવર્દ્ધને કહ્યું કે ભાઇ! માતા પિતા મરણ પામ્યાં. તેનો વિયોગ રૂપ ફોડલા જે ચાંદી તેના ઉપર ખાર આપો

છો, તેથી દીક્ષા લેવાની આજ્ઞા ન આપું. તેવારેં ભગવાન્ બોલ્યા કે હે ભાઈ! એ જીવ એકલો આવ્યો એકલો જાશે. સંસારમાં કોઈ કોઇનો સગો નથી, તો કહો હવે કોની સાથેં પ્રતિબંધ કરીયેં? માટે હે ભાઈ! તાહારે શોક, સંતાપ ન કરવો. એવું સાંભલી ફરી નંદીવર્દ્ધન બોલ્યા કે હે ભાઈ! તમેં કહો છો તે સર્વ સત્ય છે, પરંતુ શું કરું જે મહારે મોહનીય કર્મનો બંધ ઘણો ભારે છે, તે મૂકાતો નથી; તે માટે મહારા આગ્રહથી હજી બે વર્ષ પર્યંત ઘરમાં રહો. ઉત્તમ પુરૂષની ચાલ છે કે દુઃખીયાને દેખી કરૂણા આવે. એવી રીતનું ભાઇનું કહેણ સાંભલીને ભાઈ ઉપર કરૂણા લાવી બે વર્ષ ગૃહસ્થાવાસમાં રહ્યા, અને કહ્યું કે મહારે અર્થેં કોઇ આરંભ કરશોમાં, હું અચિત્ત અન્ન પાણી લઈશ. એમ કહીને હવે તે દિવસથી ભગવાન્ શુભ ધ્યાનેં કાઉસ્સગ્ગમાં રહે, બ્રહ્મચર્ય પાલે, સ્નાન ન કરે, પરંતુ કેવલ લોકસ્થિતિ રાખવાને અર્થેં હાથ પગ ધોઇ આહાર કરે.

હવે જેવારેં ભગવાન્ જન્મ્યા હતા, તેવારેં લોકમાં એવી પ્રસિદ્ધિ થઇ હતી જે ચૌદ સુપન માતાયેં દીઠાં, માટે એ ચક્રવર્ત્તી થાશે. એવું સાંભલી શ્રેણિક ચંડપ્રદ્યોતન પ્રમુખ બીજા પણ ઘણા રાજાયેં પોતાના કુમરોને બાલક ઠાકુરની સેવાને નિમિત્તેં મોકલ્યા હતા. તે સહુયેં ભગવાનને ઘોર અનુષ્ઠાન કરતા દેખ્યા અને દેખીને ચિંતવવા લાગા જે એ ચક્રવર્ત્તિ નથી, એતો સંયમગ્રાહી છે; એવું જાણી સ્વસ્થાનકેં ગયા. એવી રીતેં વલી પણ બે વર્ષ પર્યંત ગૃહવાસેં રહ્યા. પછી નંદીવર્દ્ધન નામેં મહોટા ભાઇયેં દીક્ષા લેવાની આજ્ઞા દીધી. એમ સર્વ મલી ત્રીશ વર્ષપર્યંત પ્રભુ ગૃહસ્થાવાસેં રહ્યા.

ઓગણત્રીશ વર્ષે નવ લોકાંતિક દેવતા આવીને હાથ જોડી વિનંતિ કરતા હવા કે હે જયજયનંદા, જયજયભદ્દા, જય ક્ષત્રિયને વિષે વૃષભ સમાન હે ક્ષત્રિયોના નાથ! તમે બૂઝો. હે જગત જીવના હિતવાંછક! તમે સુખકારી મોક્ષનું આપનાર એવું જે ધર્મતીર્થ તેને પ્રવર્ત્તાવો. તેવારે ભગવંત ઘરમાં છતાં પણ જે આવ્યું પાછું ન જાય એવું અવધિજ્ઞાન તથા અવધિ દર્શન તેણે કરી પોતાને દીક્ષા લેવાનો અવસર જાણીને સર્વ પ્રકારનો પરિગ્રહ મૂકતા હવા. અને પોતે દીક્ષાના દિવસથકી એક વર્ષ પહેલાં સંવત્સરી દાન આપે તે દિવસે દિવસે પહેલે સવા પહોરે દાન આપે તેનું પ્રમાણ કહે છે ॥ ૪ ॥

॥ ढाल ॥ एक कोडी जी, अट्ठ लख उपर नित दीए ॥ वावरजो जी, इम भांखे सवि भवि लीए॥ हरि चउशट्ठ जी, आव्या संयम ओच्छवें ॥ चंद्रप्रभा जी, पालखी जिन आगल ठवे ॥ त्रूटक ॥ स्तवे बहु परें, सकल सुरवर, नंदीवर्द्धन नृपनरा ॥ ध्वजा कलश, मंगल आगल, वहे हय गय रथवरा ॥ खत्रिय कुंड, ग्राममध्यें, दिख लेवा, संचरे ॥ नर नारि निरखे, नयण हरखे, मुखें जय जय उच्चरे ॥ ५ ॥

અર્થઃ—એક ક્રોડ અને આઠ લાખ સોનૈયા નિત્ય પ્રત્યે દાન આપે, તે સોનૈઓ એંશી રતી ભારનો હોય, અને તે સોનૈયા ઉપર તીર્થંકરના માબાપનું તથા પોતાનું નામ હોય. તે બારશો સોનૈયાનો એક મણ કરતાં નવ હજાર મણ સોનું, તેના આજના કાલ પ્રમાણે પ્રત્યેક ગાડલામાં

ચાલીશ મણ ભાર નાખતાં બશે પચ્ચીશ ગાડલાં થાય. તે સોનૈયા ઇંદ્રને આદેશેં વૈશ્રમણ દેવતા, આઠ સમયમાં દેવમાયાયેં નીપજાવીને, તીર્થંકરનારના ઘરમાં ભરે. અને તીર્થંકરના હાથને વિષે સૌધર્મેંદ્ર એવી સ્થિતિ કરે, કે દાન દેતાં પ્રભુનો હાથ થાકે નહીં. અને ઈશાનેંદ્ર રત્નેં જડિત સુવર્ણની લાકડી લહી ઉભો રહે. તે ચોશઠ ઇંદ્ર વર્જીને બીજા દેવતાઓને દાન દેતા લેતાં વર્જે. તથા જે મનુષ્યના લલાટ માંહે જેવી પ્રાપ્તિ હોય, જેવું જેને આપવું પોસાય, તેવું તેના મુખમાંહેથી વચન કહડાવે, તથા ચમરેંદ્ર અને બલેંદ્ર તીર્થંકરની મુઠિમાંહે અધિક દ્રવ્ય આવ્યું હોય, તો ગિરાવી નાખે અને ઓછું આવ્યું હોય તો પૂર્ણ કરે. તથા ભુવનપતિ દેવતા ભરતક્ષેત્રના મનુષ્યને તેડી આવે વાણવ્યંતર દેવો પાછા મૂકી આવે, જ્યોતિષી દેવતા વિદ્યાધરોને દાન લેવાની ખબર આપે, એ છ અતિશય જાણવા. એ પ્રસ્તાવેં તીર્થંકરના પિતા મહોટી ત્રણ શાલાઓ કરાવે. એક શાલામાંહે મનુષ્યને અન્ન પાન આપે, બીજીમાં વસ્ત્ર આપે, ત્રીજી દાનશાયેં આભરણ આપે. હવે તીર્થંકરના હાથના દાનનો મહિમા કહે છે. ચોશઠ ઇંદ્રને દાનને પ્રસાવેં માંહો માંહે કલેશ ઉપજે નહીં તથા એક વર્ષ દિવસ સુધી રાજા, ચક્રવર્ત્તી પ્રમુખ ભંડારમાં મૂકે, તો બાર વર્ષ પર્યંત ભંડાર અખૂટ રહે. શેઠ સેનાપતિને દાનના મહિમાથી બાર વર્ષ પર્યંત યશ કીર્ત્તિ ઘણી વધે. રોગીયાને દાનના પ્રભાવથી રોગ જાય. વલી નવો રોગ બાર વર્ષ સુધી આવે નહીં, ઈત્યાદિક દાનનો મહિમા ઘણો છે. છ ઘડી દિવસ ચડયા પછી દાન દેવા માંડે, તે પોણા બે

પોહોર દિવસ ચડતાં પર્યંત દાન આપે. તે દાનની એક વર્ષની સંખ્યા કરતાં ત્રણશેં કોડી, અઠયાશી કોડી, અને ઉપર એંશી લાખ. એટલી સોનામોર થાય તે વરશીદાન રૂપ વર્ષાયેં કરી મનુષ્યના દાલિદ્ર કાપે. એ દાન સર્વ ભવ્ય જીવોને મલે. પરંતુ અભવ્યને પ્રભુના હાથનું દાન મલેજ નહીં.

હવે ભગવંત મહારાજનો દીક્ષા સમય જાણીને અનેક નરપતિ તથા ચોશઠ ઇંદ્રે આવીને દીક્ષાનો મહોત્સવ કર્યો, નંદીવર્દ્ધન ભાઇયેં પણ કુંડપુર નગર શણગાર્યું. નંદીવર્દ્ધન અને ઇંદ્રાદિક મલી આઠ જાતિના કલશ દીક્ષાના અભિષેકને અર્થે કરાવે. પછી નંદીવર્દ્ધન ભાઈ ભગવાનને પૂર્વાભિમુખ બેસાડી ખીર સમુદ્રના જલેં કરી, સર્વ તીર્થની મૃત્તિકાયેં અભિષેક કરે. તે વખતેં ઇંદ્રાદિક સર્વ ભંગાર આરીસા પ્રમુખ હાથમાં લઇ જય જય શબ્દ કહેતાં થકા આગલ ઉભા રહે, પછી બાવના ચંદનેં ગાત્ર લેપે. કલ્પવૃક્ષના ફૂલની માલા પહેરાવે. શ્વેત, ઉત્તમ વસ્ત્ર, લક્ષ મૂલનું પહેરાવે. મુકુટ, મોતીના હાર, કંઠસૂત્ર, કેઉર, બાજુબંધ બેહેરખા, કુંડલાદિક આભરણ પહેરાવે.

તેવાર પછી નંદીવર્દ્ધનના કહેવાથી અનેક સેવક પુરૂષ, પચ્ચાશ ધનુષ લાંબી, પચ્ચીશ ધનુષ પોહોલી, અને છત્રીશ ધનુષ ઉંચી, એવી ચંદ્રપ્રભા નામેં પાલખી કરે તે દિવ્યાનુભાવથી દેવતાની કરેલી પાલખીમાં એકઠી થાય તે શિબિકા પ્રભુના મુખ આગલ મૂકે. પછી ભગવંત તે શિબિકામાં પૂર્વ સન્મુખ સિંહાસને આવી બેસે, અને જમણે પાસેં કુલમહત્તરિકા વડેરી હંસલક્ષણ પટ સાટ લેઇ બેસે. ડાબે પાસે

પ્રભુની ધાવિ અંબા ઉપકરણ લેઈ બેસે. પાછલ એક ભલી સ્ત્રી, શોલ શણગાર કરી હાથમાં છત્ર લેઇ ધરે. ઇશાનકોણે એક સ્ત્રી જલે પૂર્ણ કલશ લઈ બેસે. અગ્નિકોણે એક સ્ત્રી, મણિમય વિચિત્ર વીંજણો લેઈ ભદ્રાસને બેસે. તેવાર પછી નંદીવર્દ્ધન રાજાની આજ્ઞાથી સહસ્ર પુરૂષ શિબિકા પ્રત્યે ઉપાડે. અત્રાંતરે શક્રેંદ્ર શિબિકાની જમણી ઉપલી બાંહ ઉપાડે. ઈશાનેંદ્ર ઉત્તરની ઉપલી બાંહ ઉપાડે. ચમરેંદ્ર જમણી હેઠી બાંહ ઉપાડે. બલીંદ્ર ડાબી હેઠી બાંહ ઉપાડે. શેષ ભુવનપતિ, વ્યંતર, જયોતિષી અને વૈમાનિકના ઈંદ્ર યથા-યોગ્ય શિબિકા ઉપાડે. વલતું શક્ર અને ઇશાનેંદ્ર વિના બીજા ઈંદ્ર ઉપાડે. તેવારે ઇશાનેંદ્ર ચામર વીંજે. તિહાં પ્રથમ તો શિબિકાને મનુષ્ય ઉપાડે. પછી સુરેંદ્ર. અસુરેંદ્ર, નાગેંદ્ર, ઉપાડે. પંચવર્ણનાં ફૂલ ઉચ્છાલે, દેવદુંદુભિ વજાવે. દેવતા હર્ષ પામ્યા આકાશે રહ્યા થકા નૃત્યાદિક કરે. જેમ વનખંડ ફૂલે શોભે, જેમ પદ્મસરોવરમાં શરદ્કાલે કમલ શોભે, તેમ દેવતા આકાશે શોભતા હવા. જેમ અલશીનું વન, કણ ચરનું વન, ચંપાનું વન, ફૂલે કરી શોભે, તેમ ક્ષત્રિયકુંડ ગામથી માંડીને દેવતાના ભવન પર્યંત દેવ દેવીઓયે કરી આકાશ સંકીર્ણ થયું થકું શોભે છે. પ્રધાન પડહ, ભેરી જલ્લરી, દુંદુભિ ઇત્યાદિક શેંકડાગમે વાજીત્ર આકાશે તથા ધરતીયે વાજી રહ્યાં છે. વલી ઘરના વ્યાપાર ધંધો મૂકી મનુષ્યનાં વૃંદ જોવા મલ્યાં છે, સ્ત્રીઓ પણ પોતપોતાનું કામ મૂકી વાજીત્રનો શબ્દ સાંભલી ઘણી વિહ્વલ થઈ છે. કારણ કે પ્રાયે સ્ત્રીઓને કલશ, કાજલ, સિંદૂર, વાજીત્ર, દૂધ અને

જમાઈ, એ છ વસ્તુ વાલી હોય છે. અહીં વિવિધ ભાતનાં વાજીંત્ર સાંભલીને કોઇએક સ્ત્રી કસ્તૂરી આંખે આંજે, કાજલ ગાલે લગાડે, ગલામાં કટિમેખલા અને હાર કેડે પહેરે, ઝાંજર હાથમાં ઘાલે, પગે કાંકણ પહેરે, ચંદનરસ પગે ચોપડે, અલતાનો રસ ડીલે લગાડે. વલી માર્ગમાં રોતાં એવાં પરનાં બાલકને પણ પોતાના જાણી તેડી નીકલે, ઘાટડી પહેરે અને પહેરવાનું વસ્ત્ર ઓઢે ! સર્વ પહેરવાનાં વસ્ત્રને તાણી બાંધે, તે વસ્ત્ર વાયરે ઉડી જાય. તેણે કરી નવવધૂ બાલ કુમારી સરખી દેખાય! કોઈએક સ્ત્રી અર્દ્ધ તિલક કરે, કોઇકને એક કાનમાં ભૂષણ હોય, બીજા કાનમાં પહેરવા ન પડખે. કોઈએક એક પગ ધોવે કોઇએક એક આંખ આંજતી, કોઇએક જમીને ચલુ ન લેતી, કોઇએક એક બાંહે કંચુકી પહેરી, એવી ઉતાવલથકી સ્ત્રીઓ જોવા નીકલી છે.

હવે ભગવંતના મુખ આગલે પ્રધાન દેવતા નંદી-વર્દ્ધન ભાઇ તથા ઘણા મનુષ્ય સ્તુતિ કરતા થકા ચાલે છે. આગલ હજાર પતાકા સહિત ઇંદ્રધ્વજ ચાલે તથા પૂર્ણ કલશ, આઠ માંગલિકાદિક આગલ ચાલે. તથા એક શો ને આઠ હાથી, તથા પતાકા અને વાજીંત્રે સહિત શસ્ત્રે ભરેલા એક શો ને આઠ રથ, તેપણ સહુ આગલ ચાલે. બીજા પણ અનેક ઘોડા, હાથી, રથ, અને પાલા, કટક ચાલે. તથા કુંતગ્રહા, ખડ્ગ્રહા, બાણગ્રહા, તીરગ્રહા, ગોફણગ્રહા, હાસ્યકારિકા, નર્મકારિકા, વાશકારિકા, જ્ઞાનકારિકા, વિનોદકારિકા તથા ઘણા રાજાના ક્ષત્રિય, માંડલીક, કોડંબિક, શેઠ, સેનાપતિ,

સાર્થવાહ, દેવ, દેવી ઇત્યાદિક ઘણાં નર નારી પુરૂષ પ્રભુનાં મુખ જોતાં હર્ષ પામતાં આગલ પાછલ જય જય શબ્દ કહેતાં થકાં ચાલે, એવા આડંબરેં ભગવંત દીક્ષા લેવાને ચાલ્યા ॥ ૪ ॥

**मागशिर वदि जी, दशम दिने पहोर पाछले ॥ ज्ञातखंडवनेजी, अशोक तरु तलें एकले ॥ छठ भगति जी, चउविहार बीजे दिने ॥ वस्त्र देव दुष्य जी, खंधे देवे हरि शुभ मने ॥ त्रुटक ॥ शुभ मने लोचे केश सघला पंच मुष्टि मुख भणे ॥ करेमि सामाइयं तव, नाण पज्झव मुणे ॥ हवे वीर वंदी वर्द्धन नृप, प्रमुख वले सरवरा ॥ अवशेष मुहूर्त्त दिवस हुंते, कुमार ग्रामें संचरया ॥ ६ ॥**

અર્થ:—હવે હિમંત ઋતુનો પહેલો માસ, પહેલો પખવાડો, માગશિરવદિ દશમીના દિવસેં પાછલો ત્રીજો પહોર બેસતાં, સુવ્રતનામા દિવસનું નામ, વિજયનામા મુહૂર્ત્ત આવે થકે, ક્ષત્રિયકુંડપુર નગરના મધ્યભાગેં થઇ નીકલીને, જ્યાં જ્ઞાતનામા વનખંડ ઉદ્યાન છે, તેમાં અશોકનામા વૃક્ષ છે, તિહાં આવીને પાલખી થાપે, પાલખી હેઠી ઉતારે, પોતેં હેઠે ઉતરે, ઉતરીને પોતેંજ સર્વ ભૂષણાદિ ઉતારીને રાજ-નગરાદિક છોડી પચ્ચખાણ ઉચ્ચાર કરે, છઠનું ચઉવિહાર કરી પોતેંજ શુભમનેં કરી પોતાના હાથથી પંચ મુષ્ટિ લોચ કરે, તે કેશ ઇંદ્ર પોતેં ગ્રહીને ખીર સમુદ્રમાં મૂકે. તે સ્વ ઉત્તરાનક્ષત્રનો યોગ આવ્યા થકાં કરે, તેવારેં એક દેવદુષ્ય વસ્ત્ર ઇંદ્ર આણી શુભમને કરી ખંભે મૂકે, એમ પ્રભુ પોતેં

એકલાજ દ્રવ્યથી મુંડ થઇને ગૃહસ્થાવાસ મુકી સાધુ થયા, પંચ મહાવ્રત ધારી થયા, મુખથકી કરેમિ સમાઇયં સવ્વં સાવદ્યં જોગં પચ્ચખામિ એ આલોવાનો પાઠ ઉચ્ચર્યા. તે વખતેં ચોથું મનઃપર્યવનામા જ્ઞાન ભગવાનને ઉપન્યું. પછી નંદીવર્દ્ધન આદેં દેઇને ઘણા દેવતા તથા ઇંદ્રાદિક પ્રમુખ ભગવંતને વાંદીને, પોતપોતાને સ્થાનકેં ગયા. હવે ભગવાન્ પાછલો શેષ બે ઘડી દિવસ રહ્યો તેવારેં ત્યાંથી વિહાર કરીને કુમારનામા ગ્રામને વિષે સંધ્યાની વેલાયેં ગામની બાહેર નિર્ભય થકા કાઉસ્સગ્ગ ધ્યાને રહ્યા ॥ ૬ ॥

ઉદયસાગર કવિ ટબાનો કર્ત્તા કહે છે કે તપાગચ્છની પરંપરાયેં તો અહીંઆં સુધી પાંચમું વખાણ પૂર્ણ થયું. કોઇએક આચાર્યના મતમાં ભેદ પણ છે

॥ ઇતિ શ્રીકલ્પાધિ૦ બાલાય૦ પંચમ વખાણ સંપૂર્ણઃ ॥

પ્રથમ વાંચનાને વિષે શ્રીવીરના પાંચ કલ્યાણક વખાણ્યાં, બીજી વાંચનાને વિષે દશ અચ્છેરાં તથા ચાર સુપન વખાણ્યાં, અને ત્રીજી વાંચનાને વિષે દશ સુપન કહ્યાં, તથા ચોથી વાંચનાને વિષે ભગવાનનું જન્મ કલ્યાણક કહ્યું, અને પાંચમી વાંચનાને વિષે જન્મ મહોત્સવ દીક્ષાકલ્યાણક કહ્યું. હવે છઠી વાંચનાને વિષે પ્રભુયેં ઉપસર્ગ સહન કર્યા, તે કહીશું તથા કેવલજ્ઞાન કલ્યાણક, ગણધરવાદ અને ભગવાનનું મોક્ષગમન કહીશું.

॥ ढाल ॥ तेणे रातें जो, गोपें परीसह मांडिया ॥ तव इंद्रें जा, अवधिज्ञानें जोइया ॥ कहे प्रभुने जी, बार वरष रक्षा करुं ॥ प्रभु भांखेजी, आपबल केवल वरुं ॥

त्रूटक ॥ धरुं सहाय न केहतुं इम, सुणि हरि इंद्रें गया॥ सिद्धारथ व्यंतर पासें थापे, प्रभु संयमधर थया ॥ बहुल ब्राह्मण घरे पारणुं, परमान्नें पंचदिव्यशुं ॥ पंचमुं वखाण इणि परें जाणियें, ज्ञानविमल कहे इश्युं ॥ ७ ॥

અર્થ:—હવે આગલ છઠું વખાણુ ભવ્ય જીવોને કર્મની ગતિ દેખાડવા ભણી કહે છે. કેમકે કર્મની ગતિ અત્યંત બળવાન્ છે, કરેલા કર્મ ભગવંત મહારાજાને પણ અવશ્ય ભોગવવાં પડયાં છે, ભગવાનેં પણ ઘણા ઉપસર્ગ સહન કર્યા તે છઠા વખાણુને વિષે કહે છે. ત્યાં હવે જે દિવસને વિષે ભગવંતેં દીક્ષા લઇને વિહાર કર્યો, તે દિવસનીજ રાત્રિને વિષે જે ગોવાલીયે પરીસહ ઉપસર્ગ કરવા માંડયા, તે કહે છે. ભગવંત કુમારગ્રામેં રાત્રે કાઉસ્સગ્ગ કરી નિશ્ચલ ધ્યાને રહ્યા છે, એવામાં એક ગોવાલીયો આખો દિવસ બલદને ખેડીને બાહેર જ્યાં ભગવંત ઉભા છે, ત્યાં તેમની પાસેં બલદ મૂકીને પોતેં ગાય દોવાને ગામમાં ગયો. પાછલથી બલદ આખા દિવસના ભૂખ્યા હતા, તે ચરતા ચરતા વનમાંહે ગયા. અનુક્રમેં ગોવાલિયો પાછો આવીને જૂવે છે તો બલદ દીઠા નહીં. તેવારેં પ્રભુને પૂછયું જે મહારા બલદ કિહાં ગયા ? પણ ભગવંત મૌન થકા બોલ્યા નહીં. પછી ગોવાલીયે આખી રાત્રિ વનમાં જઇ બલદને શોધ્યા, પણ બલદ જડયા નહીં અને બલદ તો વનમાં ચરી, ફરી, પાછલી રાત્રેં પોતાની મેલે ત્યાં આવી બેઠા. ગોવાલીયો પાછો આવ્યો, તેવારેં તિહાં બલદ બેઠેલા દેખી ક્રોધ પામ્યો અને કહેવા લાગો કે અરે પાપી ! પાખંડી ! એ બલદ તેં

સંતાડયા હતા. એ તાહારૂંજ કામ દેખાય છે? મને નિરર્થક રાત્રે ભમવું પડયું. એમ કહી હાથમાં દામણું લેઈ ભગવંતને મારવા દોડયો. એટલે ઈંદ્રે અવધિજ્ઞાને જોયું અને તિહાં આવી ગોવાલીઆને શિક્ષા આપી અને કહ્યું કે અરે ગોવાલીયા ! તું નથી જાણતો એ સિદ્ધાર્થરાજાનો પુત્ર છે? એણે દીક્ષા લીધી છે. એમ કહી ગોવાલીયાને ઈંદ્ર મહારાજે દૂર કર્યો. પછી ભગવાનને વિનતિ કરી કે હે પ્રભુ! તમોને આગલ ઉપસર્ગ ઘણા થશે, માટે બાર વર્ષ પર્યંત વૈયાવચ્ચને અર્થે હું તમારી પાસે રહું. તેવારે પ્રભુ બોલ્યા કે હે દેવેંદ્ર ! "ન એયં ભૂઅં ન એયં ભવં ન એયં ભવિસ્સં જન્નં અરિહંતા દેવિંદસ્સ અસુરિંદસ્સ નિસ્તાએ કેવલનાણં ઉપ્પાડિસુ ઉપ્પાડિસ્સંતિ વા સિદ્ધિંવાવચ્ચંતિ ઇતિ ॥ માટે જે અરિહંત હોય, તેને દેવસંબંધિ, મનુષ્યસંબંધિ, જે ઉપસર્ગ ઉપજે, તે સર્વ સહન કરે, પણ કોઇનું સહાય લીયે નહીં, કેમકે કર્મક્ષય વિના કેવલ ઉપજે નહીં. માટે માહારાં કરેલાં કર્મ હું પોતે ભોગવીશ, પણ કોઇનું સહાય ધારણ કરીશ નહીં. ઇત્યાદિક ભગવંતના વચન સાંભલી પ્રભુને મરણાંત ઉપસર્ગ નિવારવાને અર્થે ઈંદ્રે સિદ્ધાર્થ રાજાનો માસીઆઇ ભાઇ સિદ્ધાર્થનામે વ્યંતર તેને પ્રભુની પાસે મરણાંત ઉપસર્ગ નિવારવા સારૂ મૂકયો. પછી ઇંદ્ર નમસ્કાર કરી પ્રભુ સંયમધર થયા તેની સ્તવના કરતાં ઈંદ્ર લોકે ગયા. ગોવાલીયો પણ પોતાને સ્થાનકે ગયો.

હવે બીજે દિવસે કોલ્લાગસન્નિવેશે બહુલનામા બ્રાહ્મણને ઘરે કાંસ્યપાત્રે ખીર લેઇ પ્રભુયે પરમાન્ને પારણું કીધું.

અહિંઆં પાત્રેં મ્હારો ધર્મ રહેશે, એમ જણાવ્યું. તિહાં પંચદિવ્ય પ્રગટ થયાં, તેનાં નામ કહે છે. એક ચેલોત્ક્ષેપ એટલે વસ્ત્રની વૃષ્ટિ, બીજી ગંધોદકની વૃષ્ટિ, ત્રીજો દુંદુભિનાદ, ચોથી અહોદાન મહાદાન એવા શબ્દની ઉદ્‌ઘોષણા, પાંચમી શાડાબાર ક્રોડ વસુધારાની વૃષ્ટિ; એ અરિહંત મહારાજને હોય, અને બીજા મુનીશ્વરને તો સાડાબાર લાખ સોનૈયાની વૃષ્ટિ હોય. કોઇક આચાર્યના મતેં અહીંઆં પણ પાંચમું વખાણ પૂરૂં થયું જાણીયે. એ રીતેં જ્ઞાનવિમલ સૂરિ કહે છે ॥ ૯ ॥

## ॥ અથ છઠ્ઠું વખાણ પ્રારંભઃ ॥

॥ ढाल छट्ठी ॥ जांजरिया मुनिवर धन धन तुम अवतार ॥ ए देशी ॥

**पिता मित्र तापस मिल्यो जी, बाह पसारी आय ॥**
**कहे चोमासुं पधारजो जी, माने प्रभु इम थाय ॥ १ ॥**
**चउ नाणी वीरजी भूतल करे रे विहार ॥ ए आंकणी ॥**

**અર્થઃ**—હવે તિહાંથી વિચરતા મોરાક સન્નિવેશને વિષે સિદ્ધાર્થરાજા પ્રભુના પિતા તેનો મિત્ર કુલપતિ, હુઇઝ નામા તાપસનેં આશ્રમેં પ્રભુ આવ્યા. તે જાણીને તાપસ સામો મલવા આવ્યો; તેને ભગવંત પણ ઢુકડા પૂર્વાભ્યાસ થકી બાહુ પસારીને મલ્યા. પછી તેના આગ્રહથકી નીરાગ ચિત્તથકા એક રાત્ર તિહાં રહ્યા. ફરી પ્રભાતેં વિહાર કરવા લાગ્યા. તેવારેં તે તાપસ, પહોંચાડવા સાથેં ચાલ્યો. અને આઠ માસ અન્યત્ર વિહાર કરીને ચોમાસું પોતાના આશ્રમેં રહેવાની પ્રભુને વીનંતિ કરી. તે આગ્રહ પ્રભુયેં માન્યો.

પ્રભુયેં કહ્યું કે એમજ થાઓ. એ રીતેં ચાર જ્ઞાનેં સહિત એવા પ્રભુ તે પૃથિવી તલને વિષે વિહાર કરે છે ॥ ૧ ॥

**दिव्य चूर्णवासें करी जी, भमरा पण विलगंत ॥**
**कामीजन अनुकूलथी जी, आलिंगन देयंत ॥ २ ॥ चउ० ॥**

અર્થ:—હવે પ્રભુયેં જેવારેં દીક્ષા લીધી, તેવારેં ઈંદ્રાદિકોયેં સુગંધિત બાવના ચંદનાદિકેં કરી ભગવંતને શરીરેં લેપ કર્યો છે, તેનો ગંધ, ચાર માસ પર્યંત ન જાય. તે વાસનાયેં કરી હજારો ગમે ભ્રમરા મદોન્મત્ત થયા થકા ભગવંતના અંગોઅંગને વેધે છે, મહોટો ઉપદ્રવ કરે છે, કોની પેરેં તો કે જેમ કામી પુરૂષ કામાંધ થયા થકા સ્ત્રીને આલિંગન દેતા તેના ગલ્લ સ્થલ હોઠાદિકને વિષે અનુકૂલ પણે ચુંબન કરે, ડંખ મારે તેમ ભમરા પણ વાસનાયેં અંધધુંધ થયા થકા, ભગવંતના શરીરના અવયવેં ડંક મારે છે. એ દૃષ્ટાંત કહ્યો, પણ અહીંઆં એટલો ફેર છે, જે સ્ત્રી તો કામી પુરૂષથી હારી જાય, પરંતુ ભગવાન્ તો ભમરાનો એટલો બધો ઉપદ્રવ છતાં પણ વજ્રઋષભનારાચ સંઘયણના પ્રતાપથી મેરૂની પેરેં અડગ રહે છે. અથવા બીજેં અર્થેં અજાણ્યા કામી પુરૂષ, ગંધ ઉપર મૂર્ચ્છા પામ્યા થકાં ગંધ લેવાને ઉપદ્રવ કરે છે તથા કામી સ્ત્રીઓ ભગવંતનું રૂપ દેખી મોહિત થઇ થકી અનુકૂલ ઉપદ્રવ કરે છે ॥ ૨ ॥

**मित्र द्विज आवी मल्यो जी, चीवर दीधो अर्द्ध ॥**
**आव्या तास विउडले जी, चोमासें निरावाध ॥ ३ ॥ च० ॥**

અર્થ:—હવે દીક્ષાવસરે ભગવંતને ડાબે ખંભે ઇંદ્રે દેવદુષ્ય વસ્ત્ર નાખ્યું હતું. એક દિવસેં ભગવંતના પિતાનો

મિત્ર સોમદેવ નામા બ્રાહ્મણ જન્મથી મહા દારિદ્રી તે ભગવંત પાસેં આવી હાથ જોડી દીન વચનેં બોલ્યો કે, હે કૃપાનાથ! હે પરદુઃખ ભંજન! હે મહારા મિત્રના પુત્ર! હે દારિદ્રતાના છેદક! એ દારિદ્ર મહારા સાથેં પરણ્યું વધ્યું તેથી મનેં છોડતું નથી. તે હું જેવારેં ધન કમાવવાને પરદેશેં ગયો, તેવારેં દારિદ્રને કહી ગયો હતો જે

॥ દોહો ॥

રે દારિદ્ર! વયખણા, વત્તાં એક સુણિજ્જ ॥
અમ્હ દેશાંતર ચાલિયા, તું થિર ઘરે રહિજ્જ ॥ ૧ ॥

એવું સાંભલી મુજ પ્રત્યેં કહેવા લાગ્યું કે યતઃ ॥

પડિવન્નો ગિરૂઆ તણો, અવિહડ જાણ સુજાણ ॥
તુમ દેશાંતર ચાલિયાં, તો અમેં આગે વાણ ॥ ૧ ॥

એમ મેં દારિદ્રને વાર્યું, તોપણ તે મહારી સાથેંજ આવ્યું. પછી હું પરદેશમાં મહોટા મહોટા દાતાર પાસેં ગયો, તથાપિ મને દારિદ્રી દેખી કોઈ બોલાવે પણ નહીં. દારિદ્રી થકાં હું સિદ્ધ થયો. ઉક્તં ચ ॥

યતઃ દિસંતિ જો જોગ સિદ્ધા, અંજણ સિદ્ધા કેવિ દિસંતિ ॥
દારિદ્ર જોગ સિદ્ધા, પાસેં છવિયા ન દિસંતિ ॥૧॥

॥ શ્લોક ॥ રેદારિદ્ર નમસ્તુભ્યં, સિદ્ધોહં તવ દર્શનાત્ ॥
અહં સર્વત્ર પશ્યામિ, નમાં પશ્યંતિ કશ્ચન ॥૧॥

એમ હું પરદેશમાં ફર્યો, પણ ભાગ્યહીન માટે એક બદામ પણ ક્યાંથી ન પામ્યો. જેમ ગયો તેમ રખડીને પાછો ખાલી હાથે ઘેર આવ્યો. હું ઘેર ગયો તેવારેં મહારા પહેલાં દારિદ્ર પણ આવીને ઘરમાં બેઠું. પછી મને આવતો જોઈ

મ્હારી સ્ત્રી ચાટુઓ લઇ સાહામી આવી, અને મુજને કઠોર વચનેં કહેવા લાગી કે, રે અભાગીઆ ! દારિદ્રી, ઢોલણુ ધન વિના હું શું કરૂં, તું સદાય દરિદ્રી રહ્યો, તાહારે પ્રતાપેં ઘરમાં–

॥ શ્લોક ॥ અન્નં નાસ્ત્યોદકં નાસ્તિ ગેહે યુગંધરી ॥
શાકે ચ લવણં નાસ્તિ, અન્નં નાસ્તીતિ ભુજ્યતે ॥૧॥

જસ ઘર ભેંશ નારિકેં પાડોં, જસ ઘર બલદ ન દીસે ગાડો ॥
જસ ઘર નારી ન ચૂડી ખલકે, તસ ઘર દારિદ્ર લહેરેં લહકે ॥૧॥

એવું કહીને વલી કહેવા લાગી કે હે નિર્ભાગ્ય ! નિર્લજ્જ નિલક્ષણ? ભગવંત વરશી દાનરૂપ મેઘવરશ્યાં, તેમાં સર્વનું દારિદ્ર નાશ પામ્યું અને તું કયાં ગયો હતો? એમ કહી ધક્કો આપીને કહ્યું કે, હજી તું પ્રભુ પાસેં જા. માટે હે પ્રભુ ! મ્હારે માથે તો અભાગ્યનું છત્રજ રહ્યો તે થકી ભાગ્યની છાંટ ન પડી માટે હું નિર્ભાગ્ય શેખર છું. જેવારેં દ્રાક્ષા પાકે, તેવારેં કાગડાની ચાંચ દુઃખવા આવે, વરસાદ વરસે તેવારેં જવાશીયું શુકાય; તેમ તમેં દાન આપ્યું તેવારેં હું પરદેશ ગયો હતો, તેથી મને તમારા હાથના દાનની પ્રાપ્તિ ન થઇ. યતઃ "આગલ દારિદ્ર પાછલ દારિદ્ર, દારિદ્ર ચિહુંદિશિ પાસેં ॥ પંડિયાણિયેં મને મારવા માંડયો, તેણેં હું આવ્યો નાશી ॥

માટે હે પ્રભુ ! મુજ ઉપર કૃપા કરીને કાંઇક આપો. તેવારેં ભગવંતનેં કરૂણા ઉપની, અને વિચાર્યું જે મ્હારી પાસેં તો કાંઇ નથી; તથાપિ તેને દેવદૂષ્ય વસ્ત્રમાંથી અડધું વસ્ત્ર ફાડી આપ્યું. તે વસ્ત્ર લેઇને વિપ્ર પણ પ્રભુને પ્રણામ કરી ઘેર ગયો. તેને સ્ત્રીયેં આદર આપી, સારી રસોઇ કરી જમાડયો; અને કહેવા લાગી કે હે સ્વામીનાથ ! હું તમારી

વાટ વર્ષાદની પેરેં જોતી હતી. પછી પ્રભાતેં સોમદેવ બ્રાહ્મણ તે વસ્ત્ર લઇને તુણનારા પાસેં ગયો. તુણનારે કહ્યું કે એનો બીજો ભાગ લઇ આવ ! તો હું તુણી આપું. પછી એની એક લાખ શોનામોર આવશે, તે તું અને હું બે જણ વેંચી લઇશું. તે સાંભલી ફરી સોમદેવ બ્રાહ્મણ ભગવાન્ પાસેં આવ્યો. પણ લજ્જા થકી વસ્ત્ર માગે નહીં. ભગવંતની પછવાડે, પછવાડે, એક વરષ પર્યંત ફર્યો. તેવારેં એક દિવસેં વાયુના યોગથી (એટલે ભગવંત જ્યાં ચોમાસું રહેશે તિહાં પણ એ સાથે ફર્યો છે તે ચોમાસું રેવાની વાત આગલ આવશે) તે અર્દ્ધ વસ્ત્ર ભગવંતના ખંભા ઉપરથી ઉડીને સુવર્ણવાલુકા નદીને કાંઠે બોરડીના કાંટા ઉપર પડયું. તે સોમદેવ વિપ્રેં લીધું. ભગવંતેં પાછું ફરીને જોયું તો કાંટે વીંધાણો વસ્ત્ર પડયું દીઠું. તેવારેં મનમાં વિચાર્યું જે મહારી પછવાડે મહારો શાસન-કંટક થશે, ઘણો કષાયવંત થશે, લોભી થશે. પછી તે વિપ્ર વસ્ત્ર લઇ તુણનારાને ઘેર ગયો. તુણનારે ઘણી કારીગરીથી વસ્ત્ર તુંણ્યુ. પછી સોનામોર આવી. તે બે જણે અર્દ્ધોઅર્દ્ધ વેંચી લીધી.

હવે અહીંઆં ભગવંતેં દીક્ષા લીધા પછી એક વર્ષ અને એક માસેં અચેલક એટલે વસ્ત્ર રહિત થયા છે. ફરી આગ-લની વાત કહે છે. ચોમાસું આવ્યાથી ભગવંત નિરાબાધપણે તે મોરાક સન્નિવેશને વિષે પિતાનો મિત્ર તાપસના વિઉડલે એટલે ઝુંપડીમાં ચોમાસું રહેવાને આવ્યા. તેવારેં કુલપતિયેં તૃણખલાનું ઝુંપડું પ્રભુને રહેવા સારૂ આપ્યું. ભગવાન તેમાં રહ્યા. દેવયોગેં વર્ષાદ ન થયો. તેવારેં ગાયો પ્રમુખ પશુઓ

ભૂખે મરતાં થકાં ઝૂંપડીના તૃણુખલાં ખાવા આવે. તે જોઇ બીજા તાપસો તો પશુના સમૂહને હાંકી કાઢે, પણ પ્રભુતો મૌનપણે રહે, કોઇ જનાવરને તૃણુખલાં ખાતાં દૂર કરે નહીં. એમ કરતાં સર્વ તૃણ પશુઓ ખાઇ ગયા. તેવારેં ઝૂંપડું ઉઘાડું દેખી કુલપતિ બોલ્યો કે હે પ્રભુ! પંખીઓ પણ પોતાના માલા સાચવે છે, અને તમે તો રાજ્યપુત્ર થઈ પોતાનો આશ્રમ કેમ સાંચવી શકતા નથી ॥ ૩ ॥

**अप्रीति लहि अभिग्रह धरी जी, एक पख करी विचरंत ॥**
**शूलपाणि सुर बोधिओ जी, उपसर्ग सहि अत्यंत ॥चउ० ॥४॥**

**અર્થ:**—એવી રીતેં કુલપતિને અપ્રીતિ ઉપની દેખી ભગવાને નિર્ધાર્યું જે મહારે અહીંઆં રહેવું નહીં. પછી આશાઢી પૂનેમથકી પંદર દિવસેં એટલે આષાઢ વદિ અમાવાસ્યાયેં ચોમાસાના પન્નર દિવસ જાતાં પ્રભુયેં તિહાંથી વિહાર કર્યો, તેથી ઉપડયા. ભગવંતને ન ગણે ચોમાસું એવું કેહેવાણું. તિહાં ભગવંતેં પાંચ અભિગ્રહ લીધા, તે કહે છે. એક અપ્રીતિ ઉપજે, તિહાં ન રહેવું. બીજું નિરંતર કાઉસ્સગ્ગમાંજ રહેવું. ત્રીજું ગૃહસ્થનો વિનય ન કરવો. ચોથું યથા સંભવેં મૌનપણે રહેવું. પાંચમું હાથમાં ભોજન કરવું. એવા અભિગ્રહ સહિત વિચરતાં થકાં શૂલપાણિ યક્ષને દેહરે પ્રથમ ચોમાસું રહેવા પધાર્યા. ત્યાં અત્યંત ઉપસર્ગ સહન કરીને શૂલપાણિ યક્ષને પ્રતિબોધ્યો, તેની કથા કહે છે. ધનદેવ નામેં સાર્થવાહ પાંચશેં ગાડાં માલનાં ભરી, કોઇ ગામાંતરેં જતો હતો. માર્ગમાં બહુવાલુકા નદી આવી. તિહાં ઉનાલાના

દિવસ હતા તેથી કોઈ બલદ તે રેતી ભરેલી નદીમાંથી ગાડું તાણીને ચાલી શકે નહીં. પણ તે બલદોમાં એક બલદ ઘણો જોરાવર હતો તેણે તે પાંચશેં ગાડા નદી થકી ઉતારી પહેલે પાર કર્યાં. પરંતુ પોતે ત્રૂટી પડયો, તેથી ચાલી ન શકયો. તેવારેં સાર્થવાહેં ચારા પાણીને અર્થેં વર્દ્ધમાન ગામના અધિકારી શેઠ, પટેલ, ગામોદ, પટવારી, પ્રમુખને તે ધોરી ભલાવ્યો. તેને તૃણ જલાદિક સારૂ ધન આપ્યું. વલી તે બલદની ચાકરી કરવાની ઘણી ભલામણ દીધી. પછી શેઠ તિહાંથી ચાલ્યો ગયો. પછવાડેથી તે ગામના લોકોયેં તે બલદની સાર સંભાલ કાંઇ પણ કીધી નહીં. શેઠનું ધન આપેલું સર્વ ખાઈ ગયાં. પછી તે બલદ ભૂખ તૃષાયેં પીડયો શુભધ્યાને મરણ પામીને યક્ષ થયો. તેણેં અવધિ જ્ઞાનેં પાછલું વૃત્તાંત જોયું. પછી ગામનાં લોકો ઉપર રૂઠો થકો મરકી વિકૂર્વી. તેથી ઘણાં માણસ અને ઢોર મરવા લાગ્યાં. પછી લોકેં મલી તેને આરાધ્યો. તેવારેં યક્ષ પ્રગટ થઇ આકાશ વાણીયેં કરી બોલવા લાગ્યો કે હું બલદનો જીવ છું, તમેં મને કુમરણેં માર્યો છે, તેથી હું કોપ્યો છું. માટે તમેં હવે મહારા નામનું દેહેરૂં કરાવો, તેમાં વૃષભના રૂપેં મહારી મૂર્ત્તિ થાપો, તો રોગ મટે. પછી લોકોયેં મરણ ભયથી તેની પ્રતિમા કરી દેહેરે થાપી પૂજા કરી, તેથી મરકી ઉપશમ થઇ. પરંતુ તે મરકીયેં કરી તે ગામની સીમે સ્થાનકેં હાડકાં ઘણાં પડયાં દેખી તે વર્દ્ધમાન ગામનું નામ અસ્થિગ્રામ એવું લોકોમાં પ્રગટ થયું. હવે ભગવાન્ તે શૂલપાણી નામા યક્ષને પ્રતિબોધવાને તે યક્ષને દેહેરે આવ્યા. તેવારેં તે યક્ષ મહાદુષ્ટ છે, કોઇને પોતાના દેહેરે રાત્રેં વાસ કરવા આપે

નહીં. તેથી તે યક્ષના દેરાનો પૂજારો ઇંદ્રશર્મા નામે વિપ્ર હતો, તેણે ભગવંતને રહેવાની મનાઈ કરી, તેમ બીજા લોકોયે પણ વાર્યા; તોપણ પ્રભુ તિહાં રાત્રે કાઉસ્સગ રહ્યા. તે દેખીને યક્ષ રૂઠો અને સંધ્યા સમયથી ઉપસર્ગ કરવા લાગો. તિહાં પ્રથમ અટ્ટહાસ્ય કર્યું, પછી હસ્તીના રૂપ, પિશાચનાં રૂપ કરી ઉપસર્ગ કરવા માંડયા. પણ ભગવંત લગાર માત્ર ક્ષોભ ન પામ્યા. તેવારે વલી મસ્તક, કાન, નાસિકા, આંખ, દાંત, હોઠ, પૂઠ, નખ, એ આઠ સ્થાનકે વિવિધ વેદના ઉપજાવી. તથાપિ ભગવંતને અક્ષોભ જાણી, યક્ષ પ્રતિબોધ પામ્યો અને પ્રભુની ભકિત કરવા લાગ્યો. એટલામાં સિદ્ધાર્થ વ્યંતર આવ્યો, તેણે કહ્યું કે અરે શૂલ-પાણિ યક્ષ! આ તેં શું કર્યું? તું નથી જાણતો કે એ સિદ્ધાર્થ રાજાનો પુત્ર છે, મહોટી સમતાનો ભંડાર છે. જો ઇંદ્રમહારાજ જાણશે, તો તને બાહિર કાઢી મૂકશે. તે સાંભલી વલી પણ યક્ષે પોતાનો અપરાધ ખમાવ્યો અને પ્રભુ આગલ ગીત ગાન કરવા લાગો ॥ ૪ ॥

**मुहूर्त्त मात्र निद्रा लहे जी, सुहणां दश देखंत ॥**
**उत्पल नाम निमित्तियो जी, अर्थ कहे एम तंत ॥ च० ॥ ५ ॥**

અર્થ:—હવે ભગવંત પણ રાત્રિના ચાર પ્રહર કદર્થના પામ્યા. તેના શ્રમે કરી કાઉસ્સગ્ગમાંજ પાછલી રાત્રે બે ઘડી નિદ્રા આવી. તિહાં નિદ્રામાં દશ સુપન પ્રભુયે દીઠાં, તે કહે છે. એક તાલપીશાચ હણ્યો, બીજો ઉપલો પક્ષી અને ત્રીજો વિચિત્ર કોકિલાનું જોડું, એ બે સેવા કરતાં દીઠાં. ચોથી ફૂલની

માલા બે દીઠી, પાંચમો ગાયનો વર્ગ દીઠો. છઠું પદ્મ સરોવર દીઠું, સાતમું સમુદ્ર ભૂજાયેં તર્યો દીઠો, આઠમો સૂર્ય ઉગતો દીઠો, નવમો આંત્રડે માનુષ્યોત્તર પર્વત વીંટયો દીઠો, દશમો પોતે મેરૂ પર્વતે ચઢયા એવો દીઠો. એ દશ સુપન દેખીને ભગવંત પ્રભાતેં જાગ્યા. તે વખતેં લોક પણ ભગવંતને વાંદવાને અર્થે આવ્યા, ઘણો હર્ષ પામ્યા. યક્ષ પણ નાટકાદિક પૂજા સેવા કરતો હવો. તે જોઇ લોક ચિંત્તવવા લાગા જે સાધુને ઉપસર્ગ કરી હવે ગીત ગાન કરે છે, પુષ્પાદિકેં કરી પૂજે છે. ત્યાં લોકે પણ સ્વામીનો ઘણો મહિમા કર્યો. એવા સમયને વિષે શ્રીપાર્શ્વનાથનો શ્રાવક ઉત્પલનામા નિમિત્તિયો તે પણ તિહાં આવ્યો, પ્રભુને વાંદ્યા, અને કેહેવા લાગો જે હે સ્વામિ! તુમેં પાછલી રાત્રેં સુપન દીઠાં તેનું ફલ કહું છું ॥ ૫ ॥

**तालपीशाच हण्यो जे पहेलो, ते हणशो तुमें मोह ॥**
**शित पंखीफल ध्यायशो जी, शुक्लध्यान अखोह ॥ च० ॥६॥**

અર્થ:—હે પ્રભુ તમેં જે તાલપિશાચ હણ્યો, તેથી તમેં તરત મોહનીય કર્મને હણશો. વલી શ્વેતપંખી દીઠો, તેથી અક્ષોભ શુકલધ્યાન ધ્યાવશો.

**विचित्र पंखी पेखीओ जी, ते केहेशो दुवालश अंग ॥**
**गोवर्ग सेवित फल थापशो जी, अनोपम चउविह संघ ॥ च० ॥७॥**

અર્થ:—વિચિત્ર કોકિલ પંખીનું જોડલું દીઠું, તેથી દ્વાદશાંગી પ્રરૂપશો તથા ગાયનો વર્ગ દીઠો તેથી અનોપમ ચતુર્વિધ સંઘની થાપના કરશો ॥ ૭ ॥

**चउविध सुर सेवित हशो जी, पद्मसरोवर दीठ ॥**
**मेरु आरोहणथी होयशेजी, सुर सिंहासन इठ ॥ चउ० ॥८॥**

અર્થઃ—વલી તમેં દેવતાયેં સેવિત પદ્મસરોવર દીઠું, તેથી ચાર નિકાયના દેંવતા તમારી સેવા કરશે, વલી મેરૂ પર્વતની ચૂલિકા ઉપર તમે ચઢયા એવું દીઠું, તેથી તમેં દેવોયેં રચિત સિંહાસનેં બેશી, ધર્મોપદેશ દેશો ॥ ૮ ॥

जे सूरज मंडल देखीउं जी, ते होशे केवल नाण ॥
मानुषोत्तर अंतर वींटीओ जी, ते जगकीर्ति मंडाण ॥च०॥९॥

અર્થઃ—વલી સૂર્યનું મંડલ દીઠું, તેથી કેવલજ્ઞાન પામશો, તથા મનુષ્યોત્તર પર્વત આંત્રડે વીંટયો દીઠો, તેથી જગત્‌માં જશકીર્તિનો મંડાણ પામશો.

जलधी तरण फल ए होशे जी, ते तरशो संसार ॥
दाम युगळ फल नवि लहुं जी, ते कहो करी उपगार ॥चउ०॥१०॥

અર્થઃ—પોતાની ભૂજાબલેં સમુદ્ર તર્યો દીઠો તેથી તમે સંસાર રૂપ સમુદ્રને તરશો. વલી હે ભગવન્ ! તમેં ફૂલની માલાનું યુગલ દીઠું તેનો અર્થ હું નથી જાણુતો માટે તમેજ ઉપકાર કરીને કહો ॥ ૧૦ ॥

कहे प्रभु ते फल तेहनो जी, धर्म दुविध कहुं संत ॥
प्रथम चोमासुं तिहां करी जी, विचरे समतावंत ॥चउ०॥११॥

અર્થઃ—તેવારેં ભગવંત મૌન છે માટે છદ્મસ્થાવસ્થાને વિષે બોલ્યા નહીં. તેથી સિદ્ધાર્થ વ્યંતરો ભગવાનના મુખમાં પ્રવેશ કરીને કહેવા લાગો કે ફૂલની બે માલા દીઠી માટે શ્રાવકનો અને યતિનો એ બે પ્રકારના ધર્મની પ્રરૂપણા હું કરીશ. હવે ભગવાને આઠ માસ ખમણે પ્રથમ ચોમાસું તિહાં પૂર્ણ કરીને સમતા રૂપ રસમયથકાં તિહાંથી વિહાર કર્યો ॥૧॥

તિહાંથી વિહાર કરી મોરાકસન્નિવેશેં પારણું કરી કાઉસ્સગ્ગેં રહ્યા. તિહાં સિદ્ધાર્થ વ્યંતરો સ્વામીના શરીરમાં સંક્રમીને લોક આગલ નિમિત્ત ભાંખે છે. તેવારેં અહુછંદક નામા નિમિત્તિઓ હાથમાં તૃણ લઈને પૂછવા લાગો કે આ તૃણ છેદાશે, કિંવા નહીં? તે સાંભલી સિદ્ધાર્થેં ના કહી. તેવારેં તે છેદવા લાગો. એટલામાં ઈંદ્રિ અવધિયેં જોઈને ભગવંતનો મહિમા રાખવાને તે નિમિત્તિઆની આંગલી છેદી નાખી. તેથી નિમિત્તિઓ વિલખો થયો. પછી સિદ્ધાર્થેં લોક આગલ કહ્યું કે એ નિમિત્તિઓ ચોર છે. તેણેં વીરા કર્મકરનો દશ પલનો વાટકો ચોરીને ખજુરી હેઠે ડાટયો છે. તથા ઈંદ્ર શર્માનો બોકડો એણે ખાધો છે. તેનાં અસ્થિ બોરડી નીચેં ડાટયાં છે. તથા ત્રીજું દૂષણ જે એમાં છે તે એની સ્ત્રીજ કેહેશે. એવું સાંભલી લોકેં એની સ્ત્રીને જઇ પૂછ્યું. તેવારેં તે સ્ત્રી બોલી કે એ પાપિષ્ટ, પોતાની ભગિનીને ભોગવે છે. એવી વાતો પ્રસિદ્ધ થવાથી ગામમાં ફિટ ફિટ થયો થકો આવી પ્રભુને વિનતિ કરી કે તમેં ત્રૈલોક્ય પૂજનીક છો, હું અહીંઆં સુખેં જીવું છું. ભગવંતેં અપ્રીતિ જાણી ત્યાંથી વિહાર કર્યો.

**उतरतां गंगा नदी जी, सुरकृत सहे उपसर्ग ॥**
**संबल कबलें वारीओ जी, पूर्वभवें गोवर्ग ॥ चउ० ॥१२॥**

અર્થઃ—તેવાર પછી ભગવંત વિચરતા થકા સુરભિપૂર નગરને વિષે ગયા. તિહાં ગંગાનદી ઉતરવાને અર્થેં બીજા લોક સિદ્ધદત્ત ખારૂઆની નાવમાં બેઠા, તેની સાથેં

પ્રભુ પણ બેઠા. એવામાં ઘુવડ બોલ્યો. તેનું શુકન જોઈ ક્ષેમિલ નામા નિમિત્તિઓ બોલ્યો, કે હે લોકો! આજ મરણાંત કષ્ટ ઉપજશે; પણ આ સાધુ મહા પુરૂષને પ્રભાવેં વિલય થાશે. એવામાં ભગવંતેં ત્રિપૃષ્ટ વાસુદેવના ભવમાં જે સિંહને વિદાર્યો હતો તે હમણાં ભવાંતરેં સુદંષ્ટ્ર નામેં નાગકુમાર દેવતા થયો છે. તે પ્રભુને જોઇ પૂર્વ વૈર સંભારી અહીંઆં આવ્યો, અને નાવ બોલવા લાગ્યો. તે નાગકુમાર દેવનો ઉપસર્ગ કંબલ સંબલ દેવતાયેં નિવાર્યો. તે કંબલ સંબલની કથા કહે છે. મથુરાનગરિયેં જીનદાસ શ્રાવક અને સાધુદાસી શ્રાવિકા વસે છે. તેણેં પાંચમા વ્રતની નિષ્ટાયેં ચતુષ્પદનું પચ્ચખાણ કીધું છે. તેને આહિર સાથેં લેવડ દેવડનો સંતોષ છે. તેથી આહિરને વિવાહના ઉપકરણ આપ્યાં. વિવાહ વીત્યા કેડેં આહિર પ્રીતિયેં યુક્ત જીનદાસ શ્રાવકને ઘેર બલાત્કારેં બે નવા ગોધલા બાંધી ગયો. શેઠેં વિચાર્યું કે જો ના કહીશ તો એ અન્ય જગાયેં વેચશે, તેથી બલદ દુઃખી થાશે. એવું ચિંતવી બલદ પોતાને ઘેર બાંધ્યા તેનું પોષણ કર્યું, કંબલ અને સંબલ નામ દીધાં. હવે તે જીનદાસ શેઠ આઠમ પાંખી પ્રમુખના પોસહ કરે, તેવારેં પુસ્તક વાંચે, તે વાતોને સાંભલતા થકા બલદીયા ભદ્રક થયા. તેથી શેઠ ઉપવાસ કરે, તેવારેં તે વૃષભ પણ તૃણાદિક ચરે નહીં. એ રીતેં શુભ ભાવનાયેં વિચરે. એક દિવસેં શેઠ પોસહમાં બેઠા છે એવામાં કોઈએક શેઠનો મિત્ર આવ્યો. તે પુષ્ટવૃષભ દેખી શેઠને પૂછ્યા વિના બલદોને વહેલમાં જોતરી ભંડેરી વને યક્ષની યાત્રાયેં લઇ ગયો. માર્ગેં ઘણા દોડાવ્યા. તેથી

તે બલદોનાં હાડ ટૂટી પડયાં. શેઠને ઘેર આણી બાંધ્યા પણ હાડ ભાંગ્યાથી દાણો પાણી ત્યાગ્યો. શેઠે વણ તે બલદોને અણુશણ કરાવ્યું, નવકાર સંભલાવ્યો. તેના પ્રભાવે બેહુ બલદ, સમાધિ મરણ કરી નાગકુમાર દેવતા થયા. તે દેવતા ઉપસર્ગ નિવારી પ્રભુને વાંદી પ્રભુ આગળ નાટક કરી સ્વઠામેં પોહોતા ॥ ઇતિ કંબલ સંબલ દૃષ્ટાંત ॥ ૧૨ ॥

હવે ભગવાન્ ઉત્તર વાચાલ સન્નિવેશેં જાતાં માર્ગે વર્દ્ધમાન ગામેં આવ્યા. તિહાં એક સુવર્ણવાલુકા, બીજી રૂપવાલુકા, એ બે નદીઓ આવી, તે ઉતરી આગલ ચાલતા એક વક્રમાર્ગ બીજો સરલ માર્ગ, એવા બે માર્ગ આવ્યા. તિહાં લોકે નિવાર્યા છતાં પણ ભગવંત સરલમાર્ગ મૂકીને વક્ર માર્ગે ચાલ્યા. તે માર્ગમાં કનક ખલ નામા તાપસનો આશ્રમ છે. તિહાં એક મહા જોરાવર ઘણો ડંશીલો ચંડ-કોશીયો સર્પ રહે છે.

**चंडकोशीयो सुर कीयोजी, पूर्वे भिक्षु चारित्र ॥**
**शीचे नयन सुधारसें जो, हवे मल्यो मंखलीपुत्र ॥च०॥१३॥**

અર્થઃ--તે ચંડકોશિયા સર્પને ભગવાને દેવતા કર્યો, તેની કથા કહે છે. કોઇક ગામને વિષે બે સાધુ ગુરૂ ચેલા ચોમાસું રહ્યા હતા. તે એક દિવસેં પારણાને અર્થે બે જણા ગોચરીયેં ગયા. ત્યાં વર્षાઋતુને લીધે ઘણા જીવોની ઉત્પત્તિ થયે છતે માર્ગમાં ગુરૂના પગ નીચેં સૂક્ષ્મ ડેડકી આવી તે ચંપાઇ મરણ પામી. તેવારેં ચેલાયેં કહ્યું મહારાજ, તમારા પગ નીચેં ડેડકી આવી. તે સાંભલી ગુરૂને રીશ ચડી અને ચેલાને કહેવા લાગો જે અરે આ ડેડકીતો પ્રથમથીજ મરેલી

હતી, મેંતો મારી નથી. ચેલે ઘણું કહ્યું તોપણ માન્યું નહીં. તેવારેં ચેલે વિચાર્યું જે સાંજે પડિક્કમણામાં આલોયણ લેશે. ગુરૂયેં પણ સાંજે પડિક્કમણામાં સર્વ આલોયણ લીધી, પણ ડેડકીની આલોયણા ન લીધી. તેવારેં વલી પણ ચેલે કહ્યું જે મહારાજ ડેડકીની આલોયણા લ્યો. એવું સાંભલતાં ગુરૂને રીશ ચડી. તેથી હાથમાં ઓઘાની ડાંડી લઇને મારવા દોડયો. રાતની વેલા હતી તેથી ચેલો નાશી ગયો. ગુરૂ તેની પાછલ દોડયો, અને ઉપાશરાના થાંભલામાં અથડાયો; તેથી ગુરૂનું મસ્તક ફૂટયું; ત્યાંથી મરણ પામી જ્યોતિષી દેવતા થયો. ત્યાંથી ચવીને ચંડકોશી નામેં તાપસ થયો. તેના પાંચશો શિષ્ય થયા. પરંતુ પોતેં ઘણો ક્રોધી હતો, તેથી એક દિવસેં રાજકુમરને વાડીમાંથી ફૂલ લેતા દેખીને હાથમાં ફરસી લઇ તેમને મારવા દોડયો. માર્ગમાં અંધકૂવો આવ્યો, તેમાં પડયો. પોતાની ફરસી વાગી. તેથી મરણ પામીને તેહીજ આશ્રમને વિષે ચંડકોશિઓ સર્પ્પ થયો છે. આંખમાં જહેર ઘણું છે, જે કોઇ દેખે, તેને બાલી ભસ્મ કરે. ઘણા તાપસોને બાલ્યા, બીજા નાશી ગયા. લોકેં પણ એ માર્ગે જવાનું છોડી દીધું છે. તે સર્પ્પના બિલઉપર ભગવંત કાઉસ્સગ્ગેં રહ્યા. તે દેખી સર્પ્પેં ક્રોધ આણીને પ્રભુને ડંખ માર્યો. તેવારેં પ્રભુના પગમાંથી દૂધ સરખું લોહી માંસ નીકલ્યાં. તેને દેખી સર્પે વિચાર્યું જે હું જેને સાહામું જોઉં, તેને પણ બાલી ભસ્મ કરૂં અને એને તો ડંખ માર્યો તોપણ ધોલું લોઇ નીકલ્યો. માટે એ કોઇ મહોટો પુરૂષ છે. એમ ચિંતવે છે એટલામાં ભગવાન્ બોલ્યા કે અરે ચંડકોશિયા! બૂજ બૂજ. તું નથી

જાણુતો ! એવું કેતાં થકાંજ તે સર્પ્પને જાતિસ્મરણ જ્ઞાન ઉપનું. તેવારેં પાછલો ભવ દીઠો. પછી પ્રભુને ત્રણ પ્રદક્ષિણા દેઈ વિનતિ કરી કે હે કરૂણાસાગર! દૂર્ગતિરૂપ કૂપથી તમેં મુજને ઉદ્ધર્યો. પછી પન્નર દિવસનું અનશન કરી પરોપકારાર્થે તે સર્પ્પ પોતાના બિલમાંહે મુખ ઘાલી અને આખું શરીર બાહેર રાખ્યો થકો રહ્યો. પછી તે માર્ગે દૂધ, દહીં, ઘૃતની વેચનારી આહિરલોક તેણેં તે નાગરાજ સંતુષ્ટ થયો જાણી દૂધ, દહીં, ઘૃત, શર્કરાદિકેં કરી સર્પને પૂજ્યો. તેની ગંધેં કરી કીડીયેં તે સર્પને ફોલી ચાલણી સરખો કીધો. તે સર્પ્પ શુભધ્યાનેં મરણ પામીને આઠમે દેવલોકેં દેવતા થયો.

પ્રભુ તિહાંથી વિચરતા ઉત્તર વાચાલ સન્નિવેશેં પહોતા. તિહાં નાગસેન શ્રાવકને ઘેર પરમાન્નેં પારણું કર્યું. દેવતાયેં પંચદિવ્ય પ્રગટ કર્યાં. તેવાર પછી શ્વેતાંબિકા નગરીયેં પરદેશી રાજાયેં પ્રભુનો મહિમા વધાર્યો.

૨ હવે એક દિવસેં ભગવંત અઘોર વનમાં કોઈ વૃક્ષ નીચેં કાઉસ્સગ્ગમાં ઉભા છે. તિહાં ભગવંતના પગની વચમાં અગ્નિ બાલી ગોશાલે ખીર રાંધી. એવા મહોટા ઉપસર્ગને સહન કરતાં થકાં ભગવંત મહારાજ બીજે ચોમાસેં રાજગ્રહ નગરેં નાલંદી પાડાયેં વણુકરની શાલાયેં એક દેશે તંતુનામેં સાધુની શાલાને વિષે પ્રથમ માસ ખમણ કરી ચોમાસું રહ્યા. તિહાં શરવણગ્રામેં મંખલી પુત્ર સુભદ્રાનો અંગજ બહુલદ્વિજની ગૌશાલાને વિષે ઉપનો. તેમાટે તેનું નામ પણ ગોશાલો રાખ્યો છે. તે અનુક્રમેં ભમતો ભમતો ભગવંત પાસેં આવ્યો.

તે વખત માસ ખમણને પારણે પ્રભુને વિજય શેઠેં કૂરાદિક વિપુલ ભોજને પ્રતિલાભ્યાં. તિહાં દેવતાયેં પંચ દિવ્ય પ્રગટ કર્યાં. તે સરસ મોદકાદિકનો આહાર દેખીને ગોશાલાયેં વિચાર્યું જે એને ઘર ઘર બોલાવે છે; માટે હું પણ જૂદો ભિક્ષાયેં ફરીશ તો માહારી પણ માનતા વધશે. તેવારેં ભગવંતને જેણે વોહોરાવ્યો તેના પાડોશીને ઘરે ગોશાલો પણ વહોરવા ગયો. તે દેખી પાડોશી હર્ષ પામ્યો, જે મહારે ઘરે ભગવાન્ પધાર્યા. તેથી ઉઠી બેઠો થયો. પછી વાંદીને કહ્યું કે હે મહારાજ ! મહારે ઘરે પારણું કરો. તેવારેં ગોશાલાયેં બે હાથ પસાર્યા. ગૃહસ્થેં ઉની ઉની રસોઇ પીરશી અને ઉંચું માથું કરી જોવા લાગો જે મહારે ઘરે સોનૈયાનો વર્षાદ થાય. એમ કરતાં વાયસ આવી માથે બેઠો. તેવારેં મેડા ઉપરથી ગોશાલાના હાથ ઉપર એક બાઈયેં દેવતા નાખ્યો. તે જોઇ શેઠેં વિચાર્યું જે પાડોશીને ઘેર સોનૈયાનો વર્ષાદ વરશ્યો અને માહારે ઘરે તો કોયલા વરશ્યા. ગોશાલાના હાથ બલ્યા; તિહાંથી ઉદાસ થઇ ગોશાલો નિકલ્યો, મનમાં વિચાર્યું જે એની પાસેં સારવિદ્યા છે, જે ઘર ઘર સોનું વરસાવે છે. એ વિદ્યા હું પણ શીખું. માટે એની સંગત કરૂં તો મહારી શોભા વધે ! એમ વિચારી ગોશાલો પોતાની મેલેં મસ્તક મૂંડાવી વેશ પેહેરી પ્રભુને કહ્યું, હું તમારો શિષ્ય છું, તમારી દીક્ષા મુજને હો; એમ કહી ભગવંત સાથેં ફરવા લાગો. હવે પ્રભુને બીજું પારણું નંદિએ પકવાનાદિકેં કરાવ્યું. ત્રીજું પારણું સુનંદે પરમાન્નાદિકેં કરાવ્યું. ચોથું પારણું કોલાગસન્નિવેશે બહુલ-

નામા બ્રાહ્મણે કેવલ ખીરેં કરાવ્યું. એક દિવસેં ભગવાન્ સ્વર્ણખલગ્રામેં ચાલ્યા. માર્ગમાં કોઇ ગોવાલીએ ખીર રાંધી છે, તિહાં ગોશાલો બોલ્યો, હે ભગવન્! એ ખીર થાશે તે ખાઇને જઈશું. તેવારેં સિદ્ધાર્થ બોલ્યા એ ખીરનું પાત્ર ભાંગશે. પછી ગોશાલાયેં ઘણા યત્ન કરાવ્યા તોપણ હાંડી ફૂટી ગઇ. તેવારેં ગોશાલો બોલ્યો જે થાનાર હોય તે થાયજ. એવું બોલી નિયતવાદીપણું પડિવજ્યું.

૩ હવે ત્રીજે ચોમાસેં બે બે માસની તપસ્યાયેં પ્રભુ ચંપાયેં રહ્યા. ત્યાં પારણું કરી કોલ્લાગ સન્નિવેશેં ગયા. તિહાં શૂન્યગૃહેં કાઉસ્સગ્ગ રહ્યા. તિહાં સિંહો રજપુત ગોમતીદાસી સાથેં રમતો દેખીને ગોસાલો હસ્યો. તેવારેં તેણે ગોશાલાને કૂટયો. ગોશાલો પ્રભુને કહેવા લાગો જે તમેં એને કાં વારતા નથી ? પ્રભુ મૌન છે તેથી સિદ્ધાર્થ બોલ્યો કે આજ પછી એવું કામ મ કરીશ. એ કામના તો એવાજ ફલ પામીશ.

તેવાર પછી સ્વામી કુમારગ્રામેં ગયા. વનમાં કાઉસ્સગ્ગ રહ્યા. ત્યાં શ્રીપાર્શ્વનાથના શિષ્ય મુનિચંદ્ર સૂરિ દેખી ગોશાલે પૂછ્યું. તમેં કોણ છો ? તે બોલ્યા, અમેં સાધુ છૈયેં. ગોશાલો બોલ્યો તું ક્યાં અને મહારો ધર્માચાર્ય ક્યાં ? તેવારે તે સાધુ બોલ્યા, જેવો તું છે, તેવો તાહારો ગુરૂ પણ હશે. તેવારેં ગોશાલો રૂઠો થકો બોલ્યો જે મહારા ધર્માચાર્યના તપ તેજેં તમારો આશ્રમ બલજો. પણ બલ્યું નહીં. તેવારેં ગોશાલે આવીને પ્રભુને કહ્યું કે સ્વામી આગલ

જેવો તમારો પ્રભાવ હતો તેવો હમણાં નથી. તેવારેં સિદ્ધાર્થ બોલ્યો, અરે ગોશાલા ! સાધુ નહીં બલે. પછી તે રાત્રેં શ્રીપાર્શ્વનાથના શિષ્ય મુનિચંદ્ર કાઉસ્સગ્ગમાં ઉભા છે તેને કુંભારે ચોર જાણીને માર્યા. મુનિચંદ્રને અવધિજ્ઞાન ઉપનું. મરણ પામી દેવલોકેં ગયા. તેનો દેવતાયેં મહીમા કર્યો. ત્યાં અજવાલું થયું દેખીને ગોશાલો બોલ્યો, જુઓ સાધુના આશ્રમ બલે છે, માહારા ગુરૂ સાચા છે. તેવારે સિદ્ધાર્થ બોલ્યો કે, અરે કુપાત્ર ! એ તો મુનિચંદ્ર દેવલોકેં ગયા તેનો મહોત્સવ થાય છે. તે સાંભલી ગોશાલો વિલખો થયો. તે પછી પ્રભુ ચોરની નગરિયેં ગયા. તિહાં ગોશાલો ગામમાંહે હેરતો ફરે. તેવારેં ત્યાંના લોકોયેં હેરૂ જાણી પ્રથમ ગોશાલાને ખોડામાંહે ઘાલ્યો, પછી ભગવંતને પણ ઘાલ્યા. એવામાં ઉત્પલનામા વિપ્રની બેહેન સોમાજયંતિનામે સન્યાસણી છે તેણે આવી છોડાવ્યા.

૪ તેવાર પછી ચોથું ચોમાસું સ્વામી પૃષ્ટ ચંપાયેં રહ્યા. તિહા જીર્ણ શેઠેં નિત્ય વિનંતિ કર્યા છતાં પણ ભગવંતે પૂર્ણ શેઠને ઘરે કલકલતો ખીચડો લઈને પારણું કર્યું. દેવતાયેં પંચદિવ્ય વૃષ્ટિ કરી. તિહાંથી કયંગલેં ગયા. તિહાં માઘ માસેં જાગરણના દિવસેં દારિદ્ર અને સ્થવિર પાંખડિણી નાચે છે, ગાય છે, તેની ગોશાલે હાંસી કરી. તેથી તેઓએ ગોશાલાને માર આપી પછી પ્રભુનો શિષ્ય જાણી મૂક્યો.

તિહાંથી સાવચ્છિયેં ગયા. તિહાં પિતૃદત્તની સ્ત્રી શ્રીભદ્રા તેને પુત્ર જીવતા નથી; તેવારેં શિવદત્ત નિમિત્તિયેં તેને

પૂર્વે કહ્યુ છે કે મૃતક પુત્રના માંસની ખીર રાંધીને કોઇ ભિક્ષુકને ખવરાવજો, તો તમારા પુત્ર જીવતા રહેશે. અહીં ગોશાલે ભગવંતને પૂછયું કે મને આજ કેવું ભોજન મલશે? સિદ્ધાર્થે કહ્યું તનેં માંસ મલશે. પછી સિદ્ધાર્થનું વચન ખોટું કરવા સારૂં ગોશાલો શ્રાવકને ઘેર વોહોરવા ગયો. તિહાં ખીર જમી ફરી પાછો આવી ભગવંતને કહ્યું કે હું ખીર જમ્યો છું. સિદ્ધાર્થે કહ્યું તું માંસ જમ્યો છો. તેવારેં ગોશાલાયેં ગલામાં આંગલી ઘાલી વમન કર્યું, માંહે માંસના કટકા દીઠા. તેવારેં ગોશાલો ક્રોધ કરીને તેને ઘેરગયો. પરંતુ તે સ્ત્રીયેં સરાપના ભયથી ઘરનું બારણુ ફેરવી નાખ્યું હતું. તેથી ગોશાલાયેં ઘેર લાધો નહીં. તેવારેં કહેવા લાગ્યોજે મહારા સ્વામીના તપ તેજેં તમારો પાહાડો બલજો. પછી પાડો બલ્યો.

વલી એકદિવસેં ભગવંત ઘણી નિર્જ્જરા કરવાને હેતેં લાટ દેશેં જતાં રસ્તામાં બે ચોર મલ્યા. તે ખડગ કાઢીને પ્રભુને મારવા દોડયા. પ્રાણાંત ઉપસર્ગ હતો. માટે ઈંદ્ર આવી ચોરના પગ થંભ્યા. તેથી તે વૃક્ષની પેરેં તિહાંજ ઉભા રહ્યા. એમ ઉપસર્ગ નિવાર્યો. તિહાંથી ગલગામેં ગયા. તિહાં વાસુદેવને દેહેરે કાઉસ્સગ્ગ કીધું તિહાં ગોશાલો આંખો કાઢીને બાલકને બીહીવરાવવા લાગો. લોકેં વાર્યો, માર્યો, કૂટયો, ભગવંતનો શિષ્ય જાણી મૂકયો. તિહાંથી આવર્ત્તગામેં બલદેવને દહેરે પ્રભુ કાઉસ્સગ્ગેં રહ્યા. ગોશાલો મુખ મરડી બાલકોને બીવરાવવા લાગો. તેમજ વલી માર ખાધો, ભગવંતને પણ હણવા આવ્યા, તે બલદેવની મૂર્ત્તિયેં ઉઠી નિવાર્યા.

તિહાંથી પ્રભુ ચોરાંગે આવ્યા. તિહાં માંડવે ધાન રંધાતું દેખી ગોશાલો નીચો થઇ જોવા લાગ્યો. તેને લોકોયેં ચોર જાણી માર્યો. ગોશાલો રૂઠો થકો બોલ્યો જે મહારા સ્વામીના તપ બલેં તમારો મંડપ બલજો. તે તેમજ થયું. તેવાર પછી ભગવંત હરિવૃક્ષ નીચેં કાઉસ્સગ્ગેં રહ્યા. તિહાં કોઇ પંથીયેં આગલ ભૂમિકા બાલી હતી તિહાં, પગ બલ્યા. તેવારેં ત્યાંથી ગોશાલો નાઠો.

૫ તેવાર પછી પાંચમો ચોમાસું પ્રભુ ભદ્દિલપૂરેં રહ્યા. તિહાં ચોમાસી તપ પ્રભુયેં કીધું. પારણું કરી કપિલ ગ્રામેં ગયા. તિહાં ભગવંતને ચોર જાણી ગ્રહ્યા. પછી વિજયા નામેં પાર્શ્વનાથની શિષ્યણીયેં છોડાવ્યા. તિહાં ગોશાલો ભગવંતથી જૂદો થયો. પછી જ્યાં જાય ત્યાં તોફાન કરે, તેવારે લોક માર આપે. તેથી ગોશાલાયેં વિચાર્યું જે ભગવંત સાથેં રહેવુંજ ભલું છે. હવે ભગવંત વિશાલા નગરીયેં ગયા. તિહાં લોહકારની શાલાયેં કાઉસ્સગ્ગેં રહ્યા. લોહાર પણ છ મહીના સુધી આજારી હતો. તે પણ તે દિવસેં સાજો થયો. તેથી ઉપકરણ લઇ આવ્યો. પ્રભુને મુંડા દેખી અપમંગલિક જાણી ઘણ લઈને મારવા ઉઠયો. તિવારેં ઇંદ્રેં આવી લોહારને નિવાર્યો. તિહાં છ મહીના પછી ગોશાલો પણ આવી પ્રભુને મલ્યો.

૬ તેવાર પછી છઠ્ઠું ચોમાસું સ્વામી ભદ્રિકાયેં રહ્યા.

૭ સાતમું ચોમાસું આલંભિકા નગરીની બાહેર દેવ-કુલેં રહ્યા. તિહાં ગોશાલો બલદેવની મૂર્ત્તિ ઉપર પુરૂષચિન્હ

રાશી સુતો. તેવારેં પૂજારે કૂટયો. તિહાંથી મર્દનગ્રામેં વાસુદેવને દેહરે ગોશાલે તેમજ મૂર્त्ति ઉપર પુરૂપ ચિન્હ કર્યું. ત્યાં પણ માર ખાધો. તિહાંથી પ્રભુ ઉન્નાગગામેં જતા રસ્તામાં કોઇ એક નવ પરણિત વધૂને તેડી જાય છે. તેમાં વરના દાંત મહોટા હતા અને વહૂ કાણી હતી. તે જોઇ ગોશાલો હસ્યો અને બોલ્યો કે આતો દૈવેં સરખી જોડી મેલવી છે. તેણેં ગોશાલાને માર આપી વંશજાલમા નાંખ્યો.

૮ તે વાર પછી આઠમું ચોમાસું રાજગૃહી નગરીયેં ભગવંત રહ્યા. તિહાં ચોમાસી તપ કીધું. પારણું કરીને પછી નવમે ચોમાસે પ્રભુ વજ્રભૂમિયેં અનાર્ય દેશે ગયા છે. તિહાં ઘણા ઉપસર્ગ સહન કર્યા. ત્યાં આહાર વિના છ માસી તપ થયું છે.

એકદા ભગવાન્ કુમાર ગ્રામેં જતાં માર્ગમાં તિલનો છોડ દેખી ગોશાલે ભગવંતને પૂછ્યું. એ તિલનો છોડ નીપજસે કે નહીં નીપજે ? તેવારેં પ્રભુ બોલ્યા, એ સાત તિલના ફૂલના જીવ મરીને એકસિંઘને વિષે તિલ થાશે. તે સાંભલી ગોશાલે ભગવંતનું વચન મિથ્યા કરવા સારૂ છોડ ઉખેડી વેગલો મૂકયો. પછી કેટલેક દિવસેં છોડ ગાયની ખરીયેં ચંપાણો, તેથી ધરતીમાં પેઠો. પછી તે છોડ વર્ષાદના યોગેં પાછો ઉભો થયો.

ફરી કેટલેક દિવસેં સિદ્ધાર્થ પુરે જાતાં તે માર્ગે પ્રભુ આવ્યા. તેવારેં ગોશાલેં તિલનો છોડ ઉગ્યો દીઠો. તેને વિદારતાં તે માંહે સાત તલ દીઠા. તેથી ગોશાલાનું મન દૃઢ નિય-

તવાદી થયું. તથાપિ પાછો ઉખેડી નાખવા માંડયો. તેવારેં ઈંદ્રે ધુરકારીને કહ્યું કે હે હરામખોર! ભગવંતનું વચન ખોટું કરવા જાય છે ? તે સાંભલી ગોશાલો ક્રોધ પામી વિશેષ ઉપસર્ગ કરવા લાગો. હવે સ્વામી બ્રહ્મગામે ગયા. તિહાં બ્રાહ્મણની બે શેરીયો છે. એકનંદનો વાસ અને બીજો ઉપનંદનો વાસ. તે મધ્યે નંદને પાડે પ્રભુ ગયા. ત્યાં પરમાન્નેં પારણુ પ્રતિલાભ્યા. અને ગોશાલો ઉપનંદને પાડે ગયો, તિહાં વાશી અન્ન સાત દિવસની ઘેંશ મલી. તેથી ગોશાલો કોપ્યો થકો કહેવા લાગો જે મહારા ધર્માચાર્યના તપતેજેં તાહારો વાસ બલીને ભસ્મ થજો તે તેમજ થયું.

પછી ભગવાન્ કુમાર ગ્રામેં પધાર્યા. તિહાં વૈશંપાયન નામે તાપસ છે તેણેં આતાપના લેવા સારૂ જટા મોકલી મૂકી છે. તે જટામાંહે ઘણી જુ દેખીને ગોશાલે હાંસી કરી કે તમેં તો જુના ઘર છો. તે તાપસેં ક્રોધ થકી ગોશાલા ઉપર તેજોલેશ્યા મૂકી. તેવારેં ભગવાને દયાયેં કરી શીતલેશ્યાયેં કરી તેજોલેશ્યા નિવારી. પછી ગોશાલાયેં સિદ્ધાર્થને તેજોલેશ્યાનો ઉપાય પૂછ્યો. તેવારેં સિદ્ધાર્થેં કહ્યો કે આતાપના પૂર્વક છઠ્ઠ તપ કરી એક મુઠી અડદ અને એક ચલુ ઉષ્ણ પાણીયેં પારણુ કરતા પુરૂષને છ માસને છેહેડે તેજોલેશ્યા ઉપજે. એ સામાન્યવિધિ ધારણ કરી ગોશાલો અનુક્રમે ભગવંતથી જૂદો થઇને તેજોલેશ્યા સાધી, તથા પાર્શ્વનાથના શિષ્ય પાસે અષ્ટાંગ નિમિત્ત શીખી આજીવિકા પંથ થાપીને સાવચ્છી નગરિયેં વિચરે છે, અને લોકોને હું જિન છું, એમ કહેતો તીર્થંકર

નામ ધરાવતો સિદ્ધાઇ દેખાડતો ફરે છે. એવામાં ભગવંત પણ સાવચ્છી નગરિયેં આવી દશમું ચોમાસું રહ્યા છે.

**नदिनीरें प्रतिबिंबिया जी, जिनपद लखण दीठ ॥**
**सामुद्रिक जोइ कहे जी, इंद्र थयो मन इट्ठ ॥ चउ० ॥ १४ ॥**

અર્થ:—એક દિવસેં ભગવાન્ વિહાર કરતા ગંગા નદી ઉતરતાં સૂક્ષ્મવેલુમાંહે પ્રતિબિંબિત પગલાની શ્રેણીને વિષે ચક્ર, ધ્વજ, અંકુશ પ્રમુખ લક્ષણ થયા. એવામાં પાછલથી કોઈ એક પુષ્પનામા સામુદ્રિકશાસ્ત્રનો જાણ આવ્યો. તેણે મનમાં ચિંતવ્યું જે કોઇ એક ચક્રવર્ત્તી એકાકી જાય છે. માટે હું જઇ એની સેવા કરૂં. પછી તે ચરણાનુસારેં તિહાં આવ્યો. તિહાં ભગવાનને વસ્ત્રરહિત દિગમ્બરરૂપેં દેખીને વિચારવા લાગો જે હું સામુદિક શાસ્ત્ર ફોકટ ભણ્યો છું. જો એવા લક્ષણનો ધણી ભિક્ષુકરૂપેં એકાકી છે તો એ મહારાં પુસ્તક પાણીમાં બોલવા લાયક છે, એમ ચિંતવી પુસ્તકને પાણીમાં બોલવા લાગ્યો. ઇંદ્રમહારાજેં એ વૃત્તાંત જાણ્યું. તેવારેં તિહાં આવીને પ્રભુની સેવા સાચવી, પુષ્પ આગલ પ્રભુનું સ્વરૂપ વર્ણવી શાસ્ત્ર પાણીમાં બોલવાં ન દીધાં. પછી ભગવંતના ગુણગ્રામ કરી ઇંદ્ર સ્વસ્થાનકેં ગયો. પુષ્પ પણ ઇંદ્ર પાસેંથી મણિ કનકાદિક ધન પામી હર્ષ પામતો પોતાને સ્થાનકેં ગયો. પ્રભુયેં પરોપકારાર્થેં અન્યત્ર વિહાર કીધો. આ વાત કલ્પસૂત્રની કથામાં પ્રભુના પ્રથમ વર્ષના ચોમાસામાંજ કહી છે પરંતુ અહીંઆં કવિતામાં પાછલ લીધેલી છે.

હવે ભગવાન્ વિચિત્ર તપેં કરી વિચારતાં ઉક્તં ચ

॥ ગાથા ॥

દઢભૂમિ બહુમિચ્છા, પેઢાલુ જાણુમાગયો ભયવં ॥
પોલાસ ચેઈયંમિ, ઠિએગરાયં મહા પડિમં ॥ ૧ ॥
સક્કોઈય દેવરાયા, સભાગઉ ભણુઇહરિસીઉ વયણું ॥
તિન્નિ વિલોગ સમચ્છા, જિણુવીર મણું ચલેઉજે ॥ ૨ ॥
સામાણિય સંગમઓ, દેવો સક્કસ્સસો અમરિણુ ॥
અહ આગઓ તુરંતો, મિચ્છદિઠ્ઠિ પડિનિવિઠ્ઠો ॥ ૩ ॥

**અર્થ**:—ભગવંત મહારાજ કઠણુ ભૂમિને વિષે બહુ મ્લેચ્છ જ્યાં વસે છે એવા મ્લેચ્છ દેશેં પેઢાલનામા ગ્રામેં આવ્યા. તિહાં પોલાશનામા ચૈત્યેં અઠ્ઠમ તપેં સહિત એક રાત્રિકી મહા પ્રતિમાયેં રહ્યા છે. એવામાં શક્રેંદ્ર પોતાની સભાને વિષે ભગવાનની પ્રશંસા કરે છે કે ત્રણુ લોક ભેગા થાય તોપણુ પ્રભુને ચલાવવાને સમર્થ ન થાય એવું પ્રભુનું સત્ત્વ છે. એવું ઇંદ્રનુ વચન સર્વ દેવતાયેં સત્ય માન્યું. પણુ સંગમનામેં અભવ્ય દેવતાયેં વિચાર્યું જે મનુષ્યને ચલાવવું એ કાંઇ મહોટી વાત નથી. એવું ચિંતવી ઇંદ્રનું વચન અણુ માનતો થકો ચલાવવાની પ્રતિજ્ઞા કરીને પ્રભુ પાસેં આવ્યો ॥ ૧૪ ॥

**संगमसुर अधमें कर्यो जी, बहु उपसर्ग सहंत ॥**
**देश अनारज संचर्या जी, जाणी करम महंत ॥ चउ० ॥ १५ ॥**

**અર્થ**:—હવે ભગવાન્ જિહાં મહાપાપિષ્ટ પ્રાણી રહે છે એવા અનાર્ય દેશને વિષે પોતાના મહંત કર્મ ખપાવવાને અર્થેં ગયા. ત્યાં ઘણા ઉપસર્ગ સહન કર્યાં. કોઈએકેં તો ભગવંત સામા પથરા નાખ્યા. કોઇએકેં હાસ્ય કરી શાંકલો

બાંધી, ઇત્યાદિક અનેક ઉપસર્ગ પ્રભુયેં સહુન કર્યા. રસ્તામાં ચોર મલ્યા તે અપશુકન જાણી તરવાર કાઢી મારવા દોડયા. તે મરણાંત ઉપસર્ગ જાણી સિદ્ધાર્થે વાર્યા. ત્યાં અનાર્ય દેશમાં મ્હોટા ઉપસર્ગ સહુન કરીને ઘણા કર્મોનો પ્રભુયેં નાશ કર્યો. પછી પૂર્વોક્ત ક્રૂરલેશ્યાનો ધણી સંગમ નામેં અધમ દેવતા તેણેં આવીને ભગવંતને ચલાવવા સારૂ બહુ ઘણા મ્હોટા ઉપસર્ગ કર્યા, તે પ્રભુયેં સહ્યા, તે કહે છે. પ્રથમ તો રેતિનો ધૂલનો વર્ષાદ વરસાવ્યો. બીજો વજ્રતુંડ કાડીયેં કરી શરીર ચાલણી સરખું કીધું. ત્રીજો ડાંસેં કરી શરીરમાં ચટકા માર્યા. ચોથો ધીમેલ કીડિયા થઇ શરીમાં પેઠો. એ ચાર ઉપસર્ગ એક સમયેં કર્યા. વલી વીંછીને રૂપેં, નોલીયાને રૂપેં, સર્પ્પને રૂપેં તથા ઉંદરને રૂપેં ડંસ્યા. વ્યાઘ્રના રૂપ કરી હસ્તીના રૂપ કરી હાથણીના રૂપેં શુંઢે ઉંચો ઉછાલ્યો, પગેં મરડયો. પિશાચનૂં રૂપ કરી અટ્ટહાસ કર્યો. સિંહનું રૂપ કરી નખ માર્યા. સિદ્ધાર્થપિતા તથા ત્રિશલા માતાના રૂપ કરી વિલાપ કર્યા. બે પગની વચમાં અગ્નિ બાલી તેના ઉપર અન્ન પકાવ્યું. તીખા મુખ વાલા પંખીના રૂપ વિકુર્વીને પ્રભુના કાન પ્રમુખના માંસ ખવરાવ્યાં. પ્રચંડ વાયરે કરી ભગવંતને ઉંચા ઉછાલી હેઠા નાખ્યા. કલિકા વાયરે કરી ચક્રની પેરેં ભમાડયા. સહસ્ર ભારનું ચક્ર પ્રભુને માથે મૂકયું, તેથી ઢીચણ લગેં ભૂમિ માંહે ભગવંત પેશી ગયા. પછી પ્રભાત વિકુર્વીને સંગમો કહેવા લાગો કે હે દેવાર્ય ? ગોચરિયેં જાઓ. તોપણ ભગવંત રાત્રિ જાણી ઉભા રહ્યા. વલી દેવાંગનાનાં રૂપ કરી હાવભાવ દેખાડી અનુકૂલ ઉપસર્ગ કર્યા. એવી રીતેં એક રાત્રિમાં વીશ

ઉપસર્ગ કર્યા. તોપણ પ્રભુ લગાર માત્ર ડગ્યા નહીં. પછી છ મહીના પર્યંત ક્યાહિં પણ પ્રભુને શુદ્ધ આહાર મલે નહી એવો પ્રયત્ન દેવ માયાથી કર્યો. તોપણ પ્રભુ નિશ્ચલ રહ્યા. પછી અધમ સંગમો દેવતા ખેદ વિખિન્ન થઇને જતો રહ્યો. સૌધર્મ દેવલોકવાસી ઇંદ્ર, દેવ, દેવાંગના સર્વ છ માસ પર્યંત નિસ્તેજ હતા. પાપિષ્ટ સંગમાને આવતો દેખી ઇંદ્રે તેને પ્રહાર કર્યો. અરડાટ કરતો દેવલોકમાંથી કાઢયો. તે મેરૂ ચૂલિકાયેં જઈ રહ્યો. હવે ભગવાનને ગોકુલમા વત્સપાલી નામે વૃદ્ધ દોસીયેં પરમાન્નેં પારણું કરાવ્યું. તિહાં પંચદિવ્ય પ્રગટ થયા પછી ચોશઠ ઇંદ્ર તથા સર્વ દેવતા અનુક્રમેં પ્રભુને સમાધિ પૂછવા આવ્યા. એ નવમાં વર્ષના ઉપસર્ગ કહ્યા. તેવાર પછી દશમુ ચોમાસું તો પ્રભુ સાવથ્થીં નગરિયેં રહ્યા છે ॥ ૧૫ ॥

**व्यंतरीकृत सहे सीतथी जी, लोकावधि लहे नाण ॥**
**पर्वकृत कर्मे नडया जी, जेहना नहीं परमाण ॥ चउ० ॥ १६ ॥**

**અર્થઃ**—હવે એક દિવસેં ભગવાન શાલી શીર્ષગ્રામેં ઉદ્યાને કાઉસ્સગ્ગેં રહ્યા છે. તિહાં સીત ઉપસર્ગ સહ્યો તે કહે છે. ત્રિપૃષ્ઠ વાસુદેવના ભવમાં અપમાનિતિ સ્ત્રી હતી; તે હમણાં વ્યંતરી થઇ છે. તેણેં તાપસણીનું રૂપ કરી પોતાની જટામાંહે પાણી ભરીને પ્રભુ ઉપર છાંટયું. તે વખતેં માઘ માસના ટાઢના દિવસ હતા. તેમાં વલી મેઘવૃષ્ટિ વ્યંતરિયેં કરી. તથા ઘણો ઠંડો વાયરો વિકુર્વ્યો એવો ઉપસર્ગ વ્યંતરિયેં કર્યો. એ સર્વ પ્રમાણ વિનાના પ્રભુનાં પૂર્વકૃત કર્મ હતાં, તે આવી નડયાં. તે સર્વ ઉપસર્ગ સહન કરીને દૂર કર્યા. અહીંઆં

વ્યંતરીના ઉપસર્ગથી પ્રભુ અડગ રહ્યા. પછી પ્રભુને ધૈર્યવંત જાણી પોતાનો અપરાધ ખમાવીને વ્યંતરી સ્વસ્થાનકેં ગઈ. તિહાં સીતવેદના સેતા થકાં ભગવંતને પણ છઠ્ઠને તપેં કરી યથાર્થ લોકાવધિજ્ઞાન ઉપનું. એમ ભગવંતેં હલવા ભારી ઘણા કર્મ ત્રોડયાં. એ ઉપસર્ગ છઠ્ઠા વર્ષમાં થયો, એમ કલ્પ સૂત્રમાં લખેલી કથાઓમાં કહ્યો છે ॥ ૧૬ ॥

**चमरो सरणे राखीओ जी, सुसमार पुरि धरी ध्यान ॥**
**अनुक्रमें चंदन बालिका जी, प्रतिलाभे भगवान ॥ चउ० ॥१७॥**

અર્થ:—તેવાર પછી ભગવંત વિશાલા નગરિયેં અગીઆરમું ચોમાસું રહ્યા. તેવાર પછી વલી સુસમાર પુરેં ભગવંત કાઉસ્સગ્ગ ધ્યાનમાં હતા. તે વખતેં ચમરેંદ્રને શરણે રાખ્યો છે તેની કથા આગલ દશ અછેરાની વાતમાં સવિસ્તર આવી છે, ત્યાંથી જાણવી. તેવાર પછી અનુક્રમેં ચંદનબાલાયેં પ્રભુને પડિલાભ્યા છે, એટલે ભગવંતેં કાંઈક કર્મ રહ્યા જાણી પોષ વદિ એકમના દિવસેં એવો અભિગ્રહ કીધો છે કે જે રાજપુત્રી હોય અને દાસીપણું પામી હોય, માથે મુંડી હોય, પગેં બેડી હોય, ઉંબરેં બેઠી એક પગ બાહિર અને એક પગ ઉંબરા માંહે હોય, અડદના બાકલા સૂપડાને ખૂંણે દેતી રૂદન કરતી હોય, ત્રણ ઉપવાસની કરનારી હોય એવી, સ્રી જો બે પોહોર મધ્યાન્હ પછી ભિક્ષા મને આપે, તો મહારે પારણું કરવું. એવો અભિગ્રહ કરીને શ્રીવીરભગવાન્ ગોચરિયેં નિત્ય ભ્રમણ કરે, પણ ક્યાંય એવો યોગ બને નહીં. ત્યાં મંત્રીશ્વર પ્રમુખેં અનેક ઉપાય કર્યા, પણ કોઇ રીતેં પ્રભુનો અભિગ્રહ

પૂર્ણ થાય નહીં. એવામાં ચંપાનગરીનો દધિવાહન નામેં રાજા તેની ધારણી નામા સ્ત્રીની વસુમતિ નામા પુત્રી છે તેનું અપર નામ ચંદનબાલા છે, હવે કોશંબી નગરીનો સંતાનિક નામેં રાજા છે, તેણેં રાજ્યવિરોધેં લશ્કર લેઇ ચંપાનગરીને લૂંટી, તેવારે દધિવાહન રાજા નાશી ગયો, અને ધારણી રાણી તથા ચંદના એ બે કોઇ એક પાયક સંતાનિક રાજાનો સેવક હતો, તેના હાથમાં આવી. તેણે ધારણીને કહ્યું કે તને હું મહારી સ્ત્રી કરીશ. તે સાંભલી ધારણી રાણી જીભ ચાંપીને મરણ પામી. પછી ચંદનબાલાનેં તે ચાકર ચૌટા માંહે વેચવા ગયો, તેને વેશ્યા લેવા આવી. તેવારે ચંદનાયેં પૂછ્યું તમારો શ્યો આચાર છે? વેશ્યા બોલી શ્રીમન્ત પુરૂષ સાથે પ્રીતિ કરવી, ભલા મન માન્યાં ભોજન કરવાં, એ અમારો આચાર છે. તેવારેં ચંદના બોલી એ મહારાથી ન થાય. તથાપિ વેશ્યાયેં બલાત્કારેં લેવા માંડી. તેવારે શાસન દેવીયેં વેશ્યાના કાન અને નાક છેદી નાખ્યા. વેશ્યા નાશી ગઇ. પછી ધનાવહ નામે શેઠ જિનધર્મી હતો, તેણે મૂલ આપી ચંદનાને વેચાતી લઈ, પોતાને ઘેર તેડી આવ્યો. તેણે ચંદના નામ આપો પુત્રી પણે થાપી. પણ ચંદનાનું સરૂપ દેખી ધનાવહશેઠની મૂલા નામા વાંજણી કુહાડ સ્ત્રી છે, તે મનમાં દ્વેષ રાખવા લાગી કે રખે ને એ માહારી શોક થાય? તેમાટે પ્રથમથીજ કાંઇ ઉપાય કરૂં તો સારૂ. પછી એક દિવસ શેઠના પગ પખાલતાં ચંદનના માથાની વેણી ધરતીયેં પડી તે શેઠેં ઉપાડી ઉંચી લીધી. તે પેહેલી દુરાચાર સ્ત્રીયેં દીઠી, અને મનમાં ચિંતવવા લાગી જે શેઠ એની વેણીયેં મોહ્યો

દેખાય છે. મુખથી તો પુત્રી કહે છે, પણ એને સ્ત્રી કરી રાખશે, એમાં સંદેહ નથી પછી એક દિવસે શેઠ કોઇએક ગામેં ગયા. પછવાડે મૂલાયેં ચંદનનો મસ્તક મૂંડી પગમાં બેડી ઘાલી ધુસાનો વસ્ત્ર પહેરાવ્યો. હાથમાં બેડી ઘાલી છાણા પ્રમુખના ઓરડામાં બેસાડી, પોતે ઘરને બારણે તાલું આપી પોતાને પીયરે જતી રહી. હવે ચંદના તો ઓરડામાં બેઠી નવકાર ગણે છે. પોતાના કરેલા કર્મને નિંદે છે. એમ કરતાં ચોથે દિવસેં શેઠ ફરી પોતાને ઘેરેં આવ્યો. સર્વ વૃત્તાંત દાસીના મુખથી જાણીને પછી અડદના બાકલા સુપડાને ખુણે નાખી ચંદનાને આણી આપ્યા, અને કહ્યું કે તું ત્રણ દિવસની ભૂખી છો તે આ બાકલા ખાજે. બેડી કાહાડવા સારૂ હું લોવારને તેડી લાવું છું. એમ કહી ચંદનાને પૂર્વલી અવસ્થા સહિત ઉંબરે બેસાડી પોતે લોહારને તેડવા ગયો. પછવાડે શુદ્ધ સમ્યક્ત્વની ધરનારી ચંદના સતી ચિંતવે છે જે કોઇ અતિથિ આવે તો તેને એ વોહારાવી આપું. એવામાં મધ્યાન્હ વીત્યા પછી પ્રભુ પધાર્યા. તેને દેખી ચંદનબાલા હર્ષવંત થઇ થકી બાકલા દેવા લાગી. પરંતુ પ્રભુયેં લીધેલા અભિગ્રહના ચાર ભેદ તો મલતા દાઠા, પણ પાંચમું રૂદન દીઠું નહીં, તેથી પાછા વલ્યા. તેવારેં ચંદના દુઃખ ધરતી થકી રૂદન કરવા લાગી, જે સાધુ પણ મહારા હાથનું અહાર નથી લેતા, માટે મને ધિઃકાર છે, પછી ભગવંતે રૂદન કરતી દેખી પોતાનો સંપૂર્ણ અભિગ્રહ થયો જાણી તે અડદના બાકલા પાછા વળીને લીધા. તિહાં દેવતાયેં પંચદિવ્ય પ્રગટ કર્યા. બેડી ભાંગીને નેઉર થયા. મસ્તકેં વીંણી આવી. અહીંઆં

પાંચ દિવસે ઉણા છમ્માસી તપનું પ્રભુને પારણું થયું. વસુધારાની વૃષ્ટિ આપણા ઘરે થઇ એવું સાંભલીને મુલા પોતાના પિયરથી છટતી છટતિ કસતિ કાંચલીને જેમ તેમ બાંધતી તિહાં આવી. પછી મહોટો જોસો વાલતી ઉતાવલમાં ખોલા ભરીને ધન ઉપાડવા માંડયું. તે ઉપાડતાં અગ્નિ જ્વાલા ઉઠી. વસ્ત્ર સર્વ બલી ભસ્મ થયા. શ્યામ વદન થઈ થકી જાતી હવી. તેને દેવતાયેં તર્જના કરી કહ્યું કે એ દ્રવ્ય ચંદનબાલાનું છે. ચંદનાયેં તે ધન શેઠને આપ્યો. શેઠેં તે સર્વ ધન ચંદનાની દીક્ષાના મહોત્સવેં ખરચ્યું. હવે પ્રભુ વિચરતા અનુક્રમેં ચંપા નગરીયેં સ્વાતિદત્ત બ્રાહ્મણની શાલાયેં બારમું ચોમાસું રહ્યા. તિહાંથી વિચરતા ખએમાનિક ગામેં આવી બાહેર ઉદ્યાને કાઉસ્સગ્ગેં રહ્યા ॥ ૧૭ ॥

**काने खीला घालीया जी, गोप करे घोर कर्म ॥**
**वैद्यें ते वली उद्धर्या जी, सही वेदन अति मर्म ॥ चउ० ॥१८॥**

અર્થ:—હવે ભગવંતના કાનમાં ગોવાલિયેં ખીલા ઠોકયા તે ઉપસર્ગ કહે છે. પ્રભુયેં ત્રિપૃષ્ટ વાસુદેવને ભવેં શય્યાપાલકના કાનમાં તરૂઓ ઉષ્ણુ કરી નમાવ્યું હતું. તે કર્મ અહીંઆં પ્રભુને ઉદયેં આવ્યું. તે શય્યાપાલક અનેક ભવભ્રમણ કરી હમણાં ગોપાલક થયો છે. તેથી તે વૈરને લીધે તેણે ગોવાલીયે પ્રભુને બલદ ભલાવ્યા, પોતેં ગામમા ગયો. ત્યાંથી પાછો આવ્યો તેવારેં બલદ ન દીઠા. પછી બલદ જોવા સારૂ ચાર પ્રહર રાત્રિ ભમ્યો. પ્રભાતેં આવ્યો તો ભગવંત પાસેં બલદ બેઠા દીઠા. તે વખત તે ગોવાલીયે

ભગવંતના કાનમાં ખીલા બેસાડયા. જેમ કોઇ દેખે નહીં તેમ જેનાં તીર થાય છે એવા શરકટ વૃક્ષના અગ્ર કાપીને કાનમાં ઠોકયા. તેથી ભગવંતને મહાવેદના પ્રાપ્ત થઇ. પછી ભગવંત તિહાંથી વિહાર કરતા મધ્યમ અપાપાયે સિદ્ધાર્થ વણિકના ઘરેં ગોચરીયે પધાર્યા. તેણે પ્રભુના કાનનું સ્વરૂપ જાણી ખરક વૈદ્ય માર્ગાનુસારી હતો તેને સમાચાર કહ્યા. પછી તે વણિક તથા વૈદ્ય બેહુ પ્રભુની પછવાડે સપરિવારેં ખીલા કાઢવા આવ્યા. તિહાં એક ખીલી આમલી વૃક્ષેં રેશમની દોરિયેં કરી બાંધી. એક હાથમાં સાણસી ખેંચીને બુદ્ધિપ્રપંચેં કરી ખીલા કાઢયા. તે વખત વલી ભગવંતને પરમ વેદના થઇ. તેથી અરડાટ મૂકયો. વનમાંહે ઘોરાકાર ભયંકર શબ્દ થયો, પાહાડ ફાટા. પછી પ્રભુ મૂર્છા પામી ધરતીયેં પડયા, એવી પીડા થઇ. તેને બે પુરૂષેં ઉપાડી બેઠા કીધા. પછી વ્રણ સંરોહિણી ઔષધિયેં કરી કાનને વિષે થતી પીડાની સમાધિ કીધી. તિહાં બાંભણવાડ તીર્થ થયો. ગોવાલીઓ મરી સાતમી નરકેં ગયો. સિદ્ધાર્થ વણિક તથા ખરક વૈદ્ય એ બે સ્વર્ગેં ગયા. એમ ભગવંતને પ્રથમ ઉપસર્ગ પણ ગોવાલિયે કર્યો, અને છેહલો ઉપસર્ગ પણ ગોવાલિયે કર્યો. ભગવંતને જઘન્ય ઉપસર્ગ તો સીત પરિસહનો વ્યંતરિયેં કર્યો. મધ્યમ ઉપસર્ગ સંગમ દેવતાયેં કર્યો. તથા ઉત્કૃષ્ટ ઉપસર્ગ કાનમાંથી ખીલા કાઢવાનો થયો. એ રીતેં ભગવંતેં બાર વર્ષ પર્યંત કાયા વોસરાવિ. તેમાં બે ઘડી માત્ર નિદ્રા આવી. પહેલા શ્રીઋષભદેવ તીર્થંકરને એક વર્ષ પર્યંત ભિક્ષા ન મલી ! બીજા મધ્યમ બાવીશ તીર્થંકરને થોડા ઉપસર્ગ થયા. અને છેલ્લા શ્રીવીર પ્રભુને ઘણા ઉપસર્ગ સહન કરવા પડયા છે ॥ ૧૮ ॥ ઈતિ ઉપસર્ગ સંબંધ સંપૂર્ણ ॥

**वरस बार साडालगें जी, कर्म कर्यां सवि जेर ॥**
**चउविहार तप जाणवुं जी, नितु काउस्सग्ग जिम मेर॥चउ०॥१९॥**

**અર્થ:**—શ્રીવીર ભગવાને છદ્મસ્થપણે સાડા બારવર્ષ પર્યંત તપસ્યા કરીને સર્વઘાતી કર્મને ખપાવ્યા. જેટલી ભગવંતે તપસ્યા કરી તે સર્વ તપસ્યા ચઉવિહારેં કરી સહિત જાણવી. નિરંતર ભગવાન્ કાઉસ્સગ્ગમાં રહ્યા છે ॥૧૯॥

**हवे तप संकलनां कहुं जी, जे कीधा जिनराय ॥**
**बेठा तो कदीयें नहीं जी, गाय दुहि कासण ठाय ॥ चउ ॥२०॥**

**અર્થ:**—હવે પ્રભુયેં તપસ્યા કરી તેની સંકલના કહિયેં છૈયેં જેમ કોઈ પુરૂષ ગાય દોહોવવાને બેંસે તે રીતેં ભગવાન્ બેઠા. પરંતુ કોઈ દિવસેં ધરતીયેં બેઠા નહીં ॥૨૦॥

॥ યથા ॥

સરસતિ સામણિ મતિ દ્યો નિર્મલી, આપો કરિય પસાય ॥
શ્રી શ્રી મહાવીરેં જે તપ કર્યું, તેહનોકહું સુવિચાર ॥ ૧ ॥
વલી વલી વાંદું રેં વીરજી સોહામણા, શ્રીજિન શાસનસાર ॥
એ આંકણી ॥
ભાવઠ ભંજન સુખ કરણો સહિ, સેવ્યાં સંપદ થાય ॥
નામ લિયંતા નવનિધિ સંપજે, દુર્ગતિ દૂર પલાય ॥૨॥વ૦॥
બાર વરશ લગેં પ્રભુજી તપ કર્યું, ને વલી તેર રે પરક ॥
બે કર જોડીને વલી વીનવું, આગમ દેછે સાખ ॥૩॥વ૦॥
નવ ચઉમાસી વીરની જાણિયેં, એક કીયો છમાસ ॥
પાંચે ઊણાં છ વલિ જાણિયેં, બારે એક એક માસ ॥૪॥વ૦॥
બહોંતેર માસ ખમણ જગ દીપતા, છ બે માસી રે જાણ ॥

ત્રણ અઢાઈ સ્વામીયેં બે કરી, બે દોઢમાસી વખાણ ॥૫॥વ૦॥
ત્રણ ઉપવાસેં પડિમા બારમી, વહિ તે વારેવાર ॥
બશે છઠ વીરજિણ ગહગહે, ને ઓગણતીશ અપાર ॥૬॥વ૦॥
સુભદ્ર મહાભદ્ર સવિભદ્ર જાણિયેં, દોય ચઉદસ દિન જોય ॥
તે વિચ પારણું પ્રભુજીયેં કર્યું, એમ શોલે દીન હોય ॥૭॥વ૦॥
નિત્ય નિત્ય ભોજન વીરજી નવી કર્યો, ન કર્યો ચોથ આહાર ॥
થોડે તપ તે બેલો જાણિયેં, તપ સઘલાં ચઉવિહાર ॥૮॥વ૦॥
વીરજીયેં કીધા ત્રણશેં પારણાં, ને વલી ઓગણપચ્ચાશ ॥
અનુક્રમેં વીરજી કેવલ પામશે, વરશે મુક્તિ આવાસ ॥૯॥વ૦॥

॥ ढाल सातमी ॥ प्रभु पासनुं मुखडुं जोतां ए देशी ॥

**नव चउमास छ दो मास ॥ अढी मासि दोढमासि,**
**दुग दुग दुग त्रण मासी, कीधो एक छमासि ॥ १ ॥**

અર્થ:—પ્રભુયેં નવ ચઉમાસિ તપ કર્યાં, છ બે માસી તપ કર્યાં, બે અઢી માસી તપ કર્યાં, બે દોઢ માસી તપ કર્યાં, બે ત્રણ માસી તપ કર્યાં, એક છ માસી તપ કર્યું ॥ ૧ ॥

**मास खमण बार जाणी, बहोंतेर पख दील आणो ॥**
**पण दिन न्यून छमास, विसय गुणतीस छट्ठ तास ॥ २ ॥**

અર્થ:—બાર માસખમણ કર્યાં, બહોતેર અર્દ્ધમાસી તપ કીધાં, એક પાંચ દિવસેં ઉણો છમાસી તપ કર્યો, બશેંને ઓગણત્રીશ છઠ તપ કર્યા ॥ ૨ ॥

**भद्र महाभद्र पडिमा, तेम सर्वतोभद्र महिमा ॥**
**दुग चउदस दिन मान, बार आठम गुण खाण ॥ ३ ॥**

**અર્થ**:—વલી ભદ્રતો પ્રતિમા દિન બે પ્રમાણ તથા મહાભદ્ર પ્રતિમા દિનચાર પ્રમાણ, તથા સર્વતોભદ્ર મડિમા, દિન દશ પ્રમાણની વહ્યા, અને ચઉદ દિવસના ચોવિહાર બે વાર કર્યા, તથા બાર અઠમ તપ કર્યા ॥ ૩ ॥

**दिखा दिनथी लहियें, पारण दिन सकी कहीयें ॥**
**त्रणशें उगण पचाशें, चउविहार उल्लासें ॥ ४ ॥**

**અર્થ**:—દીક્ષાના દિવસથી લઈને પારણાં ત્રણશે ને ઓગણ પચ્ચાશ કર્યા. બીજા સર્વ દિવસેં ઉલ્લાસ સહિત પાણી રહિત ચોવિહાર કર્યા ॥ ૪ ॥ હવે શ્રી વીર ચરિત્રાનુસારેં છદ્મસ્થપણાના ચોમાસાની સંખ્યા કહિયેં છયેં. એક અસ્થિગ્રામેં, બીજું નાલંદીપાડે, ત્રીજું ચંપાનગરિયેં, ચોથું પૃષ્ટ ચંપાયેં, પાંચમું ભદ્દિલપુરેં, છઠું ભદ્રિકાયેં, સાતમું આલંભિકાયેં, આઠમું રાજગૃહે, નવમું વજ્રભૂમિયેં, દશમું શ્રાવસ્તિયેં, અગીઆરમું વિશાલાયેં, બારમું ચંપાનગરિયેં, એ રીતેં બાર ચોમાસા પ્રભુના થયાં ॥ ઈતિ ॥ ૪ ॥

**बार वरस षट मास, उपर पख एक खास ॥**
**एम छद्मस्थ पर्याय, प्रभु जृंभकगामे जाय ॥ ५ ॥**

**અર્થ**:—એમ બાર વર્ષ ઉપર છ માસ અને વલી એક પખવાડીઉં ઉપર એટલો છદ્મસ્થ પર્યાય પાલીને જૃંભક ગામને વિષે પ્રભુ જતા હવા ॥ ૫ ॥

**रुजु वालिका तीरें, जीरण चैत्य अदूरें ॥**
**सामा कोडंबी ने बेटे, शालिद्रुम तणे हेठे ॥ ६ ॥**

અર્થઃ—તિહાં માર્ગમાં ઋજુવાલિકા નદીને કાંઠે જુનું પડેલું એક દેહરૂં છે તિહાં સામાનામેં કુડંબીના ખેત્રમાં એક શાલિનામા વૃક્ષ છે તેને હેઠેં ॥ ૬ ॥

छट्ठ भक्तने अंत, गो दुहि कोइ बेसंत ॥
माधव वैशाखे रंगें, शुदि दशमि इंदु संगें ॥ ७ ॥

અર્થઃ—છઠ ભકતે બેલાની તપસ્યાયેં કરી સહિત ગાય દોહોતાં જેવા આસને કોઇ બેસે તેવા આસને બેઠા થકા વૈશાખ શુદિ દશમિને દિવસે ॥ ૭ ॥

उत्तरा फाल्गुणियोगं, पाछले पहोर प्रसंगें ॥
सूर्य पश्चिमें जावे, विजय मुहूर्त्त तिहां आवे ॥ ८ ॥

અર્થઃ—ઉત્તરાફાલ્ગુની નક્ષત્રનો યોગ આવે થકે પાછલા પહોરેં સૂર્યના છાયા પશ્ચિમ દિશાયેં જાતે થકે વિજય મુહૂર્ત્ત આવે થકે ॥ ૮ ॥

केवल ज्ञान पावे, सकल सुरासुर आवे ॥
दीधो तिहां उपदेश, कोइ न लह्यो धर्म लेश ॥ ९ ॥

અર્થઃ—તે વખતેં પ્રભુજી શુકલ ધ્યાન ધ્યાવતાં થકાં કેવલજ્ઞાન પામ્યા. તે વખતેં સમસ્ત સુર જે વૈમાનિક દેવો અને અસુર જે પાતાલવાસી દેવો તે મલી ચોશેઠેં ઈંદ્ર કોટાનુકોટી દેવતા સાથેં પ્રભુનો કેવલજ્ઞાન મહોત્સવ કરવા આવ્યા. પછી મહોત્સવ કરીને દેવતાયેં સમોસરણ રચ્યું. બારપર્ષદા મલી દેશના સાંભલવા બેઠા. પ્રભુયેં પણ તીર્થંકરનો આચાર છે માટે દેશના દીધી. ધર્મોપદેશ દીધું, પણ હુંડાઅવસર્પિણી

કાલના યોગેં કોઈને લેશ માત્ર વ્રતિપરિણામ ઉપનો નહીં. તેથી નવકારસી સુધાં પણ કોઇયેં વ્રત લીધું નહીં. સહુ સ્વસ્થાનકેં ગયા. એ રીતેં પ્રથમ દેશના અભાવિતા થઈ. તીર્થંકરની દેશના ખાલી જાય નહીં તે ખાલી ગઈ, માટે એ અછેરૂં થયું ॥ ૯ ॥

**तिहांथी अपापायें आव्या, समवसरण करी छाया ॥**
**तिहां प्रभु देशना दीधी, कर्णक तोलें पीधी ॥ १० ॥**

**અર્થઃ**—પછી લાભનો અભાવ જાણી પ્રભુ તિહાંથી વિહાર કરી સોનાને કમલેં પગ ધરતા થકા અષ્ઠ મહાપ્રાતિહાર્યેં બિરાજમાન દેવતાની કોડાકોડિયેં પરવર્યા થકા બાર યોજનની અપાપા નગરિયેં મહસેન વનને વિષે સમોસર્યા. તેવારેં તેજ વખતેં તે વન પ્રફુલ્લિત પલ્લંવિત ફલિત સશ્રિક શીતલ છાયાયેં શોભિત થતો હવો. તિહાં દેવોયે સમોસરણ રચ્યું. ભગવાને દેશના દેવા માંડી. તે વાણી ભવ્ય જીવોએ અમૃત સમાન જાણીને પીધી ॥ ૧૦ ॥

**॥ ढाल आठमी ॥. में भेटयो रे गिरिराज ॥ ए देशी ॥**

**तिहां अपापामां वसे, माहण सोमिलनाम तो ॥ यज्ञ मंडाव्यो छे तिहां तेडया माहण रे यज्ञना जाणके ॥१॥ धन धन वीरवाणी ॥ धन प्राणी रे जेणें हृदयें आणी के ॥ धन० ॥ ए आंकणी ॥**

**અર્થઃ**—હવે તે પાવાપુર નગરને વિષે સોમિલ નામા બ્રાહ્મણ વસે છે. તેણે પોતાને ઘેર યજ્ઞ મંડાવ્યો છે. તેને બાર વર્ષ થયાં છે. તિહાં તે યજ્ઞ ઉપર ઘણા બ્રાહ્મણ યજ્ઞના

જાણુ આવી એકઠા મલ્યા છે. શ્રીવીર પ્રભુની વાણીને ધન્ય છે. જે ભવ્ય પ્રાણી એ વાણીને હૃદયમાં ધરે છે તેને પણ ધન્ય છે ॥ ૧ ॥

**मगधदेस गोवरगामथी, आवीया धरी अहंकार तो ॥ इंद्रभूति आदें दइ, अधिकारी रे माहण अगीआर तो ॥ ध० ॥ २ ॥**

**અર્થઃ**—તે યજ્ઞ ઉપરેં મગધ દેશને વિષે ગોવરનામા ગામ છે. તિહાંથી ઘણા બ્રાહ્મણ અહંકાર ધરીને આવ્યા છે. તેમાં ઈંદ્રભૂતિ આદેં દેઈને અગીઆર બ્રાહ્મણ મુખ્ય અધિકારી છે તેનાં નામ કહે છે ॥ ૨ ॥

**इंद्रभूति अगनिभूति, वायु सगा त्रि बंधु तो ॥ व्यक्त सोहम मंडित्त मोरय, अकंपित चलभ्राता रे मेतार्य प्रभासतो ॥ ध० ॥ ३ ॥**

**અર્થઃ**—ઈંદ્રભૂતિ, અગ્નિભૂતિ અને વાયુભૂતિ, એ ત્રણ સગા ભાઈ ચૌદ વિદ્યાના જાણ છે. એને પ્રત્યેકને પાંચશેં પાંચશેં શિષ્ય છે. તથા મંડિત અને મૌર્ય પુત્ર એ બે ભાઇને સાડા ત્રણશેં, સાડા ત્રણશેં, છાત્રનો પરિવાર છે. તથા અકંપિત, અચલભ્રાતા મેતાર્ય અને પ્રભાસ, એ ચારને ત્રણ ત્રણશેંનો પરિવાર છે ॥ ૩ ॥

**चउसहस्स चारशें अछे, तेहनो सवि परिवार तो ॥ एकेको संदेह छे, मन मांहे रे, जिम गिरि भार तो ॥ धन० ॥ ४ ॥**

**અર્થઃ**—એ પૂર્વોક્ત, સર્વ મલી અગીઆર પંડિતોને બદ્ધા મલી ચુમ્માલીશશેં છાત્ર છે, એ સર્વ આગીઆરના મનમાં પર્વતના ભારની પેરેં એકેકો સંદેહ છે તે આગલી ગાથાયેં કહે છે. ॥ ૪ ॥

**जीव कर्म्म तजीव शरीर, भूत तेहवो बंध मोख तो॥ देव नारक पुण्य परलोकनो, मोक्ष न माने रे ए संशय देख तो ॥धन०॥५॥**

અર્થ:—પહેલાને તો જીવ છે કિંવા નથી? એવો સંદેહ છે. બીજાને કર્મ છે કિંવા નથી? એ સંદેહ છે. ત્રીજાને જીવથી શરીર જૂદું નથી? અર્થાત્ તેજ જીવને તેજ શરીર એ સંદેહ છે. ચોથાને પાંચ ભૂત અને જીવ એક છે કે જૂદા છે? એ સંદેહ છે. પાંચમાને આ ભવમાં જે જેહવો હોય, તે પરભવમાં પણ તેહેવોજ થાય. સ્ત્રી હોય તો સ્ત્રી થાય? એ સંદેહ છે. છઠાને બંધ મોક્ષ છે કિંવા નથી? એ સંદેહ છે. સાતમાને દેવતાઓ નથી, એ સંદેહ છે. આઠમાને નારકી નથી, એ સંદેહ છે. નવમાને પુણ્ય પાપ નથી, એ સંદેહ છે. દશમાને પરલોક છે કે નથી, એ સંદેહ છે. અગીઆરમાને મોક્ષ નથી, એવો સંદેહ છે ॥ ૫ ॥

**सुणी वीर सर्वज्ञने, आविया धरी अभिमान तो ॥ निःसंशय करी तेहने, देइ दीक्षा रे कह्यो जन्म प्रमाण तो ॥ ६ ॥**

અર્થ:—તે અગીઆરે જણ શ્રીવીર સર્વજ્ઞનું આગમન દેખી, અભિમાન ધરતાં થકાં ત્યાં આવ્યા. તેને પ્રભુયેં સંશય રહિત કરી દીક્ષા આપીને તેમનો જન્મ પવિત્ર કર્યો, તે કથા કહે છે. તે પંડિતો વેદ શાસ્ત્રના જાણ છે, વ્યાકરણ છંદના જાણ, તર્ક્કના જાણ, જ્યોતિષના જાણ, એવા બીજા પણ અનેક પંડિતો આવ્યા છે તે યજન, યાપન, અધ્યયન, અધ્યાપન, દાન, પ્રતિગ્રહ, એ ષટ્ કર્મ સાધે છે. પ્રભાતેં બ્રહ્મગાયત્રી જપ કરે છે, મધ્યાન્હેં વિષ્ણુગાયત્રી કરે છે,

સંધ્યાયેં શ્રીસરસ્વતી જાપ જપે છે, તેનાં નામ કહે છે. ઉપાધ્યાય, શંકર શિવકર ઈશ્વર મહેશ્વર ધનેશ્વર સોમેશ્વર ગંગાધર વિદ્યાધર ગદાધર મહીધર શ્રીધર લક્ષ્મીધર ધરણીધર ભૂધર દામોદર નરદેવ હરિદેવ મહાદેવ શિવદેવ રામદેવ ધામદેવ સહદેવ નરદેવ વાસુદેવ શ્રીદેવ. વ્યાસ, શ્રીપતિ ઉમાપતિ પ્રજાપતિ વિદ્યાપતિ ગણપતિ ભૂપતિ મહીપતિ લક્ષ્મીપતિ ગંગાપતિ, પંડિત, જનાર્દ્ધન ગોવર્દ્ધન વિષ્ણુ કૃષ્ણ મુકુંદ ગોવિંદ માધવ કેશવ પુરૂષોત્તમ નરોત્તમ. જોશી, ખીમાયત સોમાયત દેવાયત રામાયત ધનાયત. ત્રવાડી, હરશર્મ મહાશર્મ મરશર્મ નાગશર્મ અગ્નિશર્મ જયશર્મ દેવશર્મ ભીમશર્મ ભૂશર્મ સૂર્યશર્મ રાજશર્મ વાદશર્મ કુમારશર્મ. વેહીહરહિત, નારાયણ નીલકંઠ વૈકુંઠ શ્રીકંઠશંભુ સ્વયંભુ મુજકેશી કમલાકર દિવાકર પ્રભાકર સોમાકાર રાજાકાર તથા ત્રિવેદિ ચતુર્વેદિ ઇત્યાદિક અનેક બ્રાહ્મણ મલી યજ્ઞ કર્મ સાધે છે.

એટલામાં આકાશેં દેવદુંદુભિ વાગી. ભગવંત પાસેં અનેક દેવતા આવે છે તે દેવદુંદુભિનો શબ્દ સાંભલીને બ્રાહ્મણ હર્ષ પામ્યો જે અમારા યજ્ઞ ઉપર દેવતા આવે છે. એટલામાં કોઇ એકના મુખથી સાંભલ્યું જે દેવતાતો સર્વજ્ઞ શ્રીવીરના સમોવસરણે જાય છે. એવું સાંભલી ઇંદ્રભૂતિ અહંકાર કરતો મનમાં ગર્વ ધરતો થકો બોલવા લાગ્યો કે, અહીં મહારાથકી મહોટો કોઇ પંડિત ધરતીમાં વલી રહ્યો છે કે શું ? જે વલી લોક ભૂલા થકા તિહાં જાય છે. તે લોકતો

ભૂલે, પરંતુ દેવતા જાણુતા થકાં પણ ભૂલા દેખાય છે જે તેને સર્વજ્ઞ જાણી વાંદવા જાય છે. જેમ તીર્થ જલને વિષે કાગડો ન જાય, જેમ માખી ચંદનને ન વાંછે, ઉંટ ભલા વૃક્ષને ન વાંછે, કૂતરો ખીરને ન વાંછે, ઘૂવડ સૂર્યને ન વાંછે, તેમ દેવતા પણ યજ્ઞને ન વાંછતા યજ્ઞ મૂકીને તિહાં જાય છે. પણ આકાશણાં બે સૂર્ય એક ક્ષેત્રમાં સમાય નહીં, એક ગુફામાં બે સિંહ સમાય નહીં, એક મ્યાનમાં બે તરવાર ન હોય, તેમ હું અને એ બે સર્વજ્ઞ પણ કેમ હોયે ? માટે એ પાપીનું સર્વજ્ઞપણું હું ખમી શકતો નથી. એ તો કોઇ પરદેશી ઇંદ્રજાલિયો ધૂર્ત્ત દેખાય છે.

એટલામાં અનેક ભવ્યલોક પ્રભુને વાંદી આવે છે. તેને ઇંદ્રભૂતિ હાંસી પૂર્વક પૂછતો હવો કે, હે લોકો ! તે સર્વજ્ઞ કહેવો છે ? તે બોલ્યા ? એના ગુણનો પાર કોણ પામે. અર્થાત્ કોઇ ન પામે. એવો લોકોના મુખથકી વચન સાંભલીને ચિંતવ્યું જે એ સર્વલોક એણે ભોલવ્યા છે. માટે સબલધૂર્ત્ત દેખાય છે. તો હવે હું એને મૂકું નહીં. હમણાંજ જઇને જીપું પૂર્વે પણ ગૌડદેશના પંડિત મુજથી નાશી દૂર દેશે ગયા, સૌરાષ્ટ્રના સોર બકોર કરતા નાઠા, માલવાના પંડિત મૂગા થયા, તૈલંગદેશના પંડિત તિલમાત્ર થયા, ગુર્જરના પંડિત બોલી પણ શકયા નહીં, માહારા આગલ કોઇ પણ ઉભો રહે નહીં. હવે એનું પણ સર્વજ્ઞપણું પાધરૂં કરીશ. માહારા ભાગ્યે એ આવ્યો છે. મહારે કયા કયા શાસ્ત્રનો અભ્યાસ નથી ? અર્થાત્ લક્ષણ, છંદ, સાહિત્ય, તર્ક અને શબ્દશાસ્ત્રાદિક સર્વ હું સારી પઠે શીખેલો છું

માટે વજ્રને કોઇ વસ્તુ અભેદ્ય નથી. એમ ચિંતવી પોતાના પાંચશેં છાત્ર લેઇ ત્યાં જાવાને ઉજમાલ થયો. તેવારેં અગ્નિભૂતિ બોલ્યો કે ભાઇ ! એ કીડી ઉપર કટક શો કરવો ? કાઢવો ઉંદર અને ખોદવો ડુંગર, કાપવો તૃણને મૂકવો કોઠાર, કમલ ઉપાડવાને હસ્તીનું શું કામ ? મૃગ મારવાને સિંહનું શું કામ ? તેમ તમેં પણ એ બાપડા સર્વજ્ઞ પાસે સું જાશો ? મને આજ્ઞા આપો તો હુંજ એને જીતી આવું. તેવારેં ઇંદ્રભૂતિ બોલ્યો, એ મ્હોટો દેખાય છે. માટે માહારા વિના બીજા આગલ નમશે નહીં. એમ કહી છાત્રને પરિવારેં પરવર્યો બિરૂદાવલી બોલતે જેમ કેઃ—“ સરસ્વતીકંઠાભરણ, વાદિવિજય, લક્ષ્મીશરણ, વાદીકદલી કૃપાણ, પંડિતશ્રેણિશિરોમણિ, કુમતાંધકાર નભોમણિ, જિતવાદિવૃંદ, વાદિગરૂડગોવિંદ, વાદિમુખભંજન, કુવાદિપ્રસારખંડન, સકલભૂપાલરંજન, પંડિતસભામર્દન, વાદિકુદ્દાલ ! રંજિતાનેકભૂપાલ, જિતાનેકવાદ, સરસ્વતીશબ્દપ્રાસાદ, વાદિઘૂક દિવાકર, ઈત્યાદિક બિરૂદાવલિ બોલતે થકે ભગવંત પાસેં આવ્યો. ભગવંતને દેખી સમોસરણને પગથીયે રહ્યો થકો ચિંતવવા લાગો, જે શું આ બ્રહ્મા છે ? કિવા શંકર ? કિંવા વિષ્ણુ ? આ તે કોણ છે ? એતો સૂર્યની પેરેં દુઃપ્રેક્ષ્ય છે, સમુદ્રની પેરેં દુઃર્લંઘ દેખાય છે, અહીંઆં મહારૂં મહત્ત્વ કેમ રહેશે ? માટે ખીલાને અર્થેં પ્રાસાદ કોણ ભાંજે ? સૂત્રને અર્થેં હાર કોણ ત્રોડે ? ઠીંકરીને અર્થે કામઘટ કોણ ભાંજે ? રાખને અર્થેં ચંદન કોણ બાલે ? લોહને અર્થેં સમુદ્રમાં વાહાણ કોણ ભાંજે ? એમ વિચારે છે.

એટલામાં ભગવંત બોલ્યા, હે ઈંદ્રભૂતિ ગોયમ ! તમેં સુખેં વર્ત્તો છો ? તે સાંભલી ઇંદ્રભૂતિયેં વિચાર્યું જે એતો મહારૂં નામ ગોત્ર જાણુતો દેખાય છે અથવા મહારૂં નામ જગતમાં કોણુ નથી જાણુતો ? પ્રસિદ્ધનામ છે તે તો સર્વ કોઇ જાણેજ છે; પણુ એવાં મીઠાં વચને હું ભોલાઉં નહીં, તે કોઠ નહીં જે વાયેં પડે, તે ગાય નહીં જે ગોવાલને વશ ન આવે, માટે એ માહારા મનનો સંશય ભાંજે તો હું એનું સર્વજ્ઞપણું જાણું. એમ ચિંતવે છે, એટલામાં વલી પણુ ભગવાન્ બોલ્યા કે હે ઈંદ્રભૂતિ ! જીવ છે કિંવા નથી? એવો તુજને સંશય છે, તો શું તું વેદના પદનો અર્થ નથી જાણુતો "સમુદ્રોમથ્યમાન:" કિં જાણીયેં શું સમુદ્ર મથવા માંડયો અથવા જ્ઞાનમય, મનોમય, વાઙ્મય, ચક્ષુષ્મય, શ્રોત્ર-મય, આકાશમય, વાયુમય, તેજોમય, અપોમય, પૃથિવીમય, ક્રોધમય, હર્ષમય, ધર્મમય, અધર્મમય, જેહવું કરે, તેહવું કહેવાય. પાપ કરે, તો પાપવંત કહેવાય, પુણ્ય કરે, તો પુણ્યવંત કહેવાય. તથા દ, દ, દ, દમ, દયા, દાન, એ ત્રણુ દદ્દા જાણે, તે જીવ. વલી જેમ દૂધમાં ઘૃત છે, કાષ્ટમાં અગ્નિ છે, ફૂલમાં વાસ છે, ચંદ્રકાંતે અમૃત છે. તેમ શરીરમાં પણુ અંતર્ગત જીવ જૂદો છે. એ રીતેં વેદમાં જીવ સત્તા છે. પ્રભુના મુખથી એ અર્થ સાંભલીને વેદપદનો અર્થ સમજ્યો, સંદેહ દૂર થયો, તેવારેં ઇંદ્રભૂતિયેં પાંચશેં છાત્ર સંઘાતેં દીક્ષા લીધી. પછી વીરના મુખથકી ઉપન્નેવા, વિગમેઇવા, ધુવેવા, એ ત્રિપદી પામીને દ્વાદશાંગીની રચના કરી ।। ઇતિ પ્રથમ ગણુધર ।।

હવે ગૌતમેં દીક્ષા લીધી, એ વાત અગ્નિભૂતિ બીજા ભાઇયેં સાંભલી વિચાર્યું જે પર્વત, વાયુથકી ડગે નહીં, ચંદ્રમા મધ્યેથી અગ્નિ વરસે નહીં, અગ્નિમાં શીતલતા ન હોય, તોપણુ હું ત્યાં જઇ એ ઇંદ્રજાલિયાને હટાવી મહારા ભાઇને પાછો લેઇ આવું. એમ ચિંતવી અમર્ષે સહિત પાંચશેં છાત્રના પરિવારેં શ્રીવીર પાસેં આવ્યો. તેને તેહીજ રીતેં શ્રીવીરેં બોલાવ્યો કે, હે અગ્નિભૂતિ ! તુજને શું કર્મ છે કિંવા નથી ? એવો સંશય છે, તે શું તું વેદનો અર્થ નથી જાણુતો "તિકેતી" પુણ્યકર્મેં પુણ્યવંત, પાપકર્મેં પાપી, વલી લોકમાં એક સુભાગી, એક દુર્ભાગી, એક સુરુપવાન્, એક કુરુપવાન્, એક ધનવંત, એક નિર્ધન. એ સર્વ કર્મના ભેદ જાણુવા. એ રીતેં વેદમાં કર્મસત્તા છે. તે સાંભલી એણેં પણુ પાંચશેં છાત્ર સહિત દીક્ષા લીધી ॥ ઇતિ દ્વિતીય ગણુધર ॥ ૨ ॥

અગ્નિભૂતિયેં દીક્ષા લીધી તે સાંભલી ત્રીજો વાયુભૂતિ ભગવંત પાસેં આવ્યો. ભગવંતેં તેમજ બોલાવીને કહ્યું કે, તે જીવને તેહિજ શરીર ? એવો તુજને સંશય છે, તે શું તું વેદમાં 'સમુચ્છાય' પદ નથી જાણુતો ? ઇત્યાદિક પૂર્વની પેરેં જીવસત્તા તેનું ભોગસ્થાન જે શરીર તે ભિન્ન છે. તે સાંભલી વાયુભૂતિયેં પણુ દીક્ષા લીધી ॥ ઇતિ તૃતીય ગણુધર ॥ ૩ ॥

હવે ચોથો વ્યક્ત આવ્યો. તેને તેમજ ભગવંતેં કહ્યું, તુજને સંશય છે કે પાંચ ભૂત અને જીવ જૂદો છે ? તે

શું તું વેદમાં પદ નથી જાણતો 'સ્વપ્નોપ મંવેશકલં' પૃથવીદેવતા. અપો દેવતા, ધાવાપૃથિવીચ એ સર્વ જોતા પાંચભૂતથી જીવ જૂદો છે. એ સાંભલી તેણેં પણ દીક્ષા લીધી ॥ ઇતિ ॥ ૪ ॥

વલી પાંચમો સુધર્મા આવ્યો. તેને ભગવંતે કહ્યું કે ઇહભવેં જે જેહેવા હોય, તે પરભવેં તેહવાજ હોય છે? એવો તુજને સંશય છે. તે પુરૂષ મરી પુરૂષ થાય વા નહીં પણ થાય તેમજ સ્ત્રી મરીને સ્ત્રી પણ થાય કિંવા ન પણ થાય? પુરૂષ મરી પશુ પણ થાય, વા ન પણ થાય? પશુ મરી પુરૂષ પણ થાય વા ન પણ થાય? માટે જે જેવો અહીંઆં હોય, તે પરભવેં તેવો ન થાય. ઇત્યાદિક સાંભલી તેણે પણ દીક્ષા લીધી ॥ ૪ ॥

છઠ્ઠા પંડિતજીને બંધ મોક્ષ છે કે નથી? એવો સંદેહ હતો. ભગવંતેં વેદનું પદ કહ્યું કે એ જીવ, કર્મેં બંધાય છે અને કર્મથી મૂકાય છે તેવારેં મોક્ષેં જાય છે. માટે બંધ, મોક્ષ છે, પછી તેણેં પણ દીક્ષા લીધી ॥ ૬ ॥

સાતમા મૌર્યપુત્ર આવ્યા તેને દેવતા છે કિંવા નથી? એવો સંદેહ છે. તેને ઇંદ્ર, યમ, વરૂણ, કુબેરાદિક "સએષ સયજ્ઞા સુધી યજ્ઞજ્ઞાનોજસા સ્વર્ગલોકં ગચ્છતિ" એટલે યજ્ઞના કરનાર સ્વર્ગેં જાય એવો વેદ પાઠ છે, એમ સમજાવી દીક્ષા આપી ॥ ઇતિ ॥ ૭ ॥

આઠમા અકંપિતજીને નારકી નથી? એવો સંદેહ છે. તેને ભગવંત વેદપદ કહી દેખાડે છે "નારકાવેશજાય તે

યઃશૂદ્રાન્નમશ્નાતિ ” એટલે જે શૂદ્રનું અન્ન લીયે તે જીવ નારકી થાય, એમ વેદમાં કહ્યું છે ॥ ઇતિ ॥ ૮ ॥

નવમા અચલભ્રાતાને પુણ્ય પાપનો સંદેહ છે. તેને ભગવંત વેદપાઠ કહી દેખાડે છે. ‘ પુરૂષ એવ દશ્નિ ’ ઇત્યાદિ પુણ્ય કરવાથી સુખી થાય અને પાપ કર્યાથી દુઃખી થાય. એ રીતેં પાપ પુણ્યની સત્તા વેદમાં છે ॥ ઇતિ ॥ ૯ ॥

દશમા મેતાર્યજીને પરલોક નથી, એવો સંદેહ છે ? તેને પ્રભુ વેદપદ કહી દેખાડે છે. “ પુરૂષો સપાતકો મૃત્યું પ્રામોતિ સ નારકાવેશો જાયતે ” જે પુરૂષ પાપ સહિત મરે તે નારકી થાય એમ પરલોક સત્તા વેદમાં છે ॥ ઈતિ ॥ ૧૦ ॥

અગીઆરમા પ્રભાસજીને મોક્ષનો સંદેહ છે, તેને ભગવંત વેદપદ કહી દેખાડે છે “ જરામર્યવા એતત્ સર્વયદગ્નિહોત્ર ” એટલે જીહાં જરા મરણ નથી, અનંતજ્ઞાન છે, તે મોક્ષ છે. એમ વેદમાં મોક્ષસત્તા માની છે ॥ ઈતિ ॥૧૧॥

એમ ગૌતમાદિક અગીયારેં ગણધરેં ચુમ્માલીશેં છાત્રો સાથેં પ્રતિબોધ પામીને દીક્ષા લીધી. ઈંદ્રમહારાજ રત્નનો થાલ ગંધવાસેં ભરી લાવ્યા. ભગવંતેં મૂઠી ભરી વાસક્ષેપ કર્યો. ભગવંતથી ત્રિપદી પામી, ચૌદ પૂર્વની રચના કરી. દેવતાયેં દેવ દુંદુભિ વગાડી જયજય શબ્દ બોલ્યાં ॥ ઈતિ ગણધરવાદ.

હવે ગૌતમ સ્વામીનો સંબંધ કહે છે. ગૌતમ સ્વામીનું ઉત્કૃષ્ટરુપ, પ્રથમ સંઘયણ, પ્રથમ સંસ્થાન, છઠ અઠમાદિક તપશ્ચર્યા કરતા થકા, ધર્મદેશના દેતા થકા, તેજો લેશ્યાદિક અઠાવીશ લબ્ધિના ધરનાર, ચાર જ્ઞાનવંત ચઉદ પૂર્વધારી,

શ્રુતકેવલી થયા. જેને દીક્ષા આપે, તેને કેવલ ઉપજે. પોતાને પ્રભુ ઉપર સ્નેહ ઘણો તેથી કેવલ ઉપજે નહીં. તેવારેં ચિંતવ્યું જે કેમ મને કેવલજ્ઞાનની પ્રાપ્તિ થાશે કે નહીં? ગૌતમની એવી ચિંતવણીયેં શ્રીવીર દેશનામાં એવી રીતેં બોલ્યા કે, જે પોતાની લબ્ધિયેં અષ્ટાપદ પર્વત ઉપર ચઢી ચોવીશ તીર્થંકરને વાંદે, તે જીવ તેહીજ ભવેં મોક્ષેં જાય. એવી વીરની વાણી સાંભલી બત્રીશ કોશ ઉંચો અષ્ટાપદ પર્વત છે, જેના આઠ પાવડીઆ છે, ચાર ચાર ગાઉને આંતરે એક એક પાવડીયો છે, તેના ઉપર સૂર્યના કિરણ અવલંબીને શ્રીગૌતમ સ્વામી પોતાની લબ્ધિયેં ચઢયા. તિહાં ચોવીશ જીનને વાંદી જગચિંતામણિ સ્તવન જોડી તિર્યકભંજક નામા સામાયિક દેવ શ્રીવયરસ્વામીનો જીવ તેને પુંડરિકાધ્યયને પ્રતિબોધીને નીચેં ઉતર્યા. તેવારેં પન્નરશેંને ત્રણ તાપસ ચોથ છઠ અને અઠમ તપને પારણેં કદી પારણું મલે તો પારણું કરે. એમ કરતાં બાર માસ વહિ ગયા છે તેમણેં શ્રીગૌતમને ઉતરતા દીઠા. તેવારેં ચિંતવ્યું જે આપણે એના શિષ્ય થાઈયેં તો અષ્ટાપદ ઉપર જઇ દેવ વાંદીયેં. એમ ધારી ઉઠીને ગૌતમને પગેં લાગા. ગૌતમેં તેમને પ્રતિબોધિને દીક્ષા આપી. પછી મંકોડ્ડારેં અષ્ટાપદેં ચડાવી તાપસને દેવ વંદાવીને પાછા ઉતાર્યા. પછી ગૌતમજીયેં પૂછયું કે, હે શિષ્યો! તમેં પારણું કરશો? તે બોલ્યા, હા સ્વામી. પછી ગૌતમજી પોતાની લબ્ધિયેં કરી ખીરનો એક પડગો સવા શેરનો ભરી આવ્યા અને તાપસોને કહ્યું કે, ઉઠો પારણું કરો. તેવારેં ખીર પાત્ર દેખી તાપસ કહેવા લાગા કે ખીર થોડીને

ખાનાર ઘણા. માટે આટલી ખીરથી તો આંખે આંજણ થાશે ? અથવા બધાને એકેકું ટીલું કરાશે ? પછી ગૌતમજીયેં તાપસોનો સંદેહ ભાંજવાને અર્થે ખીરના પાત્રામાં પોતાનો અંગુઠો મેલ્યો. તેવારેં અક્ષીણલબ્ધિથકી પન્નરશેં ત્રણે તાપસને પારણાં કરાવ્યાં. પોતેં પણ પારણું કર્યું. તિહાં પાંચશે ને એક તાપસને તો ખીર જમતાં શ્રી ગૌતમના ગુણ ચિંતવતાં કેવલજ્ઞાન ઉપનું. અને પાંચશેંને એકને સમોવસરણ દેખી કેવલજ્ઞાન ઉપનું. અને પાંચશેં એક ને શ્રી વીર ભગવાન્ દેખી, કેવલ જ્ઞાન ઉપનું. એમ પન્નરશેં ત્રણે તાપસ કેવલી થયા. તેણે વીરભગવાનને વાંદી કેવલીની સભાયેં જાવા માંડયું. તેવારેં ગૌતમ બોલ્યો, હે શિષ્યો ! તમેં છદ્મસ્થની સભાયેં બેસો. અહીંયાંતો કેવલીની સભા છે માટે ન બેસવું. તેવારેં વીર ભગવાન્ બોલ્યા, હે ગૌતમ ! તમેં કેવલીની આશાતના મ કરો. એ પન્નરશેં ત્રણેં કેવલી થયા છે. તે સાંભલી ગૌતમ ખેદ પામ્યા કે જુઓ ! મહારા શિષ્ય કેવલી થયા પણ હું કેવલી થાતો નથી. એમ ઘણું ઘણું ચિત્તમાં ખેદ કરવા લાગ્યા. તેવારેં ભગવાને કહ્યું કે, હે ગૌતમ, તું ખેદ મ કર. અંતે આપણે બે સરખા થાશું. ॥ ઇતિ ગૌતમ સંબંધ ॥

**गणधर इग्यार थापिया, तीरथ आपे सार ॥ सोहमने आदें करी, हस्तदीक्षित रे मुनि चौद हजार तो ॥घ०॥७॥**

**અર્થ**:—એમ પ્રભુયેં અગીઆર ગણધર થાપીને ચતુર્વિધ સંઘરુપ તીર્થની થાપના કરી પ્રભુને સુધર્માસ્વામી

આદેં દેઇને ચૌદ હજાર સાધુ પોતાના હસ્ત દિક્ષિતની સંપદા થઇ ॥ ૭ ॥

**आर्याचंदना आदें देइ, साधवी छत्रीश सहस ॥ एकलाख ओगणशाठ व्रतधरु, शंख प्रमुखा रे श्रावकने लहेसितो ॥ध०॥८॥**

**અર્થ**:—ચંદનબાલા આદેં દઇને આર્યા એટલે સાધવીઓ છત્રીશ હજારની સંપદા થઇ. તથા એક લાખને ઓગણશાઠ હજાર વ્રતના ધરવાવાલા વ્રતના ધણી શંખ પ્રમુખ શ્રાવકની સંપદા પ્રભુને થઇ ॥ ૮ ॥

**सुलसा रेवति आदें देइ, श्राविका त्रण लाख सार ॥ सहस्स अढारह उपरें, ओहिनाणी रे वली तेरशें सार तो ॥ ध० ॥९॥**

**અર્થ**:—તથા સુલસા, રેવતિ આદે દેઈ ને ત્રણ લાખનેં અઢાર હજાર શ્રાવિકાઓની સંપદા થઇ. તથા તેરશેં સાધુઓ અવધિજ્ઞાન વાલાની સંપદા થઇ ॥ ૯ ॥

**चउद पूर्वि त्रणशें, सातशें केवल नाण ॥ तिम वैक्रिय मणपज्जवि, सग पंचशें रे वादी चउसय मान तो ॥ ध० ॥ १०॥**

**અર્થ**ઃ—ત્રણશેં ચૌદ પૂર્વધારી સાધુ તે જીન નહીં પણ જીનસરખા અક્ષરાનુયોગના જાણ જીનની પેરેં સત્યવચનના કહેનાર એવા શ્રુતકેવલીની સંપદા જાણવી. સાતશેં કેવલજ્ઞાનીની સંપદા જાણવી. તેમ વલી સાતશેં વૈક્રિય લબ્ધિવાલાની સંપદા જાણવી. તથા પાંચશેં મનઃપર્યવજ્ઞાની વિપુલમતિના ધરનાર સાધુની સંપદા જાણવી. ચારશેં ધર્મ સંબંધિ વાદના કરનાર જેની સાથેં દેવતાઓ પણ વાદ

કરતા હારી જાય એવા વાદીઓની સંપદા થઇ. સાતશેં અંતેવાસી શિષ્ય પાસેંના રહેનારા સિદ્ધ થયા. ચઉદશેં સાધવી કર્મક્ષય કરી સિદ્ધિ પામી. આઠશેં સાધુ વિજયાદિ પાંચ અનુત્તર વિમાનેં ગયા ।। ૧૦ ।।

**इत्यादिक परिवारशुं, करे भविकने इपगार ॥ मध्य अपाया पुरि जिहां, तिहां आव्या रे श्रीवीर उदार तो ॥ ध० ॥११॥**

અર્થ:—પૂર્વોક્ત પરિવારેં સહિત ભવિક જીવને ઉપકાર કરતાં મધ્ય અપાપા પુરિ જીહાં છે, તિહાં સુવર્ણ-કમલેં પગ ધરતાં થકાં ઉદાર શ્રીવીર પ્રભુ આવ્યા ।। ૧૧ ।।

**प्रथम चोमासुं अस्तिग्रामें, विशालायें बार ॥ चौद राजगृही जाणीयें, पृष्ट चंपारे निश्रायें त्रण सार तो ॥ ध० ॥ १२ ॥**

અર્થ:—પ્રથમ ચોમાસું ભગવંતેં અસ્તિગ્રામેં કર્યું તથા વિશાલા નગરીમાં બાર ચોમાસાં કર્યાં તથા રાજગૃહી નગરીમાં ચૌદ ચોમાસા કર્યાં, પૃષ્ટ ચંપા નગરીની નિશ્રાયેં ત્રણ ચોમાસા કર્યાં, એવં ત્રીશ થયા ।। ૧૨ ।।

**षट्मिथुलां दोय भद्रिका, आलंभिकायें एक ॥ एक अनारज भूमिका, सावच्छि रे निश्रायें एक तो ॥ ध० ॥ १३ ॥**

અર્થ:—મિથિલા નગરિયેં છ ચોમાસાં કર્યાં તથા ભદ્રિકાનગરિયેં બે ચોમાસાં કર્યાં તથા આલંભિકા નગરિયેં એક ચોમાસું કર્યું, તથા અનાર્ય દેશની ભૂમિકાયેં એક ચોમાસું કર્યું; તથા સાવચ્છિનગરીની નિશ્રાયેં એક ચોમાસું કર્યું. એવં એકતાલીશ ચોમાસાં થયાં ।। ૧૩ ।।

**बेंतालीश चोमासि इम, करी करुणा आगार ॥ हस्तिपाल राजा भणी, दानशाला रे अंतिम चोमासुं सार तो ॥ध० ॥१४॥**

અર્થ:—છેલ્લું બેતાલીશમું ચોમાસું અપાપા નગરિયે હસ્તિપાલ રાજાની જુની લેખકશાલાને વિષે રાજાની આજ્ઞા લઇને શ્રીવીર પ્રભુયેં કર્યું ॥ ૧૪ ॥

**अमावास्या कार्त्तिक तणी, नक्षत्रें स्वाति संयोग ॥ शोल पोहोर देशना देयता, करी पोसह रे सांभले सवि लोक तो ॥१५॥**

અર્થ:—કાર્ત્તિક વદ અમાવાસ્યાની રાત્રિને વિષે સ્વાંતિ નક્ષત્રનો યોગ આવ્યા થકાં તિહાં ભગવાને શોલ પહોર પર્યંત અખંડ ધારાયેં દેશના આપી તે દેશનાને શ્રાવક સઘલા પોસહ કરીને સાંભલતા હવા ॥ ૧૫ ॥

**सर्वार्थी मुहूर्त पाछली, घडी घडी बे रयणी जाम ॥ योग निरोध करि तिहां, छठभत्तें रे एकाकी स्वामी तो ॥ ध० ॥१६॥**

અર્થ—હવે તે કાર્ત્તિક વદ અમાવાસ્યાની પાછલી બે ઘડી રાત્રિ શેષ રહ્યા થકાં સર્વાર્થ મુહૂર્ત્ત આવે થકે શૈલેશી અવસ્થાયેં રહી યોગનિરોધ કરીને છઠભક્તેં એટલે ચઉવિહાર સહિત બે ઉપવાસેં કરી એકાકી રાગદ્વેષ રહિત થકા એટલે બીજા તીર્થંકર સર્વ પરિવાર સહિત મોક્ષ ગયા છે અને વીર પ્રભુ બે પગેં પલાંઠી વાલી બેઠા થકા એકાકી નિર્વાણ થયા છે ॥ ૧૬ ॥

**सिव पहोता श्रीवीर जी, ते सुणि गौतम स्वामी ॥ आप स्वभावें भावतां, परभातें रे लहे केवल ज्ञान तो ॥ ध० ॥१७॥**

અર્થ:—શિવ એટલે નિરૂપદ્રવ મોક્ષસ્થાનકેં શ્રીવીર ભગવાન્ પહોતા. હવે પોતાનો અંત સમય જાણીને શ્રીમહાવીર દેવેં સંધ્યા સમયથી પહેલાં શ્રી ગૌતમસ્વામીને દેવશર્મા બ્રાહ્મણને પ્રતિબોધ કરવા સારૂ પાર્શ્વવર્ત્તી ગ્રામેં મોકલ્યા હતા. તે તિહાં પ્રતિબોધ આપી રાત્રિ રહી પ્રભાતેં પાછા વલ્યા. તેવારેં માર્ગમાં કેટલાએક દેવોને શૂન્ય ચિત્તે દેખ્યા અને ઉપયોગથી વીરનિર્વાણ સાંભલ્યું. તેવારેં વજ્રાહતની પેરેં મૂર્ચ્છા પામ્યા. પછી સાવધાન થયા, તેવારેં મોહને વશેં વિલાપ કરવા લાગા કે, હે પ્રભો! તમેં ત્રણ લોકના સૂર્ય અસ્ત પામ્યા તો હવે મિથ્યાત્વ રૂપ અંધકાર પસરવા માંડશે? કુતીર્થ રૂપ ઘુવડ ગર્જારવ કરશે? દુઃકાલરૂપ રાક્ષસ પ્રવેશ કરશે? ચોર ઘણા ધાશે? જેમ સૂર્ય અસ્ત થયે કમલ કુમલાય, તેમ ચતુર્વિધ સંઘ રૂપ વન કુમલાશે? જેમ ચંદ્ર વિના આકાશ, જિમ દિવા વિના મંદિર, જેમ સૂર્યવિના દિવસ, તેમ તમારા વિના એ ભરત ક્ષેત્ર શોભા રહિત થાશે? હે શ્રી મહાવીરદેવ! હવે હું કોના પગતલિયાં ઉલ્લાસતો થકો મહારા મનના સંદેહ પૂછીશ? કોને હું ભગવાન્ કહી બોલાવીશ? હે પ્રભો! હવે મુજને તુમ વિના બીજો કોણ ગૌતમ કહી બોલાવશે? હાહા! હે વીર! તમેં એ શું કર્યું જે આ વખતેં મને દૂર કીધો? હું શું બાલકની પેરેં આડો બેશી છેહડો માંડી રહેત? શું કેવલજ્ઞાનનો ભાગ માગત? શું મોક્ષમાર્ગ સંકીર્ણ થાત? જે મુજને મૂકી ગયા? એમ ગૌતમને વાર વાર મોહને વશેં કરી વીર! વીર! એવો અક્ષર મુખેં રહી ગયો. પછી શ્રીગૌતમજીયેં વિચાર્યું જે એ શ્રીવીતરાગ

નિઃસ્નેહી હોય. અહીંઆં તો મહારોજ અપરાધ છે જે મેં મોહને વશેં તદાશ્રુતનો ઉપયોગ આપી જોયું નહીં. માટે એ મહારા એક પકખા સ્નેહને ધિઃકાર હોજો. એ સ્નેહેં સર્યું. હું એકલો છું. મહારો બીજો કોઇ સ્નેહી નથી, ઈત્યાદિક સમ ભાવના ભાવતા શ્રી ગૌતમ સ્વામીને કેવલજ્ઞાન ઉપન્યું. ઇંદ્રાદિક દેવતાયેં કેવલજ્ઞાનનો મહોત્સવ કીધો. પછી બાર વરસ કેવલપર્યાય પાલી સર્વ મલી બાણું વર્ષાયુ પાલી મોક્ષેં પોહોતા છે ।। ઇતિ ગૌતમ કેવલોત્પત્તિ સંપૂર્ણ ।। ૧૭ ।।

**तिणे समें कंथु अणुद्धरी, उपना जाणीविशेषि ।। भस्मग्रह पण संक्रम्यो, जन्मराशें आयति फल पेखी के ।।ध०।। १८।।**

**અર્થઃ**—હવે ભગવાનના નિર્વાણ સમયને વિષે કુંથુઆ જે તેંદ્રિય જાતિ ન્હાના જીવ તે ઘણાજ ઉપના. ઉદ્ધર્યા પણ ન જાય. ઉદ્ધરીને અલગા ન મૂકાય નિર્ગ્રંથ સાધુ સાધવીને હાલતાં ચાલતાં નજરેં ન આવે. તેથી નિર્ગ્રંથાદિકેં અશનાદિકના પચ્ચખાણ કીધાં. તેનું કારણ શિષ્યેં પૂછ્યા થકી ગુરૂયેં કહ્યું કે ધર્મ ચાલણી પરે ચલાશે. અને હવે દુઃખે સંયમ પાલવો થાશે. અઠાશી ગ્રહ માહેલો ભસ્મ નામા ત્રીશમો ગ્રહ તે જન્મ નક્ષત્ર થકી ઉતર્યો નથી. તેમાટે સાધુ સાધવીને માનતા ન થાય. એવું જાણી સૌધ-મેંદ્રેં ભગવાનને વિનતિ કરી કે હે માહારાજ ! તમેં મોક્ષેં જાઓ છો પરંતુ તમારા સંતાનીઆને બે હજાર વર્ષ પર્યંત પીડા થાશે. માટે બે ઘડી ભસ્મ ગ્રહ બાકી રહ્યો છે, એટલું બે ઘડીનું આયુષ્ય તમારૂ વધારો તો ભસ્મગ્રહ ઉતરી જાય,

કે જે થકી પછવાડે ધર્મને વિષે ઉદયપૂજા થાય. તે સાંભલી ભગવાન્ બોલ્યા કે, હે ઇંદ્ર ! એ થયું પણ નથી, થતું પણ નથી, અને થાશે પણ નહીં. તમેં તો બે ઘડી કહો છો પણ મહારાથી એક સમય પણ આયુ વધે નહીં. ત્રૂટો આયુ કોઈથી વધાર્યો જાય નહીં. એ એમજ ભાવી છે, જે બે હજાર વર્ષ પર્યંત ધર્મનો ઉદય નથી, એ ગ્રહ ઉતર્યા પછી ધર્મદત્તરાજાથી ધર્મનો ઉદય થાશે, શ્રીસંઘને હર્ષ થાશે, માટે,

॥ દોહો ॥ ઘડી ન લપ્ભે આગલી, ઇસ્યું અરકે વીર ॥
ઈમ જાણી જીવ ધર્મ કર, જ્યાં લગે વહે શરીર ॥૧૮॥

**त्रीश वरस घरमां वश्या, बेंताळीश व्रतमांहि ॥ सवि बहोंत्तेर वरषनुं, आउखुं जाणो रे जिननुं उछाहिं तो ॥ ध० ॥ १९ ॥**

અર્થ:—ભગવંત ત્રીશ વર્ષ ગૃહવાસેં રહ્યા, બેતાલીશ વર્ષ વ્રતધારી રહ્યા, સર્વ મલી બહોત્તેર વર્ષનું આયુ પરમેશ્વરનું ઉત્સાહ સહિત જાણો. તેમાં બાર વર્ષ અને સાડા છ મહીના છદ્મસ્થપર્યાયેં તપ કરતા થકા પ્રવર્ત્યા અને સાડા છ માસેં ઊણા ત્રીશ વર્ષ પર્યંત કેવલ પર્યાય પાલ્યો ॥ ૧૯ ॥

**परव दीवाली ते थयो, जिहां लह्या जिन शिवसुख ॥ सूत्र मांहे अधिकार छे, ते सुणतां रे जाये भव दुःखतो ॥ ध० ॥२०॥**

અર્થ:—તથા ભગવંતનો મામો ચેડો મહારાજા તેના અઢાર દેશના અઢાર રાજા મિત્ર સમાન છે તે મલવા આવ્યા છે, તે રાજા અમાવાસ્યાને દિવસેં ઉપવાસ કરતા હવા. પછી તે રાજાયેં ભગવંત નિર્વાણ થયા તેથી ભાવ ઉદ્યોત ગયો

જાણીને દીવા પ્રમુખ દ્રવ્ય ઉદ્યોત કર્યો. તે કારણે તે દિવસથી મંગલિકને અર્થે મ્હોટું પર્વ દીવાલીનું થયું. તે પર્વે ભગવાન્ મોક્ષ પામ્યા, શિવસુખ પામ્યા. એ સર્વ વિશેષે સૂત્ર માંહે અધિકાર છે, તે સાંભલતાં થકાં સંસારનાં દુઃખ જાય ॥ ૨૦ ॥ હવે નંદી વર્દ્ધન જે ભગવાનનો મ્હોટો ભાઈ છે તે પ્રભુનું નિર્વાણ સાંભલીને ઘણોજ શોકવંત થયો. તેવારેં સુદર્શના નામા બ્હેને પોતાને ઘેર બોલાવીને ભોજન કરાવ્યું, શોક ટાલ્યો. તે દિવસથી લોકમાં ભાઈબીજ પ્રગટ થઈ છે. હવે ભગવંતનું નિરવાણ થયું, તેવારેં ઇંદ્રાદિકના આસન ચલાયમાન થયાં. ભગવંતનું પાંચમું નિર્વાણ કલ્યાણક જાણી સર્વ ઇંદ્ર ભેગા થઇને ચમરેંદ્રાદિકેં બાવના ચંદને કરી ભગવંતની ચય રચી, અગ્નિકુમાર દેવોએં અગ્નિ મૂક્યો, વાયુકુમારેં વાયરો વિકૂર્વ્યો, ભગવંતના માંસ સર્વ શોષાવ્યાં. પછી મેઘકુમાર દેવોએં વરસાદ વરષાવ્યો, શરીરની રાખ ખીર સમુદ્રમાં નાખી. ભગવતની ઉપરલી દાઢા સૌધર્મે લીધી, હેઠલી દાઢા ચમરેંદ્રેં લીધી. તે દાઢાને રત્નમય ડાબલામાં રાખી પૂજે. એ વિસ્તારે અધિકાર જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિમાં કહ્યો છે, ત્યાંથી જોવું. ॥ ૨૦ ॥

**श्रीवीरना निर्वाणथी, नवशें ने एंशीवर्ष ॥ ए सूत्र पुस्तकें संग्रह्यो, देवढ्ढी रे खमासमणे देख तो ॥ ध० ॥ २१ ॥**

**અર્થઃ**—શ્રીવીર નિર્વાણ પછી વલહિપુર નગરે દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણ પ્રમુખ સર્વ શ્રીસંઘેં મલીને સિદ્ધાંત પુસ્તકારૂઢ કીધું. એટલે આગલ તો સર્વ સૂત્રો આચાર્ય

પ્રમુખને મુખપાઠેં હતાં. પછી બાર વર્ષ દુઃકાલ પડયો તે થકી કેટલાએક સાધુઓ મરણ પામ્યા. તેથી ઘણા સૂત્રપાઠ સાધુઓને મુખેં હતા, તે વિચ્છેદ ગયા. તેવાર પછી જેવારેં સુગાલ થયો, તેવારેં સૂત્રોનો વિનાશ થતો દેખી સાધુનો સંઘ ભેગો થઇ જેને મુખેં જેટલો પાઠ સ્મરણમાં રહ્યો હતો તે સર્વ તાલપત્ર ઉપર લખી પુસ્તકારૂઢ કર્યો. યતઃ "વલહીપુરંમિનયરે, દેવદ્ધિપમુહ સયલ સંઘેહિં ॥ પુચ્છે આગમલહિઓ, નવસય અસિઆઓ વીરાઓ ॥ ૧ ॥" એ વાતનો વિશેષ વિસ્તાર દીપિકા પ્રમુખ થકી જાણવો.

**ધ્રુવસેનનૃપ उपरोधथी, आनंदपुरमां एह ॥ सभासमक्षें वांचिओ, नवशें त्राणुरे वरशें ससनेह तो ॥ ध० ॥ २२ ॥**

અર્થઃ—વલી શ્રીવીર નિર્વાણ પછી નવશેં ત્ર્યાણું વર્ષે આનંદપુરનગરને વિષે ધ્રુવસેનરાજાનો પુત્ર મરણ પામ્યો. તેનો શોક ટાલવાને અર્થે સમાધિ ઉપજાવવા નિમિત્તે સ્નેહ સહિત આચાર્યે સભા સમક્ષેં શ્રી પર્યૂષણ કલ્પ વાંચ્યો. તે દિવસથી સર્વની સમક્ષ પર્ષદામાં વાંચવાની પ્રવૃત્તિ ચાલી છે, તે આજ લગે ચાલે છે; અને પૂર્વે તો શ્રાવક શ્રાવિકા સમક્ષ વાંચતા ન હતા. વલી તેહિજ નવશેં ત્ર્યાણુમે વર્ષે ગર્દભિલ્લોચ્છેદકારી શ્રી કાલિકાચાર્યે સરસ્વતી નામા પોતાની બહેનનો ઉપદ્રવ ટાલવા અને જીનશાસનનું મલીનપણું ટાલવાને અર્થે પ્રતિષ્ઠાનપુરનગરેં શાંતવાહન રાજાના આગ્રહ થકી પંચમીના ચોથેં પજોસણ થાપ્યાં, તે વાત ગ્રથાંતરથી જાણવી ॥ ૨૨ ॥

दोय सहस्स वरिसां लगें, होशे भस्मग्रह प्रभाव ॥ उदितो दित पूजा नहीं, प्रवचने रे एहवो कह्यो भाव तो॥ घ० ॥२३॥

અર્થઃ—વલી વીરનિવાર્ણથી બે હજાર વર્ષ લગેં ભસ્મગ્રહના પ્રભાવથી શ્રીસંઘની ઉદિતોદિત્ત પૂજા થાશે નહીં એવો ભાવ પ્રવચનને વિષે કહ્યો છે ॥ ૨૩ ॥

भस्मग्रह पीडा टालियें, पछी होशे अधिक मंडाण ॥ एकवीश सहस्स वरसां लगें, वीर शासननुं रे कहुं प्रमाण तो ॥ २४ ॥

અર્થઃ—એ ભસ્મગ્રહની પીડા ટલ્યા પછી વલી શ્રી જિનશાસનનું અધિક મંડાણ થાશે. શ્રીવીરપ્રભુના શાસનનું પ્રમાણ એકવીશ હજાર વર્ષનું કહ્યું છે ॥ ૨૪ ॥

नव गणधर श्रीवीरना, जिन छते पाम्या सिद्ध ॥ राजग्रह मास संलेषणा, करि पोहोता रे परिवार प्रसिद्ध तो ॥ घ० ॥२५॥

અર્થઃ—શ્રીવીર પ્રભુના નવ ગણધરતો પ્રભુ પોતેં છતાંજ રાજગ્રહિ નગરીયેં એક મહીનાની સંલેષણા કરીને પરિવાર સહિત સિદ્ધિ પામ્યા છે ॥ ૨૫ ॥

वरस बारें शिव लह्या, वीरथी गौतम स्वामी ॥ ए अतिशय मोहोटो कह्यो, जे दिखेरे ते लहे शिवठाम तो ॥ घ० ॥२६॥

અર્થઃ—અને વીરનિર્વાણ પછી બાર વર્ષે શ્રીગૌતમ સ્વામી મોક્ષ પામ્યા છે તે વલી જેને શ્રીગૌતમસ્વામી દીક્ષા આપે તે તેહીજ ભવે મોક્ષરૂપ સ્થાનક પામે. એ શ્રીગાતમ સ્વામીમાં મહોટો અતિશય કહ્યો છે ॥ ૨૬ ॥

सांपत वरते मुनिवरा, सोहम स्वामी परिवार ॥ वीशें वरशें सिझिया, श्रीवीरथीरे पंचम गणघरा तो ॥ घ० ॥ २७ ॥

અર્થ:—સાંપ્રત પાંચમાં કાલમાં જે મુનિરાજ વર્ત્તે છે તે સર્વ ભગવંતના પાટે શ્રીસુધર્માસ્વામી પાંચમા ગણધર બેઠા હતા તેનો પરિવાર જાણવો. તે શ્રી સુધર્માસ્વામી વીરનિર્વાણ પછી વીશ વર્ષે સિદ્ધિ પામ્યા છે ॥ ૨૭ ॥

पंच कल्याणक ए कह्यां, श्रीवीरना विस्तार ॥ ज्ञान विमल गुरुथी लह्यो, व्यारवान रे छठे अधिकार तो ॥ घ० ॥ २८ ॥

અર્થ:—એ શ્રીમહાવીર સ્વામીના પાંચ કલ્યાણક વિસ્તારે કહ્યા. શ્રી જ્ઞાનવિમલ સૂરિયે પોહોતાના ગુરૂના મુખથી લહીને કલ્પસૂત્રનાં છઠ્ઠા વ્યાખ્યાનનો અધિકાર કહ્યો. એ છઠ્ઠા વખાણ પર્યંત શ્રી વીરભગવાનનો અધિકાર જાણવો ॥ ૨૮ ॥

દોહા ॥ ટબો છઠ્ઠી ભાસનો, ઉદયે કહ્યો શ્રીકાર ॥
અમરસિરિને કારણે, સુગમ અર્થશું પ્યાર ॥૧॥
॥ ઇતિ ષષ્ઠ વ્યાખ્યાનં સમાપ્તં ॥

---

॥ અથ સપ્તમ વ્યાખ્યાનં પ્રારભ્યતે ॥

॥ ढाल नवमी ॥ देखी कामिनी दोय के कामे व्यापीओ ॥ ए देशी ॥

हवे सुणो पंच कल्याणक, श्रीजिनपासना ॥ महारा लाल के ॥ श्रीजिनपासना ॥ जिम होए समकित शुद्ध, सदा शुभ वासना ॥ महारा लाल, सदा शुभ वासना ॥

અર્થ:—હવે ત્રીજા દિવસને વિષે શ્રીપાર્શ્વનાથ અને નેમનાથનું વખાણ પ્રારંભિયે છેયે. તિહાં પ્રથમ શ્રી પાર્શ્વ-

જિનના ચવન, જન્મ, દીક્ષા, કેવલ અને મોક્ષ, એ પાંચ કલ્યાણક કહે છે, તે સાંભલો. જેમ તમારો સમકિત શુદ્ધ થાય અને સદા સર્વદા આસ્તા, શ્રદ્ધા રૂપ શુભવાસના થાય. તિહાં પ્રથમ તો શ્રીપાર્શ્વનાથના દશ ભવ સંક્ષેપથી કહે છે.

૧ પોતનપુરને વિષે અરવિંદ નામેં રાજાનો વિશ્વભૂતિ નામે પુરોહિત છે. તેને એક કમઠ અને બીજો મરૂભૂતિ એ બે પુત્ર છે. તેમાં કમઠ સ્વભાવેં દુષ્ટ છે, ખોટા લખણુ વાલો છે. તેની સ્ત્રી વરૂણા છે. અને મરૂભૂતિ સ્વભાવેં ભદ્રક છે, ધર્માત્મા છે, કરૂણાવંત છે, તેની સ્ત્રીનું નામ વસુંધરા છે; તે મહા ચપલ સ્વભાવ વાલી છે. કોઇ એક દિવસેં કમઠેં પ્રધાન વસ્ત્રાભૂષણ વસુંધરાને આપીને પોતાને વશ કરી, માંહો માંહે પ્રીતિ બાંધી ભોગકર્મ કરવા લાગો. તે વાત કમઠની સ્ત્રી વરૂણાયેં જાણીને મરૂભૂતિને કહેવા લાગી કે હે દીયર! મહારો ભર્ત્તાર તાહારી સ્ત્રી સેવે છે, તે વાત ન માનો તો પરીક્ષા કરો. તે સાંભલી મરૂભૂતિ કપટેં કરી ગામેં જવાનો મિશ કરી છાનો બીજા સ્થાનકેં જઇ રહ્યો. રાત્રેં કમઠ અને પોતાની સ્ત્રી બે ક્રીડા કરતાં દેખી ક્રોધ પામ્યો. પ્રભાતેં રાજાને દુરાચારની વાત કહી. રાજાયેં કમઠને પકડી ભૂંડે હાલે રાસભ ઉપર ચઢાવી નગરમાં ફેરવી શહેર બાહર કઢાવ્યો. પછી તે કમઠ તાપસ થયો. બાર વર્ષ તપ કરી પાછો પોતનપુરના ઉદ્યાને આવ્યો. તિહાં તપસ્યા કરે પણ ગામમાં ન આવે. ગામના લોક તપસી દેખી ભોજનાદિ આપે, પ્રશંસા કરે. પછી મરૂભૂતિયેં એ વાત સાંભલીને મનમાં વિચાર્યું જે મહારો અપરાધ ખમાવી આવું. એવું ચિંતવી ઘણા ભોજનાદિક રંધાવી કમઠને પગેં

લાગવા ગયો. તિહાં જઈ પગેં લાગી પોતાનો અપરાધ ખમાવી પાછો વલે છે તેવારેં કમઠેં મરૂભૂતિને ઓલખી પોતાનું વૈર સંભારી તેના માથા ઉપર એક મ્હોટી શિલા નાખી, તેથી મરણ પામ્યો.

૨ બીજે ભવેં સમેતશિખર પર્વત ઉપર હસ્તી થયો, અને કમઠ પણ તે પાહાડ ઉપરથી ઉતરતાં નીચેં ત્રૂટી પડયો; તિહાંથી મરણ પામી, તેહીજ સમેત શિખર પર્વત ઉપર કુર્કુટ જાતિ સર્પ થયો. હવે એક સમય અરવિંદ રાજાયેં સંધ્યા સમયને વિષે પંચવરણ વાદલાં દેખી વૈરાગ્ય પામી દીક્ષા લીધી. પછી એક દિવસેં અરવિંદ સાધુ સંઘની સાથેં સમેત શિખરેં યાત્રાયેં જાતાં માર્ગે અટવીમાં એક સરોવર દેખી સંઘ તિહાં ઉતર્યો, સાધુયેં તિહાં કાઉસ્સગ્ગ કર્યો. તિહાં તે વનગજ મદોન્મત હસ્તી પણ પાણી પીવાને આવતો થકો દેખીને સર્વ સંઘનાં લોક નાઠાં. તેવારેં અરવિંદ રૂષિયેં અવધિજ્ઞાને જોયું, તો અમર(મરૂ)ભૂતિનો જીવ હાથી થયો દીઠો. પછી હસ્તીયેં પણ રુષીશ્વરને કાઉસ્સગેં રહ્યા દેખી જાતિસ્મરણ પામી પૂર્વલા ભવ દીઠા. તેથી શ્રાવકનાં બાર વ્રતની અભિલાષા ધરતો થકો તિહાંથી સાધુને પ્રણામ કરી સરોવરમાંથી પાણી પીને પોતાને સ્થાનકેં ગયો. સાધુ પણ તિહાંથી વિહાર કરી યાત્રાયેં ગયા. હવે એક દિવસેં ઉષ્ણ કાલેં હસ્તી તૃષાયેં પીડયો થકો મધ્યાન્હ સમયેં સરોવરની પાલેં ઉભો છે, તે સમયેં તે કમઠનો જીવ જે કુર્કુટનામા સર્પ થયો છે, તે પણ ઉડતો ઉડતો ત્યાં આવ્યો. હાથીને દેખી મહા ક્રોધાયમાન થયો થકો હસ્તીના કુંભસ્થલને વિષે ડંશ માર્યો. તેના વિષના પ્રભાવથી હાથી મરણ પામ્યો.

૩ ત્રીજે ભવે તે હાથી શુભધ્યાને મરણ પામીને આઠમે દેવલોકે દેવતા થયો. હવે હસ્તી પડતાં સર્પ પણ ચંપાઈ મરણ પામીને પાંચમી નરકે ગયો.

૪ ચોથે ભવે મરૂભૂતિનો જીવ, આઠમા દેવલોકથી ચવી મહાવિદેહ ક્ષેત્રના વૈતાઢય પર્વત ઉપર કિરણવેગ વિદ્યાધર થયો. તે સુગુરૂ સંયોગે વૈરાગ્ય પામી દીક્ષા લઈ લબ્ધિના બલે પુષ્કર દ્વીપે જઇ કાઉસ્સગ્ગે રહ્યો; અને કમઠનો જીવ પણ પાંચમી નરકથી નિકલી ચોથે ભવે પુષ્કર દ્વીપે સર્પ થયો છે, તેણે તે ઋષિને દેખી ડંખ દીધો, તેથી ઋષિ મરણ પામ્યા.

૫ પાંચમે ભવે તે ઋષિ મરણ પામી બારમે દેવલોકે દેવતા થયા અને સર્પ પણ દવમાંહે બલી મરણ પામી પાંચમી નરકે ગયો.

૬ છઠ્ઠે ભવે મરૂભૂતિનો જીવ બારમા દેવલોકથી ચવી મહા વિદેહ ક્ષેત્ર માંહે શુભંકરા નગરિયે વજ્રનાભ રાજા થયો. તીર્થંકરની દેશના સાંભલી દીક્ષા લઈ ચૌદ પૂર્વ ભણ્યા. આકાશ ગામિની લબ્ધિને બલે પર્વત ઉપર જઇ કાઉસ્સગ્ગે રહ્યા. હવે તે કમઠનો જીવ પણ પાંચમી નરક થકી નીકળી તિહાં કુરંગક નામે ભિલ્લ થયો છે. તે ભિલ્લ પોતાના સ્થાનકથી બાહેર નીકલતાં સાધુને દીઠો. અપશુકન જાણી મનમાંહે ક્રોધ ઉપન્યો, તેથી સાધુની સામુ બાણ નાખ્યું. સાધુને મરમ સ્થાનકે લાગ્યું, તેથી શુભધ્યાન ધ્યાવતાં મરણ પામ્યા.

૭ સાતમે ભવે સાધુ મધ્યમ ગ્રૈવેયકે દેવતા થયો, અને કમઠનો જીવ ભિલ્લ મરીને સાતમી નરકે ગયો.

૮ આઠમે ભવે મરૂભૂતિનો જીવ મધ્યમ ગ્રૈવેયકથી ચવી પૂર્વ મહાવિદેહ ક્ષેત્રે સુવર્ણબાહુ નામા ચક્રવર્ત્તિ થયો.

તેણે તીર્થંકરની દેશના સાંભલી દીક્ષા લેઈ વીશસ્થાનકનું તપ કરી તીર્થંકર ગોત્ર બાંધ્યું. અને તે ભિલ્લનો જીવ સાતમી નરકથી મરણ પામીને ક્ષીર ગુફાયેં સિંહ થયો છે તિહાં કોઇ એક દિવસેં તે સાધુ પણ આવીને કાઉસ્સગ ધ્યાને ઉભા. તેને દેખી સિંહને ક્રોધ ઉપનો તેથી સાધુને માર્યો. સાધુ ક્ષમા સહિત મરણ પામ્યા.

૯ નવમેં ભવેં સાધુ પ્રાણાંત નામા દશમાં દેવલોકે દેવતા થયા અને સિંહ મરીને ચોથી નરકે ગયો.

૧૦ દશમેં ભવેં મરૂભૂતિનો જીવ કાશીદેશેં વણારસી નગરિયેં અશ્વસેન રાજાનો પુત્ર પાર્શ્વ કુંમર થયા. અને કમઠનો જીવ ચોથી નરક થકી ચવી દારિદ્રી બ્રાહ્મણનો પુત્ર થયો. બાલપણે માતાપિતા મૃત્યુ પામ્યા. પછી લોકે તેના ઉપર દયા આણી પાલીને મ્હોટો કીધો. યૌવનવય પામ્યો, તેવારેં નિર્દ્ધન માટે સ્ત્રી ન મલી. તેથી અમર્ષ ધરી અજ્ઞાન તપસ્યા આદરી પેટ ભરવા સારૂ તાપસના પછવાડે લાગી પંચાગ્નિ સાધે છે ॥ ઇતિ શ્રીપાર્શ્વ પ્રભુના દશ ભવ સમાપ્ત ॥

**कासीदेस विभूषण, नयरी वणारसी ॥ मारा० ॥ नय० ॥**
**अश्वसेन नृप वामां रति रंभाजिसि ॥ मारा० ॥ रति० ॥१॥**

**અર્થ:**—કાશીનામા દેશને વિષે ભૂષણ સમાન એવી વણારશી નામા નગરી તેનો મહા ધર્માત્મા એવો અશ્વસેન નામા રાજા છે, તેની વામાદેવી નામા પટરાણી છે તે રૂપે કરી રતિ અને રંભા જેવી મનોહર છે ॥ ૧ ॥

प्राणांत कल्पथी चविया, चैत्रवदिचोथनिमां ॥ मा० ॥ चै० ॥
विशाषाविधुयोगें समय मद्यरयणिमां ॥ मा० ॥ स० ॥
वामाकुखें उत्पन्न, चौद सुपन लहे ॥ मा० ॥ चौ० ॥
वीरतणी परें सर्व, संकेत आगें कहे ॥ मा० ॥ सं० ॥ २ ॥

**અર્થ:**—પ્રાણુંત નામા દેવલોકથી ચવીને દેવતાનો ભવ ક્ષય કરીને દેવતાનો આયુ ક્ષય કરીને દેવતાની સ્થિતિ ક્ષય કરીને ગ્રીષ્મ ઋતુનો પ્રથમ માસ પ્રથમ પખવાડો ચૈત્ર-વદિચોથની મધ્ય રાત્રિયેં વિશાખા નક્ષત્રેં ચંદ્ર યોગ આવે થકે ત્રણ જ્ઞાને સહિત શ્રીપાર્શ્વનાથ ચવીને વામા રાણીને કુંખે આવી ઉપના. પછી ચૌદ સુપન માતાયેં દીઠા. તેનો સર્વ વિસ્તાર શ્રીમહાવીરની પેરેં જાણી લેવો. વલી જેમ ત્રિસલા રાણિયેં સિદ્ધાર્થરાજાને કહ્યું તેમ વામરાણિયેં પણ અશ્વસેન રાજાને સર્વ સંકેત કહ્યું ॥ ૨ ॥

अनुक्रमें पोष बहुल, दसमीदिने जाइया ॥ मा० ॥ द० ॥
माह विशाखा मद्यरयणि, तिनाण सहाइया ॥ मा० ॥ ति० ॥
दिसि कुमरी मह इंद्र, नृपतिआदि करे ॥ मा० ॥ नृ० ॥
सज्जन कुटुंबने साखे, पास नामने धरे ॥ मा० ॥ पा० ॥ ३ ॥

**અર્થ:**—પછી અનુક્રમેં નવ મહીના ને સાડાસાત દિવસ ગયા થકાં ગર્ભ સ્થિતિ પૂર્ણ થયાથી પૌષ મહીનાની અંધારી દસમની મધ્ય રાત્રીયેં વિશાખા નક્ષત્રેં ચંદ્રમાનો યોગ આવે થકે માતાને પીડા રહિતપણે ત્રણ જ્ઞાનેં સહિત શ્રીપાર્શ્વનાથ પ્રભુ જનમ્યા. તે વખત ત્રણ લોકમાં ઉદ્યોત

થતો હવો. પછી છપન્ન દિગ્કુમરી અને ચોશઠ ઈંદ્ર તથા નરપતિ આદે દેઇને પ્રભુનો જન્મ મહોત્સવ કરતા હવા. તેવાર પછી દશ ઉઠણુ કર્યા પછી સજ્ઝન કુટુંબાદિક સર્વને અશનાદિક જમાડી સંતોષીને તેમની સાક્ષીયેં પાસકુમર એવું નામ સ્થાપન કર્યું. તેનુ કારણુ આગલી ગાથાયેં કહે છે ॥ ૩ ॥

**कृष्ण सर्प्प निज सय्या, पासें दीठा भणि ॥ मा० ॥ पा० ॥**
**नीलवरण नव हाथ, काया सोहामणि ॥ मा० ॥ का० ॥**
**नयर कुसस्थल स्वामि, प्रसन्नजित कुंअरी ॥ मा० ॥ प्र० ॥**
**प्रभावतीने परण्या, अनुक्रमें वय धरी ॥ मा० ॥ अ० ॥४॥**

**અર્થ:**—વામારાણિયેં પ્રભુ ગર્ભે છતાં શય્યાએ સુતા થકાં પાશેં કાલો સર્પ્પ દીઠો તેથી પાર્શ્વનાથ નામ દીધું. પાર્શ્વનાથના શરીરનો નીલવર્ણ છે, નવ હાથ પ્રમાણુ કાયા સોહામણી છે, મહા કાંતિવંત સુંદર સરૂપ દેદીપ્યમાન તેજસ્વી છે, તથા એક હજાર અને આઠ લક્ષણુના ધારક છે ॥ ૪ ॥

હવે શ્રીપાર્શ્વકુમાર અનુક્રમેં યૌવનવય પામ્યા. એકદા વનમાંહે ક્રીડા કરતાં શ્રીનેમિશ્વરની જાન ચિત્રામેં ચિત્રી દેખીને તે દિવસ થકી નિસ્પૃહ થકા રહે છે. પાણીગ્રહણુ કરવાની વાર્ત્તા રૂચે નહીં. હવે એવામાં કુશસ્થલ નગરના પ્રસન્નજીત રાજાની કુમરી પ્રભાવતી છે, તે મહા રૂપવંત અને ચતુર છે. તેણેં પાર્શ્વનાથના રૂપનું ચિત્ર દેખી શ્રીપાર્શ્વ કુમરનેજ વરવાનો નિશ્ચય કીધો. પછી રાજાયેં પોતાના

પ્રધાનને અશ્વસેન રાજા પાસેં મોકલી વિનતિ કરી. અશ્વસેન રાજાયેં કહ્યો કે એ કુમર સંસાર વિરક્ત છે, પણ બલાત્કારેં પરણુશે. એટલામાં પ્રભાવતિનેં પરણુવાને અર્થેં સબલ મ્લેચ્છ રાજાયેં સૈન્ય લેંઇને કુસસ્થલ નગરને વીંટયો. તે વખતેં પ્રભાવતિયેં પત્ર લુખી સૂવટા પંખીને શ્રીપાર્શ્વકુમર ભણી મોકલ્યો, કે તમે મહારા નાથ છતાં એવો કષ્ટ કેમ ઘટે. તે સમાચાર લહી શ્રીપાર્શ્વકુમર ક્રીડાવન વાટેંથી નીલે ઘોડેં ચડયા થકા તિહાં આવીને વાયરે નસાડયા, આકતુલ્યની પેરેં મ્લેચ્છના લસકરને નસાડયા. તિહાં જય કરી પ્રભાવતિ પરણ્યા. માતાપિતા પણુ સર્વ ઋદ્ધિ લઇ આવ્યા. મહોટે આડંબરેં વિવાહ કરી ઘરે આવી દેવતાની પેરેં મનુષ્ય સંબંધિયા સંસારિક સુખ ભોગવતાં કાલ નિર્ગમન કરતાં વિચરે છે ॥ ૪ ॥

**एकदिन बेठा जोखें, गोखें पुर जोयवा ॥ मा० ॥ गो० ॥**
**एकदिसें लोक खलक मल्यो, बलिने ढोइवा ॥ मा० ॥ ब० ॥**
**पूछे पासकुमार, किश्युं ए जन मले ॥ मा० ॥ कि० ॥**
**कमठ तापसनी वात, कही ते सांभले ॥ मा० ॥ क० ॥ ५ ॥**

અર્થ:—એક દિવસેં પ્રભુ જોખેં કરી ગોખમાં નગરના કૌતુક જોવાને અર્થેં બેઠા છે. તે સમયેં એકદિશિ તરફ઼ ઘણા લોક ઢાવવા સારૂ હાથમાં બલીને લેઇને દોડતા થકા જાય છે. તેને જોઇને પાર્શ્વકુમાર તે લોકોને પૂછવા લાગા, કે હે લોકો, તમેં કયાં જાઓ છો ? લોકો બોલ્યા કે, હે

મહારાજ? નગરને બાહિર એક મહોટો તપસ્વી ઋષી આવ્યો છે. તે મહોટી ક્રિયા કરે છે. માથેં સૂર્ય તપી રહ્યો છે, અને પંચાગ્નિ તપ કરે છે. પવન ભક્ષી છે, દુધ પીએછે, અન્ન ખાતો નથી, મહોટો જોગીશ્વર છે, એને મહોટા રાજા નમે છે, માટે હે મહારાજ? તમારે પણ માનવો જોઇયેં. એ વાત સાંભલી ભગવંતને-

**कौतुक नथी पण सहेज, भावें तिहां गया ॥ मा० ॥ भा० ॥**
**बलतो पन्नग देखी, कहे तुज नहिं दया ॥ मा० ॥ क० ॥**
**शुभ कुठार मंगावी, काष्ट विदारियो ॥ मा० ॥ का० ॥**
**जलतो पन्नग देखी, सहुयें धिकारियो ॥ मा० ॥ स० ॥ ६ ॥**

**અર્થ**:—જોવાનુ કૌતુક નથી પણ સહેજ સ્વભાવેં માતા પિતા પ્રમુખ પરિવાર સહિત હસ્તિ ઉપર બેસીને જોગીને પાશેં આવ્યા. તિહાં કેટલાએક ઋષિઓ હોમ ખલાવી રહ્યાછે. કોઈ અંગે વિભૂતિ લગાડે છે, કોઈ તપસ્યા સાધે છે, તિહાં ભગવંતેં અવધિજ્ઞાને જોઈ કાષ્ટ માંહે સર્પ બલતો દેખી કરૂણા આણીને કમઠ પ્રત્યેં બોલ્યા કે, હે મૂર્ખ! તું અજ્ઞાનપણે દયાવિના ફોકટ શું તપસ્યા કરે છે? તે સાંભલી ક્રોધારૂણ નેત્રેં મહોન્મત્ત થકો કમઠ બોલ્યો કે, હે રાજપુત્ર? તમે તપ સંબંધિ વિચાર ધર્મની વાતમાં શું સમજો? વાંજણી સ્ત્રી ગર્ભ પ્રસવ શું જાણે? તેમ તમે યોગધ્યાનમાં સમજો નહીં. તમે તો ઘોડા હાથી ખેલાવી જાણો. તે સાંભલી ભગવંતે સેવકને કહી તે મહોટો અધ-બલતો લાકડો બાહેર કઢાવી કુઠાર મંગાવી ફોડાવ્યો. તેમાંથી

અર્દ્ધ બલતો એક સર્પ નીકલતો જોઇ લોકો સર્વ તે તાપસને નિંદવા લાગા ॥ ૬ ॥

**सेवक मुखें नवकार, सुणावी उद्धर्यो ॥ मा० ॥ सु० ॥**
**मरी थयो धरणेंद्र, प्रभु जस विस्तर्युं ॥ मा० ॥ प्र० ॥**
**अपमान्यो तिहां कमठ, हठें वहु तप करी ॥ मा० ॥ ह० ॥**
**मेघमाली थयो देव, अज्ञान पणे मरी ॥ मा० ॥ अ० ॥७॥**

**અર્થ:**—પછી પ્રભુયેં તે તાપેં કરી વ્યાકુલ થયેલા સર્પને શ્રાવક શેવકને મુખેં નવકાર સંભલાવીને ખમતખામણા કરાવી તેનો ઉદ્ધાર કર્યો. સર્પ પણ પ્રભુના દર્શન થકી સદ્દહણા પૂર્વક નવકાર સાંભલી અંતર મૂહૂર્ત્તમાં મરણ પામી ધરણેંદ નામા નાગરાજા થયો. અહીંઆં દિગમ્બર લોકો નાગનાગણીનો જોડો કહે છે, તે વાત કલ્પિત છે. હવે કમઠ તાપસ તિહાં અપમાન પામ્યો થકો માનભ્રષ્ટ થઇ પરદેશ જઇ ઘણા હઠથકી વિશેષ અજ્ઞાનપણેં તપશ્યા કરી મરણ પામીને ભવનપતિમાંહે મેઘમાલી દેવતા થયો ॥ ૭ ॥

**त्रीश वरश ग्रहवासें, देइ दान संवच्छरी ॥ मा० ॥ दे० ॥**
**पोस बहुल अगीयारस, दिन व्रत आदरी ॥ मा० ॥ दि० ॥**
**त्रणसय पुरुष संघातें, विशाखा अट्टम तपें ॥ मा० ॥ त्रि० ॥**
**आम्रश्रउद्यान, अशोक तणे द्रुमें ॥ मा० ॥ अ० ॥ ८ ॥**

**અર્થ:**—પછી ભગવંત મહારાજ કાંઇક ઉંણા ત્રીશ વર્ષના થયા, તેવારેં લોકાંતિક દેવેં આવીને વિનતિ કરી કે, હે પ્રભુ ! તમારે દીક્ષાનો સમય છે. માટે ભવ્ય લોકોને નિસ્તારો.

એવી વાણી સાંભલી ભગવંતે સંવચ્છરી દાન આપ્યું. અહીં સર્વ વૃત્તાંત શ્રીમહાવીરની પેરેં જાણવો. પછી પોષ મહીનાની અંધારી અગીઆરશના દિવસેં વિશાખા નક્ષત્રેં ચદ્રમાનો યોગ આવે થકે ત્રણશો પુરૂષ સંઘાતેં ચઉવિહારી અઠમ તપેકરી આમ્રક્ષ નામે ઉદ્યાનને વિષે અશોકવૃક્ષને નીચેં પ્રભુયેં દીક્ષા લઇ પાંચમુષ્ટિ લોચ કરી વિહાર કર્યો ॥૮॥

धन्य विप्रघरें पारणु, परमान्ने कर्यो ॥ मा० ॥ प० ॥
एक दिन वड तलें, रयणी काउसग धर्यो ॥ मा० ॥ र० ॥
तिहां मेघमाली देव, अधम सुर आवियो ॥ मा० ॥ अ० ॥
देखी करे उपसर्ग, जल्लद वरसावियो ॥ मा० ॥ ज० ॥९॥

અર્થઃ—પ્રભુયેં દીક્ષા લીધા પછી કોપકટાક્ષ સન્નિવેશેં ધનનામા વિપ્ર ગૃહસ્થને ઘરેં પરમાન્ને પારણુ કર્યું. વસુધારાની વૃષ્ટિ થઈ. પંચદિવ્ય પ્રગટયા પછી તિહાંથી વિચરતાં શિવનગરી પાસેં કુસુમવન આશ્રમેં સૂર્યાસ્ત વેલાયેં વડવૃક્ષને મૂલે કુવાકાંઠે અડગધ્યાને કાઉસ્સગ્ગેં રહ્યા. તે સમય પૂર્વભવનો વૈરી મેઘમાલી અધમ દેવતા અવધિ બલે પૂર્વ ભવ વૈર સંભારી અમર્ષેં પૂર્યો થકો પ્રભુને દેખી તિહાં આવીને સિંહ, હસ્તી, પિશાચ, વીંછી, સર્પ, નોલીઆ, પ્રમુખના રૂપ વિકૂર્વીને અનેક ઉપસર્ગ કરવા લાગ્યો. તથાપિ પ્રભુ લગાર માત્ર ક્ષોભ ન પામ્યા. તેવારેં વિશેષે ક્રોધારૂણ થઈ મેઘ વરસાવવા માંડયો ॥ ૯ ॥

जलमलि धूलनी वृष्टी, करी नभ छाहियो ॥ मा० ॥ क० ॥
तिणि रातेंहिज दुष्ट, कमठ सठ वाहियो ॥ मा० ॥ क० ॥

**मुसल परे जलधार, जबूके वीजली ॥ मा० ॥ ज० ॥ वहे तिहां नदी असरालके, राति नभे मली ॥ मा० ॥ रा० ॥ १० ॥**

અર્થ:—તે રાત્રીને વિષેજ દુષ્ટ કમઠ મૂર્ખ આવીને મેઘનો ઉત્પાત કરવા લાગો. તિહાં કલ્પાંત કાલનો પવન વિકૂર્વી તે પવને કરી ધૂલને ઉડાવતો આકાશને પણ છાહી મૂક્યો. અને ધૂલેં મલ્યા પાણીની મૂસલ ધારાયેં વૃષ્ટિ કરતો હવો. તથા બ્રહ્માંડ સ્ફોટ સદૃશ ગર્જારવ કર્યો. દશો-દિશાયેં વીજલીના કણીયા ઉત્પન્ન કરી ત્રાસ પમાડવા લાગો. તિહાં પાણીની પૂરનદી વહેવા લાગી. જોરનો પાણી ચઢયો. રાત્રિ આકાશેં મલી અંધકાર રૂપ થઇ ગઇ છે. તે વખતેં ક્ષણેક માંહે ભગવંતને નાશિકા પર્યંત પાણી ઉંચું ચઢયું ॥ ૧૦ ॥

**आसनकंपे ताम, धरण सुर आवियो ॥ मा० ॥ ध० ॥ करी निज फणनो छत्र, घनोघ रखावियो ॥ मा० ॥ ध० ॥ पण नाशा लगें नीर, चढयो तव जोइयो ॥ मा० ॥ च० ॥ हांक्यो कमठ उलंठ के तें ए शुं कीयो ॥ मा० ॥ के० ॥११॥**

અર્થ:—તે સમયેં ધરણેંદ્રનું આશન કંપાયમાન થયું. અવધિ પ્રયુંજી ઇંદ્રાણી સહિત તિહાં આવીને પ્રભુના મસ્તકેં ફણાટોપ છત્ર ધરી ચરણને નીચેં કમલની રચના કરી ઘનોઘ જે વરસાદનો સમૂહ તેથકી પ્રભુને રખાવ્યો. આગલ બત્રીશ બદ્ધ નાટક કરવા લાગ્યો. પણ પ્રભુને નાશિકા પર્યંત પાણી આવ્યું જોઇને કમઠકૃત ઉપસર્ગ

જાણી મેઘમાલીને જોઇ ઇંદ્રે કહ્યું, હે દુષ્ટ પાપીષ્ટ ઉલ્લંઠ અધમ તેં આ શું અકાર્ય માંડયું છે ? એ પ્રભુતો અતુલી બલથકાં પણ કૃપાલુ છે. તથાપિ હું હવે તુજને તાહારી કમાઇ દેખાડીશ.

स्वामी आशातना कीध, हवे जाइश किहां ॥ मा० ॥ ह० ॥
चरणे सरणे पेसो, खमावे ते तिहां ॥ म० ॥ ख० ॥
करी नाटिक धरणेंद्र, स्वकीय पदें गया ॥ मा० ॥ स्व० ॥
प्रभु पण करे विहार, त्र्यासी दिवस थया ॥ मा० ॥ त्र्या० ॥१२॥

અર્થઃ—અરે તેં સ્વામીની આશાતના કીધી છે, તો હવે તું કયાં જઇશ એમ કહી વજ્ર મૂકયો. તે જોઇ જેમ બાજને દેખી સૂડો તથા કબુતર ભયભ્રાંત થાય તેમ કમઠ ભયભ્રાંત થયો થકો પોતાની દેવાંગના સહિત ભગવંત પાસેં આવી તેમના ચરણનું શરણ ગ્રહીને પોતાનો અપરાધ ખમાવવા લાગો. તે જોઇ ધરણેંદ્રે કહ્યું કે તું મહોટાના સરણે આવ્યો. માટે સાધર્મિ ભાઇ જાણીને તુજને મૂકયો. પછી દશભવનો વૈરભાવ ખમાવી પ્રભુપાશેં નૃત્ય કરી કમઠ પોતાને સ્થાનકે ગયો. અને ધરણેંદ્ર પણ નાટિક કરી ઇંદ્રાણી સહિત પોતાને સ્થાનકે ગયો. તિહાં અહિછતા નગરી કહેવાણી. પ્રભુ પણ તિહાંથી વિહાર કરી ગ્રામાનુગ્રામેં વિચરતાં ત્ર્યાશી દિવસ વ્યતિક્રમ્યા ॥ ૧૨ ॥

चैत्र बहुल दिन चोथ, विशाखा विधुमले ॥ मा० ॥ वि० ॥
छट्ठभक्तिधव हेठ के, केवल झलहले ॥ मा० ॥ के० ॥

**गणीगण आठ उदार मुणि, आरज दिनमुखा ॥ मा० ॥ आ० ॥**
**शोल सहस्सतिम साहूणी, पुप्फचूला मुखा ॥ मा० ॥ पु० ॥१३॥**

**અર્થ**—ચૈત્રવદિ ચોથના દિવસેં વિશાખા નક્ષત્રેં વિધુ એટલે ચંદ્રમાનો યોગ આવે થકે પ્રભાત સમયને વિષે ધાવડી વૃક્ષને હેઠેં પાણીયેં રહિત છઠ તપ કીધે થકે નિર્વ્યાઘાતપણે આવર્ણ રહિત સમગ્ર પરિપૂર્ણ જલહલતા સૂર્ય સરખું કેવલજ્ઞાન, અને કેવલ દર્શન, પ્રભુને ઉત્પન્ન થયું. શ્રીપાર્શ્વનાથ પ્રભુને આઠ મ્હોટા ગચ્છના ધણી એવા ગણધર થયા તથા આર્યદિન્ન આદે દેઇને શોલ હજાર સાધુઓ થયા, તેમજ પુષ્પચૂલા પ્રમુખ—॥ ૧૩ ॥

**अडत्रीश सहस्स सुणो हवे, श्रावक श्राविका ॥ मा० ॥ श्रा० ॥**
**एकलख चोसठ सहस्स, सुव्रतमुख भाविका ॥ मा० ॥ सु० ॥**
**त्रण लाख सहस्स सत्तावीश, निंदा आदि छे ॥ मा० ॥ निं० ॥**
**केवली सहस्सज एक, अवधि मुनि चौदशें ॥ मा० ॥ अ० ॥१४॥**

**અર્થઃ**—આડત્રીશ હજાર સાધવીઓની સંપદા થઇ. હવે શ્રાવક શ્રાવિકાની સંપદા કહે છે, તે સાંભલો. સુવ્રત આદે દઇને એકલાખ ચોશઠ હજાર ભાવિક શ્રાવક થયા. તથા નિંદા આદે દેઇને ત્રણ લાખ સત્તાવીશ હજાર શ્રાવિકાઓ થઈ. એક હજાર કેવલજ્ઞાનીની સંપદા થઇ. તથા ચૌદશેં અવધિજ્ઞાની મુનિઓની સંપદા થઇ. તથા અગીઆરશેં વૈક્રિય લબ્ધિવંત સાધુ થયા ॥ ૧૪ ॥

**छसय ऋजु मणपज्ज, विउलमति आठशें ॥ मा० ॥ वि० ॥**
**चउद पूर्व्वी सयउठ, वादी मुनि छे छशें ॥ मा० ॥ वा० ॥**

दस सय सीधा साध के, वीससय साधवी ॥ मा० ॥ वी० ॥
बारसयां मुणि अणुत्तर, गति एणीपरें मवी ॥मा०॥ग०॥१५॥

અર્થઃ--છશેં ઋજુમતિ મનપર્યવજ્ઞાની સાધુઓની સંપદા થઈ. આઠશેં વિપુલમતિ મનપર્યવજ્ઞાની સાધુઓની સંપદા થઈ. ચૌદપૂર્વના ભણનાર સાડા ત્રણશેં સાધુઓની સંપદા થઈ. છશેં વાદીઓની સંપદા થઈ. એક હજાર સાધુ સિદ્ધિ પામ્યા. બે હજાર સાધવી સિદ્ધિ પામી. બારશેં મુનિઓ અનુત્તર વિમાને પોહોતા, એકાવતારી થયા. એ પ્રભુના પરિવારનું પ્રમાણ જાણવું ॥ ૧૫ ॥

सीतेरवर्ष व्रत माहें, रही समत गिरि ॥ मा० ॥ र० ॥
आयु वरष शत एक, अंते योग संवरि ॥ मा० ॥ अं० ॥
मास भक्त तेंत्रीश, मुनिसुं परवर्या ॥ मा० ॥ मु० ॥
काउस्सग्गें मध्य रयणी, समय प्रभु शिव वर्या॥मा०॥स०॥१६॥

અર્થઃ—ત્રીશ વર્ષ ગ્રહસ્થવાસે રહ્યા, સીતેર વર્ષ વ્રતમાંહે રહ્યા, સર્વ મલી એકશો વર્ષનું આયુ પાલી અંત સમયેં સૈલેસી અવસ્થાયેં યોગ સંવરી માસ ખમણનો તપ ચઉવિહારો કીધે થકે તેંત્રીશ મુનિઓના સાથે પરવર્યા કાઉસ્સગ્ગ ધ્યાનમાં રહ્યા થકા મધ્ય રાત્રિને વિષે પ્રભુ મોક્ષે પોહોતા ॥ ૧૬ ॥

श्रावण सुदिदिन आठम, विशाषा रिखमले ॥ मा० ॥ वि० ॥
वीर निरवाणथी, वर्ष अढीसय पाछले ॥ मा० ॥ अ० ॥
एम श्रीपारसनाथ चरित्रतें भांखीयें ॥ मा० ॥ च० ॥

**पुरिसादाणी एह, बिरुद एम दाखीयें ॥ भा० ॥ बि० ॥**
**ज्ञानविमल गुरु वयणे, थिरचित्त राखीयें ॥मा०॥थि०॥ १७ ॥**

અર્થ:—શ્રાવણ શુદિ અષ્ટમીના દિવસેં ભલો વિશાખા નક્ષત્રનો યોગ આવ્યા થકા શ્રીપાર્શ્વનાથ ભગવાન્ મોક્ષેં પોહોતા. તે શ્રીવીર નિર્વાણથી અઢીશેં વર્ષ પાછલ એટલે પૂર્વેં મોક્ષ ગયા. એમ શ્રીપાર્શ્વનાથનું ચરિત્ર ભાંખીયેં એટલે કહીયેં. વિશેષ વાતતો શ્રી પાર્શ્વનાથ ચરિત્ર થકી જાણવી. શ્રીપાર્શ્વનાથ પરમેશ્વર પુરૂષ માંહે આદાની એટલે આદેય વચનીય એ બિરૂદના ધરનારા છે, એમ પ્રત્યેક શબ્દેં જોડી દેખાડીયેં. જ્ઞાન વિમલ એટલે જ્ઞાને કરીને ઉજ્જવલ એવા ગુરૂ તેમના વચન ઉપર સ્થિર ચિત્ત રાખીયેં ॥૧૭॥

॥ ઇતિ પાર્શ્વ અધિકાર સમાપ્ત ॥

હવે અરિષ્ટનેમિનો આધકાર કહે છે.

**॥ ढाल दशमो ॥ जूबखडानी देशी ॥**

**नेमी तणा हवे दाखीयें रे, पोढा पंच कल्याण॥ सोभागी सांभलो॥ अपराजित अनुत्तर थकी रे, चविया श्रीजिनभाण॥१॥**

અર્થ:—હવે શ્રીનેમીશ્વર ભગવાનના મ્હોટા પંચકલ્યાણિક દેખાડીયેં છૈયેં. તે હે સૌભાગી જનો તમેં સાંભલો. પ્રભુ અપરાજીતનામા ચોથા અનુત્તર વિમાન થકી ચવીને આવી ઉપના છે .તિહાં પ્રથમ શ્રીનેમીશ્વર ભગવાન તથા રાજીમતીના સંક્ષેપથી નવભવ કહે છે. પ્રથમ ભવેં અચલપુરેં ધનરાજા ધનવતી રાણી માસખમણને પારણે સાધુ આવ્યા તેમને

ચોખાનો ધોયણ સાકરે પ્રતિલાભ્યું. ત્યાં સમ્યકત્વ પામી દેશ-વિરતિ પાલી બીજે ભવેં સાધર્મ દેવલોકેં બેહુ દેવતા થયા. ત્રીજે ભવેં વૈતાઢય ઉત્તર શ્રેણીયેં સુરતેજપુરેં ચિત્રગુપ્ત વિદ્યાધરરાજા અને રત્નવતી રાણીપણે થયા. ચોથે ભવેં માંહિંદ્ર દેવલોકેં દેવતા થયા. પાંચમેં ભવેં જંબૂદ્વીપના મહાવિદેહમાં પદ્મનામા વિજયને વિષે સિંહપુર નગરેં અપરાજિતરાજા અને પ્રીતિમતી રાણીપણે થયા. છટ્ઠે ભવેં અગીઆરમેં દેવલોકેં બેહુ દેવતા થયા. સાતમે ભવેં જમ્બૂદ્રીપના ભરતક્ષેત્રેં હસ્તિનાગપુરેં શંખરાજા અને યશોમતી રાણીપણે થયા. આઠમેં ભવેં અપરાજિત નામા ચોથા અનુત્તર વિમાને દેવતા થયા. તથા નવમે ભવેં તો શ્રીનેમિકુમાર થયા, અને રાણીનો જીવ ઉગ્રસેન રાજાની ધારણી નામા રાણીની કુખેં રાજીમતી નામા કન્યાપણે આવી અવતરી છે, તે મહાસતી છે, તથા રૂપ, લાવણ્ય, ચતુરાઇયેં યુક્ત છે. વીજલીના ઝાત્કાર સરખી શરીરની પ્રભા છે, ચોશઠ કલામાં નિપુણ છે, ગુણ સાભાગ્યનો ભંડાર છે. અનેક સાહેલી સહિત છે ॥૧॥

**बत्रीशसागर भोगवी रे, सोरी पुरें अभिराम ॥ सो० ॥**
**समुद्रविजय नृपनी प्रीया रे, माता शिवादे नाम ॥सो०॥ २ ॥**

અર્થ:—હવે પ્રભુ અપરાજિત નામા અનુત્તર વિમાને બત્રીશ સાગરોપમનો આયુ ભોગવીને મનોહર સૌરીપુર નામા નગરને વિષે યાદવ કુલમાં સમુદ્ર વિજય નામા રાજાની શિવા દેવી નામા રાણીની કુક્ષીને વિષે આવી ઉપના ॥ ૨ ॥

**कार्त्तिक वदि वारस दीने रे, चित्रारिख विधु योग ॥ सो० ॥**
**सुपन पेखण गर्भ पोषणा रे, पाछली परें सवि भोग ॥सो०॥३॥**

**અર્થ**:—કાર્ત્તિક વદિ બારશના દિવસેં ચિત્રા નક્ષત્રેં ચંદ્રમાનો યોગ આવ્યા થકા શિવા દેવી માતાની કુખે પ્રભુ આવી ઉપના. તેવારેં ચૌદ સુપન માતાયેં દીઠાં, તેનું વર્ણન, તથા ગર્ભની પોષણા માતાયેં કરી, તેનું વર્ણન, સર્વ પાછલ જેમ શ્રી મહાવીરનું કહ્યું તેની પેરેં સર્વ ભોગ જાણવો ॥૩॥

**श्रावण शुदि पंचमि दिने रे, जनम्या श्री जिनराज ॥ सो० ॥**
**जन्म महोत्सव सुर करे रे, पूरव परें नृप राय ॥ सो० ॥ ४ ॥**

**અર્થ**:—અનુક્રમેં તે કાલેં તે સમયેં શ્રાવણ શુદિ પંચમીને દિવસે શ્રી જિનરાજ જન્મ્યા. તિહાં જન્મમહોત્સવ પ્રથમ દેવોયેં કર્યો. અને પછી માતા પિતાયેં કર્યો. તેનો અધિકાર સર્વ શ્રીમહાવીરની પેરેં જાણી લેવો ॥ ૪ ॥

**अरिष्टनेमि नाम थापीयो रे, यदुकुलनो शणगार ॥ सो० ॥**
**एक दिन आयुध घर गया रे, शस्त्र ग्रह्या तेणी वार ॥सो०॥५॥**

**અર્થ**:—હવે જેવારેં પ્રભુ ગર્ભમાં હતા, તેવારેં માતાયેં સ્વપ્નમાં અરિષ્ટરત્નમય ચક્રધારા દીઠી હતી, તેને અનુસારેં અરિષ્ટનેમી એવું નામ પાડયું. એ ગાથાના પૂર્વાર્દ્ધનો અર્થ કહ્યો. હવે અહીંઆં પ્રસંગેં યાદવ કુલની ઉત્પત્તિ કહીશું. તેમાં સેવટેં ગાથાના ઉત્તરાર્ધનું અર્થ આવશે.

અહીંઆં પ્રસ્તાવેં હરિવંશ કુલોત્પત્તિ સંક્ષેપ માત્ર લખીયેં છૈયેં. પૂર્વ હરિવર્ષ ક્ષેત્રના હરિ અને હરિણી એ બે યુગલિયા થકી હરિવંશકુલ પ્રગટયો. તિહાં પ્રથમ હરિરાજા તેનો પુત્ર અશ્વ, તેનો પુત્ર વસુરાજા થયો. તેના વંશમાં યદુરાજા થયો. ત્યાંથી યાદવવંશ કુલ થયું છે. પછી તે યદુનો

પુત્ર શોરી રાજા થયો. તેના બે પુત્ર એક સૂર અને બીજો સુવીર તેમાં મ્હોટો શૂર છે. તેણે શોરીપુર નગર વસાવ્યું. તે સૂરનો પુત્ર અંધકવિષ્ણુ રાજા થયો. તેના દશ પુત્ર થયા. એક સમુદ્રવિજય, બીજો અસ્તાંગ, ત્રીજો અક્ષોભ, ચોથો અચલ, પાંચમો ધરણ, છઠ્ઠો પૂર્ણ, સાતમો હિમવાન્, આઠમો સ્તમિત, નવમો સાગર, અને દશમો વસુદેવ, એ દશે દશાર થયા. તેની એક કુંતિ અને બીજી મુદ્રી, એ બે બ્હેનો થઇ. તેમાં કુંતીને હસ્તિનાપુરેં પાંડુ રાજાને પરણાવી. તેનો એક પુત્ર તો કર્ણ છાનો જન્મ્યો. તેને કાંશાની પેટીમાં ઘાલી ગંગાના પ્રવાહમાં મેલ્યો. તેને હસ્તિનાપુરેં સુતનામા સારથીયેં પુત્ર કરી ઉછેર્યો. અને તેવાર પછી એક યુધિષ્ટિર, બીજો ભીમ, અર્જુન, એ ત્રણ પુત્ર થયા. તથા પાંડુ રાજાની બીજી સ્ત્રી મદ્રક રાજાની પુત્રી માદ્રી નામા હતી, તેનો એક નકુલ બીજો સહદેવ એ બે પુત્ર થયા. સર્વ મલી પાંચે પાંડવ ભાઇ થયા. હવે બીજી મુદ્રીને ડાહડ દેશેં દમઘોષ રાજાને પરણાવી. તેનો પુત્ર શિશુપાલ રાજા ડાહોડીયો થયો. હવે શૂરરાજાનો લઘુ ભાઇ સુવીર હતો, તેનો પુત્ર ભોજકવિષ્ણુ થયો. તેના વલી એક ઉગ્રસેન, બીજો દેવક, એ બે પુત્ર થયા. તેમાં ઉગ્રસેન મથુરાનો રાજ્ય કરે છે અને લઘુ ભાઇ દેવકર્ણ પોલાશપુરનો રાજ્ય કરે છે. હવે ઉગ્રસેન રાજાયેં એકદા માસોપવાસી તાપસને પારણાર્થેં નિમંત્રણા કરી, પણ તેને તેડવા વિસાર્યો. તેથી તે તાપસેં બીજું માસખમણ કરવા માંડયું. વલી પણ નિમંત્રણા કરી, તેડવા વિસાર્યું. તેથી તાપસેં ક્રોધેં કરી ત્રીજો માસ ખમણ

આદર્યો. તિહાં નીયાણું કર્યું, કે જો માહારી તપસ્યાનું ફલ હોય, તો એ ઉગ્રસેન રાજાને દુઃખદાઇ થાઓ. પછી તે ભવ પૂરો કરી ઉગ્રસેન રાજાની ધારણી રાણીને કુખેં પુત્રપણે સાંકડી સગાઇયેં આવી ઉપનો. તેવારેં રાણીને રાજાના કાલજાનો માંસ ખાવાનો ડોહોલો ઉપન્યો. પ્રધાને પ્રપંચેં કરી તે ડોહોલો પૂર્ણ કર્યો પુત્ર જણ્યા પછી રાણીયેં વિચાર્યું જે, એ મહોટો થાશે, તેવારેં શું જાણીયેં રાજાને કેવું દુઃખ આપશે ? એમ ચિંતવી તે બાલકને નામાંકિત મુદ્રા સહિત રત્ન કંબલ સહિત કાંશાની પેટીમાં નાખી તે પેટી વલી કાષ્ટની પેટીમાં ઘાલીને મુદ્રા દઇ યમુના નદી-માંહે તરતી મૂકી. તે તરતી સોરીપુરેં આવી. તેને એક શ્રેષ્ટીયેં લઇ દિવ્યસરૂપ બાલક દેખી તેને પુત્ર કરી પાલ્યો; અને પેટી પ્રમુખ વસ્તુને એકાંત જગાયેં ઠાવકી રાખી, કંસ એવું નામ દીધું. તે જેવારેં મહોટો થયો તેવારેં લોકોના છોકરાને માર આપે ઈત્યાદિક ઘણા અન્યાય કરતો દેખી તે વ્યવહારીયેં સમુદ્રવિજય રાજાને સોપ્યો. રાજાયેં તે લઘુ ભાઇ વાસુદેવને દીધો. પછી તે તિહાં વાસુદેવ સાથેં કલા અભ્યાસ કરતો ચૌદ વિદ્યા શીખ્યો. અનુક્રમેં યૌવન વય પામ્યો. એવામાં જરાસંધ, પ્રતિવાસુદેવ, છ ખંડનો ભોક્તા રાજગ્રહનગરેં રાજ્ય કરે છે, તેણે સમુદ્રવિજય રાજાને દૂત મોકલી કહેવરાવ્યું જે, દુર્ગનિવાસી સિંહરાજાને જીવતો પકડીને મહારી પાસે લઈ આવજો. સમુદ્રવિજયેં તે આજ્ઞા પ્રમાણ કરી, ભંભા વજાવી સેન્યા લેઈ સિંહ રાજા ઉપર ચડવા તૈયાર થયા. તેવારેં વસુદેવેં કહ્યું, હે મહારાજ! એ

બાપડા રાંક ઉપર તમારે શું ચડાઇ કરવી ? એને તો હુંજ પકડી લાવીશ. એમ કહી વસુદેવજી કંસની સાથે તિહાં સિંહ રાજા ઉપર લશકર લઇ ગયા. પછી ત્યાં લઘુલાઘવી કલાયેં કરી કંસે સિંહરાજાને ઝાલી વસુદેવને આણી દીધો. વસુદેવે આવીને સમુદ્રવિજય રાજાને હાથે દીધો સમુદ્રવિજયે તિહાંથી જરાસંઘને દઇ મોકલ્યો. તેણેં કરી જરાસંઘ સંતુષ્ટ થયો. વલી દૂતને મોકલી કહેવરાવ્યું જે મહારી જીવયશા નામા પુત્રી તથા વાંછિત એક દેશનું રાજ્ય, જેણેં એ દુષ્ટને પકડયો છે, તેને હું આપીશ. એવું દૂતના મુખથી સાંભલી સમુદ્રવિજય રાજાયેં નિમિત્તિયાને પૂછયું. તેવારેં નિમિત્તિયે કહ્યું કે, એ જીવયશા માવિત્ર તથા સ્વસુર બેહુના કુલની ક્ષય કરનારી છે. તેવારેં રાજા ચિંતાતુર થકો, વસુદેવજીને પૂછયું કે, એને તમે કેવી રીતેં પકડયો ? વસુદેવજીયેં કહ્યું, કંસેં પકડયો. રાજાયેં વિચાર્યું જે, એ વણિક માંહે એટલું બલ કયાંથી ? એમ ચિંતવી, શેઠને તેડાવ્યો. શેઠ પણ બીહીતો થકો પેટી અને નામાંકિત મુદ્રડી પ્રમુખ લઈ રાજા પાસેં આવી સર્વ વાત કહી. તે સાંભલી રાજા પ્રમુખ સર્વ હર્ષ પામ્યા અને જાણ્યું જે એતો ઉગ્રસેન રાજા અને ધારણી રાણીનો પુત્ર છે. પછી કંસને રાજગ્રહ નગરેં મોકલ્યો. તેને જરાસંઘ રાજાયેં પોતાની પુત્રી જીવયશા પરણાવી. અને સબલ સૈન્ય આપ્યું. તે લઇ કંસેં ઉગ્રસેન રાજાને જીવતો ઝાલી કાષ્ટપિંજરામાં નાખી, પોતેં મથુરા નગરીનો રાજ્ય કરવા માંડયું.

હવે વસુદેવકુંમરે પૂર્વભવેં સ્ત્રી વલ્લભ કર્મ ઉપાર્જ્યું છે તેની કથા કહે છે. પૂર્વલે ભવેં વસુદેવજીનો જીવ નંદીષેણ

નામે કુલ પુત્ર હતો. પરંતુ તે કાલો કુરૂપ કુદર્શની, બિલ્લાડાના જેવા નેત્ર, ગણેશની પેરેં મ્હોટું પેટ, હાથીના જેવા મ્હોટા દાંત, ઉંટના જેવા મ્હોટા હોઠ, વાનરના જેવા કાન, નાસિકા ચીપડી છે, ત્રિખૂણો કપાલ, એવો કુરૂપ હતો. અને ન્હાનપણામાં માતા પિતા મરણ પામ્યા તેવારેં પોતાના મામાને ઘેર કામ કરતો હતો. અનુક્રમેં મ્હોટો થયો તેવારેં કુરૂપ માટે કન્યા કોઇ આપે નહીં. લોક ઉશ્કેરે કે તાહારો મામો તાહારો સગપણ કેમ નથી કરતો ? તેને ઘેર તું કમાવે છે. એવી લોકની વાતો સાંભલી મનભંગ થયો, તેથી કામ કરે નહીં. મામાયેં કહ્યું મહારી આઠ પુત્રી છે તેમાં જે તુજને વાંછે તેને હું પરણાવું. તે વારેં નદીષેણે મામાની પુત્રઓને કહ્યું કે તમે કોઇ મને પરણશો ? તે સાંભલી સર્વ બોલી જે ફાંશી ખાઇ મરિયેં, વિષ ખાઈ મરીયેં તે કબૂલ, પણ તને પરણીયેં નહી. એમ સાંભલી વૈરાગ પામી ભાવ ચારિત્રિયો થકો સાધુઓનો વૈયાવચ્ચ કર્યા કરે. એમ પચ્ચાવન હજાર વર્ષ પર્યંત ભાવ ચારિત્ર પાલી અંત સમયે સ્ત્રીવલ્લભપણાનો નિયાણું કરી મરણ પામા દેવલોકે દેવતા થયો. તિહાંથી ચવીને વસુદેવ થયો છે. તે પૂર્વભવના અત્યુગ્ર તપના યોગેં કરી સ્ત્રી વલભ અત્યંત અદ્ભુત રૂપ સૌભાગ્યવંત થયો છે. તેને નગરમાં વિચરતો દેખી સ્ત્રી જન ઘૃતના ઘડા ઢલતા મૂકી પણ તેની પાછલ ફર્યા કરે. તે જોઇ મહાજન લોકે મલી સમુદ્રવિજયને વીનંતિ કરી કે વસુદેવજીને નગરમાંહે ફિરતાં નિવારો, નહીંતો અમોને શીખ આપો. તેવારેં રાજાયેં મહાજનને સમાધાન કરવા વસુદેવજીને કહ્યું કે, ભાઈ તુમે સિંહરાજા વશ કર્યો,

તેનો વૈર આપણા માથે છે, તેથી તમારે માહારી આજ્ઞા વિના નગરમાંહે ભમવું નહીં. તે સાંભલી વસુદેવજી ઘેરમાં બેઠા રહે છે. એકદા ઉષ્ણકાલને વિષે શિવાદેવી રાણીયેં બાવનાચંદન ઘશી કચોલું ભરી દાસીને હાથેં રાજાને મોકલ્યો. તે વચમાંહેજ વસુદેવજીયેં લઇ વિલેપન કીધો. તેવારેં દાસીયેં કહ્યું જે, તમારા એવાં લક્ષણ છે ત્યારેંજ બંદીખાને પડયા છો. તેવાત સાંભલી મનમાં અમર્ષ આણી વસુદેવ પરદેશે નીકલ્યો. કોઇ મૃતક મનુષ્ય ગામને બાહેર બાલી પત્ર લખ્યું જે વસુદેવ વન્હિસરણ થયા. તે વાત જાણી રાજા અત્યંત દુઃખ કરતા હવા. પછી નિમિત્તિઆયેં કહ્યું કે, વસુદેવ કુશલેં છે. તમોને શો વર્ષે મલશે. તે સાંભલી રાજાયેં શોક નિવાર્યો. શ્રી વસુદેવજી ઠામેં ઠામેં અનેક ઋદ્ધિ, વૃદ્ધિ સુખ સંપદા પામી બહોતેર હજાર રંભારૂપ સ્ત્રીના પાણિગ્રહણ કરી અનેક વિદ્યા શિખ્યા. છેલ્લે રોહણીના સ્વયંવરામંડપમાં વામણાનું રૂપ કરી રોહિણીને પરણ્યાં. તિહાં શોવર્ષે સર્વ ભાઇઓને મલ્યા. વલી પોલાસપુરેં દેવક રાજાની પુત્રી દેવકી પરણ્યા. સર્વ સ્ત્રી એકઠી કરી પછી વસુદેવજીને કંસ-રાજાયેં ઘણી મનોહાર કરી મથુરામાં પોતા પાસેં રાખ્યા. જેમ વસુદેવ અને કંસને પરસ્પરેં પ્રીતિ છે તેમ જીવયશા અને દેવકીને પણ પરમ સ્નેહ છે. એકદા જીવયશા છાકમાં પોતાના ખંધ ઉપર દેવકીજીને તેડીને ગર્વે કરી ક્રીડા કરે છે. એવામાં ઉગ્રસેન રાજાના એક કંસ બીજો નભસેન, ત્રીજો અઇમત્તો, એ ત્રણ પુત્ર હતા અને સત્યભામા તથા રાજી-મતી એ બે પુત્રીઓ છે, તેમાં જેવારેં ઉગ્રસેનને કંસેં પાંજ-

રામાં નાખ્યો, તેવારેં અઇમત્તો વૈરાગ્ય પામી દીક્ષાગ્રહણ કરતો હવો. હવે જીવયશા નાચે કુદે છે, એવામાં તે અઇમત્તો સાધુ પણ ગોચરીને અર્થેં ફરતો તિહાં આવ્યો. તેને જીવયશાથેં કહ્યું કે, હે દેવર ! આવો આવો, આપણે બે રમીયેં. એમ કહી તેને ગલે વલગી, અને દેવકીના પગ સાધુના મસ્તક ઉપરેં આણ્યા. તેવારેં ઋષિ બોલ્યા કે અરે ગર્વ શું કરે છે ? આ દેવકીનો સાતમો ગર્ભ તાહારા પતિને મારશે ? એમ કહી સાધુ ચાલ્યા ગયા. જીવયશાયેં તે વાત કંસને સંભલાવી. તે સાંભલી કંસ ચિંતાતુર થકો રાજસભાયેં બેઠો છે. તેને વસુદેવજીયેં ચિંતાનું કારણ પૂછ્યું. તેવારેં કંસ કપટથી બોલ્યો કેં જરાસંઘની પુત્રી તો વાંજણી છે, અને બીજી તો ન પરણાય. તો હવે પુત્ર વિના કેમ કરીયેં ? વસુદેવજી બોલ્યા–પોતાના કરણી વિના પુત્ર શું કરશે ? તેવારેં કંસ બોલ્યો–તમારે તો ઘણી સ્ત્રીઓ છે, તે ઘણા પુત્ર જણશે. માટે દેવકીજીના સાત ગર્ભ મુજને આપો. વસુદેવજીયેં પણ સાત ગર્ભ આપવા કબૂલ કર્યા. પછી વસુદેવ પાસેંથી બોલ લેઇ કંસ નિશ્ચિત થકો રાજ્ય કરે છે.

હવે એવા અવસરેં ભદ્દિલપુર નગરેં નાગ નામા શેઠની સુલસા ભાર્યા શુદ્ધ શ્રાવિકા છે, તેને અમૃતવચ્છા દોષ છે, તેથી તેણેં હરિણી ગમેષી દેવ આરાધ્યો. તેણે કહ્યું કે નિકાચિત કર્મ ટાલી ન શકું, પણ તમારા મનોરથ પૂર્ણ કરીશ. હવે સુલસા અને દેવકીયેં સમકાલેં ગર્ભધારણ અને પ્રસવ કર્યા. તિહાં અનુક્રમેં દેવકીજીયેં છ પુત્ર પ્રસવ્યા. તે દેવતાયેં લઇને સુલસાને આપ્યા અને સુલસાના મૃત બાલકો

દેવકી પાસેં મૂકયા. પછી સુલસાયેં કહ્યું કે મહારે છ પુત્ર સર્યું. હવે એના એને લખ લાભ થાઓ. પછી સાતમા ગર્ભની વેલાયેં દેવકીયેં સિંહ, સૂર્ય, અગ્નિ, ગજ, ધ્વજા, વિમાન, પદ્મ એ સાત સુપન દીઠાં. માતા પિતાને ઉત્સાહ થયો. જન્મ વેલાયેં કંસરાજાયેં દેવકીના ગ્રહ પાસેં ચારે દિશાયેં સુભટ રખવાલા રાખ્યા તેને નિદ્રા આવી. શ્રાવણ-વદિ આઠમેં અર્દ્ધરાત્રિના સમયેં પુત્ર જન્મ થયો. તત્કાલ તે બાલકને લેઇને વસુદેવ ચાલ્યા તેને માર્ગમાં ઉગ્રસેન-રાજાયેં કાષ્ટપાંજરામાંથી પૂછ્યું, એ કોણ છે ? વસુદેવેં કહ્યું, તમોને કાષ્ટપિંજરમધ્યેંથી બાહેર કાહાડાવશે તે છે. પછી વસુ-દેવ ગોકુલમાં જઇ નંદગોકુલા ઘરેં યશોદા ભાર્યા છે તેને જઇ તે બાલક આપ્યો, અને તેની પુત્રી લેઇ દેવકી પાસેં મૂકી. તે ચોકીદારેં જાગૃત થઇ લઇને કંસને આપી. કંસેં જાણ્યું એ મુજને શું મારશે ? એમ વિચારી છિન્નનાસિકા કરી શિલાયેં પછાડી, મૂકી દીધી. તે દિવસથી લૌકિકમાં એમ કહેવાણુંકે જે શિલાયેં આસ્ફાલી તે મરીને વીજલી થઇ, માટે કાંશે વીજલી પડે.

હવે શ્રીકૃષ્ણ નંદને ઘરેં વધતા મહોટા થયા. તેવારેં પાણીના ઘડા ઢોલે, દહીના ઘાલીયા ફોડે, તરતો માખણ છાશમાં બોલે, શાંઢના કાન જાલી લાવે, યશોદાનું કંચુઓ તાણે, સર્પને જાતો પકડે, અગ્નિમાં હાથ ઘાલે, કિવારેં હસીને માતા સામુ જૂવે, કેવારેં રીસાય, કેવારેં દહીં દુધના ઘડા ફોડે, એમ કરતાં જેવારેં શોલ વર્ષનું થયો તેવારે રોહિણી રાણીનો પુત્ર બલભદ્ર કૃષ્ણજીનો મહોટો ભાઇ તેને

વસુદેવે પ્રચ્છન્નપણે રખવાલો મૂક્યો છે, તેણે યશોદાને કહ્યું, આજ ઉષ્ણ પાણી કરજો. તે વાત યશોદાને વીસરી ગઇ. તે વારેં બલભદ્રજીયેં યશોદાને તિરસ્કાર કર્યો. તેવારેં કૃષ્ણજી બોલ્યા તમેં રાજકુમર છો તો ભલે છો પરંતુ મહારી માતાને દુર્વચનેં બોલાવશો નહીં. તદા બલભદ્ર કહેવા લાગા કે જે વાર પર્વને મિશે કરી દેવકી રાણી તમને જોવા આવે છે, તે તમારી માતા છે. અને રોહિણી માહારી માતા છે. વસુદેવ આપણો પિતા છે, આપણે બે ભાઈ છયેં. પણ કંસ રાજાના ભયથી પ્રચ્છન્નપણે તુજને રાખ્યો છે. એમ સાંભલી કૃષ્ણ બોલ્યો કે આપણે હવે અહીંઆં ન રહેવું. એવા અવસરે કંસરાજાયેં નૈમિત્તિકને પૂછ્યું જે, મહારો કોના હાથે મરણ થશે? તેણે કહ્યું કે જે કાલીનાગ નાથશે, અરિષ્ટનામા વૃષભ, કે ' નામા ઘોડો અને મેષનામા ગધેડાને હણશે, તથા પદ્મોત્તરનામા હસ્તી, ચાણુર અને મુષ્ઠિકનામા મલ્લને મારશે, તથા સારંગ ધનુષ ચઢાવશે તથા જેને સત્યભામા વરમાલા ઘાલશે, તેના હાથે તમારૂં મરણ થાશે. તે સાંભલી કંસે પોતાના વૈરીની ખબર કઢાવવા સારૂ વૃષભાદિક સર્વને વનમાં છુટા મૂક્યા, તેને શ્રીકૃષ્ણેં માર્યા. તેવારેં કંસે ધનુષ ચઢાવવાનો મહોત્સવ માંડયો. તે જોવા સારૂ કૃષ્ણ, બલભદ્ર, બે ભાઇ મથુરા ભણી ચાલ્યા. માર્ગમાં યમુના નદીના દ્રહ માંહે કાલીનાગ નાથ્યો. અનુક્રમેં સર્વદૃષ્ટાંત પૂર્ણ કર્યા. પછી કંસની સભામાંહે કૃષ્ણજીયેં સારંગ ધનુષ ચઢાવ્યું. સત્યભામાયેં વરમાલા ઘાલી. તે દેખી કંસ બોલ્યો, એ શ્યામ ગોવાલીયાને મારો. ઇત્યાદિ અહીંઆં ઘણો અવદાત છે, તે ગ્રંથ ગૌરવના

ભયથી નથી લખ્યો, છેવટ શ્રીકૃષ્ણે કંસની ચોટલી પકડી સિંહાસનથી નીચે નાખી પટકી માર્યો; અને કાષ્ટ પાંજરૂં ભાંગી ઉગ્રસેનને રાજ્ય પાટે થાપ્યો. જીવયશા જરાસંઘ પાસેં રૂદન કરતી ગઇ અને કહ્યું કે, યાદવના ગોવાલિયેં તમારો જામાતૃ માર્યો. તે સાંભલી જરાસંઘ લશ્કર લઇ ચઢયો. તેવારેં કાલકુમર, જરાસંઘનો પુત્ર બોલ્યો કે એ રામ કૃષ્ણ ગોવાલીયા જ્યાં હસે તિહાંથી હું હત પ્રહત કરીશ. એમ કહી પાંચશે કુમરને સાથેં લઇ ચઢયો. અહીંઆં મથુરાના સાત કુલકોડિ અને સોરીપુરના અગીઆર કુલકોડિ, યાદવ ઉચાલા ભરી સમુદ્ર વિજય રાજાદિ મલી કોષ્ટુક નિમિત્તિયાના વચનાનુસારેં પશ્ચિમ દિસિ સમુદ્ર ભણી જ્યાં સત્યભામા પુત્રનું જોડલું પ્રસવે તિહાં રહેવું, એનો નિશ્ચય કરી ચાલ્યા. એવા સમયમાં કાલ કુમર આવ્યો જાણી યાદવની ગોત્રદેવી વૃદ્ધ દોસીનું રૂપ કરી ઉચાલાંના ઉતારાને સ્થાનકે પાંચશે મહોટી બલતી ચયની રચના કરી, તેની સમીપે રૂદન કરવા લાગી. તે દેખી કાલકુમરેં પૂછયું, આ શું છે ? તે બોલી, તમારા ભયથી સર્વ યાદવ આ ચયમાં પ્રવેશ કરી પાતાલે પોહોતા. માટે હવે કોણ માહારી સેવા કરશે ? તેથી રૂદન કરૂં છું. તે સાંભલી કાલકુમરાદિ અહંકારે કરી તે યાદવોની ચયમાં યાદવોને મારવાને અર્થે અગ્નિમાં પ્રવેશ કરી બલી ભસ્મ થયા. જરાસંઘનું સૈન્ય રાજગૃહીયેં પાછો ગયો.

હવે યાદવ સમુદ્ર તીરેં આવ્યા. તિહાં સત્યભામાયેં જોડલે બે પુત્ર પ્રસવ્યા. તદા કૃષ્ણજીયેં અઠ્ઠમ કરી સુસ્થિતનામે લવણાધિપ દેવતા આરાધ્યો. તેણે કૌસ્તુભ નામા રત્ન

અને પાંચજન્ય શંખ ભેટણું આણ્યું. કૃષ્ણે રહેવાના સ્થાનક-ની યાચના કરી. તેવારેં ઈંદ્રના આદેશથી ધનદેં દ્વારિકા-નગરી વાસી. તે નવ યોજન પોહોલી, બાર યોજન લાંબી, તથા નવ ગજ ધરતી માંહે, નવ ગજ ઉંચો, બાર ગજ પોહોલો, રત્નમય કોશીસા સહિત, એવા સુવર્ણમય ગઢ સહિત, સાડા ત્રણ દિવસમાં વસાવી. સમુદ્ર માંહેથી પ્રગટ કરી આપી. તિહાં સમુદ્રવિજય રાજાયેં કૃષ્ણજીને ગાદિયેં બેસાડયા. અને સમુદ્ર વિજયરાજા દશેંદશાર સહુ પોતપોતાની રાજ ઋદ્ધિ ભોગવે છે. અનેક વ્યવહારિયા વસે છે, તે હવે દ્વારિકાનગરીની વાર્ત્તા પરદેશી રત્નકંબલના વ્યાપારીના મુખથી રાજગ્રહી નગરિયેં ગોખેં બેઠાં થકાં જીવયશાયેં સાંભલી, પોતાના પિતા પ્રત્યેં, સર્વ વાત કહી. જરાસંઘ પણ પોતાનું સૈન્ય લઇ યુદ્ધ કરવા ચાલ્યો. શ્રીકૃષ્ણ પણ યાદવોનું સબલ સૈન્ય લઈ સન્મુખ લડવા આવ્યો. તે પાડલા પંચાસરા ગ્રામની શીમે ચાર યોજનને આંતરે બેહુ સૈન્ય ઉતર્યાં. તિહાં નિત્ય યુદ્ધ થાતાં થકાં જરાસંઘ પ્રતિવાસુદેવે જરાવિદ્યા મૂકી. તેણેં કરી યાદ-વના સૈન્યમાં જરા વ્યાપી. તેવારેં શ્રીનેમિકુમરના વચન થકી શ્રીકૃષ્ણે ત્રણ ઉપવાસ કરી ધરણેંદ્રને આરાધ્યો. તિહાં શંખે-શ્વર પાર્શ્વનાથની પ્રતિમા પ્રગટી. તેના સ્નાત્રજલ છાંટવે કરી યાદવની જરા ટલી. પછી વિશેષેં યુદ્ધ કરતાં જરાસંઘ રાજાયેં ચક્ર મૂકયું. તે આવી કૃષ્ણજીને કરકમલેં બેઠો. કૃષ્ણજીયેં ફેરવી મૂકયું. તેણેં કરી જરાસંઘ મરણ પામ્યો. જયજયારવ શબ્દ પ્રગટયો. નવમો વાસુદેવ પ્રગટયો, એવી આકાશવાણી થઇ. કૃષ્ણજીયેં શંખ પૂર્યો. તે સ્થાનકેં નવું દેરાસર કરાવી શ્રી-

પાર્શ્વનાથની પ્રતિમા થાપી. તિહાં શંખેશ્વર નામા તીર્થ થયો. હવે શ્રીકૃષ્ણ દ્વારિકાનગરિયેં નિઃકંટક છપન્ન કુલકોડિ યાદવ સહિત રાજ્ય કરે છે, અને જીર્ણદુર્ગે બહોત્તેર કુલકોડિ યાદવ સહિત ઉગ્રસેન રાજા રાજ્ય કરે છે, પ્રદ્યુમ્નાદિક સાડા ત્રણ ક્રોડ કુમર, સમુદ્રવિજયાદિ દશ દસાર, બલભદ્રાદિ પાંચ મહોટા યોધાર, સંબ આદિ શોલહજાર, દુર્દંતકુમર, વીરશેં-નાદિક એકવીશ હજાર વીર, મહા સેનાદિક છપ્પન હજાર બલવંત દ્વારિકામાં વશે છે. એવા અવસરેં શ્રીસમુદ્રવિજય કુલ સણગાર, શિવાદેવી માત મલ્હાર, એક દુંડનેમિ બીજા દઢ-નેમિ ત્રીજા અતિનેમિ ચોથા અરિષ્ટનેમિ અને પાંચમાં રહ-નેમિ એ પાંચ કુમર માહેલા શ્રીઅરિષ્ટનેમિ કુમર તે લઘુવય સરખા સરખી જોડી મનતણે કોડિ ઘણા કુમરેં પરવર્યા લીલાયેં રમતા ભમતા શ્રીકૃષ્ણની આયુદ્ધ શાલાયેં આવ્યા. આયુદ્ધ જોવા લાગા, તેવારેં રક્ષપાલ બોલ્યો. તમે લઘુ બાલક છો, માટે અલગા રહો. એનો સ્પર્શ કરવો પણ દોહિલો છે, છોકરડે છાશ ન પીવાય, મહોટું કાર્ય તે મહો-ટાથીજ થાય, તે ન સાંભલતાં શ્રીઅરિષ્ટનેમિ કુમારેં પાંચ-જન્ય શંખ પૂર્યો, સારંગ ધનુષ ચઢાવ્યો, કોમોદકી યષ્ટિગદા તે તણખલાની પેરેં ઉપાડી નાખી, એ રીતેં શસ્ત્ર ગ્રહણ કર્યા ॥૫॥

**संखपूर्यो जब शामले रे, तब थयो त्रिभुवन कंप॥ सो० ॥**
**शांकित हरि मनडुं थयुं रे, नलहें किहांहिं जंप ॥ सो० ॥ ६ ॥**

અર્થઃ—હવેં જેવારેં શામલે એટલે અરિષ્ટનેમિ ભગ-વાને પાંચજન્ય સંખ પૂર્યો તેવારે ત્રણ ભુવન કંપ્યા, પર્વતના શ્રંગ ત્રૂટી ત્રૂટીને પડવા લાગાં, સમુદ્રજલ ઉચ્છલતા હવા,

હસ્તી તુરંગગાદિકના બંધન ત્રૂટી પડયાં. શ્રીકૃષ્ણ, બલભદ્ર, કંપતા હવા, ભયાકુલ થયા થકા ચિંતવવા લાગા, જે આ તે કોણ બલવંત છે? કે જેણે સર્વ પૃથવી ક્ષોભ પમાડી. એવી રીતેં તેમને કાંઇપણ જંપ ન આવ્યો, તેથી તરત તિહાં આવ્યા, અને પૂછા કરી. તેવારેં સર્વે બોલ્યા જે શ્રીઅરિષ્ટનેમિ કુમારનો એ બલ છે, તે સાંભલી ચમત્કાર પામ્યા ॥ ૬ ॥

**बलपरखीने हारिओ रे, जेम जूवारी दाय ॥ सो० ॥ अनुक्रमें गोपी मली करी रे, कीधा बहुला उपाय ॥सो०॥७॥**

અર્થ:—પછી શ્રીકૃષ્ણેં કહ્યું કે, હે ભાઇ! આપણે બલ પરીક્ષા કીજે તો વંછિત શીજે. તેવારેં નેમિકુમર બોલ્યા કે, જે ભૂમી લુંઠનાદિક બાહ્ય ખેલ કરવું, તે ઉત્તમ નરને યોગ્ય નહીં. માટે માહો માંહે એકેકની ભૂજા વાલીને બલ પરીક્ષા કરિયેં. તે વચન શ્રી કૃષ્ણેં પ્રમાણ કરી પોતાની ભૂજા લંબાવી ને કહ્યું કે, આ મહારી બાહ નમાડો. તેવારેં શ્રીનેમિકુમારે કમલનાલની પેરેં એક આંગુલીયેં શ્રીકૃષ્ણની બાહ નમાવી. પછી શ્રીનેમિકુમારેં બાંહ લંબાવી તિહાં કૃષ્ણ ઘણું બલ કરી વાનરની પેરેં વલગીને હીંચ્યા. તેવારે શ્રીનેમિકુમર બોલ્યા કે, હે કૃષ્ણજી! તમોને માતા દેવકીયેં પાલણે પોઢાડીને રમાડયા નહીં, તે માટે હવે હું તમને હીંચોલું. એમ કહીને શ્રીકૃષ્ણને હીચોલ્યા. જેમ જુગારી દાવ હારે, તેમ કૃષ્ણ હારી ગયા. એવું જોઇને બલભદ્રજી બોલ્યા કે, હે ભાઇ? ભ્રમરને ભારેં તરૂ શાખા નમે નહીં. એવી રીતેં વાસુદેવ બલભદ્રજી ચિંતાતુર થકા ચિંતવે છે કે એ પિતરાઈ ભાઈ સર્વરાજ્ય લઇ મૂકશે. કીડી તીતર ન્યાય કરશે. એટલામાં આકાશેં ગોત્રદેવીની વાણી થઈ

કે, અહો કૃષ્ણ વાસુદેવ તમે ચિંતા મ કરશો. એતો નેમિશ્વર ભગવાન બાલ બ્રહ્મચારી બાવીશમાં તીર્થંકર એનું અતુલી બલ છે, તથાપિ તમારો રાજ્ય લેશે નહીં. પરણ્યા વિનાજ દીક્ષા લેશે. એ વચન સાંભલી કૃષ્ણજી હર્ષ પામી પોતાને ઘરે પોહોતા ॥ ૭ ॥

વલી વચમા એક દિવસેં ઇંદ્ર મહારાજેં સભા મધ્યે શ્રીનેમિનાથનું બલ વખાણ્યું. તિહાં કોઈ મિથ્યાત્વી દેવતા પ્રશંસા અણ સદ્દહતો થકો શ્રીગિરનાર પર્વતમાં સુરંધરા નામેં નગર થાપિ મનુષ્ય રૂપે તિહાં રહ્યો થકો તે દેવ દ્વારિકામાં આવી નિત્ય પ્રત્યેં અનેક ઉપદ્રવ કરવા લાગો. તેવારેં અનેક રાજાઓને લઇ શ્રીકૃષ્ણ બલભદ્ર ચઢયા. તિહાં જઈ યુદ્ધ કરતાં હાર્યા, તે સર્વને પકડી દેવતા પોતાના નગરમાં લઈ ગયો. દ્વારિકામાં કોલાહલ થયો કે કૃષ્ણ, બલભદ્ર ગયા. હવે કેમ થાશેં ? તેવારેં સત્યભામા રૂકિમ પ્રમુખ નેમિકુમરને કહેવા લાગી કે, હે દેવર ! તમે અતુલબલ છતાં તમારા ભાઈને શત્રુ લઈ ગયા, તેની તમોને લાજ નથી ? તે સાંભલી એકાકી રથમાં બેસી શ્રીનેમિકુમાર તે સુરકૃત નગરને ચારે પાસેં રથ ફેરવ્યો તેથી ગઢ પડયો. તેવારેં દેવતાયેં સિંહ વિકુર્વ્યા તેને નેમિકુમારે ધનુષના ટંકારવથી નસાડયા. એમ અનેક પ્રકારના યુદ્ધ કરી દેવતાને પકડયો. કૃષ્ણ બલભદ્ર પ્રમુખને છોડાવી સાથે તેડી દ્વારિકાયેં આવ્યા. ઈંદ્રમહારાજેં આવી અરજ કરી દેવતાને છોડાવ્યો. એમ કરતા શ્રીનેમિકુમાર ત્રણશેં વર્ષના થયા, પરંતુ પરણ્યા નથી. એટલામાં વસંત માસ આવ્યો. તેવારે બત્રીશ હજાર રાણી સહિત શ્રીકૃષ્ણ વાસુદેવ શ્રીનેમિ-

કુમરને સાથે લઈ વસંત ક્રીડા કરવા વનમાં આવ્યા. પછી સત્યભામાદિક રાણીયોને નેમિ કુમરને વિવાહ મનાવવાનો સન્કારી કૃષ્ણ સ્થાનાંતરે રહ્યા. હવે તે અનેક સ્ત્રીઓ મલી થકી શ્રીનેમિકુમરને કેસર, ગુલાબ પ્રમુખ સુગંધ નીર છાંટે, ફૂલનો દડો હૃદયભણી નાખે, કટાક્ષ બાંણે વીંધે, કામચેષ્ટા પૂર્વક જલે છાંટે. એમ ઘણા પ્રકારે હાસ્ય કરીને કહેવા લાગી કે, હે દેવર! વિવાહ માનો અને એક સ્ત્રીતો પરણો. જો સ્ત્રીનું ભરણ, પોષણ તાહારાથી ન થાય, તો તાહારો ભાઇ બત્રીશ હજાર સ્ત્રીનો ભરણ પોષણ કરે છે, તેમ તાહારી એક સ્ત્રીનું પણ કરશે? તેની ચિંતા કરશો નહીં, પણ સ્ત્રી જરૂર પરણો. સ્ત્રી વિના પુરૂષ શોભે નહીં, કોઇ વિશ્વાસ ન કરે, કોઇ માને નહી, વલી અંગની સુશ્રૂષા કોણ કરે, પ્રાહુણા પ્રહીને કોણ સાચવે? તેમાટે પાણીગ્રહણ અંગીકાર કરો, મન માનતી કન્યા વરો, એ વિનતિ માનો, વધે જેમવાનો, નહીંતર પણ નહીં છુટો, જોર કરી જૂઠો, અમચે વશ આવ્યા આજ, બહેનની હવે કેહી લાજ? એ વચન સાંભલી નેમિશ્વર નીચું જોઈ રહ્યા, જે એ સ્ત્રીઓ સાથે શ્યો વચન વિચાર? એમ ચિંતિ હા ના કાંઇ ન કહી. તેવારેં નેમિકુમારને સ્ત્રીઓ કહે, માન્યો માન્યો વિવાહ, સહુને થયો ઉછાહ, શ્રીસમુદ્રવિજય રાજા શિવાદેવી રાણીને તિણીતાલ, આપે વધામણી ઉજમાલ ॥ હવે શ્રીકૃષ્ણ નરિંદ, મનને આણંદ, ઉગ્રસેનરાજાન, પાસેં બહુમાન, માગે રાજીમતિ કન્યા, સતિય શિરોમણી ધન્યા, ઉગ્રસેન પભણે સઘલે સાજ, ઈહાં આણો તે વરરાજ, તો દેઉં કન્યા તાસ, જગ વિસ્તરે જશ વાસ ॥ હવે સમુદ્રવિજય

રાજા, શિવાદેવી રાણી જ્યોતષિ કોષ્ટકના મુખથી શ્રાવણ સુદિ છઠ્ઠનું લગન જાણી, વાંટે વધામણી, તેડાવે સગાસણીજા ભણી, માંડે મોહોટો આડંબર, ધવલ મંગલ ગાયે ઘર ઘર, પોષે ભલ ભલે પકવાન, જુગતેં ચલાવે જાન ।। તદ્યથા ।। શોલ હજાર મુંકુટબદ્ધ છત્રાધિપતિ રાજાન, બેતાલીશ લાખ હસ્તી એરાવત સમાન ।। બેતાલીશ લાખ ઘોડા, સુવર્ણ સજોડા ।। બેતાલીશ લાખ રથ, શોભા પામતા પથ, અડતાલીશ કોડી પાયક, શત્રુદલ ઘાયક, નવ કોડી સામાન્ય તુરંગમ, એક એકથી અનોપમ ।। છન્નુ કોડિ ચિરાક દાર, બાવીશ કોડી છાગલીયાદાર ।। બાર કોડી વાજિત્ર વાજે, અંબર ગાજે, સાંબ કુમર પ્રમુખ શાઠ સહસ્ર દુર્દાંત કુમર તે પારસીક જાતિને ઘોડે ચઢયા, પ્રદ્યુમ્ન પ્રમુખ પંચોતેર સહસ્ર કુમર મહાધીર તે હયરેવા જાતિનેં અશ્વેં આરૂઢ થયા, અરિમર્દન પ્રમુખ પાંચ લાખ કુમર તે બોહોલી જાતિને અશ્વેં ચઢયા, વીર પ્રમુખ સાત લાખ કુમર તે પાણી પંથા જાતિને તુરંગેં ચઢયા, સાગરચંદ પ્રમુખ એકલાખ કુમર તે કંબોજા જાતિને અશ્વેં ચઢયા, અનાદૃષ્ટિ પ્રમુખ તેર લાખ કુમર રેવાધિરૂઢ થયા, પાલક પ્રમુખ સાત લાખ કુમર અષ્ટમંગલ જાતિને અશ્વેં ચઢયા, દંડનેમિ પ્રમુખ બાર લાખ કુમર રેમંગલી જાતિને અશ્વેં ચઢયા, રહનેમિ પ્રમુખ નવ લાખ કુમર ચંદ્રપ્રભા જાતિને અશ્વેં ચઢયા, મહાનેમિ પ્રમુખ પન્નર લાખ કુમર અગ્નિ પંથા જાતિને અશ્વેં ચઢયા, એવા યાદવકુમર, ભોગી ભમર, જેહના જાણીતા કુલ, ભાલાનુબલ, આગલથી ચાલે, થોડું બોલે, થોડું ઠાકુરને નમે, દર્શનીને નમે, પરનારી

સહોદર, વાચા અવિચલ, શરણાગત સાધાર, સૂરવીર દાતાર, ઝૂંઝાર રણાંગણ ધીર, રિપુઋદય હલ સીર, કસઓઇ ગરકાવ, કેશરીએ પાગે, લીધી એ વાગે, કાંધાલ, મૂછાલ, ભલભલા ભૂપાલ, આવે ઉમહ્યાં, પંથે વહ્યાં, વલી બે કોડી સેજવાલાં, ચોરાશી કોડી સ્ત્રીગીત ગાન કરે, છપ્પન્ન કોડી અલંબ દ્વજા, બાર કોડી ભાટ બિરૂદાવલી બોલે, બાર કોડી સુખાસન પાલખી, પન્નર લાખ ખચર દ્રવ્યે ભર્યા, ત્રણ લાખ શ્રીછત્ર, પન્નર લાખ રથ, ત્રણ કોડિ ચામર ઢલે, એંસી લાખ નીસાન વાજે, સત્તર લાખ ઢોલ વાજે, છન્નુ કોડી ભેરી વાજે, નવ લાખ માદલ વાજે, પીસ્તાલીશ કોડી છડી દાર, શાઠ કોડી સૂરહીયા વડવડા વહીયા મંત્રિશ્વર પ્રધાન, કહિયે કેતા અભિધાન, નવાણુ કોડી સામાન્ય વહિલ, થઇ ઇમ જાનની ચહિલ પહિલ, હવે વર રાજાને સર્વોષધિનીરે, કરાવ્યું સ્નાન ઉજુઆલ્યું વિશેષે વાન, માતાયેં ભાલસ્થલેં કીધો તિલક, અક્ષતનો પ્રતિ-ષ્ટયો ઉપર પદક, નવ કોડીનો મુકુટ, પચ્ચાશ કોડીનો નવગ્રહો, બારકોડીના બે કુંડલ, અડતાલીશ કોડીનું રત્નેંજડિત તિલક, પચ્ચીશ કોડીની મુદ્રિકા, પચ્ચીશ કોડીના અનેક રત્ન જડિત હાર, બે લાખ કોડીની રત્નજડિત શાંકલી, જનોઇની પેરે પહેરેં, પન્નર કોડીની ચંપકલિ દેવદત્ત અમુલિકપાગડી, પચ્ચીશ લાખ કોડીની કબાઈ, એકાણું કોડીના બે બહિરખાં, પીસ્તા-લીશ કોડીના બે બાજુબંધ, સત્તાવીશ લાખનો કણદોરો, પચ્ચીશ કોડીનો રત્નજડીત કણો, ત્રીશ કોડીની "વાણહી" (પગરખાં) છન્નુ કોડીનો અનેક રત્નજડિત શ્રીફલ રૂપ ફૂલ-દડો અમૂલક વસ્ત્ર પહેરાવી, સકલ સણગાર કરાવી, આંખ

આંજી, મુખમાંજી, સિરધાર્યો ખૂંપ, શોભે સુરૂપ, આણ્યો ગજરાજ, સુવર્ણ મયસાજ, મેઘાડંબર છત્ર, પ્રતિષ્ટયો પવિત્ર, ચઢયો વરરાજ, જાણે ઇંદ્રમહારાજ, કે મૂર્ત્તિવંતો કામરાજ, શોભા સમાજ, પસર્યો તૂર્ય મંગલિનિનાદ, ગદ ગહ્યો સ્ત્રી જનસાદ, આકાશે અનેક દેવ દેવાંગના, ઇંદ્ર ઇંદ્રાણી રંભા અપત્સરા આવે, મનને ભાવે, કિન્નરી ગીત ગાવે, સરસ્વતી વીણા વાયે, તૂંબર ગંધર્વ નાચે, સહુ મન સાચે, કૃષ્ણ બલિભદ્ર દશે દશાર ઉમાહે, જીર્ણ દુર્ગ ભણી જાન આવે, જેમ જયેષ્ટમાસ ઉદ્ધાન, સાજન જનને અધિકો માન, યાચક જનને દેતાં દાન, હુઓ ધવલ મંગલ ઉચ્ચાર, આવીઓ વર તોરણ બાર, જોયે જોવણહાર, ધનધનરાજીમતી નાર, જેણીયે વર લાધો શ્રીનેમિકુમાર.

હવે રાજિમતી ગવાક્ષમાં બેઠી થકી પ્રભુનુ રૂપ દેખી મોહ પામી ચંદ્રાનના, મૃગલોચના સખીસહિત વાર્ત્તા કરતાં સખીયે કહ્યું કે, એ વર સર્વગુણ સંપૂર્ણ છે, પણ એક અવગુણ જે શ્યામવર્ણ છે, વરતો ગોરો જોઈયે, રાજીમતી બોલી, એતો દૂધમાંહેથી પૂરા કાઢવા માંડયા, શ્યામવસ્તુ માંહે તો ઘણો ગુણ છે, ભમિ, ચિત્રાવેલી, અગર, કસ્તૂરી, મેઘ કીકી, કેશ, કશોટીનું, પાષાણ, મસી, રાત્રિ, ઇત્યાદિક વસ્તુ શ્યામ હોય તો ભલી તથા ધોલી વસ્તુ કપૂર છે, તેને મરી અંગારાશું મેલ છે, ચિત્રામે રેહણી શ્યામ હોય તો શોભે, વલી ગારતો લુણ, અસ્થિ, હિમ, સ્વેત કુષ્ટ, એ માંહે શું વખાણવા યોગ્ય છે, શ્યામ લવણે વરપ્રશંસ્ય દેખી લોચન અમી ભરાણી, હૃદયકમલ ઉલ્લસ્યાં, મનના મનોરથ રૂપ વેલી પ્રસરતિ હવી ૭

**राजिमतीने परणवा रे, तोरण आव्या जाम ॥ सोभा० ॥**
**पसुपोकार सुणी करे रे, पाछा वलीया ताम ॥ सोभा० ॥८॥**

**અર્થ**:—એવામાં રાજીમતીની જમણી આંખ ફૂરકી, તેવારેં જાણ્યું જે સર્વથા પ્રભુનો સંયોગ ન મિલે, સખી બેહુ ફૂત્કાર કર્યો, તેવારેં પ્રભુયેં પણ તોરણેં આવતાં થકાં માર્ગમાં ચતુષ્પદાદિક જીવેં ભર્યાં વાડા દીઠાં, તથા પંખીયેં ભરેલા પાંજરા દીઠાં, તથા ઘણા જલચર જીવ પાણી વિના ઉંચા ઉંચા કુદી રહ્યા છે, તથા થલચરમાં હરિણ, સાંબર, રોજ ગેટા, મેંડા, સસલા, પ્રમુખ અનેક જાતિના જીવ તથા ખેચરમાં કૂર્કૂટ, તીતર, મોર, સારસના જોડલા, રાજહંસ, કોયલ, બગલાં, સૂડા, ઈત્યાદિક જીવો એકઠા કર્યાં છે, તેની પોકાર સાંભલી, તથા એવામાં એક હરિણ અને હરિણલી કોટેં કોટ ભરાવી વિલાપ કરતાં પ્રભુને વિનતિ કરે છે કે, હે પ્રભુ! અમને કષ્ટમાંહેથી ઉગાર, અમે કાંઇ અપરાધ કીધો નથી, તૃણખલા મુખે દીયે છેયેં. હે અનાથ નાથ! પ્રભુ, રાખ રાખ. તેવારેં શ્રીનેમિકુમરે હસ્તિમાવતકને પૂછ્યું કે, એ જીવાયોની શેકારણે મલી છે? તેવારેં માવત બોલ્યો, તુમારા વિવાહ ગોરવ ભોજનાર્થેં મલી છે. તે સાંભલી પ્રભુ બોલ્યા, ધિક ધિક! એ વિવાહેં સર્યું. પ્રભુ દીન દયાલ સર્વ જીવાયોનીને છોડાવી હસ્તિ થકી ઉતરી રથેં બેસી પાછા વલ્યા. તેવારેં શ્રીસમુદ્રવિજય, રાજા શિવાદેવી રાણી, કૃષ્ણવાસુદેવ, અને બલિભદ્ર પ્રમુખ છપ્પન્નકુલકોડિ યાદવ આડા આવ્યા. પરંતુ પ્રભુ કોઈના વાર્યા વર્યા નહીં. ઘરેં આવી સંવચ્છરી દાન દેવા માંડયો. હાથી

વાઘે જાલ્યો ન જાય તિહાં જાયરે જાય યાદવ રાય. એવી વાર્ત્તા સાંભલી રાજીમતી ધરણી ઢલી. પછી ક્ષણ એકે સચેતન થઇ મુખ થકી બોલી કે, હૈ હૈ હે પ્રભુ ? તમેં હર્ષસ્થાનકેં એશ્યો વિષવાદ ઉપજાવ્યો ? એમ કહેતી હાર ત્રોડતી, વલય મોડતી, આભરણ ભાંજતી, વસ્ત્ર માંજતી, કિંકણી કલાપ છોડતી, મસ્તક ફોડતી, કુંતલકલાપ રોલતી, ભૂમિ લોટતી, સાંજન વાષ્યજલેં ભૂમિસીંચતી, સખીજન અપમાનતી, જેમ થોડા પાણીમાંહે માછલી ટલવલે તેમ વિકલથાતી, વિરહમાતી,: ક્ષણે રોવે, ક્ષણે જોવે, ક્ષણે આક્રંદ કરે, ક્ષણે નીસાસ ભરે, ક્ષણે મુંઝે, ક્ષણે બૂઝે, ક્ષણે ચુંજે, ક્ષણે ન સૂજે, વલી અનેક ઓલંભા પૂર્વક વચન કહે. હા યાદવકુલદિન કર, હા કરૂણા- સાગર, હે શરણાગતવચ્છલ, હું અબલાને એમ એકલી મૂકવી તુજને ન ઘટે. જો સર્વજગ જીવની દયા પાલો છો તો મુજ ઉપર કાં દયા ન આણો ? માટે અરે નિષ્ટુર હૈયા ! નિર્લજ્જ પ્રભુ મૂકી ગયા તો હવે તું શતખંડ કાં નથી થાતો ? હવે તું શ્યો લાહો લઇશ ? એવા રાજીમતીના વિલાપ સાંભલી સખી વર્ગ, સજ્જનવર્ગ, માતાપિતાદિક કહેવા લાગા કે એ નિસ્પૃહિ શું શ્યો રાગ કરવો ? હવે અન્ય ઉત્તમ વર વરો. તેવારેં રાજી- મતી બોલી, એ વચન સાંભલવા યોગ્ય નહિં. મહારે તો શ્રીનેમિનાથના ચરણનું શરણ છે, એ પ્રભુજીયેં મારો હાથ ન સાહ્યો, પણ હું એનો હાથ માથે મૂકાવીશ. એ પ્રભુને નામે હું સોભાગ્યવતી છું. એમ કહી રાજીમતી ભગવંત પાશે આવીને બોલી કે, હે મહારાજ ! તમે મને છોડી પણ હું નહીં છોડું. તેવારેં ભગવાન્ બોલ્યા કે, મને કેવલ નથી ઉપનો ત્યાં સુધી

તમેં ઘરેં બેઠાં થકાં ધર્મ પુણ્ય કરો. એવા પ્રભુના વચન સાંભલી રાજીમતી શીલ પાલતી પોતાને ઘરેં પુણ્ય કરતી વિચરે છે. હવે ભગવાન્ સંસાર થકી વિરક્ત થયા દેખી દીક્ષાનો અવસર જાણી સારસ્વત પ્રમુખ નવ લોકાંતિક દેવો આવીને વિનતિ કરવા લાગા કે, હે ? પ્રભુ આપ તરોને બીજાને તારો ॥ ૭॥

**कुमरपणे वर्ष त्रणशें रे, वसीया देइदान ॥ सोभा० ॥**
**श्रावणशुदि छट्ठिदिन्ने रे, सहस्स पुरुष शुं मान ॥सोभा०॥९॥**

અર્થ:—ત્રણશેં વર્ષ ભગવાન કુંમરપણે રહ્યા. પછી વરશી દાન આપીને ગોત્રને ધન આપ્યું. હવે વર્ષાઋતુનો પ્રથમ માસ બીજો પખવાડો શ્રાવણ શુદિ છઠના દિવસેં બે પહોર દિવસ ચડે થકે ઉત્તર કુરૂનામા પાલખીને વિષે બેસીને દેવ દાનવ મનુષ્યના સમૂહ પુઠેં વહતા થકા યાવત્ ઘણા આડંબરે દ્વારિકાનગરીના મધ્યવિચાલેં થઇ નિકલ્યા ॥૯॥

**छट्ठभक्त चित्ता रिरकेंरे, सहसावने लीए जोग ॥ सो० ॥**
**छद्मस्था चउपन्नदिनेंरे, लहे केवल संजोग ॥ सो० ॥ १० ॥**

અર્થ:—છઠ ભક્ત ચઉવિહાર કરે થકે ચિત્રાનક્ષત્રને વિષે ચંદ્રમાનો યોગ આવે થકે પ્રભુજી હજાર પુરૂષની સંઘાતે સાધુ થયા, દીક્ષા લીધી અણગારપણું પડિવજ્યું. યાવત્ સર્વ પરિગ્રહ રહિત થયા. એક દેવ દુષ્ય વસ્ત્ર લઇને ખંભે મૂક્યો. પછી ચોપન દિવસ સુધી કાયા વોસરાવી. દેવ સંબંધી તિર્યંચ સંબંધી મનુષ્ય સંબંધી અનુકૂલ પ્રતિકૂલ ઉપસર્ગ સહન કરતા પણ મેરૂની પરે અડગ રહ્યા થકાં

ગ્રામાનુગ્રામે વિહાર કરતાં થકાં દેહને વિદેહ કર્યા. વિના કર્મ છૂટે નહીં, માટે દેહને વિદેહ કરી ઘાતીકર્મ ખપાવીને કેવલજ્ઞાનનો સંયોગ પામ્યા. તે કહેછે ॥ ૧૦॥

**आसोज वदि अमावसी रे, छठ करी चउविहार ॥ सो० ॥**
**पछिम य में चित्ता रिरकेंरे, सहस्सावने गिरनार॥सो०॥११॥**

અર્થઃ—પચ્ચાવન્નમા દિવશની રાત્રિને વિચાલે અંતરાવર્ત્ત થયે થકે વર્ષાઋતુનો ત્રીજો માસ પાંચમો પખવાડો આશોજ વદિ અમાવાસ્યાના દિવસે પાછલા પહોરના સમયે ચઉવિહારા બે ઉપવાસ કરે છતે ગિરનારના અગ્રે સહસ્રામ્ર વનને વિષે આમ્લ વેતસ વૃક્ષને નીચે ચિત્રા નક્ષત્રે ચંદ્રમાનો યોગ આવે થકે શુકલધ્યાન ધ્યાવતા થકા જેહનો અંત નહીં એવો સર્વોત્તમ સુર્યસમાન અપ્રતિપાતિ કેવલજ્ઞાન અને કેવલદર્શનને પામતા હવા ॥ ૧૧ ॥

હવે સહસ્રામ્ર વને શ્રીનેમિનાથને કેવલજ્ઞાન ઉપનું. ઈંદ્રાદિકે આવી કેવલજ્ઞાન મહોત્સવ કર્યું. સમવસરણની રચના કરી. વનપાલકે શ્રીકૃષ્ણવાસુદેવ પ્રત્યે વધામણી કીધી. કૃષ્ણે વધામણીયાને શાઢી બાર ક્રોડ સુવર્ણ દીધું. પછી સર્વ ઋદ્ધિ પરિવાર લહીને કૃષ્ણ વાસુદેવાદિક પ્રભુને વાંદવા આવ્યા. રાજીમતી પણ આવી. તિહાં ધર્મ દેશના સાંભલી વરદત્તનામા રાજાયે બે હજાર રાજાઓ સાથે દીક્ષા લીધી. રહનેમિયે પણ દીક્ષા લીધી. તીર્થ સ્થાપના પ્રવર્ત્તિ. પછી રાજીમતિના સ્નેહનું કારણ કૃષ્ણ વાસુદેવે પુછયું. તેવારે પ્રભુયે ધનકુમર અને ધનવતીના ભવથી માંડીને નવ ભવના સંબંધ-

ની વાર્ત્તા કહી સંભલાવીને તિહાંથી વિહાર કર્યો. કૃષ્ણ વાસુદેવાદિક તથા રાજીમતી તે વૃત્તાંત સાંભલી દ્વારિકાયેં ગયા. પછી વલી એકદા શ્રીનેમિનાથ ગિરનારેં આવી સમોસર્યા, તેવારેં રાજીમતીયેં પણ દીક્ષા લીધી. પછી એકદા સમય ઘણી સાધ્વી સહિત રાજીમતી સાધવી શ્રીનેમનાથને વાંદવા ગિરનાર ભણી આવતાં માર્ગમાં મેઘવૃષ્ટિ થઇ. આંધી વાઉલિને યોગેં બીજી સર્વ સાધ્વી જૂદી જૂદી થઇ ગઈ. તેવારેં રાજીમતી સાધ્વીના વસ્ત્ર ભીના તેને શુકાવવા નિમિત્તે એક ગુફામાં પ્રવેશ કીધો. તિહાં રહનેમિ કાઉસ્સગ્ગેં રહ્યા છે તેને અણજાણતી વસ્ત્ર સુકાવ્યા. તિહાં રાજીમતીના શરીરની વીજલીના ચમત્કાર સરખી પ્રભા તેણે કરી અંધકાર ટલ્યો. તેનું રુપ દેખી રહનેમિનો ચિત્ત ચલાયમાન થયો. કામેં પીડયો થકો કહેવા લાગો કે, હે રાજીમતી ? હું રહનેમિ છું. આપણે બે જણ સ્વેચ્છાયેં વિષયસુખ ભોગવી ફરી દીક્ષા લઇશું. અકસ્માત્ એ વચન સાંભલી અંગોપાંગ સંવરી ધૈર્ય ધરીને રાજીમતિ કહેવા લાગી કે, સમુદ્રવિજય રાજાના પુત્રેં સર્વ સાવદ્ય વ્યાપાર મૂકીને સાધુપણું આદર્યું, તેણે મને વમી છે, માટે જે અગંધકૂલના સર્પ તિર્યંચ જાતિના હોય તેપણ વમેલી વસ્તુને ન વાંછે, તો તું શું તેથી પણ નીચ થાય છે, જે વમી વસ્તુને વાંછે છે? વમી વસ્તુને તો શ્વાનાદિક વાંછે છે. તેમાટે હે મહાનુભાવ ? એ પાપની આલોચના કરી સંયમનો ઉચ્ચાર કર. નહીંકાં દુર્ગતિમાં પડીશ. ઇત્યાદિક વચનરુપ અંકુશેં કરી હસ્તીની પેરેં રહનેમિને સ્થિર કીધો. પછી પાપ આલોચી સંયમને વિષે સ્થિર થઇ કેવલજ્ઞાન પામી

અનુક્રમેં મુક્તિનાં સુખ પામ્યા. રાજીમતી પણ ચારશેં વર્ષ ગૃહસ્થાવાસપણે રહીને દીક્ષા લીધી. પછી એક વર્ષ છદ્મસ્થ પણે રહી. અને પાંચશેં વર્ષ કેવલ પર્યાય પાલી, સર્વ નવશેં વર્ષનું આયુ ભોગવી, મોક્ષરુપ સ્ત્રીયેં રાજીમતિના ભર્ત્તારનું મન વશ કીધું માટે તે શોકને જોવા સારૂ રાજીમતી પણ ક્ષપક શ્રેણી સાધિ કર્મ નિવારી શ્રીનેમિનાથથી પહેલા મુક્તિયેં ગઈ ॥ ૧૧ ॥

**घणी अढारह थापिया रे, मुनिवर सहस्स अढार ॥ सो० ॥**
**सहस्स चालीशज साधवी रे, गुणमणि रयण भंडार ॥सो०॥१२॥**

**અર્થઃ**—શ્રીઅરિષ્ટનેમિ ભગવાનને અઢાર ગચ્છ અને અઢાર ગણધર થયા. વલી વરદત્ત આદે દેઈને અઢાર હજાર સાધુની સંપદા થઈ. તથા ગુણરુપ મણિરત્નના ભંડાર જેવી યક્ષણી પ્રમુખ ચાલીશ હજાર સાધ્વી સંપદા થઇ ॥ ૧૨ ॥

**एकलख गुणसत्तरी सहस्सा रे, श्रावक समव्रत धार ॥ सो० ॥**
**त्रण लरक सहस्स छत्रीश कही रे, श्राविकानो परिवार ॥सो०॥१३॥**

**અર્થ**:—વલી નંદીષેણ આદેં દેઈને એક લાખ ઓગણોતેર હજાર શ્રમણોપાસક વ્રતના ધરનાર શ્રાવકોની સંપદા થઈ. તથા મહાસુવ્રતા પ્રમુખ ત્રણ લાખને છત્રીશ હજાર શ્રાવિકાની સંપદા થઈ. ॥ ૧૩ ॥

**चारशें चउद पूरव धरा रे, ओहिनाणी दोढ हजार ॥ सो० ॥**
**वैक्रियलब्धि केवली रे, पनरसय पपिली सार ॥ सो० ॥ १४ ॥**

**અર્થ**:—વલી ચારશેં સાધુ ચૌદ પૂર્વધર તે જીન નહીં પણ જીનસરખા સર્વ અક્ષરાનુયોગના જાણની સંપદા થઇ. તથા પન્નરશેં સાધુ અવધિજ્ઞાનીની સંપદા થઇ. તથા પન્નરશેં સાધુ વૈક્રિયલબ્ધિના ધરનારની સંપદા થઇ. તથા પન્નરશેં કેવલજ્ઞાની કેવલીની સંપદા થઈ ॥૧૪॥

**सहस्स विपुलमति जाणीयें रे, आठशें वादी विचार ॥सो०॥ शोलसय साधु अणुत्तर गया रे, पन्नर सय सिद्धि सार॥सो०॥१५॥**

**અર્થ**:—તથા એક હજાર સાધુ વિપુલમતિના ધણી મનઃપર્યવ જ્ઞાનીની સંપદા થઇ, તથા આઠશેં વાદી સાધુઓની સંપદા થઇ, તથા શોલશેં સાધુ પાંચ અનુત્તર વિમાનેં પોહોતા, પંદરશેં સાધુ ભગવંત થકા સિદ્ધિ પામ્યા ॥ ૧૫ ॥

**त्रण सहस्स सिद्धि आर्यका रे, इम जिननो परिवार ॥ सो० ॥ राजीमती संयम ग्रहीरे, जिनहाथें लेइ शिव सार ॥सो०॥१६॥**

**અર્થ**:—તથા ત્રણ હજાર આર્યકા એટલે સાધવી ભગવંત થકાં મોક્ષેં ગઇ, સિદ્ધિ પામી. એ રીતેં શ્રીનેમીશ્વર ભગવાનનો પરિવાર જાણવો. અને રાજીમતી પણ પ્રભુના હાથે સંયમ ગ્રહણ કરી પ્રધાન મોક્ષ પ્રત્યેં પામી॥ ૧૬ ॥

**त्रणशें वरस घरे रह्या रे, सातशें व्रत पर्याय ॥ सोभा० ॥ सहस्स वरसनुं आउखुं रे, रेवतगिरि जिनराय ॥सोभा०॥१७॥**

**અર્થ**:—હવે શ્રીઅરિષ્ટનેમિ ભગવાન્ ત્રણશેં વર્ષ ગૃહસ્થાવાસેં કુમારાવસ્થાયેં રહ્યા. ચોપન્ન દિવસ છદ્મસ્થ પર્યાયેં દીક્ષા પાલી. અને ચોપન દિવસેં ઊણા સાતશેં વર્ષ

કેવલ પર્યાય પાલી. સર્વ મલી એક હજાર વર્ષનું પૂર્ણ આયુ ભોગવીને ગિરનાર પર્વતને વિષે ॥ ૧૭ ॥

**आषाढशुदि आठमि दिनें रे, चित्रा रिख मध्य रात्रि ॥सो०॥**
**पांचशें छत्रीश साधुशुं रे, मास भक्तें विख्यात ॥ सो० ॥ १८ ॥**

**અર્થ**:—ઉનાલાનો ચોથો માસ આઠમો પક્ષ આષાઢ શુદિ અષ્ટમિના દિવસની મધ્યરાત્રિયેં ચિત્રા નક્ષત્રેં ચંદ્રમાનો યોગ આવે થકે પ્રસિદ્ધપણે પાંચશેં ને છત્રીશ સાધુઓની સાથેં એક માસનું અનશન કીધે છતે ॥ ૧૮ ॥

**पर्यंकासनें शिव गया रे, पासथी अंतर मान ॥ सो० ॥**
**त्र्याशी सहस्सने सातशें रे, वर्ष पच्चासनुं मान ॥सो०॥१९॥**

**અર્થ**:—પદ્માસને બેઠા થકા કાલધર્મ પામ્યા, યાવત્ સર્વ દુઃખ થકી રહિત થયા. શ્રી પાર્શ્વનાથ ભગવાનથી ત્યાશી હજાર સાતશેંને પચ્ચાશ વર્ષ પૂર્વેં એ શ્રીનેમિનાથ ભગવાન્ થયા ॥ ૧૯ ॥ એટલે શ્રી અરિષ્ટનેમિ ભગવાન્ મોક્ષ પોહોતા પછી ચોરાશી હજાર નવશેં ને એંશી વર્ષે પુસ્તક વાંચના થઈ ॥

**पंच कल्याणक नेमनां रे, भांख्यां कल्प प्रमाण ॥ सो० ॥**
**ज्ञानविमल गुरु मुखथकी रे, विस्तरे सुणजो जाण ॥सो०॥२०॥**

**અર્થ**:—એ રીતેં શ્રીઅરિષ્ટનેમિ ભગવાનનાં પાંચ કલ્યાણક શ્રીકલ્પસૂત્રમાં કહ્યાં છે, તે પ્રમાણે અહીંઆં પણ ભાંખ્યા છે. જ્ઞાનવિમલ સૂરિ કહે છે કે, હે જાણ પુરૂષો ! મેં તો થોડો લખ્યું છે. અને વિસ્તારેં ગુરૂના મુખ થકી

સાંભલીને ધારજો. ઉદયસાગર કવિ ટબાના કર્ત્તાયેં સાતમાં વખાણમા શ્રીનેમીનાથના અધિકારનો ટબો પૂર્ણ કર્યો, એ ત્રીજા દિવસેં વાંચવાનું શ્રીપાર્શ્વનાથ તથા શ્રી નેમિનાથનો વખાણ સમાપ્ત ॥ ૨૦ ॥

॥ ढाल अगीआरमी ॥ नमोरे नमो श्रीशेत्रुंजा गिरिवर ॥ ए देशी ॥

सवि जिनना अवदात भणतां, वाधे ग्रंथ विस्तार रे ॥
तेह भणी सवि जिनना कहियें, आंतरानो अधिकार रे ॥१॥
सांभलजो श्रोता जिन वारु ॥ ए आंकणी ॥

અર્થ:--હવે સર્વ તીર્થંકરોના અવદાત એટલે વખાણ કહેતાં ગુણગ્રામ કહેતાં થકાં ગ્રંથનો વિસ્તાર વૃદ્ધિનેં પામે. તે કારણ ભણી અહીંઆં માત્ર સર્વ તીર્થંકરોના આંતરાનો અધિકારજ કહિયેં છૈયેં. વિશેષ વાર્ત્તા જોવાના અર્થી ભવ્ય જીવોયે પ્રત્યેક તીર્થંકરનાં ચરિત્ર પ્રમુખ ગ્રંથો જોઇને તીર્થંકરોના અવદાત જાણી લેવા. હે શ્રોતાજનો ! તમેં ભલી રીતેં સાંભલજો ॥ ૧ ॥

नेम थकी पांच लाखें वरसें, श्रीनमिजिनवर जाण रे ॥ षटलाखें
सुव्रत वली मल्लि, चोपन्न लाख वरिस प्रमाण रे ॥ सां० ॥२॥

અર્થ:—શ્રીઅરિષ્ટનેમિ થકી પૂર્વેં પાંચ લાખ વર્ષેં શ્રીનમિનાથ થયા. તે થકી પૂર્વેં છ લાખ વર્ષેં શ્રીમુનિસુવ્રત સ્વામી વીશમાં તીર્થંકર થયા. તેથકી પૂર્વેં ચોપન્ન લાખ વર્ષેં શ્રીમલ્લિનાથ તીર્થંકર થયા. એ પ્રમાણ જાણવું ॥૨॥

कोटि सहस्स वरसें अर जिनवर, कुंथुने आंतर जाणो रे ॥ एक
पल्योपमनो भाग चोथो, कोडी सहस्स वर्ष उणो रे ॥ सां० ॥३॥

અર્થઃ—શ્રીમલ્લિનાથ થકી પૂર્વે એક કોટી સહસ્ર વર્ષે શ્રી અરનાથ સ્વામી થયા. તે શ્રીઅરનાથ થકી પૂર્વે એક પલ્યોપમનો ચોથો ભાગ તે કોટી સહસ્ર વર્ષે ઊણો એટલે કાલેં સત્તરમા તીર્થંકર શ્રીકુંથુનાથ થયા ॥ ૩ ॥

**अर्द्ध पल्योपमें शांति जिनेसर, त्रण सागर गये धर्म रे ॥ पोण पल्योपमें उणो कहीयें, चार सागरें अनंत रे ॥ सा० ॥४॥**

અર્થઃ—શ્રીકુંનાથ થકી અર્દ્ધપલ્યોપમ પૂર્વે શ્રીશાંતિનાથ થયા. શ્રીશાંતિનાથ થકી પૂર્વે પોણા પલ્યોપમેં ઊણા ત્રણ સાગરોપમેં શ્રીધર્મનાથ પન્નરમાં તીર્થંકર થયા. શ્રીધર્મનાથ થકી ચાર સાગરોપમ પૂર્વે શ્રીઅનંતનાથ પ્રભુ થયા. ॥ ૪ ॥

**नव सागर श्रीविमल जिनेसर, त्रीश सागरें वासुपूज्य रे ॥ चोपन सागरें श्रीश्रेयांसह, जिनवर थया जग पूज्य रे ॥ सां० ॥ ५ ॥**

અર્થઃ—શ્રીઅનંતનાથ થકી નવ સાગરોપમ પૂર્વે શ્રીવિમલ જીનેશ્વર થયા. શ્રી વિમલજીન થકી ત્રીશ સાગરોપમ પૂર્વે શ્રીવાસુપૂજ્ય જીન થયા. શ્રીવાસુપૂજ્યથી ચોપન સાગરોપમ પૂર્વે શ્રીશ્રેયાંસ જીન જગત્ પૂજ્ય થયા ॥ ૫ ॥

**एक कोडी सागर गये शीतल, तेहमां एटलुं न्यून रे ॥ एक शत सागरने छाशठ लाखह, शोल सहस्स वर्ष न्यून रे ॥सां०॥६॥**

અર્થઃ—શ્રીશ્રેયાંસ જીનથકી એક કોડી સાગરોપમમાંહેથી એકશો સાગરોપમ અને ઉપર છાશઠ લાખ વર્ષમાં શોલ હજાર વર્ષ ઓચ્છા કરિયેં, તેવારેં પાંશઠ લાખને

ચોરાશી હજાર વર્ષ સહિત શો સાગરોપમ ન્યૂન કરીયેં, એટલો કાલ પૂર્વેં શ્રીશીતલનાથ નામા દશમા તીર્થંકર મોક્ષેં પહોતા છે ॥ ૬ ॥

**सुविधिनाथ नव कोडी सागर, नेवुं कोडी सागरें चंद रे ॥ श्रीसु-पास नव सय कोडी सागर, अंतर एह अमंद रे ॥ सां० ॥ ७ ॥**

અર્થ:—શ્રીશીતલનાથ થકી પૂર્વેં નવ કોડી સાગરોપમેં શ્રીસુવિધિનાથ થયા. શ્રીસુવધિનાથ થકી પૂર્વેં નેવું કોડી સાગરોપમેં શ્રીચંદ્રપ્રભ સ્વામી થયા. શ્રીચંદ્રપ્રભ થકી પૂર્વેં નવશો કોડી સાગરોપમેં શ્રી સુપાર્શ્વનાથ થયા. એ સર્વ મેલવતાં એક હજાર કોડી સાગરોપમનું અંતર અમંદ જાણવું ॥ ૭ ॥

**नव हजार कोडी सागरें जाणो, पद्मप्रभ जिनचंद रे ॥ नेवुं हजार कोडी सागर सुमति, नव लख कोडी अभिनंद रे ॥ सां० ॥८॥**

અર્થ:—શ્રીસુપાર્શ્વનાથ થકી પૂર્વેં નવ હજાર કોડી સાગરોપમેં શ્રીપદ્મપ્રભ તીર્થંકર સામાન્ય કેવલીનેં વિષે ચંદ્રમા સમાન થયા. શ્રીપદ્મપ્રભ થકી પૂર્વેં નેવું હજાર કોડી સાગરોપમેં શ્રીસુમતિનાથ થયા. શ્રીસુમતિનાથ થકી પૂર્વેં નવ લાખ કોડી સાગરોપમેં શ્રી અભિનંદન જિનેશ્વર થયા ॥૮॥

**दश लाख कोडी अंतर श्रीसंभव, त्रीश लाख सागर कोडी रे ॥ अजित थया तेहथी लख पंचाश, सागरें ऋषभने कोडी रे ॥सां०९**

અર્થ:—શ્રી અભિનંદન થકી પૂર્વેં દશ લાખ કોડી સાગરોપમને અંતરેં શ્રીસંભવજીન થયા. તથા શ્રી સંભ-વજીન થકી પૂર્વેં ત્રીશ લાખ કોડી સાગરોપમને આંતરેં

શ્રીઅજિતનાથ જીન થયા. અને શ્રી અજીતનાથ થકી પૂર્વે પચ્ચાશ લાખ કોડી સાગરોપમે શ્રી ઋષભદેવ ભગવાન્ થયા ॥ ૯ ॥

**ए निरवाणथी पश्चानुपूर्व्वी, अंतर केरुं मान रे ॥ चोवीश जिननां त्रेवीश अंतर इम, चोथा आरा प्रमाण रे ॥ सां० ॥१०॥**

અર્થ:—એ શ્રી મહાવીર પ્રભુના નિરવાણથકી લઈને પશ્ચાનુપૂર્વીયે ઉપરથી હેઠે ઉતરવાને ન્યાયે આંતરા કહ્યા. હવે એ ચોથા આરાનું પ્રમાણ તો એક કોડાકોડી સાગરોપમ છે. તે મધ્યેથી ॥ ૧૦ ॥

**सहस्स बेंतालीश वर्ष पचोत्तेर, साढा मास वली आठ रे ॥ एटले ऊणो चोथो आरो, त्रेवीश जिनने पाठ रे ॥ सां० ॥११॥**

અર્થ:—બેંતાલીશ હજાર પચ્ચોતેર વર્ષ ઉપર સાડા આઠ મહીના એટલા ઊણા કરીયે તેવારે ચોવીશમાં શ્રીમહાવીર સ્વામી જન્મ્યા અને તેથી આગલ ત્રેવીશ તીર્થંકર થયા, તેનો એ પાઠ જાણવો. એટલે બહોતેર વર્ષ શ્રીવીરભગવાનનું આયુષ્ય છે, અને વીર નિર્વાણ પછી ત્રણ વર્ષને સાડા આઠ મહિના ચોથો આરો શેષ રહ્યો હતો; તથા તેમાં વલી એકવીશ હજાર વર્ષનો પાંચમો આરો અને એકવીશ હજાર વર્ષનો છઠો આરો એ બે આરાનો કાલ મેલવતાં એક કોડાકોડી સાગરોપમ પૂર્ણ થાય ॥ ૧૧ ॥

**ज्ञानविमल गुरु मुखथी लहियें, सातमुं एह वखाण रे ॥ सवि-जिनवरनां चरित्र सुणंतां, दिन दिन कोड कल्याण रे ॥सां०१२॥**

અર્થ:—જ્ઞાને કરી વિમલ એટલે ઉજ્જવલ એવા ગુરૂના મુખ થકી એ સાતમું વખાણ શ્રીજ્ઞાનવિમલ સૂરિયે

જેવું સાંભલ્યું તેહવું કહ્યું. એ સર્વ ત્રીર્થંકરોના ચરિત્ર સાંભલતાં થકાં દિવસ દિવસને વિષે કોડ કલ્યાણ થાય ।। ઇતિ કલ્પ વ્યાખ્યાનાધિકારેં **સપ્તમ વ્યાખ્યાન સંપૂર્ણ** ।।૧૨।।૭।।

---

**।। અથ અષ્ટમ વ્યાખ્યાન પ્રારંભ: ।।**

॥ ढाल बारमी ॥ जीहो जाण्युं अवधि प्रयुंजीने ॥ ए देशी ॥

**जीहो पंच कल्याणक भाखीयें, जीहो ऋषभ तणा सुखदाय ॥**
**जीहो त्रीजा आराने छेहडे, जीहो सुखम दुखम कहेवाय ॥१॥**
**चतुर नर सुणियें सुत्र सूजाण ॥ ए आंकणी ॥**

**અર્થ:**—હવે ઋષભદેવના સુખના દેવાવાલા પાંચ કલ્યાણિક સવિસ્તર ભાંખીયેં છૈયેં. તે ત્રીજા આરાના છેહેડાને વિષે સુખમ દુખમ નામા આરો કહેવાય તેને વિષે પ્રભુના પાંચ કલ્યાણિક થયાં છે. હે ચતુર પુરૂષો! કલ્પસૂત્રની કથા સુજાણ થઈને શ્રવણ કરીયેં ।।૧।।

હવે અહીંઆં શ્રીઋષભદેવના તેર ભવ કહેવાને અર્થે પ્રથમ ગાથા કહે છે. “ ધણ ૧ મિહુણ ૨ સુર ૩ મહબલ ૪, લલિયંગો ૫ વયરજંઘ ૬ મિહુણેય ૭ ।। સોહમ્મ ૮ વિઘ ૯ અચ્ચુ ૧૦, ચક્કી ૧૧ સવ્વઠ ૧૨ ઉસભેય ૧૩ ।।૧।।”

**અર્થ:**—પહેલે ભવેં જંબુદ્વીપેં પચ્છિમ મહાવિદહને વિષે સુપ્રતિષ્ટિત નામા નગરેં પ્રીયંકર રાજા રાજ્ય કરે છે. ત્યાં ધનો સાર્થવાહ વસંતપુર નગરે જવા તૈયાર થયો તે સમય ધર્મઘોષ આચાર્ય પણ વસંતપુરે જવાને અર્થેં સથવારા સારૂ શેઠની આજ્ઞા માગી. શેઠેં કહ્યું, સુખેં મહારી સાથેં પધારો. પછી તે આચાર્ય સાથેં ચાલ્યા. એક દિવસેં

શેઠને આંબાનું ભેટણું આવ્યું. તે સાધુને આપવા માંડયું. સાધુયે સચિત્ત જાણી ન લીધું. ઘણા દિવસ વીત્યા પછી વર્ષાઋતુ આવી. સાર્થવાહ માર્ગમાં રહ્યા, અને ધર્મઘોષ સૂરિ પણ પાંચશે સાધુ સહિત માસખમણની તપસ્યા કરી ગુફામાં રહ્યા. એમ કરતાં ઘણા દિવસ થયા, તેવારે સંબલ ખુટી પડયો. સાધુ પણ પારણે વોહોરવા ગયા. શુદ્ધમાન આહાર ન મલ્યો. ત્યાં ચોથા માસખમણને પારણે સાર્થવાહને સાધુ યાદ આવ્યા, જે હું સાધુને સાથે લાવ્યો, પરંતુ કોઇ દિવસ આહાર પાણી વોહારાવ્યો નથી. પછી લાજતો થકો પ્રભાતે સાધુ પાસે આવી પોતાનો અપરાધ ખમાવી પોતાને દેહરે બોલાવી શુદ્ધમાન ઘૃતનું દાન દીધું. વ્યાપાર ધંધો કરી ફરી સુખે સમાધે સુપ્રતિષ્ઠિત નગરે આવ્યા, સમ્યકત્વ પામ્યા. શેવટ શુભ પરિણામે મરણ પામીને બીજે ભવે ઉત્તર કુરૂક્ષેત્રે યુગલિયા થયા. તિહાંથી મરણ પામી ત્રીજે ભવે સૌધર્મ દેવલોકે દેવતા થયા.

ચોથે ભવે પશ્ચિમ મહાવિદેહે મંગલાવતિ વિજયે શીતબલ રાજાની ચંદ્રકાંતા રાણીના મહાબલ નામા પુત્ર થયા. પરંતુ મહા વિષય લોલુપી ભોગ પુરંદર થયા. વિનયવતી પ્રમુખ ઘણી રાણીયો છે, તેમની સાથે વિષય સુખ ભોગવવામાં મગ્ન રહે છે. ધર્મની વાત ન જાણે, સર્વદા ગીત, ગાન, તાન, માન, અને નાટકને પ્રીયકારી જાણે છે. એમ માહામોહની નિદ્રામા કાલ ગમાવતાં એક દિવસ નાટકાદિક થાય છે, તે વખતે સ્વયંબુદ્ધ નામા પ્રધાને રાજાને પ્રતિબોધવા સારૂ એક ગાથા કહી. તે આવી રીતે

"સવ્વંવિ લવિયંગીઅં, સવ્વં નટ્ટંવિડંબણા ।।
સવ્વે આભરણા ભારા, સવ્વે કામાદુહાવહા ।।૧।।

એ ગાથા સાંભલી રાજા બોલ્યો કે, હે પ્રધાન ! તમેં વિના પ્રસ્તાવેં આ ગાથા કેમ કહી ?

" યત્રરાગસ્તત્રવૈરાગઃ કથં ?
યત્ર વૈરાગ સ્તત્ર સરાગઃ કથં ?
યત્ર શ્રીઅર્થઃ તત્ર આસિઅર્થ કથં ।।

માટે હે મંત્રી આ પ્રસ્તાવેં આ વાત શાકામની ? તેવારેં પ્રધાન બોલ્યો, મેં આ વાત પ્રસ્તાવેંજ કહી છે, તે આવી રીતેં કે, આજ મુજને ચારણશ્રમણમુની મલ્યા. તેમણેં કહ્યું કે, તમારા રાજાનું આયુષ્ય એક માસનું છે. એવી વાત સાંભલી રાજા ચમકયો. મરણ સમાન કોઇ ભય નથી. પછી મંત્રિને કહેવા લાગો કે, હું તો મોહનિદ્રામાં સુતો હતો, તેં સુતાને જગાવ્યો તો ખરો, પરંતુ આગ લાગીને કૂવો કેમ ખણાય ? તેમ હવે એક માસનું આયુ રહ્યું, તેમાં શું ધર્મ સાધન થાય ? તેવારેં પ્રધાને કહ્યું, તમેં વિષવાદ મ કરો. એક દિવસનું ચારિત્ર પણ દેવતાના સુખ આપે છે. એવું સાંભલી પુત્રને રાજ્ય આપી સાતક્ષેત્રેં ધન વાવરી અઠ્ઠાઈ મહોત્સવ કરી સુગુરૂ પાસેં ચારિત્ર લહી ચોત્રીશ દિવસ ચારિત્ર પાલી અંતે અનશન કરી કાલ કર્યો.

તિહાંથી પાંચમેં ભવેં ઇશાન દેવલોકેં પ્રભવ નામા વિમાનને વિષે લલિતાંગ નામા સામાનિક દેવતા થયો. તિહાં સ્વયંપ્રભ નામા દેવી સાથેં વિષય સુખ ભોગવતો વિચરે છે. પછી એક દિવસેં સ્વયંપ્રભ નામા દેવી તિહાંથી ચવી, તેના વિરહ થકી મૂર્છા પામ્યો, ઘણું રૂદન કરવા લાગો. તેવારેં

પૂર્વ ભવનો મંત્રી પણ દેવતા થયો છે તેણે પ્રતિબોધ્યો, તથાપિ શોક મટે નહીં. તે વારે મંત્રિ દેવતાયે કહ્યું, તમારી સ્ત્રી હું જાણું છું, તેને મેલવી આપવાનો હું ઉપાય કરીશ, તમેં શોક કરશો નહીં. હવે તે સ્ત્રીનો સંબંધ કહે છે. ધાતકી ખંડના મહાવિદેહ ક્ષેત્રે નંદ નામા ગ્રામને વિષે નાગિલ નામેં એક ગૃહસ્થ મહા દારિદ્રી છે. તેને નાગશ્રી સ્ત્રીયે પૂર્વે છ બેટી જણેલી છે. કહ્યું છે કે દારિદ્રીને છોડીયો ઘણી થાય. વલી પણ એ સાતમી બેટી નાગિલને થઇ. તેવારેં શેઠ શેઠાણી બેહુ દુઃખ ધરવા લાગા. અને નાગિલ દુઃખેં પીડાતો પરદેશ ગયો. પછવાડે કુટુંબીઆએ તે પુત્રીનું નામ પાડયું નહીં. અનામિકા કહી બોલાવે. પછી લોકને ઘેર કામ કરીને પેટ ભરાઈ કરે. એક દિવસેં કોઈ ધનવંતના બાલકને મોદક ખાતાં દેખી અનામિકાયેં પણ પોતાની માતા પાસેંથી મોદક માગ્યા. તેવારેં માતાયેં કહ્યું, તાહારો પિતા મોદક લેવા ગયો છે, તે આવશે તારે આપીશ. ત્યાં સુધી એ અંતરતિલક નામા પર્વત થકી કાષ્ઠનો ભારો લાવે. પછી રૂદન કરતી ભારો લેવા ગઈ. તિહાં યુગંધર મુનિને કેવલજ્ઞાન ઉપનું છે, તેનો ઈંદ્ર મહારાજ મહોત્સવ કરે છે, તિહાં અનામિકા પણ નમસ્કાર કરી બેઠી ધર્મ દેશના સાંભલી કેવલીને પૂછયું કે, હું એવી દુઃખ અવસ્થા કેમ પામી? પ્રભુયેં કહ્યું, તેં પૂર્વે ધર્મ આરાધ્યો નથી. ધર્મના પ્રભાવેં દેવનાં સુખ પામીયેં. પછી અનામિકાયેં શ્રાવકનાં વ્રત આદર્યાં. ઉપાશ્રયેં બેડી શ્રાવકનો ધર્મ કરે. તેથી લોકોયેં ધર્મિણી એવું નામ દીધું. પછી છેવટેં અનશન કરી સુતી છે, તે સમયેં લલિતાંગને સ્વયંબુદ્ધ મંત્રિયેં

કહ્યું કે, તમે ત્યાં જઇ તમારો રૂપ એને દેખાડો, કે જેમ એ નિયાણો કરે. તે સાંભલી લલિતાંગે આવી રૂપ દેખાડયું. તે રૂપ દેખી અનામિકાયેં વ્યામોહ પામી નિયાણું કર્યું કે, મહારે તપસ્યાનું ફલ હોય તો એની સ્ત્રી હું થાઉં. પછી અનામિકા મરણ પામી સ્વયંપ્રભા દેવી થઈ. તેની સાથે લલિતાંગ દેવ સુખ ભોગવવા લાગો. તિહાંથી ચવીને છઠ્ઠે ભવેં જંબૂ દ્વીપે પૂર્વ મહાવિદેહેં પુષ્કલાવતિ વિજયેં લોહાર્ગલ નગરેં સુવર્ણ-જંઘ રાજાની લક્ષ્મીવતી રાણીનો વજ્રજંઘ નામા પુત્ર થયો. અને સ્વયંપ્રભા દેવી પણ તેહિજ વિજયેં પુંડરિક નગરિયેં વજ્રસેન નામા ચક્રવર્ત્તિની શ્રીમતિ નામા પુત્રી થઇ. તે યૌવન પામી થકી એક દિવસેં ચંદ્રોદય સભામાં બેઠી છે, તે સમય કોઇ સાધુને કેવલજ્ઞાન ઉપનું છે, તેને દેવતા વાંદવા આવે છે, તે દેખી એને પણ જાતિ-સ્મરણ જ્ઞાન ઉપનું. તેવારેં વિચાર્યું જે મહારો ભર્ત્તાર લલિતાંગ નામા દેવતાનો જીવ કિહાં ઉપન્યો હશે ? તે મલે, અને હું તેને પરણું તો સારૂં થાય. એમ વિચારી મૌન પણે રહી. માતા પિતાયેં અનેક ઉપચાર કર્યા પણ બોલે નહીં. તેવારેં ધાવી માતાયેં એકાંતેં વાત પૂછી. તેવારેં કુમરીયેં તેને એક કાગદ ઉપર ચિત્રામ કરી કુંવર આલેખી આપ્યો. ધાઇયેં તે ચિત્રપટ રાજાને દીધો. પછી એના પિતા વજ્રસેન ચક્રવર્ત્તીના વર્ષ મહોત્સવેં અનેક રાજપુત્રો આવ્યા, અને તે પણ તે દિવસેં ચિત્રપટ લઇ રાજ માર્ગે બેઠી. તે રાજાનિસરનસું ચિત્રપટ્ટને અણુહાર દેખતાં કુમર જાય છે, તેવારેં વજ્રજંઘ તે ચિત્રપટ્ટને દેખી જાતિસ્મરણ પામ્યો.

અને કહેવા લાગો કે આ ચિત્ર તો મહારી પૂર્વભવની સ્ત્રી સ્વયંપ્રભા નામેં દેવીનું ચિતરેલું છે, એ વાત ધાઈમાતાયેં શ્રીમતીને કહી. પછી શ્રીમતી તે વાત સાંભલીને વજ્રજંઘ કુંવરને પરણી, સુખેં સમાધેં રહે છે. એકદા સુવર્ણજંઘેં પોતાના વજ્રજંઘ પુત્રને રાજ્ય આપી પોતેં દીક્ષા લીધી. પછી વજ્રજંઘેં પણ શ્રીમતી રાણીયેં સહિત રાત્રેં સુતાં ચિંતવ્યું જે પ્રભાતેં પુત્રને રાજ્ય આપી દીક્ષા લેશું તે સમયેં પુત્રેં પણ રાજ્યને લોભેં શ્રીમતીસમેત રાજાને વિષ-પ્રયોગેં માર્યો.

તિહાંથી મરણ પામી સાતમે ભવેં રાજા રાણી બેહુ ઉત્તરકુરૂ ક્ષેત્રને વિષે યુગલીયાં થયાં. આઠમે ભવેં સૌધર્મ દેવલોકેં મિત્રપણે દેવતા થયા.

તિહાંથી ચવી નવમે ભવેં જંબૂદ્વીપેં મહાવિદેહ ક્ષેત્રેં ક્ષિતિપ્રતિષ્ઠિત નગરેં સુવિધિ નામા વૈદ્યનો આનંદ નામા પુત્ર થયો. તે દિવસેં તે નગરીયેં બીજા પણ ચાર જીવ પુત્રપણે અવતર્યા. એક પ્રસન્નચંદ્ર રાજાનો પુત્ર મહીધર જન્મ્યો. બીજો સુમાસિર નામા પ્રધાનનો પુત્ર સુબુદ્ધિ થયો. ત્રીજો ધનાશેઠનો પુત્ર ગુણાકર થયો. ચોથો સાગર નામા શેઠનો પુત્ર પૂર્ણભદ્ર થયો. હવે શ્રીમતીનો જીવ સૌધર્મ દેવલોકથી ચવીને ઈશ્વરદત્તનો પુત્ર કેશવ થયો. એ પાંચે આનંદના પરમ મિત્ર છે. એ છએ મિત્ર સાથેં મલી જમે, રમે, સુખેં કાલ નિર્ગમન કરે છે. એક દિવસેં આનંદને ઘેર કોઢીઓ સાધુ આવ્યો. તેવારેં પાંચે મિત્ર એકઠા થઇ ઋષિના વૈયા-વચ્ચ નિમિત્તેં ધન ભેલું કરી નગર શ્રેષ્ટીને ઘરે બાવના ચંદન

અને રત્નકંબલ વેચાતા લેવા ગયા. શ્રેષ્ઠીયેં વાત પૂછવાથી સાધુનું વૈયાવચ્ચ નિમિત્ત જાણી શેઠેં વિચાર્યું જે, બાલકને જુવો કેવી ધર્મ કરવાની ઇચ્છા ઉપની છે ? એવું ચિંતવી દ્રવ્ય લીધા વીના બાવના ચંદન અને રત્નકંબલ એ બેહુ વાનાં આપ્યાં. અનુક્રમેં શેઠ દીક્ષા લઇ મોક્ષેં પહોતા. પાંચ મિત્રેં તે ઋષિના કુષ્ટ રોગને તૈલાદિક અભ્યંગન પૂર્વક વૈયાવચ્ચ કરી ટાલ્યો. પછી છએ મિત્રેં સાધુ પાસેંથી દીક્ષા લીધી. ત્યાંથી કાલ કરી દશમે ભવેં બારમે દેવલોકેં દેવતા થયા. ત્યાંથી ચવીને-

-અગીઆરમેં ભવેં જંબૂદ્રીપેં મહાવિદેહ ક્ષેત્રેં પુષ્કલાવતી વિજયેં પુંડરિગિણિ નગરિગેં વજ્રસેન નામા તીર્થંકરના પાંચ પુત્ર અનુક્રમેં થયા. તિહાં આનંદ વૈદ્યનો જીવ વજ્રનાભ નામા ચક્રવર્ત્તી થયો. મહીધરનો જીવ બાહુ નામેં થયો. મંત્રિપુત્ર સુબાહુ થયો. શેઠપુત્ર ગુણાકરનો જીવ પીઠ નામેં થયો. સાગર સાર્થવાહનો પુત્ર પૂર્ણભદ્રનો જીવ મહાપીઠ નામા થયો. અને છઠો કેશવનો જીવ બીજા રાજાનો પુત્ર થયો, તે વજ્રનાભ નામા ચક્રવર્ત્તીનો સારથિ થયો. પછી વજ્રસેન પિતાયેં દીક્ષા લઇ કેવલ પામી તીર્થ પ્રવર્ત્તાવ્યુ. વજ્રનાભ ચારે ભાઇને સુખેં સમાધેં રાખે છે. એક દિવસેં વજ્રસેન તીર્થંકર સમોસર્યા. તેની દેશના સાંભલી વજ્રનાભેં પોતાના પુત્ર સુયશને રાજ્ય આપી ચાર ભાઇ તથા પાંચમા સારથિ સહિત છએ જણાયેં દીક્ષા લીધી. વજ્રનાભ રાજઋષીશ્વર તો દ્વાદશાંગી ભણ્યા. વીશ સ્થાનકનું તપ કરી તીર્થંકર ગોત્ર ઉપાર્જ્યું. અને બાહુ ઋષીશ્વર તો

નિત્ય પ્રત્યેં પાંચશેં સાધુને આહાર પાણી વોહોરીને આણી આપે. તથા સુબાહુ ૠષીશ્વર પાંચશેં સાધુનો વિનય વૈયાવચ્ચ વિશ્રામણ કરે. તથા પીઠ અને મહાપીઠ, એ બે સાધુ એકાંતે તપ કરે, સ્વાધ્યાય પાઠ કરે. પરંતુ ગુરૂ, બાહુ અને સુબાહુ એ બે ભાઈની પ્રશંસા કરે, તે સાંભલી પીઠ અને મહાપીઠને અપ્રીતિ ઉપની. તેથી અણુખ અદેખાઇ કરી. તેણેં કરી સ્ત્રી ગોત્ર બાંધ્યું. અનુક્રમેં તે પાંચે બારમે ભવેં સર્વાર્થ સિદ્ધિ નામા અનુત્તર વિમાનેં દેવતા થયા. તિહાંથી ચવીને તેરમે ભવેં આનંદનો જીવ ઋષભદેવ સ્વામી થયા. બાહુ ભરત થયો. સુબાહુ બાહુબલ થયો. પીઢ બ્રાહ્મી થઇ. મહાપીઢ સુંદરી થઇ. એ પાંચે જીવ અનુક્રમેં મુક્તિ જાશે ॥ઇતિ ઋષભ ભવઃ॥

**जीहो चुलसी लख पूरव वली, जीहो वर्ष त्रणने अड मास॥ जीहो एक पख उपर थाकते, जीहो कुलघर घर थया वास॥च०॥**

અર્થઃ—હવે પૂર્વોક્ત આરાને છેહેડે ચોરાશી લાખ પૂર્વ ઉપર ત્રણ વર્ષને સાડા આઠ મહીના થાકતે કુલધરના ઘરને વિષે વાસ થયો ॥ ૨ ॥

**जीहो वदि चोथें आषाढनी, जीहो जंबूभरत मझार॥ जीहो सर्वारथथी आविया, जीहो नाभिनृपति शणगार॥ च० ॥३॥**

અર્થઃ—આષાઢ વદિ ચોથની રાત્રેં સર્વાર્થ સિદ્ધિનામા વિમાનેં તેત્રીશ સાગરોપમાયુ પૂર્ણ ભોગવી દેવતાનો ભવ છોડી, દેવતાનું સુખ છોડી, આંતરે રહિત ચવીને

એહીજ જંબૂ દ્વીપના ભરત ક્ષેત્રને વિષે ઈક્ષ્વાગ દેશમાંહે રાજાઓમાં મુકુટમણિ શણગાર તુલ્ય એવા નાભિનામા કુલધર-॥ ૩ ॥

**जीहो मरुदेवी कुखें उपना, जीहो उत्तराषाढें चंद ॥ जीहो मध्य-रयणी तिहुं नाणशुं, जीहो देखे चउद सुपन ॥ च० ॥ ४ ॥**

**અર્થ:**—તેની મરૂદેવી નામા ભાર્યાની કુખેં ઉત્તરાષાઢા નામા નક્ષત્રેં ચંદ્રમાનો યોગ આવે થકે મધ્યરાત્રિને વિષે ત્રણ જ્ઞાનેં સહિત થકા પ્રભુ આવીને ઉપના. તે વખત મરૂદેવી માતાયેં ચૌદ સુપન દીઠાં. તે અધિકાર સર્વ શ્રી. મહાવીરની પેરેં જાણવો. પણ એટલું વિશેષ જે ત્રેવીશ તીર્થંકરની માતાયેં પ્રથમ સ્વપ્નેં હસ્તી દીઠો, અને મરૂદેવીયેં પ્રથમ સ્વપ્નેં વૃષભ દીઠો ॥ ૪ ॥

**जीहो नाभि अर्थ आपं कहे, जीहो अथवा भांखे इंद्र ॥ जीहो सुपनपाठक नथी ते समे, जीहो उचित करे सबि इंद्र ॥च०॥५॥**

**અર્થ:**—હવે તે સમયેં સુપનપાઠક નથી તેથી નાભિકુલધર પોતેંજ મરૂદેવ્યાને તે સુપનોના અર્થ કહે, અથવા ઈંદ્રમહારાજ આવીને સુપનના અર્થ ભાંખે. એ રીતેં 'સર્વ ઉચિત ઈંદ્ર મહારાજ કરે. મરૂદેવીને ઘણો હર્ષ ઉપનો. તેનો અધિકાર સર્વ શત્રુંજય મહાત્મ્ય ગ્રંથથકી જાણવો ॥ ૫ ॥

**जीहो चैत्र बहुल आठम दिनें, जीहो उत्तराषाढाने योग ॥ जीहो जन्म्या जिन तव आविया, जीहो सकल सुरासुर लोग ॥च०६**

અર્થ:—હવે ચૈત્ર વદિ આઠમને દિવસેં સંપૂર્ણ નવ મહીનાને સાડાસાત દિવસ ઉપર અતિક્રમે હુંતે ઉત્તરાષાઢા નક્ષત્રેં ચંદ્રમાનો યોગ આવે થકે આરોગ્યપણે શ્રીમરૂદેવ્યાયેં પુત્ર જન્મ્યો. તેવારેં છપ્પન્ન દિગ્ કુમારિકા તથા સમસ્ત સુર અસુર દેવોએં મલી જન્મ મહોત્સવ કર્યો. તેનો અધિકાર સર્વ શ્રીવીરની પેરેં અહીંઆં પણ જાણી લેવો ॥ ૬ ॥

**जीहो प्रथम वृषभ दीठा भणीं, जीहो अथवा वृषभनुं रे अंक ॥**
**जीहो वृषभ नाम तिहां थापिउं, जीहो वंश इख्वाग मयंक ॥च०७**

અર્થ:—હવે મરૂદેવી માતાયેં પ્રથમ સુપને વૃષભ દીઠો. અથવા પ્રભુને વૃષભનું અંક એટલે ચિન્હ હતું માટે તિહાં ઋષભ દેવ એવું નામ થાપ્યું. હવે પ્રભુનો વંશ ઈંદ્ર મહારાજેં ઇક્ષ્વાંગ થાપ્યો. તેનો સંબંધ સંક્ષેપથી કહે છે.

શ્રીઋષભ દેવનું દેવતાથી પણ અધિક રુપ છે. સર્વોત્કૃષ્ટ ગુણેં કરી બિરાજમાન છે. અનેક દેવદેવાંગનાયેં પરવર્યા થકા વિચારે છે. અંગુઠે દેવેં સંચારિત અમૃતનો આહાર કરે છે. એમ સર્વ તીર્થંકર બાલપણે અમૃત રસભોજી હોય તથા બાલપણું મૂકયા પછી અગ્નિપકવ ભોજન કરે. અને શ્રી ઋષભ દેવ તો દીક્ષા લીધી ત્યાં સુધી ઉત્તર કુરૂથી આણેલા કલ્પવૃક્ષના ફલનો આહાર કરતા હવા. હવે પ્રભુ કાંઇએક ઊણા એક વર્ષના થયા તેવારેં ઈંદ્ર, વંશસ્થાપના કરવા નિમિત્તં શેરડીનો શાંઠો લેઇ આવ્યો. તે દેખી ઋષભ કુમરેં શેરડી લેવા હાથ પસાર્યો. ઈંદ્રેં શેરડીનો શાંઠો આપી પ્રભુને શેરડી મીઠી માટે ઇક્ષ્વાકુ એવું વંશનું નામ થાપી ઈંદ્ર સ્વસ્થાનકેં ગયા.

હવે કોઇ એક યુગલિયા પોતાના યુગલબાલ તાલવૃક્ષ નીચેં મૂકીને સ્થાનાંતરેં ગયાં. પછવાડેથી તાલવૃક્ષનું ફલ યુગલિયાના મસ્તકેં પડવાથી તે યુગલમાંહિથી પુરૂષ મરણ પામ્યો. એમ ત્રીજે આરે અકાલ મરણ થયું. પછી કન્યાને એકલી વનમાંહેથી યુગલીયેં લાવીને નાભિરાજાને સ્વાધિન કરી. તેવારેં નાભિરાજાયેં કહ્યું કે, સુનંદાની સાથેં એ સુમંગલા પણ ઋષભની સ્ત્રી થાશે. પ્રભુ પણ સુનંદા તથા સુમંગલા સાથેં વૃદ્ધિવંત થાતા યૌવન વય પામ્યા ॥ ૭ ॥

**जीहो विवाहादिक सवि करे, जीहो इंद्र इंद्राणी आय ॥ जीहो नयर बिनिता वासिओ, जीहो देखी विनय गुण ठाय ॥च०॥८**

**અર્થ:**—તેવારેં પ્રથમ તીર્થંકરનું વિવાહાંદિક કાર્ય સર્વ ઇંદ્ર મહારાજ કરે. એવી સ્થિતિ જાણીને વરનું કાર્ય ઈંદ્રેં કીધું અને કન્યાનું કાર્ય ઇંદ્રાણીયેં કીધું. તે દિવસેં પાણિગ્રહણ વિધિ પ્રગટ કરી મહોત્સવ પૂર્વક વિવાહ પ્રવર્ત્યો ॥ હવે પ્રભુ પ્રથમ રાજા થયા તેનો અધિકાર કહે છે.

કાલાનુભાવેં વધતાં વધતાં કષાયનેં ઉદયેં યુગલીયા પરસ્પરેં કલેશ કરતા હવા. તેણેં કરી ત્રીજા આરાને પ્રાંતેં સાત કુલધરના વારાથકી દંડનીતિ પ્રવર્ત્તી. તિહાં પ્રથમ વિમલવાહન અને ચક્ષુષ્મંત એ બે કુલધરને વારેં હકાર રુપ દંડનીતિ થઇ. પછી યશસ્વી અને અભિચંદ્ર એ બે કુલધરને વારેં અલ્પ અપરાધેં હકાર દંડનીતિ અને મહોટે અપરાધેં મકાર દંડનીતિ થઇ. તથા પ્રસન્નજિત, મરૂદેવ અને

નાભિ, એ ત્રણ કુલધરને વારેં જઘન્ય અપરાધેં હકાર અને મધ્યમ અપરાધેં મકાર તથા ઉત્કૃષ્ટ અપરાધેં ધિઃક્કાર, એ રુપ ત્રણ દંડ નીતિ થઇ. એકદા તે નીતિ લોપી આહાર અલ્પ મલવે કરીને માંહોમાંહે કલેશ કરતે યુગલીયેં નાભિ-કુલધરને કહ્યું. તે અવસરેં નાભિયેં કહ્યું ઋષભ સમજાવશે. ઋષભેં કહ્યું મહારા પિતા નાભિ સમજાવશે. તેવા અવસરેં નાભિરાજા ભવ પૂર્ણ કરી નાગકુમારમાંહે દેવતાપણે ઉપના. માતા મરૂદેવી વિદ્યમાન છે. અહીંઆં પણ એ જોડી વિખં-ડાણી દેખીને તે અવસરેં ઇંદ્રેં આવી યુગલિયા પ્રત્યેં કહ્યું, તમારો ઋષભ રાજા કરિયેં. માટે તમે રાજ્યાભિષેક નિમિત્તેં પાણી લાવો. તે પાણી લેવા ગયા તેવારેં ઇંદ્ર પ્રભુને રાજ્યાભિષેક કરી વસ્ત્રાભરણાદિકેં કરી વિભૂષિત કીધા. યુગલીયા કમલપત્રેં નીર આણી પ્રભુને દેખી વિસ્મિત થકા ચિંતવવા લાગા કે, એ પ્રભુનું સર્વ શરીર પૂજનીય છે, તેમાટે અંગુઠેજ અભિષેક કરિયેં. એમ વિચારીને અંગુઠેજ અભિષેક કર્યો. એવા વિનયગુણ વાલા યુગલિયાને દેખી ઇંદ્ર હર્ષિત થયો થકો કહેવા લાગો જે અહીં વિનિતા નગરી વસાવીને પ્રભુને રાજા થાપવા.

હવે ઇંદ્રની આજ્ઞાયેં ધનદ નામા લોકપાલેં બાર યોજન વિસ્તીર્ણ, નવ યોજન પોહોલી એવી વિનિતા નગરી વસાવી. તિહાં હસ્તી, અશ્વ, ગાય, ભેંશ, બલદ પ્રમુખના સંગ્રહ કર્યા. સર્વ રાજ્યસ્થિતિ પ્રવર્ત્તાવી ॥ ૮ ॥

**जीहो राजा प्रथम ए जाणीयें, जीहो जुगलिक नर अभिषेक ॥**
**जीहो करतां जाणी आविया, जीहो हरि दाखे विवेक ॥च०॥९**

અર્થ:—એ પ્રભુને પ્રથમ રાજા જાણવા. તેને યુગલિક મનુષ્ય અભિષેક કરતા જાણીને ઇંદ્ર મહારાજે આવી સર્વ અભિષેકનો વિધિ વિવેક દેખાડયો ॥ ૯ ॥

**जीहो ब्राह्मी भरत सुमंगला, जीहो प्रसवे युगल समेत ॥ जीहो सुंदरी बाहुबल जणे, जीहो सुनंदा शुभ चेत ॥ च० ॥ १० ॥**

અર્થ:—હવે બે સ્ત્રીઓ સાથે વિષયસુખ ભોગવતાં છ લાખ પૂર્વવર્ષના પ્રભુ થયા. તેવારે સુમંગલાયે ભરતપુત્ર અને બ્રાહ્મી પુત્રી, એ બેહુનું યુગલ પ્રસવ્યું અને સુનંદાયે બાહુબલિ પુત્ર અને સુંદરીનામા પુત્રી એ બેહુનું યુગલ પ્રસવ્યું ॥ ૧૦ ॥

**जीहो वली सुमंगलाने थया, जीहो युगल ओगण पंचाश ॥ जीहो शत बेटा दोय बेटडी, जीहो शत विज्ञान प्रकाश ॥ च० ॥ ११ ॥**

અર્થ:—પછી વલી અનુક્રમે અનુક્રમે સુમંગલાયે બીજા ઓગણપચ્ચાશ પુત્રનાં યુગલ પ્રસવ્યાં. એ રીતે બધા મલીને શ્રીઋષભજીને શો પુત્ર થયા અને બે પુત્રી થઇ. તથા કુંભકારાદિકનાં એક શો વિજ્ઞાન પ્રકાશ્યાં.

હવે કલ્પદ્રુમના અભાવે ઇક્ષ્વાકુવંશી શેરડીનું ભોજન કરે અને શેષ મનુષ્ય અનેક પત્ર, ફલ, ફૂલ, બીજનો આહાર કરે. અપકવશાલિ પ્રમુખ ઔષધિ આહાર જરે નહીં તેવારે ભગવંતને વચને હસ્તપુટે તાંદૂલ ભીંજવી ભોજન કરવા માંડયું. પરંતુ તે પણ જરે નહીં. એવામાં વૃક્ષ વૃક્ષને માંહો માંહે ઘસાવવે કરી પ્રથમ નવો અગ્નિ ઉપનો. તે બલતો દેખી યુગલિયાં આવી કહેવા લાગાં કે હે પ્રભો! રક્ત વર્ણે પિશાચ

ઉપનો છે તે બાલે છે? પછી ભગવંતે અવધિ જ્ઞાનેં નવો અગ્નિ ઉપનો જાણી કહ્યું કે, તમેં એને યોગેં શાલિ પ્રમુખ ઔષધિ પકવ કરી ભોજન કરજો તો પચશે. પછી તે અજાણતાં અગ્નિમાંહે અન્ન મૂકી અગ્નિ પાસેંથી પાછું માંગવા લાગા! પણ સર્વ બલી ભસ્મ થયું દેખી ભગવંતને કહેવા લાગા કે, એ અગ્નિરૂપ દુષ્ટ વેતાલ, સર્વ પોતેંજ ખાઇ જાય છે, અમને પાછું આપતો નથી! પ્રભુયેં કહ્યું, એને શિક્ષા દેશું. પછી હાથીના કુંભ સ્થલ ઉપર યુગલિયા પાસેંથી મૃતિકા અણાવી પોતાને હાથેં પાત્રકલા અને પાકવિધિ સર્વને શીખવ્યો. તેવારેં પ્રથમ કુંભકારનું કર્મ પ્રગટ્યું. પછી લોહારનું કામ, વણકરનું કામ, નાઇનું કામ, ચિત્રકરનું કામ, એ પાંચ કર્મના પ્રત્યેકેં વીશ વીશ વિજ્ઞાન પ્રવર્ત્યાં, સર્વ મલી શો વિજ્ઞાન થયાં.

હવે અહીંઆં શો પુત્રનાં નામ કહિયે છયેં. ૧ ભરત, ૨ બાહુબલ, ૩ શંખ, ૪ વિશ્વકર્મા, ૫ વિમલ, ૬ સુલક્ષણ, ૭ અમલ, ૮ ચિત્રાંગ, ૯ ખ્યાનકીર્ત્તિ, ૧૦ વરદત્ત, ૧૧ સાગર, ૧૨ યશોધર, ૧૩ અમર, ૧૪ રથવર, ૧૫ કામદેવ, ૧૬ ધ્રુવ, ૧૭ વચ્છ, ૧૮ નંદ, ૧૯ સૂર, ૨૦ સુનંદ, ૨૧ કુરૂ, ૨૨ અંગ, ૨૩ વંગ, ૨૪ કોશલ, ૨૫ કીર, ૨૬ કલિંગ, ૨૭ માગધ, ૨૮ વિદેહ, ૨૯ સંગમ, ૩૦ દશાર્ણ, ૩૧ ગંભીર, ૩૨ વસુવર્ણ, ૩૩ સુવર્મ્મા, ૩૪ રાષ્ધ, ૩૫ સુરાદ્ર, ૩૬ બુદ્ધિકર, ૩૭ વિવિધકર, ૩૮ સુયશા, ૩૯ યશોકર, ૪૦ કીર્ત્તિકર, ૪૧ સૂરણ, ૪૨ બ્રહ્મસેન, ૪૩ વિક્રાંત, ૪૪ નરોત્તમ, ૪૫, પુરૂષોત્તમ, ૪૬ ચિત્રસેન, ૪૬ મહાસેન, ૪૮ નભસેન, ૪૯ ભાનુ, ૫૦ શુકાંત, ૫૧ પુષ્ફસૂત, ૫૨ શ્રીધર, ૫૩ દુર્દ્ધર્ષ,

૫૪ સુસુમાર, ૫૫ દુર્જય, ૫૬ અજેમાન, ૫૭ સુધર્મ્મા, ૫૮ ધર્મસેન, ૫૯ આનંદન, ૬૦ આનંદ, ૬૧ નંદ, ૬૨ અપરાજિત, ૬૩ વિશ્વસેન, ૬૪ હરિષેણ, ૬૫ જય, ૬૬ વિજય, ૬૭ વિજયંત, ૬૮ પ્રભાકર, ૬૯ અરિદમન, ૭૦ માન, ૭૧ મહાબાહુ, ૭૨ દીર્ઘબાહુ, ૭૩ મેઘ, ૭૪ સુઘોષ, ૭૫ વિશ્વ, ૭૬ વરાહ, ૭૭ સુસેન, ૭૮ સેનાપતિ, ૭૯ કપિલ, ૮૦ શૈલચારિ, ૮૧ અરિંજય, ૮૨ કુંજરબલ, ૮૩ જયદેવ, ૮૪ નાગદત્ત, ૮૫ કાશ્યપ, ૮૬ બલ, ૮૭ વીર, ૮૮ શુભમતિ, ૮૯ સુમતિ, ૯૦ પદ્મનાભ, ૯૧ સુજાત, ૯૨ સિંહ, ૯૩ સંજય, ૯૪ સુનાભ, ૯૫ નરદેવ, ૯૬ ચિત્તહર, ૯૭ સુરવર, ૯૮ દ્રઢરથ, ૯૯ પ્રભંજન, ૧૦૦ અંગદેવ, એ શો પુત્રનાં નામ કેટલેક ગ્રંથે નામાંતર પણે છે ॥ ૧૧ ॥

**जीहो बहुंत्तेर पुरुष तणी कला, जीहो नारी कला चोशठ॥जीहो लीपी अढारे शोहामणी, जीहो कुल चउ थापे उक्किट्ठ॥च०॥१२**

અર્થઃ—પુરૂષની બહુંત્તેર કલા, સ્ત્રીની ચોશઠ કલા, તથા અઢાર જાતિની શોહામણી લિપિ અને ઉગ્રકુલ, ભોગકુલ, રાજ્યકુલ તથા ક્ષત્રિયકુલ, એ ઉત્કૃષ્ટ ચાર કુલ, પ્રભુયેં થાપ્યાં. હવે કલા, ગુણ અને શિલ્પ એ ત્રણ વિસ્તારી કહે છે.

તિહાં પ્રથમ પુરૂષની બહોંત્તેર કલા શીખવી તેનાં નામ કહે છે. ૧ લિખિત ૨ ગણિત ૩ ગીત ૪ નૃત્ય ૫ વાદ્ય ૬ પઠન ૭ શિક્ષા ૮ જ્યોતિષ ૯ છંદ ૧૦ અલંકૃત ૧૧ વ્યાકરણ ૧૨ નિર્યુક્તિ ૧૩ કાવ્ય ૧૪ કાત્યાયન ૧૫ નિઘંટ (નામમાલા) ૧૬ ગજારોહણ ૧૭ તુરંગારોહણ ૧૮ તપો-

શિક્ષા ૧૯ શસ્ત્રાભ્યાસ ૨૦ રસ ૨૧ મંત્ર ૨૨ યંત્ર ૨૩ વિષ ૨૪ ખત્ય ૨૫ ગંધવાદ ૨૬ પ્રાકૃત ૨૭ સંસ્કૃત ૨૮ પૈશાચિકી ૨૯ અપભ્રંશભાષા ૩૦ સ્મૃતિ ૩૧ પુરાણુ ૩૨ વિધિ ૩૩ સિદ્ધાંત ૩૪ તર્કવિચાર ૩૫ વૈદ્યક ૩૬ વેદ ૩૭ આગમ ૩૮ સંહિતા ૩૯ ઈતિહાસ ૪૦ સામુદ્રિક ૪૧ વિજ્ઞાન ૪૨ આર્યકવિદ્યા ૪૩ રસાયન ૪૪ કપટ ૪૫ વિદ્યાનુવાદ ૪૬ દર્શન ૪૭ સંસ્કાર ૪૮ ધૂર્ત્ત ૪૯ મણિકર્મ ૫૦ તરૂચિકિત્સા ૫૧ ખેચરીકલા ૫૨ અમરીકલા ૫૩ ઇંદ્રજાલ ૫૪ પાતાલસિદ્ધિ ૫૫ યંત્રકરસવતી ૫૬ સર્વકરણી ૫૭ પ્રાસાદલક્ષણુ ૫૮ પણુ (હાટ) ૫૯ ચિત્રકર્મ ૬૦ લેપકર્મ ૬૧ ચર્મકર્મ ૬૨ પત્રછેદ ૬૩ નખછેદ ૬૪ વાહનપરીક્ષા ૬૫ વશીકરણુ ૬૬ કાષ્ટ ઘટન ૬૭ દેશભાષા ૬૮ ગારૂડ ૬૯ યોગાંગ ૭૦ ધાતુકર્મ ૭૧ કેલિવિધિ ૭૨ શકુનરૂત, એ બહોંત્તેર કલા પુરૂષની. એ શિવાય બીજી પણુ અનેક કલા પુરૂષની છે, તે ગ્રંથાંતરથી જાણુવી તથા કેટલી એક પ્રતોમાં એ કલાઓના નામાંતર પણુ ઘણુા પ્રકારેં છે.

હવે સ્ત્રીની ચોસઠ કલા ભગવાનેં શીખવી, તેનાં નામ કહે છે. ૧ નૃત્ય ૨ ઉચિત ૩ ચિત્ર ૪ વાજિત્ર ૫ મંત્ર ૬ તંત્ર ૭ ઘનવૃષ્ટિ ૮ ફલાવૃષ્ટિ ૯ સંસ્કૃતજલ્પન ૧૦ ક્રિયાકલ્પ ૧૧ જ્ઞાન ૧૨ વિજ્ઞાન ૧૩ દંભ ૧૪ અંબુસ્તંભ ૧૫ ગીતગાન ૧૬ તાલમાન ૧૭ આકારગોપન ૧૮ આરામરોપન ૧૯ કાવ્યશક્તિ ૨૦ વક્રોક્તિ ૨૧ નરલક્ષણુ ૨૨ ગજપરીક્ષા ૨૩ હયપરીક્ષા ૨૪ વાસ્તુશુદ્ધિ લઘુબુદ્ધિ ૨૫ શકુનવિચાર ૨૬ ધર્માચાર ૨૭ અંજનયોગ ૨૮ ચૂર્ણયોગ ૨૯ ગૃહિધર્મ ૩૦

સુપ્રસાદનકર્મ ૩૧ કનકસિદ્ધિ ૩૨ વણિકા વૃદ્ધિ ૩૩ વાક્પાટવ ૩૪ કરલાઘવ ૩૫ લલિતચરણ ૩૬ તૈલસુરભીકરણ ૩૭ ભૃત્યોપચાર ૩૮ ગેહાચાર ૩૯ વ્યાકરણ ૪૦ પરનિરાકરણ ૪૧ વીણાનાદ ૪૨ વિતંડાવાદ ૪૩ અંકસ્થિતિ ૪૪ જનાચાર ૪૫ કુંભભ્રમ ૪૬ રત્નમણિ ભેદ ૪૮ લિપિપરિચ્છેદ ૪૯ વૈદ્યક્રિયા ૫૦ કામવિકરણ ૫૧ રંધન ૫૨ કેશબંધન ૫૩ શાલિખંડન ૫૪ મુખમંડન ૫૫ કથાકથન ૫૬ કુસુમ ગ્રંથન ૫૭ વરવેષ ૫૮ સર્વ ભાષાવિશેષ ૫૯ વાણિજ્ય ૬૦ ભોજ્ય ૬૧ અભિધાન પરિજ્ઞાન ૬૨ આભરણ યથાસ્થાનવિધિ પરિધાન ૬૩ અંત્યાક્ષરિકા ૬૪ પ્રશ્નપ્રહેલિકા. ઇતિ ચોસઠ કલા તથા એ ચોસઠ કલાના ગ્રંથાંતરે નામાંતર પણ ઘણા છે.

હવે શ્રી ઋષભદેવ સ્વામીયેં પોતાની બ્રાહ્મી પુત્રીને અઢાર પ્રકારની લિપિ શીખવી તેનાં નામ કહે છે. ૧ હંસલિપિ ૨ ભૂતલિપિ ૩ યક્ષલિપિ ૪ રાક્ષસલિપિ ૫ ઉડિલિપિ ૬ યાવનીલિપિ ૭ તુરકીલિપિ ૮ કીરીલિપિ ૯ દ્રાવડીલિપિ ૧૦ સૈંધવીલિપિ ૧૧ માલવીલિપિ ૧૨ નડીલિપિ ૧૩ નાગલિલિપિ ૧૪ લાટિલિપિ ૧૫ પારસીલિપિ ૧૬ અનિમિત્તિલિપિ ૧૭ વાણિક્કીલિપિ ૧૮ મૂલદેવિલિપિ. એ અઢારલિપિનાં નામ જાણવાં. ઇતિ પ્રથમ રાજ્યાધિકાર સંક્ષેપાર્થઃ એ રાજ્યની લીલામાંહે રાજ્યાવસ્થાપણે વસતાં થકાં લખવું આદેં દઇને ગણિતેં કરી પ્રધાન કલા તથા એક શો વિજ્ઞાન કૃષિવાણિજ્યાદિક કર્મ શીલ્પ એમ કલાગુણ અને શીલ્પ એ ત્રણ પ્રજાના હિતને અર્થેં ઉપદેશ્યાં તથા ઉગ્રકુલ, ભોગકુલ, રાજ્યકુલ અને ક્ષત્રિયકુલ એ ચાર કુલ થાપ્યાં ॥ ૧૨ ॥

जीहो वीश लख पूरव कुंवरमां, जीहो त्रेशठ पूरव राज ॥
जीहो देश दीए सवि पुत्रने, जीहो भरत विनिता राज ॥च०॥१३

અર્થઃ—હવે ભગવાને વીશ લાખ પૂર્વ પર્યંત કુમાર અવસ્થા ભોગવી, ત્રેસઠ લાખ પૂર્વ લગે રાજ્યઋદ્ધિ ભોગવી, પછી સંસાર અસાર જાણી એક નમિ અને બીજો વિનમિ, એ બે પરદેશ ગયા હતા, તે વિના બીજા સર્વ પુત્રોને દેશ વેહેંચી આપ્યા. તેમાં ભરત મ્હોટો ભાઈ છે, તેને વિનિતા નગરીનું રાજ્ય આપ્યું. બીજા શો પુત્રને શો દેશ આપ્યા. તે માંહેલા કેટલાએક દેશનાં નામ કહે છે. ૧ અંગ, ૨ વંગ, ૩ કલિંગ. ૪ ગૌડ, ૫ ચૌડ, ૬ કર્ણાટક, ૭ લાટ, ૮ પાટ, ૯ સૌરાષ્ટ્ર, ૧૦ સૌવીર, ૧૧ કાશ્મીર, ૧૨ આભીર, ૧૩ ચીણ, ૧૪ મહાચીણ, ૧૫ ગુજર્જર, ૧૬ બંગાલ, ૧૭ શ્રીમાલ, ૧૮ નેપાલ, ૧૯ ડાહાલ, ૨૦ કોશલ, ૨૧ માલવ, ૨૨ સિંહલ, ૨૩ કુરૂ, ૨૪ જંગલ, ૨૫ મરૂસ્થલ. ઇત્યાદિ અનેક નામ દેશોનાં છે ॥ ૧૩ ॥

जीहो लोकांतिक सुर वयणथी, जीहो देइ वरशी दान ॥ जीहो
बेसी सुदंसना पालखी, जीहो चार सहस्स नर मान ॥च०॥१४

અર્થઃ—પછી દીક્ષા અવસર જાણી લોકાંતિક દેવોયેં આવી વિનતિ કરી કે, હે ભગવન્! સંસારથી તમેં તરો. તેમનાં વચન સાંભલી પ્રભુયેં વરશીદાન દેઇ ગોત્રીયાને ધન આપીને સર્વ પરિગ્રહ ત્યાગી સુદંસના નામા પાલખી ઉપર બેસીને ઉગ્રકુલના, ભોગકુલના, રાજ્યકુલના અને ક્ષત્રિયકુલના એવા કચ્છ, મહાકચ્છ પ્રમુખ ચાર હજાર રાજાઓ સાથે

દીક્ષા લેવાને ભગવાન્ ઉજમાલ થયા. અહીં વિશેષ અધિકાર સર્વ શ્રીવીરની રીતેં જાણવો. ॥ ૧૪ ॥

**जीहो चैत्र बहुल आठम दिनें, जींहो छठ तप उत्तराषाढ ॥ जीहो चउ मुठी लोचन करे, जीहो परिसह सहे अगाढ ॥ च० ॥ १५ ॥**

**અર્થ:**—ઉન્હાલાનો પ્રથમ માસ, પહેલો પખવાડીઉં, એટલે ચૈત્ર વદિ આઠમના દિવસના પાછલા પહોરેં ચૌવિહારા છઠ તપ સહિત ઉત્તરાષાઢા નક્ષત્રને યોગેં ચંદ્રમા આવે થકે દેવતા, મનુષ્ય, અસુરના પરિવારેં પરવર્યા થકા વિનિતા નગરીના મધ્યભાગથી નિકલીને જીહાં સિદ્ધાર્થ નામા ઉદ્યાન છે, તિહાં અશોકવન વાડીમાં અશોક વૃક્ષની નીચેં પાલખી રાખીને તેમાંથી પોતેં ઉતરીને ચાર મુષ્ટિ લોચ કર્યો. બીજા તીર્થંકર પાંચ મુષ્ટિ લોચ કરે અને ઋષભ પ્રભુયેં ચાર મુષ્ટિ લોચ કર્યો. તેનું કારણ એ છે કે પ્રભુયેં ચાર મુષ્ટિ લોચ કર્યા પછી પાંચમી મુઠીના કેશ પછવાડે રહ્યા, એટલામાં પવન વાહ્યો તેથી શીખા ફરકી, તે જોઈ ઈંદ્ર મહારાજાયેં ભગવાનને વિનતિ કરી કે, સ્વામી! શિખા ઘણું શોભે છે. તેમાટે રહે તો સારૂં ? પછી શિખા રાખી. તે પદ્મદ્રહ સિંધુનદીવત્ શોભાકારી છે, તેને લોકભાષાયેં અલ્લાચોટલી પણ કહે છે. પછી ઈંદ્રે એક દેવદુષ્ય વસ્ત્ર વામ ખંધેં થાપ્યું, તે લેઇ મુંડ થયા. ગૃહસ્થાશ્રમથી નીકલીને સાધુપણું આદર્યું. પછી ભગવંતેં તિહાંથી વિહાર કર્યો. ઘોર અભિગ્રહ ધારી થકા ગ્રામાનુગ્રામેં વિહાર કરતાં આકરા પરિસહ સહન કરતા વિચરે છે. પરંતુ તે વખતમાં પાત્ર

દાનાદિ વિધિને વિષે સર્વ લોક મૂઢ છે. ભિક્ષાનો વ્યવહાર કોઈ જાણતા નથી, અને ભિક્ષા કોઇ માગતો પણ નથી. તેણે કરી જીહાં જાય તિહાં કોઇ અન્ન આપે નહીં. તેથી ચાર હજાર સાધુ ભૂખ તૃષાયેં પીડયા થકા પ્રભુને આહારનો ઉપાય પૂછવા લાગા, પણ ભગવંત બોલ્યા નહીં. તેવારેં કચ્છ, મહાકચ્છને પૂછયું તે પણ બોલ્યા કે અમેં પણ કાંઇ નથી જાણતા. પછી સહુયેં વિચાર્યું જે, પૂર્વે ભગવંતને પણ ન પૂછ્યું. વલી હવે પાછું ઘરે પણ જાવું ઘટે નહીં, અને આહાર વિના પણ રહ્યું જાય નહીં, તેમાટે હવે આપણુને વનવાસ ભલો છે ? એમ વિચારી ગંગાતટેં પત્ર ફલાદિકના આહાર કરે, વૃક્ષની છાલ પહેરે. એ રીતેં તે ઋષભદેવનું ધ્યાન કરતાં જટિલ તાપસ થયા ॥ ૧૫ ॥

હવે ભગવંતે દીક્ષા લીધી, તેવારેં સર્વ પુત્રને રાજ્ય વેંચી આપ્યાં હતાં. પણ કચ્છ મહાકચ્છના પુત્ર નમિ વિનમિને પ્રભુજીયેં પાલિત પુત્ર કરી થાપ્યા હતા, તે તેવખતેં દેશાંતર ગયા હતા. જેવારેં ફરી આવ્યા, તેવારેં ભરતેં તેમને રાજ્યભાગ દેવા માંડયો, પણ તેઓએં લીધો નહીં. પછી જીહાં ભગવંત કાઉસ્સગ્ગેં રહ્યા છે, તિહાં બેહુ જણુ આવીને પ્રભુના ચરણકમલની સેવા કરી વિનતિ કરી કે, હે ભગવન્ ! તમેં સર્વને રાજ્ય દીધાં માટે અમને પણ રાજ્ય આપો. એમ સેવા, ભક્તિ, વિનતિ કરતા પ્રભુ સાથેં વિચરવા લાગા. પ્રભુ જ્યાં પગ માંડે તિહાં એ કાંટા કાંકરાદિકનો ઉદ્ધાર કરે, માંસ મશકાદિક ઉડાડે, ત્રિકાલ ખડગ ધરે. એકદા ધરણેંદ્ર પ્રભુને વાંદવા આવ્યો, તેણેં તે બેહુને

એકમના સેવા કરતાં દેખીને કહ્યું કે, હે નમિ, વિનમિ ! એ પ્રભુ તો નિસ્પૃહી છે. પણ તમોને એકમના સેવા કરતાં દેખીને હું સંતુષ્ટ થયો છું. મહોટાના ચરણની સેવા કોઇવારેં નિષ્ફલ ન થાય, તેમાટેં તમેં માગો તે હું આપું. પરંતુ નમિ વિનમિયેં કાંઇ માગ્યું નહીં. તેવારેં ધરણેંદ્રેં ભગવંતના શરીર અદૃષ્ટિ અદૃષ્ટિ અડતાલીશ હજાર વિદ્યા આપી, તથા ગૌરી, ગાંધારી, રોહિણી, પ્રજ્ઞપ્તિ પ્રમુખ શોલ મહાવિદ્યા દીધી, અને કહ્યું કે યોજનને આંતરેં પ્રભુનું ચૈત્ય તથા ચરમ શરીરી પ્રતિમા તથા સાધુને વાંદ્યા વિના જાશો તથા પરસ્ત્રીની શીલખંડના કરશો, તો એ વિદ્યા નિષ્ફલ થશે. તે વિદ્યાને મેનાક પર્વતેં સાધીને બન્ને જણ વિદ્યાધરની ઋદ્ધિ પામ્યા. પછી પોતાનો સર્વ સ્વજન વર્ગ લેઇ વૈતાઢ્ય પર્વત ઉપરેં દક્ષિણ દિશેં રથનુપુર પ્રમુખ પચ્ચાશ નગરવાસી અને ઉત્તરદિસેં ગગનવલ્લભપુર પ્રમુખ શાઠ નગર વાસીને શોલ જાતિ વિદ્યાધરોની થાપી. દક્ષિણ શ્રેણિનો રાજા નમિ અને ઉત્તર શ્રેણિનો રાજા વિનમિ થયો. તિહાં અત્યદ્ભુત રાજઋદ્ધિ ભોગવતા વિચરે છે.

હવે ભગવાન્ પૂર્વકૃત અંતરાયથકી એક વર્ષ પર્યંત શુદ્ધ ભિક્ષા ન પામતા હવા. જીહાં ગોચરિયેં જાય, તિહાં પૂર્વ રીતેં વસ્ત્ર, આભરણ, કન્યા, મણિ, માણિક્ય, મુક્તાફલ, ગજ, તુરંગ, રથ, વાહન, ધનભૃત સ્વર્ણસ્થાલ પ્રમુખ ઉચિત દાન લોક આપે, પણ અન્ન કોઇ આપે નહીં. એકદા ભગવંત કુરૂદેશેં હસ્તિનાગપુરેં પધાર્યા. તેવારેં તિહાં બાહુબલીનો પુત્ર સોમપ્રભ રાજા રાજ્ય કરે છે. તેનો પુત્ર શ્રેયાંસકુમર

છે, વલી ગ્રંથાંતરે આદિત્યયશા ભરતનો પુત્ર તેનો પુત્ર શ્રેયાંસ કહ્યો છે, તે શ્રેયાંસ યુવરાજ છે. તેણે તે રાત્રિયેં સ્વપ્ન દીઠું જે, મેં સ્વર્ણમય મેરૂ પર્વત અગ્નિયેં બલતો અમૃત કલશેં સીંચ્યો થકો દીપ્યો, તેમજ વલી તે રાત્રિયેં નગર શ્રેષ્ઠીયેં પણ એવું સ્વપ્ન દીઠું જે, સૂર્યમંડલથી પડતાં સહસ્રકિરણ તેને શ્રેયાંસેં તિહાં પાછાં સૂર્યસાથેં જોડયાં. તથા રાજાયેં પણ સ્વપ્ન દીઠું જે, એક મહા સુભટ વૈરી સાથેં યુદ્ધ કરતો હતો, તેણે શ્રેયાંસ કુમરનાં સાહાય્યેં કરી વૈરીને જીત્યો. એવાં એવાં સુપન દેખી અનુક્રમેં પ્રભાતેં રાજસભાયેં સર્વ એકઠા મલી સ્વપ્નવિચાર કરી કહેવા લાગા જે, આજ કાંઇએક શ્રેયાંસ કુમરને મહોટો લાભ થાશે. હવે શ્રેયાંસ કુમર ગોંખે બેઠા છે, એટલામાં પ્રભુ પણ ગોચરિયેં ફરે છે. લોક તેને વસ્ત્રાભરણ આપે છે, તે લેતા નથી, તેનો કોલાહલ થઇ રહ્યો છે. એટલામાં પ્રભુને આવતા દેખી શ્રેયાંસ વિચાર કરવા લાગો જે, એમને તો મેં પૂર્વેં કિહાંએક દીઠા છે? એમ ઇહાપોહ કરતાં જાતિસ્મરણ ઉપનું. તેવારેં જાણ્યું જે, અહો! હુંતો એ પ્રભુનો પૂર્વભવને વિષે રાજાનો સારથિ હતો, તિહાં મેં પણ દીક્ષા લીધી હતી, તે વખતેં વજ્રસેન તીર્થંકરેં એવું કહ્યું હતું જે, એ વજ્રનાભ રાજર્ષિ ભરતક્ષેત્રેં પ્રથમ તીર્થંકર થશે. તેતો એ પ્રભુ તીર્થંકર દેવોના દેવ ગોચરીયેં ભમતા દેખાય છે. એમ જાણી ગોંખ થકી હેઠો ઉતરી પાંચે અભિગમ સાચવી ત્રણ પ્રદક્ષિણા દેઈ "ઇચ્છામિ ખમાસમણો વંદિઉં જાવણિજ્જાએ નિસીહિઆએ મત્થએણ વંદામિ ॥ ૧ ॥ ઇચ્છકાર સુહરાઇ સુહ દેવસિ સુખ તપ શરીર નિરાબાધ

સુખ સંજમ જાત્રા નિર્વહો છો જી ॥ ૨ ॥ ભગવન્! ભાત પાણીનો લાભ દેવા પધારો, મહારૂં ગૃહાંગણ પાવન કરો. તેવારેં શ્રેયાંસ પ્રથમ શ્રાવક પ્રગટ થયો. તેહીજ સમયેં શેરડી-રસેં ભરેલા ઘડા ૧૦૮ ભેટણે આવ્યા છે, તે શુદ્ધમાન ઘડા લેઇ શ્રેયાંસ કુમરેં ભગવંતને વિનવ્યા કે, હે પૂજ્ય! યોગ્ય ભિક્ષા પ્રત્યેં લ્યો, મુજનેં નિસ્તારો. અત્ર કવિ ઉત્પ્રેક્ષા કરે છે કે, પ્રભુના બે હાથને પરસ્પરેં વિવાદ લાગો. જમણો હાથ કહે હું દાતાર હસ્ત છું, મેં પ્રભુની વંશસ્થાપના કરી, ભર-તાદિક કુમરને રાજ આપ્યું, સુનંદા સુમંગલા સ્ત્રી પરણ્યો, વરશી દાન આપ્યું, એમ ઘણાં ઉત્તમ કામ કર્યાં. માટે કોઇ આગલ હા ન માંડું તે હેઠેં કેમ થાઉં? જે માટે પૂજા, ભોજન, શાંતિક, દાન, પાણિગ્રહણ, પ્રતિષ્ઠાદિ કાર્યમાં હું ચતુર છું. અને ડાબો હસ્ત કહે કે, હું રણસંગ્રામમાં પ્રધાન છું. જમણો હસ્ત તો નિર્લજ્જ છે, જે પોતાને મુખેં પોતાનાં વખાણ કરે છે, બે સ્ત્રી પ્રભુ પરણ્યા, તે પણ મહારા સામી બેઠી હતી, પરંતુ એણેં એકલે પરણાવી નથી. વલી કંસાર પણ એણેં એકલેજ ખાધો, માટે એતો ચોરી કરે છે. ધૂર્ત વ્યસની છે, તેથી એ ભીખ માંગશે. એમ વિવાદ કરતાં જાણીયેં એક વર્ષ વહીગયું ન હોય? એવી કવિયેં ઉત્પ્રેક્ષા કરી. પ્રભુજીયેં તે વિવાદ ટાલવા બન્ને હાથ ભેલા જોડયા. પછી તે પશલીમાંહે સર્વ એક શો આઠે ઘડાનો ઇક્ષુરસ સમાઇ ગયો. પાણીના બિંદુ જેટલો પણ ભૂમિયેં પડયો નહીં. ઉંચી શિખા વધી ॥ યદુક્તં ॥ માઇઘ ઘડ સહસ્સા, અહવા માઇઘ સાગરા સવ્વે ॥ જસ્સે આરિસ લદ્ધિ, સોપાણિ પડિગ્ગહો હોઇ ॥ ૧ ॥ ઇતિ ॥

**जीहो वरसें कीधुं पारणुं, जीहो इखुरस दीये श्रेयांस ॥ जीहो वरस सहस्स छद्मस्थमां, जीहो विहार करे निराशंस ॥च०॥१६॥**

**અર્થ**:—એ રીતેં પ્રભુયેં શ્રેયાંસકુમરેં આપેલા ઈક્ષુરસેં કરી વરશીતપનું પારણું વૈશાખ શુદિ ત્રીજને દીવસેં કીધું. તે વખત લોકમાં અખાત્રીજ પર્વ થયું, તે પ્રસિદ્ધ છે. એ કર્મ ભગવાનેં પાછલે ભવેં સાધુજીવદયા જાણી બલદને મુખેં શીંકલી બંધાવી તે બાર ઘડી સુધી રહી, તેથી વર્ષ દિવસ પર્યંત અન્ન ન પામ્યા. અહીં પંચ દિવ્ય પ્રગટ થયાં, સાડી બાર કોડિ સુવર્ણની વૃષ્ટિ થઇ, સર્વ લોક ચમત્કાર પામ્યા. શ્રેયાંસકુમરનું યશ ત્રણ ભુવનમાં વિસ્તર્યું. એ અવસર્પિણીકાલમાં શ્રેયાંસકુમરથી પ્રથમ સુપાત્રદાન પ્રવર્ત્યું.

"યતઃ મિથ્યાદૃષ્ટિસહસ્રેભ્યો, વરમેકોજિનાશ્રયી ॥
જિનાશ્રયિસહસ્રેભ્યો, વરમેકોહ્યણુવ્રતી ॥૧॥
અણુવ્રતિસહસ્રેભ્યો, વરમેકોમહાવ્રતી ॥
મહાવ્રતિસહસ્રેભ્યો, વરમેકોજિનેશ્વરઃ ॥૨॥
જિનેશ્વરસમં પાત્રં, ન ભૂતં ન ભવિષ્યતિ ॥
યતઃ પાત્રવિશેષેણ, દેયં દાનં શુભાત્મભિઃ ॥૩॥"

પછી સર્વ લોકેં શ્રેયાંસ કુમરને પૂછયું જે, એ દાનવિધિ તમેં કેમ જાણ્યો ? તેવારેં શ્રેયાંસેં કહ્યું કે, પૂર્વભવના પરિચયથકી. મહારે પ્રભુસાથેં આઠ ભવનો સંબંધ છે. તે આવી રીતેં કે, ૧) સ્વામી ઇશાન દેવલોકેં, તેવારેં હું સ્વયંપ્રભા દેવી. ૨) સ્વામી પૂર્વમહાવિદેહેં પુષ્કલાવતી વિજયેં લોહાર્ગલ પુરેં વજ્રજંઘ રાજા, તેવારેં હું શ્રીમતી રાણી. ૩) પછી ઉત્તર કુરૂયેં બે યુગલિયાં હતાં, ૪) સૌધર્મ દેવ-

લોકેં બે દેવ, ૫) પ્રભુ અપર મહાવિદેહેં વૈદ્યપુત્ર, તેવારેં હું જીર્ણ શ્રેષ્ઠિપુત્ર કેશવનામેં મિત્ર હતો. ૬) બારમે દેવલોકેં બે દેવતા થયા. ૭) પ્રભુ પુંડરિગિણિ નગરિયેં વજ્રજંઘ રાજા, તેવારેં હું સારથિ હતો. ૮) આઠમે ભવેં સર્વાર્થસિદ્ધિયેં દેવતા હતા. હમણાં નવમેં ભવેં પણ હું પ્રભુનો પોતરો છું. એ નવ ભવ, જાતિસ્મરણેં કરી હું જાણું છું. તે વખત સર્વ બોલ્યા યતઃ "રિસહેસ સમં પત્તં, નિરવજ્જં ઇખુરસસમં દાણું ।। સિજ્જંસ સમો ભાવો, હવિજ્જ જઇ મગ્ગિઅં હુજ્જા ।। ૧ ।।" પછી તિહાંથી પ્રભુ વિહાર કરતાં સંધ્યા સમયેં તીક્ષશિલા નગરને ઉદ્યાને આવીને કાઉસ્સગ્ગેં રહ્યા. બાહુબલી રાજાને વન પાલકેં વધામણી દીધી. તેવારેં વનપાલકને સંતોષી મનમાં ચિંતવ્યું જે, હમણાં અસુર થઈ છે, માટે પ્રભાતેં મ્હોટી ઋદ્ધિ વિસ્તારી વાંદવા જઈશું. એટલામાં પ્રભાતેં ભગવાને વિહાર કર્યો. બાહુબલી તિહાં આવ્યા, પરંતુ પ્રભુને ન દીઠા. તેવારેં ઘણું અરતિ પામ્યા. પછવાડે દોડયા, પ્રભુ ઘણા દૂર ગયા. પછી પ્રભુના ચરણને સ્થાનકેં પ્રભુની ભક્તિ કરવાને અર્થેં જીહાં પ્રભુ કાઉસ્સગ્ગેં રહ્યા હતા, તે સ્થાનકેં આઠ યોજન વિસ્તીર્ણ પાંચ યોજન ઉંચો એવો હજાર પગથીઆ વાલો થૂભ કરાવ્યો. તેમાં પ્રભુનાં પગલાં થાપી પછી સર્વદા તિહાં આવી સેવા પ્રણામ વિધિ સાચવતો હતો. તથા એમ પણ કહે છે કે, પ્રભુના બે પગ પાસેં ઉભો રહી કાનમાં આંગલી ઘાલી મોટે સાદેં પ્રભુને સંભાર્યા, બાબા! આદિમ! બાબા આદિમ! એવી રીતેં સાદ કર્યા, તિહાં મક્કા નામેં તીર્થ થયું, એવું પણ

એક પ્રતમાં હતું. મુસલમાનની ઉત્પત્તિ બાહુબલથકી થઇ ॥ એમ પ્રભુ નિરાશંસપણે વિહાર કરતા વિચરે છે ॥ ૧૬ ॥ ઇતિ પારણાધિકારઃ ॥

**जीहो फागुण वदि अगीआरशें, जीहो पुरी मताल उद्यान ॥**
**जीहो अट्टम उत्तराषाढशुं, जीहो पामे केवलज्ञान ॥च०॥१७॥**

અર્થ:—હવે પ્રભુનું કેવલજ્ઞાન કલ્યાણક કહે છે. તેવાર પછી શ્રી ઋષભદેવ અરિહંત કોશલદેશના ધણી તે શીયાલાનો ચોથો માસ સાતમો પખવાડો ફાગણવદિ એકાદશીને દિવસે પૂર્વાન્હ કાલના સમયને વિષે પુરિ માતલ નામા નગરના બાહેર શકટમુખ નામા ઉદ્યાને ન્યગ્રોધવર વૃક્ષની હેઠે પાણીયે રહિત અઠમ તપ કીધે થકે ઉતરાષાઢા નક્ષત્રને યોગે ચંદ્રમા આવે થકે શુકલધ્યાને વિચાલે વર્ત્તતાં ભગવંતને અનોપમ અનંતું કેવલજ્ઞાન અને કેવલદર્શન ઉપનું ॥ ૧૭ ॥

**जीहो सकल सुरासुर आविया, जीहो चक्री भरत नरींद ॥**
**जीहो मारुदेवी सिद्धि तणो, जीहो उत्सव करे आणंद ॥च०॥१८**

અર્થ:—પછી કેવલજ્ઞાનનો મહોત્સવ કરવાને સમસ્ત સુર અસુર આવ્યા, ચોશઠ ઈંદ્ર આવ્યા. વનપાલકે ભરત રાજાને વધામણી દીધી, તથા આયુધશાલાયે ચક્રરત્ન પણ ઉપનું, તેની પણ તે વખતેંજ વધામણી આવી. ભગવાનને કેવલજ્ઞાન ઉપનાની વધામણી અને ચક્રરત્ન ઉપનાની વધામણી બેહુ સાથેંજ એક સમયે આવી જાણી, ભરત વિચારમાં પડયો કે, પ્રથમ પિતાને વાંદવા જાઉં, કે પ્રથમ ચક્રરત્નની પૂજા કરૂં ? એમ વિચારતાં બુદ્ધિ ઉપની જે, ઇહ

લોકેં તથા પરલોકેં સુખદાયક તાતજી છે, તેને પ્રથમ પૂજીયેં. અને ચક્રરત્ન તો ઈહ લૌકિક સુખદાયિ છે, માટે તેની પૂજા પછી કરીશું ? એમ ચિંતવી પ્રથમ પ્રભુના જ્ઞાનની વધામણીયાને વધામણી આપીને ઋદ્ધિને વિસ્તારેં પ્રભુને વાંદવાની સામગ્રી તૈય્યાર કરી.

એવામાં પૂર્વે નિત્ય પ્રત્યેં મરૂદેવ્યા ભરત પ્રત્યેં ઓલંભા દેતાં હતાં કે, હે ભરત! તું તો સુખેં રાજ્યસુખ ભોગવે છે, પણ મ્હારા ઋષભપુત્રની તો કાંઈ પણ ખબર લેતો નથી. જે પુષ્પશય્યાયેં પોઢતો હતો, તે એકલો કઠિન અને કાંકરાલી ભૂમિયેં સુતો હશેં. વલી જે મધુર ગીત ગાનને સ્વરેં જાગતો હતો, તે શૃગાલાદિકને દુષ્ટસ્વરેં જાગતો હશે. તથા તેને ભૂખ તૃષા અને શરીરની શુશ્રુષાની કોણ ખબર લેતો હશે ? તથા અણવાણે પગેં ચાલતો હશે. ઈત્યાદિક અનેક ઓલંભા આપે. તે મરૂદેવી માતાને શોકેં કરી આંખેં પડલ આવી ગયાં છે. તે સમયેં ભરતેં પ્રભુને જ્ઞાન ઉપનું તેની વધામણી દેઇને કહ્યું કે, હે માતાજી ! તમેં મને સદા ઓલંભા દેતી હતી જે, મ્હારો પુત્ર ભૂખ, તૃષા, ટાઢ, તડકા, વર્ષાદિકની પીડા ખમે છે, ઉપાન્હ તથા વાહને રહિત થકો એકાકી ડુંગર, વન તથા અટવીઓમાં ભ્રમણ કરે છે, તેને મનાવી લઇ આવો. અને એ તો મ્હારૂં દુઃખ પણ નથી જાણતો, સુખવાર્ત્તા પણ પથી પૂછતો, સંદેશો પણ નથી મોકલતો, એનું વીતરાગપણું જોયું. તો હવે એ નીરાગી સાથેં શ્યો પ્રતિબંધ કરવો, એ એક પરકા સ્નેહને ધિઃકાર હો ? ઇત્યાદિક સર્વ વસ્તુ ઉપર મમત્વ રહિત થઇ

મરૂદેવ્યાજી માતા શુભધ્યાને અવ્યક્ત ભાવના ભાવવા થકી કેવલજ્ઞાન પામી, તેહીજ વેલાયેં અંતગડ કેવલી થઈ મુક્તિ પોહોતાં.

"યતઃ॥ પુત્રો યુગાદીશસમો નવિશ્વે, ભ્રાંત્વા ક્ષિતૌ યેન શરત્સહસ્રં
યદર્જિતં કેવલરત્નમગ્રયં, સ્નેહાત્તદેવાર્પ્પિત માતુરાહુઃ ॥૧॥
મરૂદેવા સમાનાસ્તિ, યાડગાત્પૂર્વં કિલેક્ષિતું ॥
મુક્તિકન્યાં તનુજાર્થં શિવમાર્ગમપિસ્ફુટં ॥ ૨ ॥

એ યુગાદિદેવ સરિખો પુત્ર બીજો વિશ્વમાં કોઈ નથી કે, જેણે પૃથ્વીને વિષે હજાર વર્ષ સુધી ભ્રમણ કરીને ઉપાર્જ્યું કમાવ્યુ જે કેવલજ્ઞાનરૂપ રત્ન, તે પ્રધાન સ્નેહથકી પ્રથમ પોતાની માતાને આપ્યું. તેમજ મરૂ દેવ્યા સમાન કોઈ માતા પણ નહીં. કેમકે જે પુત્રને અર્થે મુકિત કન્યા જોવાને સારૂ આગલથી ત્યાં ગઇ. એ અવસર્પ્પિણીમાંહે પ્રથમ શ્રી મરૂદેવ્યાજી મુકિત ગયાં. પછી ઇંદ્રાદિકેં શરીરનો સંસ્કાર કરી ખીરસમુદ્રેં પરઠવ્યું. વલી ઇંદ્રના વચનથી શોક નિવર્ત્તાવી વાવિમાંહે સ્નાન કરી ભરતેં હર્ષશોકાકુલ થકાં જઇ ભગવંતને વાંદ્યા. ઈહાં પ્રથમ કેવલી નામ પ્રવર્ત્યું ॥ ૪ ॥

હવે પ્રથમ તીર્થંકર નામ થયું, તે કહે છે. તિહાં પ્રભુની પ્રથમ દેશના સાંભલી ઋષભસેન પ્રમુખ પાંચશેં ભરતને પુત્રેં પ્રતિબોધ પામી દીક્ષા લીધી. ઋષભ સેનાદિક ચોરાશી ગણધરની થાપના કરી. બ્રાહ્મી સાધવી થઈ. ભરત શ્રાવક થયો. સુંદરીને ઘણી સ્વરુપવાન્ દેખી સ્રીરત્ન જાણી ભરતેં દીક્ષાની આજ્ઞા આપી નહીં. તેવારેં સુંદરી શ્રાવિકા થઇ. એ રીતેં ચતુર્વિધસંઘની સ્થાપના કરી. એટલે પ્રથમ

તીર્થંકર નામ થયું. જે વૃક્ષ નીચે પ્રભુને કેવલજ્ઞાન ઉપનું, તેનું નામ પ્રયાગવડ થયું, તેની પૂજા થઇ.

હવે કચ્છ મહાકચ્છ ટાલી બીજા સર્વ ભદ્રક પરિણામના ધણીયેં ફરી દીક્ષા લીધી. ભરત પણ ભગવાનને વાંદી અયોધ્યાયેં આવ્યો. ઋષભદેવેં તિહાંથી અનેક જીવ તારવા ભણી વિહાર કર્યો ભરતેં ઘેર જઈ ચક્રરત્નની પૂજા કીધી. અઠાઇમહોત્સવ કરી ષટ્ખંડ સાધવાને સન્ય લઇ ચાલ્યો. આગલ હજાર યક્ષેં અધિષ્ઠિત ચક્રરત્ન જેટલા યોજન ચાલે, તેટલા યોજન સન્ય પણ ચાલે. અનુક્રમેં ગંગા દેવીના ઘરને વિષે તેણેં કહ્યું માટે રહ્યા. તિહાં નવી નવી ભાતેં નવા નવા વેશેં લીલ વિલાસ કર્યા. પછી ગંગા દેવીયેં માર્ગ આપ્યો. તામસ ગુફા ભાંગી, મ્લેચ્છના દેશ સાધ્યા. એમ ષટખંડ સાધીને શાઠ હજાર વર્ષેં ભરત પાછા અયોધ્યાયેં આવ્યા. તિહાં સુંદરીયેં પણ શાઠ હજાર વર્ષ સુધી આંબિલ તપ કીધું. તેવામાં નમિ વિદ્યાધરને ઘરે સ્ત્રીરત્ન નવું ઉપન્યું તે નમિવિદ્યાધરીને ભરત પરણ્યા છે, માટે અહીંઆં આવ્યા તેવારેં સુંદરીયેં ભરતને મોતીયેં વધાવ્યા. પણ ભરતેં સુંદરીને તપશ્યાને યોગેં દુર્બલ દેખી જાણીનેં સંયમ લેવાની આજ્ઞા આપી. સુંદરીયેં દીક્ષા લીધી. એવામાં ભરતની આયુધશાલામાંહે ચક્રરત્ન પ્રવેશ કરે નહીં. તેવારેં અધિષ્ઠાયિકને પૂછ્યું. તેણેં કહ્યું, તાહારા ભાઇ આજ્ઞા માનતા નથી. પછી સર્વ ભાઈઓને કહ્યું કે, મહારી આજ્ઞા માનો. સર્વ ભાઇયેં દીક્ષા લીધી. તો પણ ચક્રરત્ન પેસે નહીં. વલી ભરતેં મુખ્ય મંત્રીને પૂછ્યું. તેણેં કહ્યું, સર્વ ભાઈ આજ્ઞા માને, છે પણ

બાહુબલી આજ્ઞા માનતો નથી. તેવારેં ભરતેં બાહુબલીની પાસેં સુવેગ નામા દૂતને મોકલ્યો. તે ચાલ્યો, તેને ચાલતાં અપશુકન થયાં, વસ્ત્ર કાંટે વલગ્યું, રથની પિંજણી ભાંગી, પુઠે છીક થઈ, જમણો રાસભ બોલ્યો. ઇત્યાદિ અપશુકન થયાં, તો પણ તે વન અટવી પાહાડ પ્રમુખ ઓલંઘતો બાહુબલીના દેશેં ગયો. તેને લોક ઠામ ઠામ પુછવા લાગા, અરે તું કોણ છો, કિહાંથી આવ્યો, કિહાં જઇશ અને તાહારો સાહેબ કોણ છે? તેણે કહ્યું, ભરતને આદેશેં બાહુબલી પાસેં જાઉં છું. તે બોલ્યા કે, અમારા દેશમાં તો સ્ત્રીઓ કંચૂકીમાંહે ભરત કાઢે છે, તે ભરત અથવા વાશણમાં ભરત અથવા રોગ સંબધી ભરત અમેં જાણીયેં છૈયેં. એ ત્રણ ભરત વિના બીજો તો કોઈ ભરત અમેં જાણુતા નથી. પછી તીક્ષશીલા નગરીયેં બાહુબલીની સભામાં દૂત ગયો. બાહુબલીયેં આસને બેસાડયો અને પૂછ્યું કે, હે સુવેગ! ભરતને સવા કોડી પુત્ર સહિત કુશલ ખેમ છે? તથા અહીં આવ્યાનું કારણ પૂછ્યું, તેવારેં દૂત બોલ્યો, તમોને તમારો મ્હોટો ભાઇ પિતાની જગાયેં છે, વલી અનેક દેવતા, અનેક રાજા તેની સેવા કરે છે, માટે પૂજવા યોગ્ય છે. તે સાંભલી બાહુબલ ભૃકુટિ ચડાવી રાતાં લોચન કરી બોલ્યો કે, અરે તું ભરતને કહેજે કે, અઠ્ઠાણુ ભાઇનું રાજ્ય લીધું તોપણ તૃપ્તિ ન થઇ જે તું માહારૂં પણ રાજ્ય લેવા વાંછે છે? પરંતુ તુજને યાદ નથી કે, બાલ પણમાં આપણે બે રમત કરતા તેવારેં હું તુજને દડાની પરેં હાથમાં ધરતો હતો, તે દિવસ ભૂલી ગયો કે શું? હું તો તેનો તેજ છું. જો મહારા રાજ્યનો ખપ હોય તો તરત યુદ્ધ

કરવા આવજે. એમ કહી તિરસ્કાર કરી નિર્ભછીને કાઢી મૂકયો. તે જીવ લઇ નાઠો. પછી ભરત પાસેં આવી સર્વ વાત સંભલાવી. ભરત પણ ક્રોધેં ચઢયો. રણભંભા વજાવી ચતુરંગિણી સન્યા લઇને પોતેં શ્રીઋષભને પૂજી વજ્રસન્નાહ પેરી હસ્તિરત્ન ઉપર બેસી ચાલ્યો. તેની સાથેં સવા ક્રોડ પુત્ર વલી તે પુત્રના પુત્ર તે પોતરા તથા સૈન્યાનું પ્રમાણ કહે છે.

શોલ લાખ રણ તુર વાજે, ચોરાશી લાખ હાથી, ચોરાશી લાખ અશ્વ, ચોરાશી લાખ રથ, છન્નું ક્રોડ પાયક, દશ ક્રોડ ધ્વજા, ચૌદ હજાર મહોટા મંત્રીશ્વર, ચૌદ હજાર બુદ્ધિનિધાન, અઢાર ક્રોડ મહોટા ઘોડા, પચ્ચાશ ક્રોડ દીવટીઆ, ચોરાશી લાખ મહોટા નીશાણ, નવનિધાન, ચૌદ રત્ન, શોલ હજાર યક્ષ, બત્રીશ હજાર મુકુટબદ્ધ રાજા, ચોસઠ હજાર રાજકન્યા વારાંગના સહિત બમણી માટે ચોસઠ હજાર કહી, એક લાખ બાણું હજાર સ્ત્રી, બત્રીશ હજાર નાટક, તથા અનેક વિદ્યાધર, યક્ષ, કિન્નરી પ્રમુખ સાથેં લઇ સુખેણનામા સેનાધિપતિ કરીને ચાલતો થકો કેટલેક દિવસેં બાહુબલીના દેશમાં જઇ પહોચ્યો.

હવે ભાઇ આવ્યો સાંભલીને બાહુબલેં પણ પ્રથમ શ્રી ઋષભજીની પૂજા કરી વજ્રસન્નાહ પહેરી ત્રણ લાખ પુત્ર તથા બીજા પૌત્રાદિકના પરિવારેં સહિત બાર હજાર રાજા, ઘણા વિદ્યાધર, અનેક સુભટ, હાથી, ઘોડા, રથ, પાયક પ્રમુખ લઇ સિંહરથ નામા સેનાધિપતિને સાથેં લઇ, ભદ્ર નામા હસ્તી ઉપર ચડયો થકો સર્વ જગતને તૃણની પેરેં ગણતો ભરતની સાહામો આવ્યો.

પછી બેહુ સૈન્ય સન્મુખ થયાં. માંહોમાંહે અડયા અસવારે અસવાર, રથે રથ, ઘોડે સવારે ઘોડે સવાર, દિન દિન પ્રત્યે લડવા લાગા. એમ માંહો માંહે યુદ્ધ કરતાં બાર વર્ષ વહી ગયાં. અનેક સુભટ મરણ પામ્યા, લોહીની નદીઓ ચાલી, પણ કોઇ હારે નહીં. તેવારે ઇંદ્રે આવી કહ્યું જે, તમે બે ભાઇ લડો, પણ જગતનો સંહાર મ કરો. તે વચન બેહુયે કબૂલ કર્યું. પછી એક દૃષ્ટિ યુદ્ધ, બીજું વચન યુદ્ધ, ત્રીજું બાહુયુદ્ધ, ચોથું મુષ્ટિયુદ્ધ, અને પાંચમું દંડ યુદ્ધ, એ પાંચ યુદ્ધ જે જીત્યો તે જીત્યો સમજવો, એવો ઇંદ્રે ઠેરાવ કર્યો. પર્વતની પેરે બે ભાઇ સન્મુખ આવી એકબીજાને ચક્ષુયે જોવા લાગા. તિહાં સૂર્યના દર્શનથકી ભરતની આંખમાં પાણી આવ્યું. દેવતાયે ફૂલની વૃષ્ટિ કરી કહ્યું કે બાહુબલ જીત્યો. એમ પાંચે યુદ્ધ બાહુબલ જીત્યો. તેવારે ભરતે બાહુબલનું મસ્તક લેવા ચક્ર ભમાડી મૂક્યું. પણ પોતાના ગોત્રી માંહે ચક્ર ન લાગે. માટે બાહુબલને પ્રદક્ષિણા કરી ભરત પાસે આવ્યું. પછી બાહુબલે મુષ્ટિ ઉપાડી, આવતો દેખી ચક્રી એકાંત સ્થાનાંતરે રહ્યા. તે જાણી બાહુબલે વિચાર્યું જે, એ મારી મુઠી પાછી ન ફરે. પછી સંવેગ આણી તે મુષ્ટિયે લોચ કરી દીક્ષા લઇ વિચરવા લાગો. આગલ જાતાં મનમાં અહંકાર આવ્યો, જે મહારાથી ન્હાના અઠ્ઠાણું ભાઇયે પ્રથમ શ્રીઋષભદેવ પાસેથી દીક્ષા લીધી છે તે સર્વ કેવલી થયા છે, તેને વાંદવા પડશે. માટે હું અહીયાંજ કાઉસ્સગ્ગે રહીને કેવલજ્ઞાન પ્રાપ્ત કરીને પછી સમવસરણમાં જઇશ. એવો અભિમાન ધરી કાઉસ્સગ્ગે રહ્યા. એમ કરતાં એક વર્ષ વહી

ગયું. તેવારેં ભગવંતેં બ્રાહ્મી અને સુંદરી, એ બે સાધ્વીને બાહુબલને પ્રતિબોધ દેવા સારૂ મોકલી. તે વનમાં આવીને બાહુબલ પ્રત્યેં કહેવા લાગી કે, અહો ભાઇ! ગજથકી ઉતરો. માનરૂપ ગજે ચઢયાં થકાં કેવલ જ્ઞાન ન ઉપજે. ઉત્યાદિક ઉપદેશ સાંભલી માન મૂકીને બાહુબલેં અઠ્ઠાણું ભાઇઓને વાંદવા નિમિત્તં પગ ઉપાડયો. તે વખતજ કેવલજ્ઞાન પામ્યા. લોકાલોકના જાણુ થયા, પછી પ્રભુ પાસેં સમોસરણને વિષે કેવલીની પર્ષદામાં જઇ બેઠા. આયુષ્યપ્રમાણુ કેવલપર્યાય પાલી મુક્તિ પામ્યા છે. ભરત પણુ બાહુબલના પુત્રને રાજ્ય આપી સન્મનાવી ફરી અયોધ્યાયેં આવ્યો.

હવે એકદા શ્રીઅષ્ટાપદ પર્વતેં ભગવાન્ સમોસર્યા. તિહાં ભરત મહારાજ ભક્તિને અર્થેં પાંચશેં ગાડાં શુખડી લઇ આવ્યો. તેવારેં ભગવંતેં કહ્યું, એ રાજપિંડ, આધાકર્મિ-દોષેં દૂષિત, માટે સાધુને લેવો ન કલ્પે. તેવારેં ભરતને અશાતા ઉપની. ઇંદ્રેં ભગવંતને પૂછયું કે, હે સ્વામી! અવગ્રહ કેટલા છે? ભગવાને કહ્યું કે, એક દેવેંદ્રનો, બીજો રાજાનો, ત્રીજો ગૃહસ્થનો, ચોથો સાગારિનો, પાંચમું સાધર્મિકનો, એ પાંચના અવગ્રહ સાધુ ધર્મિને વિષે છે, એટલાને ધર્મનો દશાંશ આવે. તેમાં ઈંદ્ર તે દેવતાનો ઈંદ્ર, રાજા તે ભરતાદિ જાણુવા. ગૃહ પતિ એટલે દેશમંડલનો નાયક, સાગારી એટલે ઉપાસરાના દેનાર સાગારિ સઘાતરી તે શ્રાવક જાણુવા. અને સાધર્મિક તે સાધુ એક સરખા ધર્મવાલો ધર્મી જાણુવો એવું સાંભલી ભરત હર્ષ પામ્યો. પછી ભરતેં ઇંદ્રને પૂછયુ જે, આ આહાર હું શું કરૂં? તેવારેં ઇંદ્રેં કહ્યું, તાહારાથી

અધિક જે શ્રાવક હોય તેને જમાડ. તેવાર પછી કાંકણી રત્ને ત્રણ ત્રણ જનોઈની પરેં રેખા કરી નિત્યેં શ્રાવકોને જમાડે. એ ભરતની રાજ્યસ્થિતિ જાણવી. એક દિવસેં ભરતેં ઇંદ્રને કહ્યું. તમેં તમારૂં મૂલ સરૂપ મુજને બતાવો. ઇંદ્રેં ભરતને મૂલરૂપ દેખાડયું. તે જોઇ ભરત ચમત્કાર પામ્યો.

હવે એક દિવસેં ભગવંત વિહાર કરતાં વિનિતાયેં આવ્યા. ભરત વાંદવા આવ્યો. પ્રભુયેં દેશના આપી સંસારનું અનિત્યપણું દેખાડયું. જીવ, કર્મને ભારેં કરી તુંબડાને દૃષ્ટાંતેં સંસારમાં બૂડો છે, જેમ તુંબડાને માટી ચોપડી પાણીમાં મૂકીયેં તો હેઠું બેસે, તેમ આઠ કર્મેં કરી જીવ ભારી થયો થકો હેઠો બેસે છે. એમ ભગવાનની વાણી સાંભલી ભરત મનમાં વૈરાગ પામ્યો, જ્ઞાનદશામાં લય લીન થયો. તિહાં ભરતના સાતશેં પોતરે દીક્ષા લીધી.

એમ અનુક્રમેં એકદા ભરત આરીશા ભવનમાં બેઠાં થકાં અનિત્ય ભાવના ભાવતાં કેવલ જ્ઞાન પામી, મોક્ષેં પહોતા છે. પછી તેમને પાટેં આદિત્યજશા રાજા તેણેં સોનાની જનોઇ કરી, એમજ શ્રાવક જમાડયા. તેને પાટેં મહાયશા રાજા તેણેં રૂપાની જનોઇ કરી જમાડયા. એમ આઠ પાટ લગેં શ્રાવક જમાડયા છે. તેમાં કેટલેક રાજાયેં સૂત્રની જનોઈ કરી જમાડયા છે, પછી તે બ્રાહ્મણ થયા. ભરતને પાટેં આદિત્યયશા, મહાયશા, અભિબલ, બલભદ્ર, બલવીર્ય, કીર્ત્તિવીર્ય, જલવીર્ય, દંભવીર્ય, એ આઠે ભગવંતનો મુકુટ પહેર્યો અને એ આઠે આરીશા ભુવનમાં કેવલી થઇ મોક્ષેં ગયા છે ॥૧૮॥

जीहो ऋषभसेन आदें करी, जीहो चोराशी गणधार॥ जीहो सहस्स चोराशी मुनिवरा, जीहो साधवी त्रण लख सार॥ १९ ॥

અર્થઃ—હવે શ્રીઋષભદેવ સ્વામીનો પરિવાર કહિયેં છૈયેં. ઋષભસેન આદેં દેઇને ચોરાશી ગણધર થયા. તથા ઋષભસેન પ્રમુખ ચોરાશી હજાર સાધુની સંપદા થઈ. તથા બ્રાહ્મી અને સુંદરી આદેં દેઇને ત્રણ લાખ પ્રધાન સાધવીઓની સંપદા થઈ ॥ ૧૯ ॥

जीहो त्रण लाख श्रावक जेहने, जीहो उपर पांच हजार॥जीहो पण लख चोपन सहस्स छे, जीहो श्राविकानो परिवार॥च०॥२०॥

અર્થઃ—તથા શ્રેયાંસ આદેં દઈને ત્રણ લાખને પાંચ હજાર શ્રાવકોની સંપદા થઇ. તથા સુભદ્રા આદેં દઈને પાંચ લાખને ચોપન હજાર શ્રાવિકાઓની સંપદા થઇ ॥ ૨૦ ॥

जीहो चार सहस्सने सातशें, जीहो चउद पूरवधर जाण॥ जीहो नव सहस्स ओहि केवली, जीहो वीश सहस्स परिमाण॥च०॥२१॥

અર્થઃ—ચાર હજાર સાતશેંને પચ્ચાશ ચૌદ પૂર્વધર થયા, નવ હજાર અવધિજ્ઞાનીની સંપદા થઇ, તથા વીશ હજાર કેવલજ્ઞાનીની ઉત્કૃષ્ટી સંપદા થઇ ॥ ૨૧ ॥

जीहो वीश सहस्स छ शय उपरें,जीहो वैक्रिय लब्धि मुणिंद॥जीहो बार सहस्स छ शय विपुलमति,जीहा पंचाश अधिक अमंद ॥२२॥

અર્થઃ—તથા વીશ હજારને છશેં ઉત્કૃષ્ટા વૈક્રિય લબ્ધિવંત સાધુઓની સંપદા થઇ, તથા બાર હજાર છશેંને

પચ્ચાશ ઉપર એટલા ઉત્કૃષ્ટ વિપુલમતિ મનઃપર્યવ જ્ઞાનના ધરનાર સાધુઓની સંપદા થઈ ॥ ૨૨ ॥

**जीहो तेता वादी जाणीयें, जीहो वीश सहस्स मुनि सिद्ध॥जीहो चालीश सहस्स साधु साधवी, जीहो तेणें मनवंछित कीध ॥२३॥**

અર્થઃ—તથા તેટલાજ વાદી જાણવા. એટલે બાર હજાર છશેંને પચ્ચાશ વાદી સાધુઓની સંપદા થઈ, તથા વીશ હજાર સાધુ સિદ્ધ થયા. ચાલીશ હજાર સાધવી સિદ્ધ થઈ, એમણે પોતાનાં મનોવાંછિત પૂર્ણ કર્યાં ॥ ૨૩ ॥

**जीहो सहस्स बावीश नवशय मुनि, जीहो अणुत्तर पोहोता तेह ॥ जीहो एक लाख पूरव इणी परें,जीहो व्रत पर्यायें एह॥च०॥२४॥**

અર્થઃ—બાવીશ હજારને નવશેં સાધુઓ અનુત્તર વિમાનેં ગયા, એકાવતારી થયા. પ્રભુ એક લાખ પૂર્વ પર્યંત વ્રતપર્યાય પાલ્યું. તેમાં એક હજાર વર્ષ છદ્મસ્થપણે રહ્યા, અને એક હજાર વર્ષે ન્યૂન એક પૂર્વ લગેં કેવલ પર્યાય પાલ્યું, તથા વીશ લાખ પૂર્વ કુમરપણે રહ્યા છે, અને ત્રેસઠ લાખ પૂર્વ પર્યંત રાજ્ય પાલ્યું છે. તે વાત પ્રથમ આવી ગઈ છે ॥ ૨૪ ॥

**जीहो लाख चोराशी पूर्वनुं, जीहो पाली पूरण आय॥जीहोदश सहस्स मुनिशुं परवर्या, जीहो अष्टापद गिरि जाय॥च०॥२५॥**

અર્થઃ—એમ સર્વ મલી ચોરાશી લાખ પૂર્વ વર્ષનું આયુ પૂર્ણ પાલીને દશ હજાર મુનિઓની સાથેં પરવર્યા થકા અષ્ટાપદ પર્વતની ઉપર ગયા ॥ ૨૫ ॥

**जीहो माघ वहुल तेरश दिनें, जीहो अभिजित नक्षत्रें चंदयोग ॥**
**जीहो चैाद भक्त पद्मासनें, जीहो शिव पोहोता जिनचंद ॥२६॥**

**અર્થ:**—માઘ વદિ તેરશને દિવસે અભિજિત નક્ષત્રને યોગે ચંદ્રમા આવે થકે પદ્માસનેં બેઠાં થકાં કાલ પ્રત્યેં પામીને સામાન્યકેવલીને વિષે ચંદ્રમા સમાન એવા પરમેશ્વર મોક્ષને વિષે પોહોતા ॥ ૨૬ ॥

શ્રી ઋષભદેવ અરિહંત કોશલિકને બે પ્રકારેં અંતકૃત ભૂમિકા થઇ. એક યુગાંતકૃત ભૂમિકા, બીજી પર્યાય અંતકૃત ભૂમિકા. તિહાં યાવત્ અસંખ્યાતા પાટ લગેં મોક્ષમાર્ગ વહ્યો, તેને યુગાંતકૃત ભૂમિકા કહીયેં. અને ભગવંતને કેવલજ્ઞાન ઉપના પછી અંતરમુહૂર્ત્ત મોક્ષમાર્ગ વહ્યો, તે પર્યાય અંતકૃત ભૂમિકા કહીયેં. એમજ શ્રી અરિષ્ટનેમિ ભગવાનાદિકના ચરિત્ર આ ગ્રંથમાં આવ્યાં છે, તે સર્વેની બે પ્રકારની ભૂમિકા કહિયેં છૈયેં.

શ્રી અરિષ્ટનેમિનાથને બે પ્રકારેં અંતકૃત ભૂમિકા થઇ. એક યુગાંતકૃત ભૂમિકા અને બીજી પર્યાય અંતકૃત. તિહાં શ્રીઅરિષ્ટનેમિ મુક્તિમાર્ગે પહોતા પછી આઠ પાટ લગેં મુક્તિમાર્ગ વહ્યો, તે યુગાંતકૃત ભૂમિકા કહીયેં. અને શ્રીનેમિનાથને કેવલજ્ઞાન ઉપના પછી બાર વર્ષે મુક્તિ માર્ગ વહ્યો, તે પયાય અંતકૃત ભૂમિકા કહીયેં.

શ્રીપાર્શ્વનાથ અરિહંત પુરૂષમાંહે આદાનિકને બે પ્રકારેં અંતકૃત ભૂમિકા થઇ, તિહાં શ્રીપાર્શ્વનાથના ચાર પાટ લગેં મુક્તિ માર્ગ વહ્યો, તેને યુગાંતકૃત ભૂમિકા કહિયેં. અને શ્રી પાર્શ્વનાથને કેવલજ્ઞાન ઉપના પછો ત્રણે વર્ષે મુક્તિમાર્ગ વહ્યો, તેને પર્યાય અંતકૃત ભૂમિકા કહીયેં.

શ્રમણ ભગવાન્ શ્રીમહાવીર સ્વામીને બેહુ પ્રકારે અંતગડ ભૂમિ એટલે ભવનો અંત કરવો, મોક્ષગામિપણું તેની ભૂમિકા એટલે કાલમાન થયું, તે કહે છે. એક યુગાંતકૃત ભૂમિકા, તિહાં યુગ એટલે કાલમાન વિશેષ. અનુક્રમે ગુરૂ, શિષ્ય, પ્રતિશિષ્યાદિકરૂપ જે પુરૂષ તેના પ્રમાણની જે ભૂમિકા તે યુગાંતકૃત ભૂમિકા કહેવાય. તિહાં શ્રીવીરને પાટે ત્રણ પુરૂષના યુગ એટલે ત્રણ પાટ લગે કર્મનો અંત થયો છે. તેમાં એક તો શ્રીવીર ભગવાન્ પોતે, બીજા તેમના પાટે શ્રીસુધર્માસ્વામી, અને ત્રીજા જંબુસ્વામી; એ ત્રણ પાટ લગે મુક્તિમાર્ગ વહ્યો, તેને યુગાંતકૃત ભૂમિકા કહીયે. અને બીજી પર્યાય અંતકૃત ભૂમિકા તે તીર્થંકરને કેવલજ્ઞાન ઉપનાનો કાલ તે આશ્રી જે અંતકૃત એટલે કર્મનો અંત કરવો, તેને પર્યાય અંતકૃત ભૂમિકા કહીયે. તિહાં ભગવંત શ્રીમહાવીરને કેવલજ્ઞાન ઉપના પછી ચાર વર્ષ એટલે ભગવંતને ચાર વર્ષનો કેવલ પર્યાય થયા પછી બીજા જીવોને કર્મનો અંત થયો, મોક્ષમાર્ગ પ્રવર્ત્યો, વહ્યો, તેને પર્યાય અંતકૃત ભૂમિકા કહીયે. ॥ ૨૬ ॥

**जीहो आसन चले सवि इंद्रनां, जीहो आवे लइ परिवार ॥जीहो करे उत्सव निरवाणनो, जीहो जंबूपन्नत्ति अधिकार॥च०॥ २७॥**

**અર્થ:**—તે વખતે સર્વ ઇંદ્રોનાં આસન ચલાયમાન થયાં, તેથી તે સહુ પોત પોતાના પરિવાર સહિત આવીને પ્રભુના નિર્વાણ કલ્યાણકનો મહોત્સવ પ્રત્યે કરતા હવા, તે સર્વ અધિકાર, શ્રીજંબૂદ્વીપ પન્નત્તિથકી વિસ્તારે જાણવો ॥૨૭॥

**जीहो परव नेव्याशी थाकते, जीहो त्रीजा आरामांह ॥ जीहो ऋषभजी शिवसुंदरी वर्या, जीहो ए थितिनो प्रवाह॥च०॥२८॥**

અર્થઃ—ત્રીજા આરાના નેવ્યાશી પખવાડીઆં શેષ રહ્યાં, તેવારેં ઋષભજી મોક્ષરૂપ સ્ત્રીને વર્યા; એવોજ સ્થિતિનો પ્રવાહ છે જે, પહેલા તીર્થંકર ત્રીજા આરાને અંતેં થાય, બીજા તીર્થંકર સર્વ ચોથા આરામાં થાય ॥ ૨૮ ॥

**जीहो अधिकरण ए धर्मनो, जीहो एहशुं धर्म स्नेह ॥ जीहो प्रथम तीर्थंकर मुनिपति, जीहो ज्ञानविमल गुण गेह ॥च०॥२९॥**

અર્થઃ—એ શ્રીઋષભદેવ ભગવાન્ ધર્મની આદિના કરનાર એમની સાથેં મ્હારે ધર્મસ્નેહ થયો. વલી પ્રથમ તીર્થંકર પણ એહીજ થયા. તથા પ્રથમ મુનિઓના પતિ પણ એહીજ થયા. પ્રભુ ઉજ્જવલ જ્ઞાનરૂપ ગુણના ઘર છે. ॥ ૨૯ ॥

ઇતિ શ્રી અષ્ટમ વ્યાખ્યાને આદિનાથ પંચ કલ્યાણિક **સમાપ્ત.**

હવે થવિરને નમસ્કાર કરવાને ઢાલ કહે છે.

**॥ ढाल तेरमी ॥ नमो नमो मनक महामुनि ॥ ए देशी ॥**

॥ નમો નમો ગણધર થવિરને, વીર તણા ઇગ્યાર રે ॥
ઇંદ્રભૂતિ અગ્નિ વાયુભૂતિ, વ્યક્ત સોહમ ગણધાર રે ॥નમો૦॥૧
મંડિત મોરિયપુત્રજી, અકંપિત અચલ ભ્રાત રે ॥
મેતાર્ય પ્રભાસ જાણિયેં, એકાદશ ગણી ખ્યાતરે ॥નમો૦॥૨॥
વીર છતે નવ શિવ લહ્યા, સપરિવાર માસ ભત્તે રે ॥
રાજગૃહેં વલી ગૌતમો, બાર વરસ વીરને અંતેં રે, ॥નમો૦॥૩॥
સોહમણી શ્રી વીરથી, વીશ વરસેં સિદ્ધિ લહિયા રે ॥
તેહના જંબૂ કેવલી, તિહાંથી શિવ કેવલ રહિયા રે ॥નમો૦॥૪

પ્રભવ સઘંભવ જાણિયે, જશોભદ્ર સંભૂતિવિજયા રે ॥
ભદ્રબાહુ થૂલિભદ્રજી, એ શ્રુત કેવલી ષટ્ કહિયા રે ॥
ચૌદ પૂરવધર લહિયા રે ॥ નમો૦ ॥ ૫ ॥
અર્ય સુહસ્તી મહાગિરિ, સુસ્થિત સુપ્પડિ બદ્ધા રે ॥
ઇંદ્રદિન સિંહગિરિ જાણિયે, દિન્ન ધન્નગિરિ સુપ્રસિદ્ધા રે ॥ નમો૦ ૬
વયરસેન વજ્રસેનજી, એ દશ પૂરવ ધારી રે ॥
ગુણસુંદર સામાચાર્યજી, શાંડિલાચાર્ય ગુણાધારી રે ॥ નમો૦ ૭
શ્રીધર્મ રેવતિમિત્રજી, ભદ્રગુપ્તને શ્રીગુપ્ત રે ॥
વજ્રસૂરિ દશ પૂરવી, યુગ પ્રધાન પવિત્ર રે ॥ નમો૦ ॥ ૮ ॥
તોશલિપુત્ર આર્ય રક્ષિત, મનક ને આરિયસમિ નામ રે ॥
યાવત્ દેવટ્ઠી ગણિ થકી, વર સવે ગુણધામ રે ॥ નમો ॥ ૯ ॥
શાખા કુલ વલી એહનાં, નંદિ આવશ્યકે કહિયે રે ॥
કલ્પસૂત્રે થવિરાવલી, તસ ગુણ સુણી ગહગહિયે રે ॥ નમો૦ ॥ ૧૦ ॥
આદિ ચરિત્ર થવિરાવલી, કહિયે આઠમે વખાણ રે ॥
પાર ન ગુણનો એહના, જ્ઞાનવિમલ ગુરૂ જાણ રે ॥ નમો૦ ॥ ૧૧

॥ ઇતિ અષ્ટમવ્યાખ્યાને ભાસધવલ સંપૂર્ણ ॥

અર્થઃ—હે ભવ્યો ! તમે ગણધરને નમસ્કારને કરો. તે ગણધર કહેવા છે ? તો કે થવિર એટલે ધર્મથકી પડતા પ્રાણીઓને હિતોપદેશ આપી પાછા ધર્મને વિષે સ્થિર કરનારા છે, તિહાં પ્રથમ તો શ્રીવીર પ્રભુના અગીઆર ગણધર થવિર છે, તેનાં નામ કહે છે. એક ઇંદ્રભૂતિ, બીજા અગ્નિભૂતિ, ત્રીજા વાયુભૂતિ, ચોથા વ્યક્ત, અને પાંચમા સુધર્મસ્વામી ગણના ધારક થયા ॥ ૧ ॥ છઠા મંડિત, સાતમા મૌર્યપુત્ર, આઠમા અકંપિત, નવમા અચલભ્રાતા, દશમા

મેતાર્ય, અને અગીઆરમા પ્રભાસ, એ અગીઆર ગણીનાં નામ જાણવાં ॥ ૨ ॥ તેમાંથી નવ ગણધર તો પરિવાર સહિત શ્રીવીર ભગવાન્ વિદ્યમાન છતાં રાજગૃહી નગરીયેં એક માસનું અનશન કરી ચઉવિહાર સહિત કાલ કરી મોક્ષે પહોતા છે અને શ્રીવીર નિર્વાણ પછી બાર વર્ષે શ્રીગૌતમસ્વામી મોક્ષેં પોહોતા છે ॥ ૩ ॥ તથા શ્રીસુધર્મા-સ્વામી તો વીરનિર્વાણ પછી વીશ વર્ષે સિદ્ધિ પામ્યા છે. તે પછી શ્રીસુધર્માસ્વામીના શિષ્ય શ્રીજંબૂસ્વામી કેવલી થયા. તે પછી કોઇ કેવલ જ્ઞાન પામ્યા નથી; અને જંબુ-સ્વામી મોક્ષેં ગયા પછી કોઈ મોક્ષેં પણ ગયા નથી ॥ ૪ ॥ તેવાર પછી શ્રીપ્રભવસ્વામી, સિદ્યંભવસૂરિ, યશોભદ્ર, સંભૂતિ-વિજય, ભદ્રબાહુ અને શ્રીથૂલિભદ્રજી, એ છ શ્રુતકેવલી ચૌદ પૂર્વના ભણનારા થયા ॥ ૫ ॥ શ્રીથૂલિભદ્રજીના એક આર્ય-સુહસ્તી બીજા આર્યમહાગિરિ, એ બે શિષ્ય થયા. વલી આર્યસુહસ્તીના એક સુસ્થિત અને બીજા સુપ્રતિબદ્ધ, એ બે શિષ્ય થયા. તેમનાં શિષ્ય ઇંદ્રદિન્નસૂરિ થયા, પછી સિંહ-ગિરિસૂરિ પછી દિન્નસૂરિ થયા, પછી ધનગિરિ સૂરિ થયા ॥ ૬ ॥ પછી વયરસ્વામી વજ્રસેન ઇત્યાદિક દશ પૂર્વધારી થયા. પછી ગુણસુંદર સૂરિ શ્યામાચાર્ય, કાલિકાચાર્ય થયા. પછી ગુણના ધરનાર શાંડિલાચાર્ય થયા ॥ ૭ ॥ પછી શ્રીધર્મ-રેવતિમિત્ર, ભદ્રગુપ્ત, શ્રીગુપ્ત અને વજ્રસૂરિ, એ દશ પૂર્વના ધણી પવિત્ર યુગ પ્રધાન થયા ॥ ૮ ॥ વલી તોશલી-પુત્ર, આર્યરક્ષિત, મનક અને આર્યસમિ નામેં થયા. એમ યાવત્ દેવર્દ્ધિગણી ક્ષમાશ્રમણ થયા. તે થકી આગલ જે સાધુ

થયા, તે સર્વ ગુણવંત જાણવા ॥ ૯ ॥ વલી એમની જે જૂદી જૂદી શાખાઓ નીકલી છે તથા જૂદાં જૂદાં કુલ થયાં છે તે સર્વ નંદિસૂત્ર તથા આવશ્યકસૂત્રમાં કહ્યાં છે. તેમજ કલ્પસૂત્રમાં જે થવિરાવલી કહી છે, ત્યાંથી એમના ગુણ સાંભલીને મનમાં આનંદ ધરવો ॥ ૧૦ ॥ એ રીતેં શ્રી આદિનાથનું ચરિત્ર અને થવિરાવલી એ બે આઠમા વખાણમાં કહેવા. એ બદ્ધા ગુરૂ ઉજ્જવલ જ્ઞાનના જાણ છે, એમના ગુણોનો પાર નથી, અપરિમિત ગુણોવાલા છે ॥૧૧॥ ॥ઇતિ શ્રી કલ્પસૂત્ર અષ્ટમ વ્યાખ્યાને ભાષ્યધવલ સંપૂર્ણ॥

॥ ढाल चउदमी अलबेलानी ॥ ए देशी ॥

॥ હવે સંવચ્છરીને દિનેં રે લાલ,
કરે ઉચ્છવ મંડાણ ॥ સવિ સામી રે ॥
પુસ્તક પૂજો પ્રેમશું રે લાલ ॥
નિસુણિ સૂત્ર વખાણ ॥ સુખકારી રે ॥
સૂત્ર સુણો વિધિશું સદા રે લાલ ॥ ૧ ॥
જીમ લહો નિર્મલ જાણ ॥ સુ૦ ॥
યોગવાહી ગુરૂ જે હુવે રે લાલ ॥
આચારી અર્થના જાણ ॥ સુ૦ ॥
અનભિનિવેશી અમત્સરી રે લાલ ॥
સુવિહિત મુનિગુણ ખાણ ॥ સુ૦ ॥ સૂત્ર૦ ॥ ૨ ॥
ગીત ગાન વાજીત્રશું રે લાલ,
પૂરે મંગલ આઠ ॥ સુ૦ ॥
સાવધાન બહુ ભાવશું રે લાલ॥
કલ્પસૂત્રનો પાઠ ॥ સુ૦ ॥ સૂ૦ ॥ ૩ ॥

પૂજાને પ્રભાવના રે લાલ,
ચૈત્ય પ્રવાડી સાર ॥ સુ૦ ॥
પોસહ આરાધન કરે રે લાલ ॥
અઠમ ઘર નર નાર ॥ સુ૦ ॥ સૂ૦ ॥ ૪ ॥

લાહો લીએ નિજ વિત્તનો રે લાલ ॥
કરી અતિ પરિગલ ચિત્ત ॥ સુ૦ ॥
સંપૂરણ સૂત્ર સાંભલે રે લાલ ॥
પર્વ એ સર્વ પવિત્ત ॥ સું૦ ॥ સૂ૦ ॥ પ ॥

આગમ અખર સાંભલે રે લાલ ॥
જાઇ પૂરવ પાપ ॥ સુ૦ ॥
વિધિયોગેં જો સાંભલે રે લાલ ॥
નાસે તિમિર સંતાપ ॥ સુ૦ ॥ સૂ૦ ॥ ૬ ॥

સંપૂરણ તિહાં સાંભલી રે લાલ ॥
ભાવે આપ સ્વભાવ ॥ સુ૦ ॥
કરે વધાઇ લૂંછણાં રે લાલ ॥
જભ હોયે ધર્મજમાવ ॥ સુ૦ ॥ ૭ ॥

જ્ઞાનવિમલ ગુરૂ ઉપદેશેં રે લાલ ॥
સમાચારી મુનિધર્મ ॥ સુ૦ ॥
આલાવા ચોશઠેં કરી રે લાલ ॥
અડવીશ ભેદેં મર્મ ॥ સુ૦ ॥ સૂ૦ ॥ ૮ ॥

એક કલ્પસૂત્ર સાંભલવાનો વિધિ કહ્યો. આ ગાથાઓનો અર્થ સુગમ છે તેથી લખ્યો નથી. અને છેહેલી આઠમી ગાથાના પાછલા ત્રણ પદેં કરી ચોશઠ આલાવે કરી અઠાવીશ પ્રકારની

મુનિના ધર્મની સમાચારી જે કહી છે, તે શ્રીકલ્પસૂત્ર થકી જાણવી. અહીંઆં ઢાલોમા એને અધિકાર લાવ્યા નથી.

॥ હવે માંગલિકને અર્થે ધવલભાસ કહે છે ॥

**॥ ढाल पन्नरमी ॥ टोडरमल्ल जीत्यो जो ॥ ए देशी ॥**

॥ ઇમ ઉચ્છવ આડંબરે રે,
સુણિ સુણિ સૂત્ર વખાણ ॥
જીણંદ રાય જીત્યા રે,
જીત્યા જીત્યા કર્મના મર્મ ॥ જીણં૦ ॥
ભાગા ભાગા મિથ્યા મર્મ ॥ જીણં૦ ॥
વિષય કષાય સમાવિયા રે,
પસરી સમતાવેલિ ॥ જીણં૦ ॥
જીનશાસન વર મંડપે રે,
સાધર્મિક કરે કેલિ ॥ જી૦ ॥
ગાય ગાય ગોરી ગેલિ ॥ જી૦ ॥
કૂડ કપટ સવિ મેલિ ॥ જી૦ ॥
કાઢયા કાઢયા દુશમન ઠેલિ ॥ જી૦ ॥
જાગી જાગી અનુભવવેલી ॥ જી૦ ॥ ૧ ॥
સતીય સોહાગણ સુંદરી રે ॥
ગાય ગાય મધુરાં ગીત ॥ જી૦ ॥
દર્શન જ્ઞાન ચારિત્રની રે,
બાંધિ બાંધિ સબલી નીત ॥ જી૦ ॥
થઇ થઇ જગમાં જીત ॥ જી૦ ॥
પામ પામી પુરૂષ પ્રતીત ॥ જી૦ ॥

મલ્યામલ્યા મનના મિત્ત ॥ જી૦ ॥
ગઇ ગઈ ભવની ભીત ॥ જી૦ ॥ ૨ ॥
અનુભવ લચેં જે ગુણ હોયે રે,
તે ભવની કોડાકોડી ॥ જી૦ ॥
દુરિત ઉપદ્રવ ઉપશમે રે,
ન કરે અનુભવ જોડી ॥ જી૦ ॥
નહિં જિન શાસન હોડી ॥ જી૦ ॥
હર્ષિત હોડા હોડી ॥ જી૦ ॥
મલી મલી મોડા મોડિ ॥ જી૦ ॥
ચૂરે ચૂરે કર્મ વિછોડિ ॥ જી૦ ॥ ૩ ॥
એમ શ્રીપર્વ શોહામણું રે,
કરે જિનમતના જાણ ॥ જી૦ ॥
જ્ઞાનવિમલ ગુરૂ જોગથી રે,
પ્રગટે પુણ્ય પ્રમાણ ॥ જી૦ ॥
આજ ભલું સુવિહાણ ॥ જી૦ ॥
પ્રગટયો સમકિત ભાણ ॥ જી૦ ॥
નાઠાં નાઠાં દુરિત અન્નાણ ॥ જી૦ ॥
આગમ મોજ મહીરાણ ॥ જી૦ ॥
વાગાં વાગાં જયનિશાન ॥ જી૦ ॥
નમતા રાણો રાણ ॥ જી૦ ॥
ગાલ્યાં ગાલ્યાં કુમતિનાં માન ॥ જી૦ ॥
પેખ્યાં પેખ્યાં પુણ્યનાં ઠાણ ॥ જી૦ ॥
ઉત્સવ અધિક મંડાણ ॥ જી૦ ॥
સજ્જનના મેલાણ ॥ જી૦ ॥

બોલે બોલે જય જય વાણ ॥ જી૦ ॥
દિન દિન કોડી કલ્યાણ ॥ જી૦ ॥ ૪ ॥

॥ दोहा ॥ हवे सुविहित पट्टावली, जिनशासन शणगार ॥
आचारज अनुक्रमें थया, नामथकी कहुं सार ॥ १ ॥
एकेकाना गुणघणा, कहेतां नावे पार ॥
परंपरायें अविया, धर्मतणा दातार ॥ २ ॥

અર્થ:—હવે શ્રીજિનશાસનમાંહે શોભાયમાન જે સુવિહિત આચાર્ય અનુક્રમેં થયા છે, તેની પટ્ટાવલી ભગવંતથી માંડીને જ્ઞાનવિમલ થયા, ત્યાં સુધી નામ થકી કહું છું, તે એકેકા આચાર્યના ઘણા ગુણ છે જે કહેતાં થકાં પાર પામીયેં નહીં. એવા ધર્મના દેવાવાલા જે આચાર્ય પરંપરાયેં આવ્યા છે તે લખીયે છયેં.

॥ ढाल शोलमी ॥ तपगच्छनंदन सुरतरु प्रगटया ॥ ए देशी ॥
वीरतणें पाटें हवे पहेला, सोहम गुणगण खाणि जी ॥
वीजा जंबूस्वामी कहियें, छेला केवल नाणि जी ॥
त्रीजा प्रभव गणी वली चोथा, सय्यंभव गणधार जी ॥
मनकपुत्र हेतें जेणें कीधुं, दश वैकालिक सार जी ॥१॥

અર્થ:—શ્રીવીર સ્વામીને પાટેં શ્રીવીરના પાચમા ગણધર સુધર્મા સ્વામી ગુણ સમૂહના ખાણ થયા. પચ્ચાશ વર્ષે દીક્ષા લીધી, બેંતાલીશ વર્ષ ચારિત્ર પર્યાય પાલ્યું, આઠ વર્ષ કેવલ પર્યાય પાલી, સર્વ શો વર્ષાયુ ભોગવી મુક્તિ પોહોતા. તેમને પાટેં જંબુસ્વામી થયા, જે શોલ વર્ષના થયા, તેવારેં અપ્સરા સરખી આઠ સ્ત્રી પરણીને તેહીજ રાત્રિયેં

આઠ સ્ત્રીને પ્રતિબોધી બીજે દિવસેં સુધર્મા સ્વામી પાસેંથી દીક્ષા લીધી. પછી વીશ વર્ષ છદ્મસ્થપણે રહ્યા. ચુમ્માલીશ વર્ષ કેવલ પર્યાય પાલી એંશી વર્ષ આયુ ભોગવી મોક્ષેં ગયા. એ છેહેલા કેવલી થયા. એ મોક્ષેં ગયા પછી કેવલ જ્ઞાનાદિક દશ વાનાં વિચ્છેદ ગયાં છે. હવે એમની પછવાડે જે પાટ થયા તેમાંથી કોઇને કેવલ ઉપનું નથી ॥ ત્રીજે પાટેં પ્રભવો સૂરિ થયા. વલી ચોથેં પાટેં સય્યંભવનામે ગણના ધારક થયા છે. પછી એમના પુત્ર મનક પિતા નામેં સાધુ હતા. તેને ચૌદ પૂર્વ ભણાવવાનો વિચાર ગુરૂયેં કર્યો. પરંતુ ઉપયોગ આપી જોયું તો મનકનું આયુ શેષ છ મહીનાનું રહ્યું છે એવું જાણ્યું. તેવારેં તેને અર્થે દશવૈકાલિક સૂત્રની રચના કરી. તે વાત વિસ્તારેં ગ્રંથાંતરથી જાણવી ॥૧॥

जशो भद्रगणी पंचम जाणो, छठा संभूति विजया जी ॥
भद्रबाहु ए चौद पूर्वी, कल्प सूत्र जेणें रचीयां जी ॥
दश नियुत्ति अने उवसग्गहर, स्तोत्र करयुं संघ हेतें जी ॥
थूलभद्र गणि सत्तम पाटें, जेह थया शुभ चित्तें जी ॥२॥

અર્થ:—તેમને પાટેં પાંચમા શ્રીયશોભદ્રસૂરિ થયા. તે પછી શ્રીસંભૂતિવિજય તથા ભદ્રબાહુ સ્વામી એ બેહુ એકજ પાટેં થયા. તે ભદ્રબાહુ સ્વામી ચૌદ પૂર્વ ભણ્યા, મહોટા પ્રભાવિક થયા, જેણેં કલ્પસૂત્રની રચના કરી તથા દશ નિર્યુક્તિ કરી અને શ્રીસંઘને મરકીના ઉપદ્રવ નિવારવાને અર્થે ઉપસર્ગ હર સ્તોત્ર કર્યું. તેની છેલ્લી બે ગાથા ધરણેંદ્રેં વિનંતિ કરીને ભંડારેં મૂકાવી. શેષ પાંચ ગાથા રહી

છે તે અદ્યાપિ ભણાય છે. પછી સાતમે પાટેં શ્રીસંભૂતિ વિજયના શિષ્ય થૂલિભદ્રજી થયા, જેની કથા પ્રસિદ્ધ છે. વલી એ જેવારેં દશ પૂર્વ ભણ્યા તેવારેં એમની સાત બેહેનો સાધવી હતી તે વાંદવા આવી. તેણીયેં ગુરૂને પૂછ્યું જે થૂલિભદ્રજી કિહાં છે? ગુરૂયેં કહ્યું ભણે છે. તેવારેં બેનોને દેખી થૂલિભદ્રે સિંહનું રૂપ કર્યું. બેનોયેં ગુરૂને કહ્યું, એતો સિંહ બેઠો છે. ગુરૂયેં ઉપયોગ આપી વિચાર્યું, જે હમણાં થોડી વિદ્યા પણ જીરવાતી નથી, માટે વિદ્યા ન આપવી. પછી ચૌદ પૂર્વ ભણાવતાં દશ પૂર્વલગેંજ રાખ્યો. શેવટનાં ચાર પૂર્વ સંઘના આગ્રહથકી સૂત્ર ભણાવ્યાં, પણ તેનો અર્થ શીખાવ્યો નહીં ॥ ૨ ॥

**नागर कुल आगर सवि गुणणे, कोश्या जेणें प्रतिबोधी जी ॥**
**शीलवंत शिरदार भुवनमें, विजय पताका लीधी जी ॥**
**आर्यमहागिरि, आर्यसुहस्ति, तस पाटें आठम कहियें जी ॥**
**द्रुमकदिख संप्रति नृप कीधो, जिनकल्प तुलना कहियें जी॥३॥**

અર્થઃ—તે થૂલિભદ્રજી નાગરના કુલને વિષે સર્વ ગુણોયેં કરી આગર સરખા હતા, જેણેં કોશ્યાને પ્રતિબોધીને ધર્મ પમાડ્યો છે તે શીલવંત પુરૂષોના શિરદાર થયા. શીલેં કરી ત્રણે ભુવનમાં જયની પતાકા લીધી, શીલરૂપ ગુણેં કરીને એમનું ચોરાશી ચોવીશી પર્યંત નામ રહેશે. આઠમે પાટેં થૂલિભદ્રજીના શિષ્ય આર્યમહાગિરિ તથા આર્ય સુહસ્તી થયા. એક દિવસેં શ્રીઆર્ય સુહસ્તીજી વહોરવા ગયા. માર્ગમાં ભિખારી મલ્યો. તેણેં વાંદ્યા અને ખાવાનું માગ્યું. તેવારેં

ગુરૂયેં કહ્યું, તમેં દીક્ષા લ્યો, તો અમેં ખાવાને આપીયેં. તે સાંભલી પેલા ભિખારીયેં દીક્ષા લીધી. પછી તેણેં ભૂખેં મરતાં સરસ આહાર ઘણો વાપર્યો. તેણેં કરી અજીર્ણ થયું, તેથી તરત મરણ પામી સંપ્રતિરાજા થયો. હવે તે રાજા એક દિવસેં ગોખેં બેઠો છે, એટલામાં સાધુને દીઠા. તેવારેં વિચાર્યું જે આવા સાધુ તો મેં પૂર્વેં દીઠા હતા? એમ ઇહાપો કરતા જાતિસ્મરણ જ્ઞાન ઉપનું, તેથી પૂર્વભવ સાંભર્યો. પછી ઉતરીને ગુરૂને વાંદ્યા. ગુરૂયેં કહ્યું, તમે જૈનધર્મ દીપાવો. તે પછી સંપ્રતિ રાજાયેં સવા લાખ દેરાસર કરાવ્યાં. એ બેહુ આચાર્યેં જિનકલ્પી સાધુ જેવું ઉત્કૃષ્ટ ચારિત્ર પાલ્યું છે ॥૩॥

**नवमा सुस्थित सुप्रतिबद्धा, दोय आचारज जाणो जी ॥**
**कोडीवार सूरिमंत्र जप्याथी, कोटिक बिरुद धराणो जी ॥**
**आठ पाट लगें बिरूद निग्रंथनुं, हवे दशमा इंद्रदिन्ना जी ॥**
**एका दशमा दश पूरवधर, सूरिश्री वली दिन्ना जी ॥ ४ ॥**

અર્થ:—હવે નવમે પાટેં સુસ્થિત અને સુપ્રતિબદ્ધ એવા નામેં બે આચાર્ય થયા. તેમને માંહો માંહે સામાચારીમાં ફેર પડયો. તેમના શિષ્ય કેટલાએક બીજા પાસેં ગયા છે. એમણેં કોટીવાર સૂરિમંત્ર જપ્યો. તે મંત્રના પ્રભાવથી વીશ દિવસ માંહેં કોટિક બિરૂદ ધારણ કર્યું. અહીંઆંથી કોટિક ગણની સ્થાપના થઈ. પૂર્વેં આઠ પાટ પર્યંત તો નિર્ગ્રંથનું બિરૂદ ધારણ કરેલું હતું. અને નવમા પાટથી કોટિક બિરૂદ ધારણ થયું. હવે દશમે પાટેં ઈંદ્રદિન્નસૂરિ થયા. વલી અગીઆરમે પાટેં શ્રીદિન્નસૂરિ દશ પૂર્વધર થયા ॥ ૪ ॥

बारसमां श्रीसिंहगिरीसर, तेरमा श्रीवयरस्वामी जी ॥
अंतिम ए दश पूरवधारी, लब्धि अनेक जेणें पामी जी ॥
नभोगामिने वैक्रियक्रिया, शासन भासनकारी जी ॥
प्रवचन रचना जेणें समारी, अतिशय गुणना भारी जी ॥५॥

અર્થ:—બારમે પાટે શ્રીસિંહગિરિજી થયા. તથા તેરમે પાટે શ્રી વયરસ્વામી અંતિમ એટલે છેહેલા દશ પૂર્વધર થયા; જેમને અનેક લબ્ધિઓ પ્રાપ્ત થઈ હતી, તેની સંક્ષેપથી કથા કહે છે. તુંબવન ગામે ધનગિરિ નામા ગાથાપતિયે પોતાની સુનંદા સ્ત્રીને ગર્ભવતી મૂકી સિંહગિરિ પાસેંથી દીક્ષા લીધી. પછવાડે સુનંદાયેં પુત્ર જણ્યો. તે પુત્રેં સાંભલ્યું જે, મહારા પિતાયેં દીક્ષા લીધી છે. પછી ઇહાપોહ કરતાં જાતિસ્મરણ ઉપન્યું. તેવારેં તે બાલક પણ ચારિત્ર લેવાને ઉત્સુક થયો. પછી નિરંતર રોવે, માતાને ઉદ્વેગ ઉપજાવે, અનુક્રમેં છ માસનો થયો. તેવારેં ધનગિરિ સાધુને માતાયેં આપ્યો. તેણેં ગુરૂને સોંપ્યો. વજ્રની પેરેં ઘણો ભાર લાગ્યો, માટે ગુરૂયેં વજ્રનામ દીધું. પછી સાધવીને ઉપાશરે પાલણા માંહે રમતાં આર્યાના મુખથી અંગોપાંગ સિદ્ધાંતનો પાઠ સાંભલતાં પદાનુસારણી લબ્ધિ ઉપની. તેના બલેં અગીઆર અંગનો પાઠ ભણ્યા. સાધિક ત્રણ વર્ષના થયા, તેવારેં ભાવથી ચારિત્ર ઉપનું. પછી બાલકની માતાયેં ગુરૂ પાસેંથી પુત્ર પાછો માગ્યો, પરંતુ તે બાલક માતાની પાસે ઢુકડો ન આવે. પછી રાજા સમક્ષ તે બાલકની માતાયેં ઘરેણાં પકવાન પ્રમુખ વિવિધ વસ્તુ દેખાડી અને ધનગરિયેં ઓઘો મુહપત્તી

દેખાડયાં. તે સાધુવેશ બાલકેં મસ્તકેં ચઢાવ્યો. તેવારેં માતાયેં પણ દીક્ષા લીધી. પછી કુમર આઠ વર્ષના થયા. તેવારેં ઉજ્જેણી નગરીને માર્ગે પૂર્વભવના મિત્ર જૃંભક દેવતાયેં કોલાપાક આપવા માંડયો, તે વયરઋષિયેં દેવપિંડ જાણી ન લીધો. તેવારેં દેવતાયેં સંતુષ્ટ થઇ વૈક્રિય લબ્ધિ આપી. વલી દેવતાયેં બીજી વાર ઘેવર દેવા માંડયાં, તે પણ ન લીધાં. તેવારેં દેવતાયેં આકાશગામિની વિદ્યા આપી. તથા પાડલી પુરેં ધનશ્રેષ્ઠીયેં પોતાની પુત્રી રૂક્મિણી વયરસ્વામીને રૂપેં મોહી થકી કોડી સુવર્ણ ધન સંયુક્ત દેવા માંડી. પણ વયરસ્વામીયેં તેને મન માત્રેં પણ અંગીકાર કીધી નહીં, પરંતુ તેને પ્રતિબોધીને દીક્ષા દીધી. વલી એકદા દુર્ભિક્ષ પડયું. તેવારેં સર્વ સંઘને કલ્પડામાંહે બેસાડી સુભિક્ષા નગરિયેં આણ્યાં. તિહાં બૌધ રાજાયેં પ્રતિમા પૂજવાને ફૂલ નિષેધ્યાં. તેવારેં શ્રી પર્વ માંહે જિનશાસનની ઉન્નતિ કરવા સારૂ આકાશગામિની વિદ્યાયેં કરી હિમવંત પર્વતેં શ્રીદેવીયેં દીધેલા કમલ અને હુતાશન વનથકી વીશ લાખ ફૂલ લઈ આવી પૂજા કરાવી. તિહાં બૌધરાજા શ્રાવક થયો. જિનશાસનની ઉન્નતિ થઇ. એ શ્રી વયરસ્વામીયેં પ્રવચનની રચના સમારી, ઘણા ગ્રંથોની રચના કરી, પાંચમા આરામાં અતિશયવંત ઉદ્યોતકારી થયા, ગુણેં કરી ગરિષ્ટ થયા. અન્યદા વયરસ્વામીયેં કફરોગેં શુંઠનો ખંડ કાને રાખ્યો હતો, તે પડિલેહણ કરતાં આગલેં પડયો દેખી, પોતાનું અલ્પાયુ જાણી, રથાવર્ત્ત પર્વતેં જઇ અનશન કરી તિહાં મરણ પામી દેવલોકેં પોહોતા ॥ ૫ ॥

वज्रसेन तस पाटें चउदमा, जेणें सोपारा नयरें जी ॥
कहि सुगाल चउ सुत व्यवहारि, विषभक्षणथी वारे जी ॥
दिख दइने भव जल तार्यां, चार आचारज थाप्यां जी ॥
एकेकाना एकवीश एकवीश, तस चोराशी गच्छ थाप्या जी॥६॥

અર્થ:—હવે તેમના પાટેં ચાદમા શ્રીવજ્રસેન સૂરિ થયા. બાર વર્ષી દુઃકાલ પડયો હતો, તે દુષ્કાલને છેહડે વજ્રસેનસૂરિ સોપારા પાટણે પધાર્યા. તિહાં ગુરૂભક્તિવાન્ જિનદત્ત શ્રાવકની ઇશ્વરી નામે ભાર્યા નિત્ય પ્રત્યેં લક્ષ દ્રવ્ય વ્યય કરી અન્ન રાંધે છે, એમ કરતાં અન્ન ખૂટયું. તેવારેં ઇશ્વરીગેં વિચાર્યું જે, હવે સાધુ વોહોરવા આવશે તેને ના કેમ કહીયેં ? માટે હવે જે શેષ અન્ન છે તેમાંહે વિષ ભેલી ભક્ષણ કરીયેં તો ભલું. તે વાર્ત્તા ગુરૂયેં જાણી. પછી શિષ્ય મોકલી કહેવરાવ્યું જે, પ્રભાતેં યુગંધરીયેં ભર્યાં પ્રવહણ આવશે; માટે, વિષ ભક્ષણ કરશો નહીં. પછી જેમ ગુરૂયેં કહ્યું તેમજ અન્નનું સુભિક્ષ થયું, જયજયારવ પ્રવર્ત્યો. પછી જિનદત્તશેઠ તથા તેની ઇશ્વરી ભાર્યા તથા નાગેંદ્ર, ચંદ્ર, નિર્વૃત્તિ અને વિદ્યાધર, એ ચાર પોતાના પુત્ર સહિત વૈરાગ્ય પામ્યા. તેને ગુરૂયેં દીક્ષા આપી સંસારસમુદ્રથી તાર્યાં. પછી તે ચાર શિષ્યને ચાર આચાર્ય કરી થાપ્યા. તે ચાર માંહેલા એકેકામાંથી એકવીશ એકવીશ ગચ્છ નિકલ્યા. એમ સર્વ મલી ચોરાશી ગચ્છની સ્થાપના થઈ ॥ ૬ ॥

चंदसूरि पन्नरमे पाटें, चंदनगच्छ बिरुद ए बीजुं जी ॥
सामंतभद्र शोलमा वनवासी, बिरुद थयुं ए त्रीजुं जी ॥

**वृद्धदेव सूरि सत्तरमा, अढारमा प्रद्योतन सूरि जी ॥**
**मानदेव ओगणीशमा जाणो, शांतिकारि जेणें भूरि जी ॥७॥**

અર્થઃ—હવે પન્નરમે પાટે શ્રીચંદ્રસૂરિ થયા. ત્યાંથી ચંદ્રગચ્છ નામા બીજું વિરૂદ થયું. વલી શોલમે પાટે શ્રીસામંતભદ્ર સૂરિ સંપૂર્ણ બ્રહ્મચારી થયા. ત્યાંથી વનવાસીનામા ત્રીજું બિરૂદ થયું. સત્તરમે પાટે શ્રીવૃદ્ધદેવ સૂરિ થયા. અઢારમે પાટે પ્રદ્યોતન સૂરિ થયા, જેને કોરંટ ગામને વિષે જિનબિંબની પ્રતિષ્ઠા કરી. ઓગણીશમે પાટે માનદેવ સૂરિ થયા, જેણે શ્રીસંઘને મરકીનો ઉપદ્રવ નિવારવા લઘુશાંતિ સ્તવન રચીને શ્રીસંઘને અત્યંત શાંતિ કરી છે ॥ ૭ ॥

**मानतुंग सूरि वली वीशमा, भक्तामर जेणें कीधुं जी ॥**
**वीरसूरि एकवीशमा जाणो, अभिग्रहव्रत जेणें दीधुं जी ॥**
**जयानंदसूरि बावीशमा, देवानंद त्रेवीशा जी ॥**
**चोवीशमा श्रीविक्रमसूरि, श्रीनरसिंह पचवीशा जी ॥ ८ ॥**

અર્થઃ—વીશમે પાટે શ્રીમાનતુંગસૂરિ થયા, જેણે ભોજરાજાની સભામાં ચમત્કાર દેખાડ્યો, પાંચશે પંડિત મધ્યે શ્વેતાંબરપણું સ્થાપ્યું; તથા રાજાયે પરીક્ષા જોવા સારૂ બંદીખાને નાખ્યા, તિહાં ભક્તામરના કાવ્યની રચના કરી બંદીખાનાનાં તાલાં ભાંગી જિનશાસનની શોભા વધારી. તથા એકવીશમે પાટે શ્રીવીરસૂરિ થયા, જેણે અભિગ્રહ વ્રત દીધું છે. બાવીશમે પાટે શ્રીજયાનંદ સૂરિ થયા. ત્રેવીશમે

પાટેં દેવાનંદ સૂરિ થયા. ચોવીશમેં પાટેં શ્રીવિક્રમ સૂરિ થયા. પચ્ચીશમે પાટેં શ્રીનરસિંહ સૂરિ થયા ॥ ૮ ॥

समुद्रसूरि छवीश सगवीस, वली सूरि श्रीमानदेवा जी ॥
विबुध प्रभसूरि अडवीशा, जयानंद उणत्रीशा जी ॥
रविप्रभ सूरि थया वली त्रीशा, जशोदेव एकत्रीशा जी ॥
श्रीप्रद्योतन सूरि बत्रीशमा, मानदेव तेत्रीशमा जी ॥ ९ ॥

અર્થ:—છવ્વીશમા શ્રીસમુદ્રપ્રભ સૂરિ થયા. તેમને વારેં શ્રીહરિભદ્રસૂરીશ્વર થયા, તે સમસ્ત સિદ્ધાંતના પારંગામી હતા, જેણે ઘણા પ્રકરણોની રચના કરી છે, ઘણા સિદ્ધાંતોની ટીકા કરી છે. જેણે ચૌદશેં ચુમ્માલીશ બૌધો ને થંભ્યા છે તેની વિસ્તારેં વાત ગ્રંથાંતરથકી જાણવી. સત્તાશમે પાટેં શ્રી માનદેવ સૂરિ થયા. અઠાવીશમે પાટે ઘણા ગુણના ભંડાર એવા શ્રીવિબુધપ્રભ સૂરિ થયા. તથા ઓગણત્રીશમે પાટેં જયાનંદસૂરિ થયા. ત્રીશમે પાટેં શ્રીરવીપ્રભ સૂરિ થયા. એકત્રીશમે પાટે યશોદેવ સૂરિ થયા. બત્રીશમે પાટેં દેવભક્તિના કારક પ્રદ્યોતનસૂરિ થયા. તેત્રીશમે પાટેં માનદેવ સૂરિ થયા ॥ ૯ ॥

विमलचंदसूरि चउतीसा, उद्योतन पांत्रीशा जी ॥
सर्वदेवसूरि छत्रीशमा, देवसूरि सडत्रीशा जी ॥
वली सर्व देवसूरि अडत्रीशमा, वडगच्छ बिरुद धराव्युं जी ॥
ओगणचालीशमा जशोभद्रसूरि, रैवत तीर्थ शोभाव्युं जी ॥१०॥

અર્થ:—ચોત્રીશમા વિમલચંદ સૂરિ થયા, તેણેં ચોરાશી ચેલાને સૂરિમંત્ર દીધો. તે દિવસથી ચોરાશી ગચ્છમાં સૂરિમંત્ર થયો. પાંત્રીશમા ઉદ્યોતન સૂરિ થયા. છત્રીશમે પાટેં સર્વદેવ સૂરિ થયા. સાડત્રીશમે પાટેં દેવસૂરિ થયા. વલી આડત્રીશમે પાટેં સર્વ દેવસૂરિ થયા. તિહાંથી વડગચ્છ નામેં ચોથું બિરૂદ ધારણ થયું. ઓગણચાલીશમે પાટેં જશોભદ્ર સૂરિ મહોટા પ્રાભાવિક થયા. તેમને શ્રીગિરનારના દેરાસરનો ઉદ્ધાર કરાવી તીર્થને શોભાવી જિનધર્મને દીપાવ્યો. ॥ ૧૦ ॥

**नेमिचंद मुनिचंद मुनीसर, चालीशमे पट दो भाया जी ॥**
**अजित देवसूरि एकतालीशमा, जिनवर चारित्र रचाया जी ॥**
**विजयसिंह बेंतालीश पाटें, सोमप्रभ मणि रयणा जी ॥**
**दोय आचारज तेंतालीशमा, रचित सिंदूर प्रकर्णाजी ॥११॥**

અર્થ:—ચાલીશમા નેમિચંદ અને મુનિચંદ સૂરિ બે ગુરૂભાઇ એક પાટેં થયા. એકતાલીશમે પાટેં અજિતદેવ સૂરિ થયા. એમણેં ઘણા તીર્થંકરોનાં ચરિત્રોની રચના કરી. તથા ક્રિયા શિથિલ થઈ જાણીને ક્રિયા ઉદ્ધાર કરાવ્યો. બેંતાલીશમે પાટેં વિજયસિંહ સૂરિ થયા. તથા ત્રેંતાલીશમે પાટેં સોમપ્રભસૂરિ તથા મણિરત્ન સૂરિ, એ બે ગુરૂ ભાઈ થયા. જેણેં સિંદૂરપ્રકરણ નામા ગ્રંથ ટીકા સહિત કર્યો છે ॥૧૧॥

**जगत चंदसूरि चूमालीशमे पाटें, महा तपा बिरुद उपायुंजी ॥**
**जावजीव आंबिल तप साधी, जिनमत सबल शोहायुं जी ॥**
**कर्मग्रंथ भाष्यादिक कीधां, देवींदसूरि पणयालें जी ॥**
**धर्मघोषसूरि छेंतालीशमा, कोरंट तीर्थने वाले जी ॥ १२ ॥**

અર્થ:—ચુમ્માલીશમે પાટેં જગતચંદ સૂરિ થયા, જેણેં ક્રિયા ઉદ્ધાર કરીને માર્ગ દીપાવ્યો, તથા આઘાટપુરેં રાણાની સભામાં દીક્પટને જીત્યા. એમણેં છ મહીના એક સ્થાનકેં કાઉસ્સગ્ગેં તપ કર્યું. ચિત્રોડ નગરને વિષે મોહોડા આગલ લાકડી રોપી, તપસ્યાના પ્રભાવથી લાકડીમાંથી આંબાનો વૃક્ષ થયો, તેમાં શાસન દેવતાયેં પાન, ફૂલ, ફલ, પ્રગટ કર્યાં. તે વખતેં ચિત્રોડ નગરનો રાણો ઇંદ્રસિંઘજી બાહિર આવી સાધુનો મહિમા દેખી પગે લાગી સુખસમાધિ પૂછી, છત્ર ચામર અને પાલખી આપી; તિહાંથી તપોગચ્છ બિરૂદ પ્રગટ થયું. એમણેં જાવજીવ પર્યંત આંબિલ તપ કરીને શ્રીજિન-રાજનો મત ઘણોજ શોભાવ્યો છે. પીસ્તાલીશમે પાટેં જેણેં કર્મગ્રંથ તથા દેવવંદનાદિ ભાષ્યાદિક અનેક પ્રકરણો રચ્યાં છે, એવા શ્રીદેવેંદ્ર સૂરિ થયા. છેંતાલીશમે પાટેં ધર્મઘોષ સૂરિશ્વર થયા, એમણેં કોરંટ તીર્થનો ઉદ્ધાર કરાવી શ્રીજિન શાસનની શોભા વધારી, તથા જે મંત્રાદિ વિદ્યામાં પ્રસિદ્ધિ પામેલા હતા ॥ ૧૨ ॥

**आराधना प्रकरणना कर्त्ता, सोमप्रभ सुडतालीशा जी॥**
**सोमतिलक अडतालीश गुणवन्ना, श्री देव सुंदर सूरिशा जी॥**
**पाटें श्रीसोमसुंदर सूरि, ते पंचाश प्रसिद्धा जी॥**
**उपदेश रत्नाकर अध्यात्म, कल्प प्रमुख बहु कीधा जी ॥१३॥**

અર્થ:—સુડતાલીશમે પાટેં આરાધના નામેં પ્રકરણના કર્ત્તા શ્રીસોમપ્રભસૂરિ થયા; જેણેં કુમતિઓના માન મર્દન કર્યાં, સંપૂર્ણ નય નિક્ષેપાના જાણ થયા. અડતાલીશમે પાટેં

શ્રી સોમતિલક સૂરિ થયા. ઓગણુપચ્ચાશમેં પાટે શ્રીદેવસુંદર-સૂરિ થયા. તે વખત ઘણા ગચ્છોમાં ક્રિયાની શિથિલતા દેખી, આચાર્યે અઠ્ઠમ કરી શાસન દેવીનું આરાધન કરી શ્રીસંઘ સમક્ષ સીમંધર સ્વામી પાસેં પ્રશ્ન પૂછવા મોકલી. સીમંધર સ્વામિયે કહ્યું, જ્ઞાનાચારાદિક પાંચ આચાર તો શ્રી તપાગચ્છની સમાચારીમાં નિર્મમત્વપણે છે. પછી દેવીયેં આવી સર્વસંઘને તે વાત સંભલાવી. તેવારેં સર્વ શ્રીસંઘેં વિશેષથકી તપાગચ્છની સમાચારી અંગીકાર કરી. તથા પચ્ચાશમે પાટેં શ્રી સોમસુંદરસૂરિ મહા પ્રભાવિક થયા. તેવાર પછી જેમણે ઉપદેશરત્નાકર અધ્યાત્મકલ્પદ્રુમ પ્રમુખ બહુ ગ્રંથો કીધા છે ॥ ૧૩ ॥

**कर्त्ता शांतिकरंना जाणो, मुनिसुंदर एगवन्ना जी ॥**
**कीधा श्राद्धविधादिक ग्रंथा, रत्नशेखर बावन्ना जी ॥**
**लक्ष्मी सागर सूरि त्रेपनमा, सुमति साधु चोपनमा जी ॥**
**हेम विमल सूरिसर जाणो, प्रगट थया पणपन्ना जी ॥१४॥**

અર્થઃ—તથા ચોરાશી ગચ્છોના શ્રીસંઘને મરકીનો ઉપદ્રવ નિવારવાને અર્થે શાંતિકર નામક સ્તોત્ર કર્યું છે. તથા બીજા પણ પૂર્વોક્ત અનેક પ્રકરણ રચ્યાં છે, એવા શ્રીમુનિ-સુંદર સૂરિ એકાવનમે પાટેં થયા. તે પછી જેણેં શ્રાદ્ધવિધિ આદિક અનેક ગ્રંથોની રચના કરી છે, એવા રત્નશેખર સૂરિ બાવનમે પાટેં થયા. ત્રેપનમેં પાટેં લક્ષ્મી સાગર સૂરિ થયા. ચોપન્નમે પાટેં સુમતિ સાધુ સૂરિ થયા. પચ્ચાવનમે પાટેં હેમવિમલ સૂરીશ્વર થયા તેમણેં મણિભદ્રની સ્થાપના કરી, સાધુ મરતા નિવાર્યા, મગરવાડામાં તીર્થ થાપ્યું ॥૧૪॥

श्रीआनंदविमल सूरीसर, थया छप्पनमे पाटें जी ॥
क्रिया उद्धार करीने कीधी, उज्झवल प्रवचन माटें जी ॥
विजयदानसूरि सत्तावनमे, पाटें जे गुण पूरा जी ॥
अठावन्नमे पाटें हिरविजय, सूरि गुणें न अधूरा जी ॥१५॥

અર્થ:—છપ્પન્નમે પાટેં શ્રી આનંદવિમલ સૂરિ થયા. એમણે પ્રવચનની ઉજ્જવલતા કરવા માટે ફરીને ક્રિયા ઉદ્ધાર કીધો. તે વખતેં ઘણા લુંકામતિ ધર્મભ્રષ્ઠ જિન પ્રતિમા ઉચ્છાપકો થયા હતા. તે દેખી આનંદવિમલ સૂરિયેં એકશોને નવાણું સાધુ સહિત ધોલાં વસ્ત્ર મૂકી પીલાં વસ્ત્ર પહેરી દેશો દેશ જઇ નગર બાહિર તપશ્ચર્યા કરી દેવતાને આરાધિ ગામ ગામને વિષે પ્રભુની પૂજા પ્રભાવના કરાવી, શાસન દીપાવ્યું. તે વખતેં સાક્ષાત્ જૈનધર્મ પાલક ચોથા આરાની પેરેં સંવેગ રંગ નિકલ્યો. એવા વિમલ શાખાના આચાર્ય થયા. તે દિવસથી સંવેગપંથ નિકલ્યો. સત્તાવનમે પાટેં સમસ્ત ગુણેં કરી પૂર્ણ એવા વિજયદાન સૂરિ થયા. અઠાવન્નમે પાટેં આચાર્યના સમસ્ત ગુણેં કરી પૂર્ણ એવા શ્રી હીરવિજય સૂરિ થયા ॥ ૧૫ ॥

सांहि अकबरने प्रतिबोधि, शासन शोह चढावी जी ॥
विजयसेन गुणशठमे पाठें, जांगीर सभा हरावी जी ॥
पाट शाठमें पुण्यें प्रगटया, विजय देव गणधार जी ॥
आचारज विजयसिंहने दिख्या, मेदिनी सुरशिणगारजी॥१६॥

અર્થ:—જેણે અકબર પાદશાહને પ્રતિબોધીને જૈનધર્મી કર્યા, ગાય પ્રમુખ જીવો મરતા રખાવ્યા, ઘણી જિન-

શાસનની શોભા વધારી, ઘણા જનોને પ્રતિબોધિને જૈન-ધર્મિ કર્યા, તે ઓગણસાઠમેં પાટેં શ્રીવિજયશેન સૂરિ થયા. તેણેં જાંગીર પાદશાહની સભામાં વાદ કરીને સર્વને જીંત્યા. સાઠમે પાટેં શ્રી વિજયદેવ સૂરિ ગણના ધારક થયા. તેમણેં પોતેં વિજયસિંહ આચાર્યને દીક્ષા આપીને યુવરાજ પદેં થાપ્યા. પરંતુ તેમનો આયું અલ્પ હતું માટે તે દેવતાની મેદનીને શોભાવવા સારૂ ॥ ૧૬ ॥

सुरप्रतिबोधन काजें पोहोता, जाणी निज पट थापे जी ॥
श्री विजयप्रभसूरि एकशठमें पाटें, विजयदेवसुरि आपें जी ॥
संवेगी शुद्धपंथ प्ररूपक, विमलशाखा शिणगारी जी ॥
ज्ञानविमलसुरि बाशठमे पाटें, विजयवंत सुखकारी जी ॥१७॥

અર્થઃ—તથા દેવતાને પ્રતિબોધવાને અર્થેંજ જાણે કાલ કર્યો હોયની તેમ કાલ કરીને દેવલોકેં પોહોતા. એવું જાણીને વિજયદેવ સૂરિયેં તેમના શિષ્ય વિજયપ્રભસૂરિ હતા તેમને એકશઠમેં પાટેં થાપ્યા. તે પણ શુદ્ધ સંવેગ પંથના પ્રરૂપક થઇ વિમલ શાખાને શણગારતા હવા. બાશઠમેં પાટેં શ્રીજ્ઞાનવિમલ સૂરિ જયવંત સુખના કરનાર થયા ॥૧૭॥

पूर्वाचार्य थया गुणवंता, ज्ञानक्रिया गुण भरीया जी ॥
श्रद्धा ज्ञान कथनने करणी, ए चउविधना दरिया जी ॥
ते सुविहित मुनिवंदन करतां, निर्मल समकित आवे जी ॥
अहोनिश आतमभाव अनुपम, ज्ञान अनंतुं पावे जी ॥१८॥

અર્થ:—એ પૂર્વાચાર્ય જે થયા તે સર્વ ગુણવંત થયા. જ્ઞાન ક્રિયાયેં કરી પરીપૂર્ણ હતા. તથા એક શ્રદ્ધા, બીજું જ્ઞાન, ત્રીજું કથન, એટલે ઉપદેશ અને ચોથી શુદ્ધ ક્રિયા, એ ચાર પ્રકારના સમુદ્ર હતા. એવા સુવિહિત મુનિઓને વંદના કરતાં થકાં વંદના કરનારનો સમકેત નિર્મલ થાય. તથા રાત્રિ દિવસ આત્માના અનુપમ ભાવની ગવેષણા કરીને તે પ્રાણી અનંતું જ્ઞાન પામે ॥ ૧૮ ॥ ઇતિ ॥ આ પટ્ટાવલીમાં કેટલેક ઠેકાણે પાટ ફેર વગેરે શંકિત વાર્તા, ટબા લખનારના દોષથી તથા અશુદ્ધ પ્રતના દોષથી થઇ જણાય છે, માટે વાંચનારેં બીજા ગ્રંથો જોઈ શુદ્ધ કરી વાંચવી ॥ ૧૮ ॥ ઈતિ સમાપ્તઃ ॥

समाप्तः

ભાવનગર નિવાસી અમૃતલાલ ઓધવજી શાહ પ્રકાશિત

## સ્ત્રી ઉપયોગી ગ્રંથમાળા સીરીઝ

### ભરતેશ્વર બાહુબળિ વૃત્તિ-ભાષાંતર

ભાગ ૧ લો તથા ભાગ ૨ જો એટલે પુરૂષ ભાગ સંપૂર્ણ

ભાગ ૩ જો એટલે સ્ત્રી વિભાગ

જેની એકી સાથે આઠસો આઠસો નકલો બબ્બે ગૃહસ્થો

તરફથી લ્હાણી કરવા માટે ઉંચકાઇ ગઈ છે.

દરેકની કિં૦ ૧-૮-૦

---

ખાસ ઓર્ડરથી તૈયાર કરવામાં આવેલ

**જૈન ૧૬ સતિ ચરિત્ર (સચિત્ર) (બીજી આવૃત્તિ)**

વીશ ફરમાનો ગ્રન્થ, પાકું પુંઠું કિં. ૧-૮-૦

**જૈન સોળ સતી ચરિત્ર (અચિત્ર) (પ્રથમ આવૃત્તિ)**

પંદર ફરમાનો ગ્રંથ કિં. રૂ. ૧-૦-૦

(જે હજુ સુધી પ્રકટ કરવામાં આવ્યો નથી)

**જૈન સતી કથા સંગ્રહ (અધુરો છે.)**

---

**આદર્શ સ્ત્રી રત્ન ગ્રન્થમાળા ( તૈયાર છે. )**

---

ઓછામાં ઓછા એકજ જાતના પાંચ ગ્રન્થ લેનાર વેપારીને

વીશ ટકા કમીશન આપવામાં આવે છે.

લહાણી કરનાર ગૃહસ્થોને પુર્ણ આવૃત્તિ અડધી કિમ્મતે

આપવામાં આવે છે.

**શાલોપયોગી સાર્થ સરળ સામાયિક સૂત્ર સચિત્ર (ક્રાઉન સાઈઝ)**

એક ગૃહસ્થની ખાસ ખ્વાહેશ મુજબ તૈયાર કરવામાં આવેલો ગ્રન્થ કે જેના ચાર ભાગમાં એકંદરે ૧૩૩-૮૦-૧૮-૨૩૪ અથવા ૩૨ કાવ્યો મળી કુલ ૪૬૫ (ક્રાઉન સાઇઝ) અથવા ૨૯૦ વિષયો (ડેમી સાઇઝ) છે તેની હજાર નકલો જીજ્ઞાસુઓને માટે લ્હાણી કરવામાં વહેંચાઇ ગઇ છે તેની ડેમી સાઇઝમાં માત્ર સવાસો નકલો બાકી છે. જેમાં ૨૯૦ વિષયો છે. છુટક કિમ્મત રૂા. ૧-૮-૦.

**પ્રાપ્તિસ્થાનઃ—શાહ અમૃતલાલ ઓધવજી.**

દાદાસાહેબની પોળ—અમદાવાદ.

પુછે પુત્ર પિતા પ્રતિ પ્રીતિ કરી,
જીવિત શું છે પિતા?
છે એ યુદ્ધ મહાન, જ્યાં વિફળ
છે બાહુબળિની ભૂજા!